# પ્રાવચનિક પ્રશ્નોત્તર

## પંચમ પડાવ




પ્રવચનકાર

તપાગચ્છાધિપતિ , વ્યાખ્યાન વાચસ્પતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

# પ્રવચન અને પ્રશ્ન



આજે ઘણા ઉપદેશકો શ્રોતાઓને પ્રશ્ન કરતાં અટકાવે છે. પણ એ બરાબર નથી.

શ્રોતા જો જિજ્ઞાસુ ભાવે પૂછતો હોય તો એનું સમાધાન કરવું જ જોઈએ. નહીં તો શંકાશીલ રહીને એ શ્રોતા કદાચ મરી જાય, તો ધર્મમાં એટલી શંકા રહી ગયા બદલ ઉપદેશક ગુનેગાર ગણાય !

ભગવાનની વાણી સર્વથા સંશયો છેદનારી હતી. છતાં ભગવાન બધાને પ્રશ્ન કરવા દેતા હતા. તો પછી સાધુ તો પ્રશ્નકારને પ્રશ્ન કરતાં કેમ રોકી શકે ? એની વાણીમાં ક્યાં સર્વનાં સંશયોને છેદનારી લબ્ધિ છે ?

હૈયામાં કોઈ વાત ઝીલી લે અને પછી પ્રશ્ન કરે, એ જ સાચો પ્રશ્નકાર ગણાય. એ ભરસભામાં પણ 'ભગવંત' કહીને અને હાથ જોડીને એવા વિનયથી પ્રશ્ન રજૂ કરે કે, સાધુને જવાબ આપવો જ પડે.

વિજય રામચંદ્રસૂરિ

|| સકલવાંછિતપ્રદાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

|| પરમારાધ્યપાદ શ્રીમદાત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-મહોદય-મિત્રાનંદ-મહાબલસૂરીશ્વરેભ્યો નમઃ ||

# પ્રાવચનિક પ્રશ્નોત્તર

## જિનવાણી
પંચમ પડાવ

**પ્રવચનકાર**

જૈન શાસન શિરતાજ તપાગચ્છાધિરાજ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંકલક-સંપાદક**

વાત્સલ્યવારિધિ ગુરુદેવ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **મહાબલસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટધરરત્ન વિહરમાન ગચ્છાધિપતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજા

પ્રકાશક

**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**

અમદાવાદ

# ગ્રંથ પરિચય

ગ્રંથનું નામ : પ્રાવચનિક પ્રશ્નોત્તર (પંચમ પડાવ)

વિષય : પ્રશ્નોત્તરી (જિનવાણીઆદિમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નો)

ઉત્તરદાતા : વ્યાખ્યાન વાચસ્પતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

સંપાદક : ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા**

પ્રકાશક : પાર્શ્વાભ્યુદય પ્રકાશન

પ્રથમ આવૃત્તિ : નકલ (પ્રતિકૃતિ) ૧૦૦૦

વિમોચન પર્વ : વૈશાખ સુદ ૬ / વિ.સં. ૨૦૭૨ / ૧૨-૫-૧૬ / ગુરૂવાર

પુણ્ય નિમિત્ત : પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીજીનો ૮૦મો આચાર્ય પદ સ્મૃતિ દિન.

મૂલ્ય : સાહિત્ય સેવા

ISBN : 978-93-83984-13-8

---

**સંપ્રાપ્તિ સ્થાન**

**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**

**રમેશભાઈ એમ. જૈન**

બી/૩૧-૩૨, ઘનશ્યામ એવન્યુ, ચોથે માળે, ઈન્કમ ટેક્સ, અમદાવાદ - ૩૮૦૦૧૪,

ફોન. : ૦૭૯-૨૭૫૪૨૮૮૩/૨૭૫૪૨૮૧૯. મો. ૯૮૨૫૦ ૧૮૨૬૪

E-mail : mail2pby@gmail.com

---

**ખાસ વિનંતી :** આ ગ્રંથની આશાતના ન થાય તેની પૂરી તકેદારી રાખવી તથા આ ગ્રંથના સ્વાધ્યાય બાદ આપને જરૂર ન હોય તો પ્રાપ્તિસ્થાનના સરનામે પુનઃ પાઠવવા વિનંતી. જેથી અન્યના ઉપયોગમાં આવી શકે.

---


મુદ્રક : લીપી, દાંડિયાબજાર, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૪૩૪૩૧૦ www.lippipress.com




પૂછ્યું પ્રભુને 'તત્ત્વ શું છે ?' ત્રણ પદો પ્રભુએ કહ્યાં.

तस्मै श्रीगुरवे नमः


तस्मै श्रीगुरवे नमः




ન્યાયામ્ભોનિધિ પૂ.આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી
(આત્મારામજી) મહારાજા




સદ્ધર્મસંરક્ષક પૂ.આ.શ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજા



વચનસિદ્ધ પૂ.મહોપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજા



સિદ્ધાંતમહોદધિ પૂ.આ.
શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા



સકલાગમ રહસ્યવેદી પૂ.આ.
શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા



દીક્ષાદાતા પૂ.મુનિપ્રવર
શ્રી મંગલવિજયજી મહારાજા



પૂ. મુનિ શ્રી રામવિજયજી મહારાજામાંથી
વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

બોલ્યા તમે એ વાતને વરસો થઈ ગયા;
દિલમાં હજીપણ રાતદિન પડઘાય છે અવાજ.
નહિતર અંધકારમાં રસ્તો જડે નહિ;
થઈને પ્રકાશ આપનો ફેલાય છે અવાજ.



પ્રથમ પ્રવચનથી પાવન થયેલી ઐતિહાસિક પ્રવચન પીઠ - સિનોર.

# પૂજ્ય પરમતારકશ્રીજીની તેજસ્વી તારીખ

| | |
|---|---|
| જન્મ | : વિ.સં. ૧૯૫૨, ફાગણ વદ-૪, મંગળવાર 3-3-૧૮૯૬, દહેવાણ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૯, પોષ સુદ-૧૩, સોમવાર, ૨૦-૧-૧૯૧૩, શ્રી ગંધાર તીર્થ |
| વડીદીક્ષા | : વિ.સં. ૧૯૬૯, ફાગણ સુદ-૨, સોમવાર, ૧૦-૩-૧૯૧૩, વડોદરા-જાનીશેરી |
| વ્યાખ્યાન વાચસ્પતિ | : વિ.સં. ૧૯૮૭, કાર્તિક વદ-૩, |
| ગણિ-પંન્યાસ પદ | : રવિવાર, ૯-૧૧-૧૯૩૦, ભાયખલા |
| ઉપાધ્યાય પદ | : વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ-૧૪, બુધવાર, ૧૭-૪-૧૯૩૫, રાધનપુર |
| આચાર્યપદ | : વિ.સં. ૧૯૯૨, વૈશાખ સુદ-૬, રવિવાર, ૨૬-૪-૧૯૩૬, લાલબાગ (મુંબઈ) |
| સ્વર્ગારોહણ | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ-૧૪, શુક્રવાર, ૯-૮-૧૯૯૧, દર્શન બંગલો, અમદાવાદ |
| અગ્નિ સંસ્કાર | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ૦))+શ્રાવણ સુદ-૧, શનિવાર, ૧૦-૮-૧૯૯૧ સાબરમતી, અમદાવાદ |

| | |
|---|---|
| સંસારી નામ | : શ્રી ત્રિભુવનકુમાર |
| પિતાનું નામ | : શ્રી છોટાલાલ રાયચંદ |
| માતાનું નામ | : શ્રી સમરથબેન |
| નિવાસ સ્થળ | : પાદરા |
| જીવન ઘડતર | : પિતાના દાદી રતનબા |
| દીક્ષિત નામ | : પૂ.મુનિરાજ શ્રી રામવિજયજી મ. |
| દીક્ષા દાતા | : પૂ.મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. |
| ગુરુનું નામ | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. |
| દીક્ષા જીવન ઘડતર | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ. |
| દીક્ષાની ઉંમર | : ૧૭ વર્ષ |
| દીક્ષા પર્યાય | : ૭૯ વર્ષ |
| આચાર્યપદ પર્યાય | : ૫૬ વર્ષ |
| સંપૂર્ણ આયુષ્ય | : ૯૬ વર્ષ |
| સ્વશિષ્ય સંપદા | : ૧૨૧ |
| આજ્ઞાવર્તી સાધુ સંખ્યા | : 300 લગભગ (તે સમયે) |
| આજ્ઞાવર્તી સાધ્વી સંખ્યા | : ૪૫૦ લગભગ (તે સમયે) |

વર્તમાન-સામ્રાજયવર્તી સાધુ સંખ્યા : ૪૨૨

વર્તમાન-સામ્રાજયવર્તી સાધ્વી સંખ્યા : ૧૧૩૧

# પ્રસ્તુત પ્રકાશન પ્રસંગે

અમારી પ્રકાશન-સંસ્થા દ્વારા આયોજાયેલી
**'પૃચ્છના સ્વાધ્યાય'** તીર્થની પ્રકાશન યાત્રા
**'પ્રાવચનિક પ્રશ્નોત્તર'** નામના પડાવને અસ્ખલિત ગતિએ
સ્પર્શી રહી છે. તેનો અમને અપરંપાર આનંદ છે...
અમારી પ્રકાશન યાત્રાની પ્રગતિ જે પુણ્યપુરૂષની પુણ્યકૃપાનું પરિણામ છે.
તે પરમોપકારી, પરમહિતસ્વી, પરમગુરુદેવ
જૈન શાસન શિરતાજ, તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ
પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
જૈન પ્રવચનમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નોત્તરોને
**'પ્રાવચનિક પ્રશ્નોત્તર'** ના નવા નામ સાથે પ્રકાશિત કર્યા બાદ હવે તે જ
પૂજ્યપાદશ્રીના જિનવાણી વગેરે પ્રવચન સાહિત્યમાંથી
ચૂંટેલા સભાના પ્રશ્નોત્તરોને કરવાની તક સાંપડી રહી છે..
એ અમારું પરમતમ સૌભાગ્ય છે...
જે સન્માર્ગદર્શક ગુરુવર્યોનું સંપાદકીય સાન્નિધ્ય અમારી પ્રકાશનયાત્રાનો પ્રાણવાયુ છે
તે પરમોપકારી પૂજ્યોના ચરણે વંદના-પુષ્પ અર્પવા સાથે
અમારી પ્રકાશનયાત્રાને વેગવંતી બનાવનારા લાભાર્થી પરિવારોની
શ્રુતભક્તિ અને ગુરુભક્તિની અનુમોદના કરી
ધન્યતા અનુભવીએ છીએ...

**શ્રી પાર્શ્વાભ્યુદય પ્રકાશન**-અમદાવાદ.

# પૃચ્છના સ્વાદ્યાય મહિમાષ્ટક

## વિવેક : અમૃતનો અભિષેક

જ્યારે જિનેશ્વરદેવ કેવલજ્ઞાન પામ્યા તે પળે,
દેવો પધાર્યા સમવસરણમ્ સ્થાપના થઈ શુભસ્થળે;
થઈ દેશના કંઈ કેટલા ઉત્તમ મનુષ્યો મુનિ થયા,
પૂછ્યું પ્રભુને **'તત્ત્વ શું છે ?'** ત્રણ પદો પ્રભુએ કહ્યાં. ।।૧।।

**'ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા'** ત્રિપદી મળી,
ને ગણધરોએ દ્વાદશાંગી શાસ્ત્રની રચના કરી;
વિશ્વાતિશાયી સર્વવિષયક જ્ઞાન અહીં ઝળકી રહ્યું,
જો પ્રશ્ન પૂછ્યા ગણધરે, મહાજ્ઞાન આ ત્યારે મળ્યું. ।।૨।।

આ જગત કેવું ? કોણ હું ? ભગવાન છે ? તે ક્યાં વસે ?
સુખ એટલે શું ? ક્યાં મળે ? અજ્ઞાન શી રીતે ખસે ?
આ તત્ત્વજિજ્ઞાસા જરા જાગે હૃદયમાં જયારથી,
જ્ઞાનાવરણ-મિથ્યાત્ત્વકર્મ ક્ષય પળેપળ ત્યારથી. ।।૩।।

શ્રી ગૌતમસ્વામી પૂછે પ્રભુવીર ઉત્તર દે અને,
સદ્બોધ રત્નનિધાન જેવું ભગવતી આગમ બને;
પ્રશ્નોત્તરો અહીં છે હજારો જ્ઞાનજ્યોતિ ઝળહળે,
અહીં પરમપદનો પરમપથ સહેજે સરળતાથી મળે. ।।૪।।

શ્રી પુણ્યપાલ નરેશ પૂછે સ્વપ્નના ઉત્તર અને,
પ્રભુવીર ભાખે ભરતનું ભાવિ પરમહિતકર બને;
શ્રી હીરપ્રશ્ન શ્રી સેનપ્રશ્ન શ્રી વિવિધ પ્રશ્નોત્તર મળે ,
જ્યાં દેશ-કાળ વિચારવશ પ્રગટેલ સૌ શંકા ટળે. ।।૫।।

છે પ્રશ્ન વ્યાકરણમ્ વગેરે શાસ્ત્ર પ્રશ્નોત્તર ભર્યા,
પ્રશ્નોત્તરોથી જીવ બહુ અજ્ઞાન મહાસાગર તર્યા;
શું વિધિ-અવિધિ શું હિત-અહિત, શું પુણ્યપાપ વિવેક આ,
પ્રશ્નોત્તરોથી તરત પ્રગટે, **અમૃતનો અભિષેક** આ. ।।૬।।

"લબ્ધાર્થ ને ગૃહીતાર્થ પૃચ્છિતાર્થ હોય સુશ્રાવકો
ગીતાર્થને શાસ્ત્રાર્થ પૂછે સતત શ્રમણોપાસકો;"
શાસ્ત્રો કહે, "જે આમ સત્યાસત્યનો નિશ્ચય કરે,
જે પ્રશ્ન પૂછતા જાય તે મતિમંત બહુશ્રુતતા વરે". ।।।૭।।

પ્રશ્નોત્તરોને વાંચવા તે **વાચના** સ્વાધ્યાય છે,
ગીતાર્થને જે પૂછવું તે **પૃચ્છના** સ્વાધ્યાય છે ;
જે પ્રશ્ન-ઉત્તર દે મુનિ, સ્વાધ્યાય ધર્મકથા કહ્યો ,
આનંદ-કર્મક્ષય અહીં ક્રમસર અધિક શ્રુતમાં કહ્યો. ।।૮।।

**-:રચના:-**
**કવિહૃદય**
**પૂ.પં.શ્રી મોક્ષરતિવિજયજી ગણિ.**

# Questions are the answers

તમારાં મનમાં પ્રશ્ન જાગે છે અથવા તમને પ્રશ્ન પૂછવામાં આવે છે, આ બન્ને પરિસ્થિતિમાં જવાબ સુધી પહોંચવું આવશ્યક છે. ડિટેક્ટિવ વાર્તાઓમાં અંતે તમને જવાબ મળે છે. સાધનામાં તો જ્યારે સવાલ જાગે ત્યારે જ જવાબ મળવો જોઈએ કેમ કે પ્રશ્ન અથવા સવાલ, તમારી શ્રદ્ધાને પ્રભાવિત કરી શકે છે. પ્રશ્ન પૂછનાર તમારી પરીક્ષા લેવા માંગતો હોય એવું પણ બની શકે. પ્રશ્ન પૂછનાર પોતાનું જ્ઞાન ચકાસીને આત્મવિશ્વાસ પામવા માંગતો હોય એમ પણ બને. પ્રશ્ન પૂછનાર તમારી બોલતી બંધ કરીને જીતવા માંગતો હોય - એવું પણ હોઈ શકે. પ્રશ્ન પૂછનાર તમારી રજૂઆતને ખીલવવા માંગતો હોય એવું પણ હોઈ શકે. તમારી વ્યક્તિમત્તા માટે કોઈ સવાલ ઊઠે તો એનો જવાબ તમારા વર્તનના આધારે નક્કી થાય છે. પરંતુ સવાલ જો વાણી દ્વારા આવ્યો હોય તો જવાબ વાણી દ્વારા જ આપવો પડે છે. તમે સવાલ પૂછનારની વાત ટાળી શકો છો. તમે વાત ઉડાવી દો એવું પણ બને. સવાલ જે જવાબની પ્રતીક્ષામાં હોય છે તે પ્રતીક્ષા તો ઊભી જ રહે છે.

**એલેન પીઝનું પુસ્તક સરસ મથાળું ધરાવે છે :**

Questions are the answers. અર્થાત્ તમારો સવાલ જ તમને જવાબ સુધી પહોંચાડે છે. પ્રશ્ન અથવા સવાલ જાગે જ નહીં તો પ્રગતિ થાય જ નહીં. પ્રશ્નો ઊભા થવા જોઈએ. પ્રશ્નોને અનુરૂપ જવાબ મળવા જોઈએ. ઘણી વખત તો અઘરો લાગતો પ્રશ્ન, સરળ જવાબ દ્વારા પૂરો થઈ જતો હોય છે અને ક્યારેક સરળ લાગતો પ્રશ્ન માથાભારે નીવડે છે.

**षड्दर्शन** નો અભ્યાસ કરતી વખતે **ननु** અને **न च** દ્વારા પ્રશ્ન પૂછવામાં આવે છે તે સમજાયું હતું. **ननु** અથવા **अथ** થી પ્રશ્ન શરૂ થાય તે **इति वाच्यम्** પર પૂરો થાય. **इति चेद् न** વાળો લય દરેક ટીકાગ્રંથોને સમૃદ્ધ બનાવે છે. **अधिगम** સમ્યગ્દર્શન સવાલ-જવાબ વિના સંભવે કે કેમ તે સ્વયં એક પ્રશ્ન છે. અવિશ્વાસ મૂલક સંશય અને શંકાઓ જોખમી છે. જિજ્ઞાસા અને જ્ઞાનપિપાસા આધારિત સવાલો અને પ્રશ્નો આવકાર્ય છે.

સાંભળતા સાંભળતા મનમાં પ્રશ્ન જાગે તે વક્તાને પૂછી લેવો જોઈએ. વાંચતા વાંચતા પ્રશ્ન જાગે તો જ્યાં પ્રશ્ન જાગ્યો ત્યાં નિશાની કરીને અનુભવી વ્યક્તિ પાસે ખુલાસો મેળવી લેવો જોઈએ. બેઠાં બેઠાં કે કામ કરતાં કરતાં પ્રશ્ન થયો તો તે કાળજી પૂર્વક નોંધપોથીમાં ટપકાવી લેવો જોઈએ. ઉચિત માર્ગદર્શક સાથે ચર્ચા કરીને એનો જવાબ મેળવી લેવો જોઈએ. **પૂછતા નર પંડિત.**

એક વધુ કામ કરી શકાય. જ્યાં જ્યાં પ્રશ્નો પૂછાતા હોય તે જગ્યાએ તે પ્રશ્નોને સમજવાની કોશિશ કરવી જોઈએ. પ્રશ્નનો જવાબ સાંભળવા કે વાંચવા મળે છે તેને લીધે પ્રશ્ન સહેલો લાગે છે. જો એ પ્રશ્નનો જવાબ તમારે આપવાનો હોય તો તમે શું જવાબ આપો? તે તે પ્રશ્નો પૂછાયા હોય અને તેનો જવાબ તમારે આપવાનો ન હોય એ ભૂમિકાએ જે પ્રશ્ન સાધારણ લાગતો હોય છે એ જ પ્રશ્ન, તમારી પાસેથી જવાબ આવે તેવી ભૂમિકા ધારણ કરે તો-અઘરો લાગે છે.

પ્રશ્નોત્તરીનાં પુસ્તકો વાંચતી વખતે હું બે કામ કરતો હોઉં છું. એક, કેવળ પ્રશ્ન વાંચું. જવાબ ન વાંચું અને એ પ્રશ્નનો મારી પાસે શો જવાબ છે તે વિચારું. બે, કેવળ જવાબ વાંચું, પ્રશ્ન ન વાંચું અને તે જવાબ પરથી શોધવાનો પ્રયત્ન કરું કે પ્રશ્ન શું છે? પ્રશ્નનો જે જવાબ મે વિચાર્યો હોય તે કરતાં જુદો જવાબ પુસ્તકમાં વાંચવા મળશે તો

મારી જ્ઞાનવૃદ્ધિ થશે તે વિશ્વાસ રાખું. એ વિશ્વાસ સાચો જ પડે. મે વિચારેલો જવાબ અને પુસ્તકમાં રજૂ થયેલો જવાબ - બેયની તુલના કરું. જો મારા જવાબમાં કચાશ જણાય તો પણ હું ફાયદામાં રહું કેમ કે પુસ્તકનો પાક્કો જવાબ, આ રીતે વાંચ્યાં પછી યાદ જ રહી જાય. પ્રશ્ન વિના વાંચેલો જવાબ, સહેજસાજ ઉપદેશ જેવો જણાય. એમાંથી હું પ્રશ્નનાં પગલાં શોધું. મનમાં જે પ્રશ્ન બને તેને લઈને હું પુસ્તકમાં રહેલા પ્રશ્નને વાંચું. તુલના કરું. આ રીતે તે તે પ્રત્યુત્તરની ભૂમિકા સમજું.

એક જવાબ વાંચો : શાસ્ત્ર કહે છે કે સુતર્ક કરતાં કુતર્ક અનેક ગુણા છે. એવા કુતર્ક કરનારાને બધા ઉત્તર આપવાની જરૂર નથી. (જવાબ આપનાર) ગમે તેવો તત્ત્વજ્ઞાની હોય પણ સામો (માણસ) પછી, પછી, પછી એમ પૂછયા કરે તો અંતે એને એમ જ કહેવું પડે કે પછી પછીત અને આગળ ભીંત. અમે હાર્યા અને તું જીત્યો, બસ તારા જેવાથી હારવામાં જ અમારું કલ્યાણ છે. (પ્રશ્ન : ૨૪૮)

આ જવાબ પર વિચાર કરશો તો તમને સવાલ શું છે એ નહીં સમજાય તમને થશે કે એવો તે કેવો પ્રશ્ન છે જેનો જવાબ આ રીતે આપવો પડ્યો? હવે તમે પ્રશ્ન વાંચો : ચોખા તથા બદામ વગેરે મંદિરમાં મુકાય. પછી તે વેચાય, ફરતાં શ્રાવકનાં ઘરમાં આવે ને એના પેટમાં જાય તો દેવદ્રવ્યના ભક્ષણનો દોષ ન લાગે ?

સવાલ સરળ લાગે છે. ચાલુ વ્યાખ્યાનમાં પૂછાયેલો આ પ્રશ્ન, જે ભૂમિકાથી પૂછાયો છે તે સમજવા માટે આ પંક્તિઓ વાંચો : આ બધા પ્રશ્નો મિથ્યાભ્રમ પેદા કરનારા છે. બરાબર વિચાર કરો. ધર્મથી ખસેડવા માટે ધર્મના વિરોધીઓએ ઉપજાવી કાઢેલા આ બધા પ્રશ્નો છે. મંદિરમાં ચોખા-બદામ મૂકવા જ નહિ એવું ઠસાવવાનો એમનો હેતુ છે. વસ્તુનું સંપૂર્ણતયા રૂપાંતર થઈ જાય પછી આવા પ્રશ્નો ઊભા રહેતા નથી.

જવાબ વાંચ્યા પછી સવાલ વાંચ્યો અને સવાલ જાણ્યા પછી ફરીથી જવાબ વાંચ્યો તો ફરક સમજાશે જ. સવાલ શું છે તે અગત્યનું છે એમ સવાલ શું કામ પૂછાયો છે તે પણ અગત્યનું છે. સારા ભાવે પૂછાયેલ પ્રશ્નનો જવાબ જુદો હોય અને નઠારા ભાવે પૂછાયેલ પ્રશ્નનો જવાબ અલગ હોય. આજના સમયે વ્યાખ્યાન દરમ્યાન પૂછાતા પ્રશ્નો માટે આ નીતિ અપનાવવી પડે છે. અલબત્, **હીરપ્રશ્ન, સેનપ્રશ્ન** જેવા પ્રશ્નોતરી ગ્રંથોમાં આ નીતિ નથી. તેનું કારણ પણ છે. એ લિખિતરૂપે પ્રશ્ન પૂછાયા છે અને તેના જવાબ લિખિત રૂપે અપાયા છે. **"પ્રાવચનિક પ્રશ્નોત્તર"** આ પુસ્તકમાં પ્રશ્ન અને ઉત્તર, વ્યાખ્યાન સમયે થનારા વાર્તાલાપ રૂપે સંગૃહીત છે. જે ક્ષણે પ્રશ્ન આવ્યો એ જ ક્ષણે જવાબ આપી દેવો એવી સંકલ્પના સ્પષ્ટ છે. હવે, તમે અમુક પ્રશ્નો વાંચો.

૧. ગુણમાં દોષ શી રીતે ? (પ્રશ્ન ૧૦૧)
૨. એકલા જાપથી કર્મક્ષય થાય કે નહીં ? (પ્રશ્ન ૨૫)
૩. સમજવા માટે શંકા કરે તો મિથ્યાત્વ લાગે ? (પ્રશ્ન ૨૯૫)
૪. સંવરની ક્રિયામાં સ્વરૂપહિંસા ન આવે ? (પ્રશ્ન ૩૧૯)
૫. આજે અન્યાયનું ધન ધર્મમાં વપરાય છે તે બરાબર છે ? (પ્રશ્ન ૪૫૧)
૬. અનુભવ વગરનું જ્ઞાન સમ્યક્ કહેવાય ? (પ્રશ્ન ૩૬૯)
૭. જીવનભર પાપ કરનારને સમાધિમરણ મળે ખરું ? (પ્રશ્ન ૨૯૨)
૮. પૂજા અને વ્યાખ્યાનમાં પ્રધાનતા કોની ? (પ્રશ્ન ૩૪૬)
૯. સમ્યગ્દર્શન સંસાર ન ગમે તો જ આવે કે સંસારને સારો ન માને તોયે આવે ? (પ્રશ્ન ૩૬૩)

આ પ્રશ્નોના જવાબ તમારી પાસે છે ? જો છે તો એ જવાબ શું છે તે સ્પષ્ટ કરી લો અને પછી આ પુસ્તકમાં તે પ્રશ્નના જે જવાબ આપેલા છે તેની સાથે તુલના કરી જુઓ.

પ્રશ્નના જવાબ તત્કાળ અપાયા છે. છતાં સ્પષ્ટ છે અને પ્રેરણાદાયી છે.

આજનો યુગ મુખપત્રોનો છે. દરેક મુખપત્રોમાં પ્રશ્નોત્તરી હોય છે. પ્રશ્ન ઉપર અને નીચે જવાબ - આ રીતે પ્રશ્નોત્તર વાંચવા મળે છે. એવા પ્રશ્નોત્તરને પુસ્તક રૂપે છાપવામાં વિષય વિભાજન સિવાયનું સંપાદનકાર્ય ઓછું હોય છે. આ પુસ્તકમાં પ્રસ્તુત પ્રશ્નોત્તરો મુખ્યત્વે વ્યાખ્યાન સાહિત્યમાંથી ઉદ્ધૃત છે. દરેક પ્રશ્ન સભામાંથી પૂછાયેલો છે અને તે પ્રશ્નની પૂર્વે કોઈ એક વિષયની છણાવટ ચાલી રહી હતી તેના સંદર્ભે પૂછાયો છે. પ્રશ્નોત્તરનું સંકલન કરતી વખતે કેવળ પ્રશ્ન અને તે સાથેનો ઉત્તર, આ બેયને લઈને સંપાદકશ્રી અટકી ગયા નથી. સંપાદકશ્રીએ પ્રશ્નની ભૂમિકા પણ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

મૂર્તિ વિના કોઈ વીતરાગ થયા છે ? (પ્રશ્ન ૯૫) આ પ્રશ્નનો જવાબ સમજાય તે માટે દોઢ પાનાની ભૂમિકાની ઉપસ્થિતિ આવશ્યક હતી. સંપાદકશ્રીએ પ્રશ્નો માટે આ રીતે દરેક આવશ્યક સ્થળે કાળજી લીધી છે. તેને લીધે આ પ્રશ્નોત્તરનું સ્તર ઉચ્ચકક્ષાનું બન્યું છે.

સંપાદકે પ્રશ્નોત્તરનું વિષયવિભાજન કર્યું છે તેને લીધે સમાન વિષયક પ્રશ્નો એક સાથે વાંચવા મળે છે. કથાનુયોગ શ્રેણિના આ પ્રશ્નો જુઓ :

૧. સીતાજીને દીક્ષા આપી ત્યારે શ્રી રામચંદ્રજી વગેરે ત્યાં આવીને તોફાન કરત તો ? (પ્રશ્ન ૩૧)
૨. રાવણને નિયમ હતો માટે બળાત્કાર ન કર્યો, પણ બળાત્કાર કર્યો હોત તો સીતાજી શું કરત ? (પ્રશ્ન ૪૭)
૩. શ્રેણિક મહારાજા પણ ત્રિકાળપૂજા કરતા અને પુણિયો શ્રાવક પણ ત્રિકાળપૂજા

કરતો-છતાં પુણિયાનો શ્રેણિક મહારાજાએ ઉદ્ધાર ન કર્યો ? (પ્રશ્ન ૪૧)

૪. મરુદેવા માતાએ પૂર્વે તપ નહોતો કર્યો ? (પ્રશ્ન ૪૩)

૫. જેમ ચંદનબાળાની માતાએ શીલ માટે શરીરનો ત્યાગ કર્યો તે રીતે શરીરનો ત્યાગ કરનારની ગતિ સારી થઈ શકે ? (પ્રશ્ન ૪૪)

૬.શ્રી મલ્લિનાથ ભગવાનની માયા પ્રશસ્ત હતી ? (પ્રશ્ન ૫૨)

૭. ધર્મરુચિ અણગારને આજ્ઞા આહાર પરઠવવાની હતી, છતાં વાપરી કેમ ગયા? (પ્રશ્ન ૭૭)

આ પ્રશ્નો વાંચીને પણ તબિયત ખુશ થઈ જાય છે. વિષયવિભાજન અનુસાર - ઈતિહાસ, સ્ત્રી, કેવળી-કેવળજ્ઞાન, સાધુ, ક્ષમાપના, ખાદી, ગોચરી, ગ્રહણ, જિનપૂજા, જિનમંદિર, જિનેશ્વર, જ્ઞાન, દાન, દીક્ષા, ધર્મ, ધાર્મિક વહીવટ, ગુરુ, જિનાજ્ઞા, જિનપ્રતિમા, અને અન્ય અનેક વિષયો છે.

**મહત્ત્વની વાત હવે આવે છે.**

આ પ્રશ્નોના ઉત્તરદાતા છે મહામહિમ, સૂરિસમ્રાટ્, પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ **વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા.** આ એક નામ જે ગ્રંથ સાથે જોડાય તે ગ્રંથ ધન્ય થઈ જાય. પ્રશ્નો પૂછનારા તો આજે ઘણા મળે છે. ખોટ વર્તાય છે યથાર્થ ઉત્તરદાતાની. આ પુસ્તકમાં રજૂઆત પામેલા પ્રત્યેક ઉત્તર જે સૂરિ ભગવંતના છે તેમણે આશરે સો વરસ પૂર્વે, જૈનશાસન અને સકલ શ્રી સંઘને બાધિત કરી રહેલા કેટલાય પ્રશ્નોને પોતાની પ્રતિભા અને વાણીનાં બળે ખાખ કરી નાંખ્યા હતા. કલ્પસૂત્રના પ્રારંભે સાંભળવા મળે છે તેમ **पुरुषविश्वासे वचनविश्वास** : ।। તે સૂરિ-ભગવંતે લગભગ સિત્તેર વરસ સુધી વ્યાખ્યાનો આપ્યા. **જૈનપ્રવચન** અને **જિનવાણી** અને **પ્રભાવક જિનવાણી**નાં હજારો પાનાંઓ તેમ જ આશરે ચારસોથી વધુ પુસ્તકો તેમ જ અનેક

મુખપત્રોના મુખ્યપાનાઓ, આ સૂરિભગવંતની વાણીના અજસ્ર પ્રવાહ દ્વારા છલકાતાં જોવા મળે છે. તેઓ શ્રીમદ્‌નાં જીવનની એક એક ઘટના ઈતિહાસને અજવાળી રહી છે, અજવાળતી રહેશે. **આ પ્રશ્નોત્તર ગ્રંથમાં તેઓ શ્રીમદ્‌નું પ્રતિભા બળ અને જ્ઞાન બેય અનુભવવા મળે છે તેને લીધે આ ગ્રંથ સ્વયં શાસ્ત્રીય સંદર્ભ બને છે.**

મુનિવર શ્રી સૌમ્યભૂષણ વિજયજીમ.એ આ ગહન ગંભીર ગ્રંથની પ્રસ્તાવના લખવા માટે મને ઘણો જ પ્રેમાળ આગ્રહ કર્યો તે મારું સૌભાગ્ય છે. જે મહાપુરુષ મારા જીવનની પ્રસ્તાવના લખીને ગયા છે તેમને માટે પ્રસ્તાવના લખવા મળે તે એક અહોભાવાનુભૂતિ છે.

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યભગવંત્ શ્રીમદ્ **વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મહારાજાએ** વિવિધ સ્તરીય પ્રશ્નોત્તરોનું બૃહત્‌કાય સંપાદન કાર્ય પોતાના વિનયી શિષ્યપરિવારને સોંપ્યું છે. ગચ્છાધિપતિભગવંતનો શિષ્ય પરિવાર અત્યાર સુધી દસ થી વધુ પ્રશ્નોત્તર ગ્રંથ સંપાદિત કરી ચૂક્યો છે. મજાની વાત એ છે કે દરેક ગ્રંથના સંપાદક તરીકે કેવળ ગચ્છાધિપતિભગવંતનું નામ જ, શિષ્યપરિવાર લખે છે. **ગુરુ અને શિષ્ય વચ્ચેનો આ આત્મીયભાવ આ પ્રશ્નોત્તર ગ્રંથોની શ્રેણિને શાસ્ત્રીયગ્રંથોની શ્રેણિમાં બિરાજમાન કરશે એવું કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી.**

**ગણધરવાદ** અને **દ્વાદશાંગી** રચનાનું પ્રારંભ બિંદુ પ્રશ્નોત્તર છે. પ્રશ્નોત્તરની આ મહાન્ પરંપરા અમર રહો.

**અમર સ્વરૂપ સંકુલ** — **દેવર્ધિ**

**પારડી – નાગપુર** — **આસો સુદ પંચમી**

**વિ.સં.૨૦૭૨**

# શ્રાદ્ધઃ શ્રોતા સુધીર્વક્તા

કર્મયોગે સંસારમાં રઝળપાટ કરી રહેલા જીવાત્માઓને કંઈક કર્મલઘુતા થવાના યોગે પરમાત્મ શાસનના તારક તત્ત્વને જાણવા-સમજવાની જિજ્ઞાસા જાગતી હોય છે. અને જિજ્ઞાસાનું સાચું સમાધાન અહીં જ મળશે એવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે તે ભવ્યાત્માઓ સર્વજ્ઞ શાસનના તત્ત્વમર્મજ્ઞ મહાત્માઓ પાસે આવતા હોય છે. આવા તત્ત્વપિપાસુ જીવોની તત્ત્વ જિજ્ઞાસાને સંતોષવાનું પરમકર્તવ્ય શ્રી સુધર્મા સ્વામીજીની પ્રવચન પીઠને શોભાવતા દરેક અધિકારી મહાત્માઓએ સુપેરે બજાવવું જ જોઈએ. **ચાલુ પ્રવચનમાં પ્રશ્ન પૂછવાની ના કહેવી કે પછી શ્રોતાને પ્રશ્ન પૂછતા અટકાવવા તે વાત પ્રવચનકારની ખામીને સૂચવે છે.**

આ જ રીતે પ્રશ્ન કરનાર શ્રોતામાં પણ એટલો તો વિવેક હોવો જ જોઈએ કે પ્રશ્નો જે વાત ચાલતી હોય તેને અનુરૂપ વિષયાંતર ન થાય તે રીતે, અસ્ખલિત વહેતી પ્રવચનધારા તૂટી ન જાય તે રીતે અને મુખ્ય પદાર્થ સમજવાનો રહી ન જાય તે રીતે પૂછાય. સાચો શ્રોતા એવો બહુશ્રુત, ગંભીર ને પીઢ હોય કે-ક્યારેક નવા-સવા વક્તાની ગાડી ક્યાંક ઉંધે પાટે ચઢી ગઈ હોય તો એવો પ્રશ્ન પૂછે કે-તે ગાડી આપમેળે સીધે રસ્તે આવી જાય અને પ્રસ્તુત વિષય પણ વધુને વધુ ખીલી જાય... માત્ર ટહુકા કરવા, સભાને હસાવવા, સભાને ડહોળી નાંખવા, સભામાં છવાઈ જવા, પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવા કે વક્તાને ઝાંખા પાડવા વગેરે આશયથી પ્રશ્નો પૂછનાર શ્રોતા જિનવાણીની આશાતનાનું મહાપાપ બાંધે છે.

માટે જ વકતા અને શ્રોતા બન્નેએ પોતપોતાની ફરજને બરાબર સમજી તે મુજબના આચરણથી જીવનને મંડિત બનાવવું આવશ્યક છે.

વચનસિદ્ધ મહાપુરુષ, પ્રદાદાગુરુદેવ પૂ. ઉપાધ્યાય **શ્રી વીરવિજયજી** મહારાજાની અમોઘ આજ્ઞા-આશિષને ઝીલીને મુનિ **શ્રી રામવિજયજી** મહારાજે દીક્ષાના પ્રથમ વર્ષે જ સિનોર મુકામે પ્રવચનદાનનું સર્વ પ્રથમ મંગલાચરણ કર્યું.

અંતરંગ ગુરુકૃપાના પ્રભાવે જિનશાસન અને જિનવચનના મર્મજ્ઞ બનેલા મુનિ **શ્રી રામવિજયજી** મહારાજની ભવતાપ-સંતાપને હરનારી વાણી દીક્ષાના પાંચમાં વર્ષથી ગંગા પ્રવાહની જેમ અસ્ખલિત વહેતી થઈ. ભારતવર્ષને પાવન કરનારી તે વાણી ગંગાનું વિ.સં. ૧૯૮૫ ની સાલે મોહમયી મુંબઈમહાનગરીમાં આગમન થયું. અગણિત ભવ્યાત્માઓના પાપમળને પખાળવામાં અને ભવતાપ-સંતાપને હરવામાં સફળ નીવડેલી આ વાણી ગંગા ઘરઘરમાં અને ઘટઘટમાં વહેતી થાય તો ખૂબ લાભ થાય. એવી સદ્ભાવના પરમગુરુદેવ પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના હૈયે પ્રગટી સુશ્રાવક **ભગવાનદાસભાઈ** હાલાભાઈએ (પછીથી પૂ.પં.શ્રી ભદ્રંકર વિ.ગ.) તે ભાવનાને સાકાર કરવાના સંકલ્પ સાથે પ્રશસ્ય પુરુષાર્થ આદર્યો તે પુરુષાર્થનું પુણ્ય પરિણામ એટલે જ ‘‘**જૈન પ્રવચન**’’ સાપ્તાહિકનો પુણ્ય પ્રારંભ.......!

શ્લોક અને શ્લોકના અર્થનું નિરુપણ કરનારા વ્યાખ્યાનકારોનો એ સમય હતો તે પ્રકારના વ્યાખ્યાનને સમજી શકે તેવો શ્રોતાવર્ગ પણ ત્યારે વિદ્યમાન હતો પરંતુ એક જ શ્લોક પર આખું વ્યાખ્યાન આપી શકે અથવા તો એક જ શ્લોક પર દિવસોના દિવસો સુધી વ્યાખ્યાન આપી શકે તેવા વ્યાખ્યાનકાર તરીકે મુનિ **શ્રી રામવિજયજી** મહારાજ

નોખા તરી આવતા હતા.

મુનિશ્રીના વ્યાખ્યાનની ઘણી બધી વિશેષતાઓ પૈકીની ઉડીને આંખે વળગે તેવી બે વિશેષતાઓ હતી. ૧) પ્રસ્તુતિની સરળતા.... સામાન્યમાં સામાન્ય શ્રોતા પણ સરળતાથી વિષયને સમજી શકે ભાષાનું તેવું સરલીકરણ.. અને ૨) પ્રશ્નોત્તર પદ્ધતિ. વ્યાખ્યાન હોય કે વાચના હોય પૂજ્યશ્રીની એક આગવી શૈલી હતી કે કોઈ પણ વાત શ્રોતાના મગજમાં જડબેસલાક બેસાડી દેવા માટે તેઓ સભાને હંમેશા બોલતી રાખતાં પૂજ્યશ્રીની પ્રવચન સભાઓમાં પ્રશ્નોની ઝડીઓ વરસતી ક્યારેક તેઓશ્રી સ્વયં પ્રશ્ન ઉઠાવે અને સભામાંથી જવાબ મેળવે તો ક્યારેક સભામાંથી પ્રશ્ન ઉઠે અને તેના સહજતાથી સરળતાથી અને શાંતિથી સમાધાન આપી સૌને મંત્રમુગ્ધ કરી દે. પૂજ્યશ્રી હાજરજવાબી કહેવાતા હજી પ્રશ્ન પૂરો થાય તે પૂર્વે જ પૂજ્યશ્રીના મુખમાંથી જવાબ વહેતો થઈ જાય. પ્રશ્નોત્તરીની આવી જુગલબંદીને સાંભળવાની ઉત્સુકતા શ્રોતાજનો સતત અનુભવતા માટે જ પ્રશ્નોત્તરી એ પૂજ્યશ્રીના પ્રવચનનું મુખ્ય આકર્ષણ બની જતી. આવી પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીના પ્રભાવે કદાગ્રહી, સુધારાવાદી અને ઉત્સૂત્રભાષી આત્માઓએ ફેલાવેલા જૂઠનું અનાયાસે નિવારણ થઈ જતું અને સહુને સત્યનો નવપ્રકાશ લાધતો.

પૂજ્યશ્રીએ શાસ્ત્રગ્રંથોને એવા અભ્યસ્ત કર્યા હતા કે પદાર્થની છણાવટ શાસ્ત્રપાઠ સાથે જ થાય. જ્યારે જે વિષયની રજૂઆત થતી હોય ત્યારે તેના આધારગ્રંથનું નામ અને સ્થાન પણ સાથે સાંભળવા મળે. સ્થાનકવાસી સંપ્રદાયમાં પ્રખર પ્રવચનકારિકા તરીકે પ્રખ્યાત **મૃગાવતીબાઈ** મહાસતી તથા **લીલાવતીબાઈ** મહાસતી જેવા પણ પૂજ્યપાદશ્રીજીના પ્રવચન-વાચનાદિમાં આવીને સીધા શ્રી ભગવતીજી વિગેરે

આગમગ્રંથોને લગતાં પ્રશ્નો પૂછતાં અને પૂજ્યપાદશ્રીજી તુરંત જ શાસ્ત્રપાઠ સાથે તેના સચોટ જવાબો આપતા તે સાંભળીને અને મહારાજજીની આ ઉંમરે પણ આવી પ્રજ્ઞા-પ્રતિભાને જોઈને તે મહાસતીઓ આશ્ચર્ય અને અહોભાવથી નમ્ર બની જતા.

પૂજ્યપાદશ્રી જવાબ આપવા સાથે સન્માર્ગની વાતો પણ એવી કહી દેતાં કે અવસરે સુયોગ્યઆત્મા માર્ગસ્થ બન્યા વિના ન રહે,

મારૂ ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં હતું. ત્યારે લીલાવતીબાઈ મહાસતીજી મને મળવા આવ્યા હતા. ત્યારે પણ તે મહાસતીજીએ મને પૂછ્યુ હતું કે મોટા મહારાજજી અત્યારે ક્યાં બિરાજમાન છે? અમારે અમૂક પ્રશ્નો પૂછાવી તેઓશ્રીજી પાસેથી શાસ્ત્રીય સમાધાન મેળવવું છે. અન્ય સંપ્રદાયવાળાના હૈયે પણ પૂજ્યશ્રીની શાસ્ત્રનિષ્ઠા કેવી વસી ગઈ હતી તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. **'હોઠ સાજા તો ઉત્તર ઝાઝા'** આ સુક્તિનો સાક્ષાત્કાર પૂજયશ્રીના પ્રવચનમાં પગલે પગલે જોવા મળતો. એક સાંભળેલો પ્રસંગ આ અવસરે સ્મૃતિપથમાં અવતરે છે. એકવાર એક ભાગ્યશાળીએ પૂજ્યશ્રીને પૂછ્યું કે - સાહેબ ! એવું ક્યારે બન્યું છે કે -કોઈએ આપને એવો પ્રશ્ન પૂછ્યો હોય કે જેનો જવાબ આપતા પૂર્વે આપને માથુ ખંજવાળવું પડ્યું હોય અથવા તો એમ કહેવું પડ્યું હોય કે આ પ્રશ્નના જવાબ માટે મારે શાસ્ત્રો જોવા પડશે ! ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે **હું એવા જ શ્રોતાની શોધમાં છું પણ હજી સુધી એવા શ્રોતાના મને દર્શન થયા નથી.**

પૂજ્યશ્રીનું અને પૂજ્યશ્રીના પ્રવચનોનું આત્મિક આકર્ષણ મને બાલ્યકાળથી જ રહ્યું છે. તેમાં પણ તેઓશ્રીના પરમગુરુદેવશ્રી સિદ્ધાંત મહોદધિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના સ્વમુખે તેઓશ્રી અને તેઓશ્રીના પ્રવચનો વિશે જે

ત્રણ વિશેષ વાતો સાંભળવા મળી ત્યારથી પૂજ્યશ્રી પ્રત્યેના આકર્ષણમાં જે અભિવૃદ્ધિ થઈ છે તે અવર્ણનીય છે. જ્યારે પણ પૂજ્યશ્રીના ગુણગાન કરવાનો અવસર આવે છે ત્યારે આ ત્રણ વિશેષ વાતોનો ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. તે ત્રણ વાતો પરમગુરુદેવશ્રીએ આ પ્રમાણે ફરમાવી હતી. "૧) પુણ્યપાલ ! રામવિજયજી ક્યારેય મારી સામે ઉંચા અવાજે બોલ્યા નથી. ૨) તેમના જૈન પ્રવચનમાં કોઈ પણ વાત સિદ્ધાંતથી વિરુદ્ધ લખાઈ કે બોલાઈ નથી. ૩) હું ઈચ્છું છું કે તેમના બધાય પ્રવચનો સંસ્કૃતમાં લખાવી જ્ઞાનભંડારોમાં મૂકાઈ જાય જેથી ભવિષ્યમાં તે આગમની ગરજ સારનારા બનશે." ગુરુદેવશ્રીના હૈયે પોતાના પટ્ટશિષ્યનું કેવું ઉચ્ચ સ્થાન-માન હતું તે જાણવા- જણાવવા માટે આ ત્રણ વાતો જ પર્યાપ્ત છે.

આ એ પ્રવચનો છે કે જે પ્રવચનોનાં સંપાદન દ્વારા અનેક તંત્રીઓ સાધુપદના ચાહક ને ગ્રાહક બની ગયા. તેમજ આ પ્રવચનોના શ્રવણ ને વાંચન દ્વારા પૂ.આ.ભ. **શ્રીભદ્રંકરસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી ભુવનભાનુસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી કલાપૂર્ણસૂરિ** મ.સા. તથા અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરિ** મ.સા. જેવા અનેક પુણ્યાત્માઓ સંયમધર્મને પ્રાપ્ત કરનારા બન્યા.

વિ.સં.૨૦૨૩ની સાલથી લઈને વિ.સં.૨૦૪૭ની સાલ સુધીમાં અગણિતવાર તે પૂજ્યશ્રીના પ્રવચનોની પ્રત્યક્ષધારામાં ભીંજાવાનું સૌભાગ્ય મને સાંપડ્યું ત્યારના આનંદની અને ધન્યતાના અનુભવની તો શું વાત કરું ? પરંતુ આજે પણ જ્યારે જ્યારે તે પરમારાધ્યપાદ પૂજ્યશ્રીના પ્રવચનો વાંચવા મળે છે ત્યારે કોઈ અદ્ભુત-અનોખી દુનિયામાં વિહરતો હોઉ એવો અનુભવ થયા વિના રહેતો નથી.

'પ્રાવચનિક પ્રશ્નોત્તર'ના યથાર્થ નામે પ્રગટ થઈ રહેલા પ્રસ્તુત પ્રકાશનમાં

**જિનવાણી** પાક્ષિકમાં પ્રકાશિત થયેલાં ૧ થી ૧૫ વર્ષના પ્રવચનોમાંથી અને **સન્માર્ગ પ્રકાશન** દ્વારા પ્રકાશિત સંઘ સ્વરૂપ દર્શન તથા આચારાંગના પ્રવચનોમાંથી ચૂંટીને ઉદ્ધરેલા પ્રશ્નોત્તરોનો સુસંગ્રહ કરવામાં આવ્યો છે. તે તે પ્રશ્નોત્તરોની નીચે સ્થાન નિર્દેશ પણ કરવામાં આવ્યો છે. જેથી વિશેષ જિજ્ઞાસુઓ પોતાની જિજ્ઞાસાને સહજતાથી સંતોષી શકે.

આશુકવિ મુ. **શ્રી. પ્રશમરતિ વિજયજીએ** પ્રસ્તાવનામાં પૂજ્યશ્રીની પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીનો સુંદર પરિચય આપી હૃદયમાં વસેલી ગુરુભક્તિ પ્રદર્શિત કરી છે. તે હાર્દિક ગુરુભક્તિની હાર્દિક અનુમોદના.

આ પ્રશ્નોત્તરીના વાંચન દ્વારા સુજ્ઞ વાચકવર્ગ પૂજ્યશ્રીના પ્રવચન પ્રતિ આકર્ષાય અને તે પ્રવચન સાહિત્યને ચિંતન-મનન પૂર્વક વાંચી તેમાં આપેલા જિનાજ્ઞામય ઉપદેશોને હૃદયમાં અને જીવનમાં ઉતારી આત્મહિતના પંથે દ્રુતગતિએ પ્રગતિ સાધે એવો શુભભાવ આ સંપાદનની ક્ષણોમાં મારા હૃદયમાં સતત ધબકતો રહ્યો છે. મારા તે શુભભાવને સુજ્ઞ વાચકવર્ગ અવશ્ય સાર્થક કરશે એવા આશાભર્યા હૈયે વિરમું છું.

**વિજય પુણ્યપાલસૂરિ**
**વિ.સં.૨૦૭૨ ફા.સુ.૧૩**
**નંદ પ્રભા પ્રાસાદ**
**શ્રી સિદ્ધગિરિરાજ**

# સુકૃતાનુમોદનમ્

શ્રી દીપંચદભાઈ લલ્લુભાઈ તાસવાલા - મુંબઈ

શ્રી પુનમચંદ દેવરાજજી શાહ - મુંબઈ

શ્રી કલ્પનાબેન દિનેશભાઈ શાહ - મુંબઈ

શ્રી જવાહરલાલ મોતીલાલ શાહ - મુંબઈ

શ્રી જેઠાભાઈ સવચંદભાઈ શાહ - મુંબઈ

# ❀ સંક્ષિપ્ત વિષયાનુક્રમ પંચમ પડાવ ❀



| ક્રમ | વિષય | કુલ પ્રશ્નો | પૃ.નં. |
|---|---|---|---|
| ૪૫. | સારણાદિ | ૩ | ૪૦૬ થી ૪૧૧ |
| ૪૬. | સિદ્ધ | ૬ | ૪૧૨ થી ૪૧૮ |
| ૪૭. | સિદ્ધગિરિ | ૫ | ૪૧૯ થી ૪૨૧ |
| ૪૮. | સંવેગ-વૈરાગ્ય | ૩ | ૪૨૨ થી ૪૨૫ |
| ૪૯. | સ્વામીવાત્સલ્ય | ૫ | ૪૨૬ થી ૪૨૯ |
| ૫૦. | સ્ત્રી | ૧૦ | ૪૩૦ થી ૪૪૫ |
| ૫૧. | હિંસા | ૧૪ | ૪૪૬ થી ૪૬૨ |
| ૫૨. | શ્રાવક | ૧ | ૪૬૩ |
| ૫૩. | પ્રકીર્ણક | ૯૯ | ૪૬૪ થી ૫૫૬ |
| ૫૪. | પ્રશ્નાવલિ એક ન્યાયાધિશ | ૧૮ | ૫૫૭ થી ૫૯૨ |

## ※ પ્રશ્નાનુક્રમ પંચમ પડાવ ※


| પ્રશ્ન | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **સારણાદિ** | |
| ૩૯૩ | સારણા-વારણા-ચોયણા-પડિચોયણા એટલે શું ? | ૪૦૬ |
| ૩૯૪ | ગચ્છમાં સારણાદિ ન હોય તો ચાલે ? | ૪૦૮ |
| ૩૯૫ | પરીક્ષા કરીને લીધા હોય તો ? | ૪૦૮ |
| | **સિદ્ધ** | |
| ૩૯૬ | સ્વલિંગે એક સમયે કેટલા સિદ્ધ થાય? | ૪૧૨ |
| ૩૯૭ | વસ્તુ પ્રાપ્ત થયા પછી લિંગનો આગ્રહ શા માટે ? | ૪૧૩ |
| ૩૯૮ | અક્રિય સિદ્ધ પરમાત્મા પાવન શી રીતે કરે ? | ૪૧૪ |
| ૩૯૯ | અક્રિયપદના અર્થીને ક્રિયાના આલંબનની જરૂર શી? | ૪૧૫ |
| ૪૦૦ | કેટલાક એમ કહે છે કે-આમ તો સંસાર ખાલી થઈ જાય, તો અનાદિ અનંત શી રીતે? | ૪૧૭ |
| ૪૦૧ | કૂવામાં પાણી કોક દિવસ તો ખૂટે ને ? | ૪૧૭ |
| | **સિદ્ધગિરિ** | |
| ૪૦૨ | શ્રી સિદ્ધગિરિજીનાં દર્શન કરે તે લઘુકર્મી ખરા ને ? | ૪૧૯ |
| ૪૦૩ | લઘુકર્મી થયા વિના નવકારનો 'ન' પણ મળતો નથી તેમ શાસ્ત્રે કહ્યું છે તેનું શું ? | ૪૨૦ |
| ૪૦૪ | ત્યાં જે લઘુકર્મીપણું કહ્યું તેનો અર્થ શો કરવો ? | ૪૨૦ |
| ૪૦૫ | અનંતીવાર સાધુપણું લે તો પણ ગુણઠાણું ન આવે તેવું બને? | ૪૨૧ |
| ૪૦૬ | સારો ડોક્ટર ગમે તેવા રોગીને સાજો કરે ને ? | ૪૨૧ |
| | **સંવેગ-વૈરાગ્ય** | |
| ૪૦૭ | 'અત્યારે વૈરાગ્ય કેમ આવતો નથી ?' | ૪૨૨ |

૪૦૮ સંવેગ એટલે શું ? ૪૨૩
૪૦૯ વૈરાગ્ય; સુખથી ઘણાને થાય કે દુઃખથી ? ૪૨૩

**સ્વામીવાત્સલ્ય**

૪૧૦ સર્વે ધર્મો તથા સાધાર્મિક ભક્તિ બેમાં વધારે ફળ શેમાં? ૪૨૬
૪૧૧ નવકારશી અને સ્વામિવાત્સલ્યમાં શું ફરક ? ૪૨૬
૪૧૨ અદ્ધરથી પાણી પીએ તો ? ૪૨૭
૪૧૩ અનુપમાદેવી જાતે ઊભાં રહેતાં હતા ને ? ૪૨૭
૪૧૪ વ્યવસ્થા બરાબર ન થઇ શકે તો બંધ રખાય ? ૪૨૮

**સ્ત્રી**

૪૧૫ હે સ્વામિન્ ! સ્ત્રીઓ લોકશાસ્ત્રમાં અને લોકોત્તર શાસનમાં દોષાન્વિત-દોષિત તરીકે પ્રસિદ્ધ છે : કારણ કે લૌકિક શાસ્ત્ર કહે છે કે-'સ્ત્રીઓમાં મૃષાભાષણ, સાહસ, માયા, મૂર્ખતા, અતિલોભપણું, અશૌચ અને નિર્દયપણું, આટલા દોષો સ્વભાવથી જ ઉત્પન્ન થયેલા હોય છે. : એમાં દૃષ્ટાંત તરીકે 'સુકુમાલિકા, સૂર્યકાંતા કે જેણે પોતાના પતિને ઝેર દીધું, એટલાથી પણ ન ધરાતાં નખ દઇને મારી નાખ્યો તે કપિલા, અભયા કે જેણે શ્રી સુદર્શન જેવા પવિત્ર આત્માને કલંકિત કરી કદર્થના કરી. નુપૂરપંડિતા કે જેણે પોતાના પતિના પિતાને જુઠ્ઠો પાડ્યો અને નાગશ્રી વિગેરે મોજુદ છે.' અને તે સ્વયં જાણી લેવાં. આપણા આગમમાં પણ કહ્યું છે કે-'હે ગૌતમ ! અનંતા પાપની રાશિ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે જ સ્ત્રીપણું મળે છે.' ગમે તેવી ગુણવંત સ્ત્રી પણ એનું શરીર એ જ જોખમ, માટે સ્ત્રીપણું એ અનંતી પાપરાશિનું જ પરિણામ છે. આ રીતે સર્વત્ર સ્ત્રીઓની નિંદા જ દેખાય છે, માટે તેઓને વિષે દાન, સન્માન અને વાત્સલ્ય કરવું, -એ કેમ યોગ્ય ગણાય? ૪૩૦

૪૧૬ 'વિલાયતમાં ખૂણો નથી.' ૪૩૪
૪૧૭ ભગવાન મહાવીરે સ્ત્રીને સ્વાતંત્ર્ય આપ્યું છે ? મોક્ષનો અધિકાર આપ્યો છે ? ૪૩૫
૪૧૮ 'દેવ-દેવી જેવા રહ્યા હોય તો ને ?' ૪૩૬
૪૧૯ ' વેશ્યા કોઈની માલિકીની સ્ત્રી નથી તો એની સાથે વિષયભોગનો નિષેધ કેમ ?' ૪૩૬
૪૨૦ 'કહે છે કે, શાસ્ત્રોના પ્રણેતા પુરુષો હતા માટે પુરુષની પ્રધાનતા બતાવી છે.' ૪૩૮
૪૨૧ વિધવાવિવાહને એ લોકો પરોપકાર કહે છે. ૪૪૧
૪૨૨ વિચાર ન સાંભળવા ? ૪૪૨
૪૨૩ કહે છે કે, આર્ત્તધ્યાન થાય છે. ૪૪૩
૪૨૪ આપની ભૂલ ન થાય ? ૪૪૪


હિંસા

૪૨૫ બીલાડી ઉંદરને પકડતી હોય તો શું કરવું જોઇએ? ૪૪૬
૪૨૬ 'હેતુ હિંસાનો નિષેધ નહિ?' ૪૪૭
૪૨૭ 'કસાઈને અનુબંધ હિંસા ન હોય એવું બને?' ૪૫૦
૪૨૮ 'પરાધીનપણે હિંસા કરતો હોય તો?' ૪૫૦
૪૨૯ 'ન્યાયપૂર્વક રાજ્યની રક્ષાના હેતુથી થતા યુદ્ધમાં કઈ હિંસા?' ૪૫૧
૪૩૦ 'ડૉકટરી લાઈનવાળા કંપતે હૃદયે થોડી હિંસા કરે છે.' ૪૫૨
૪૩૧ 'હેતુ કે અનુબંધ?' ૪૫૪
૪૩૨ 'ધર્મની રક્ષા માટે હિંસા કરે તો?' ૪૫૫
૪૩૩ 'મિલમાલિકને કઈ હિંસા?' ૪૫૫

૪૩૪ 'એમાં કર્મબંધ ન થાય?' ૪૬૦

૪૩૫ 'ચોર આપણી ચીજ લઈ જાય; એની પાસેથી પડાવી લઈએ તો?' ૪૬૧

૪૩૬ 'એને શિક્ષા ન કરાવવામાં પાપ નહિ ?' ૪૬૧

૪૩૭ શિક્ષા કરાવવામાં પાપ ખરું ? ૪૬૧

૪૩૮ એને સુધારવો હોય તો ? ૪૬૧

**શ્રાવક**

૪૩૯ શ્રાવક ક્યારે, કઈ રીતે ઉઠે ? ૪૬૩

**પ્રકીર્ણક**

૪૪૦ છ માં શાશ્વતી અઠ્ઠાઇઓ કેટલી ? ૪૬૪

૪૪૧ સાંસારિક જીવોને મુંઝવણ કયાં ?(અને ક્યારે થાય) ૪૬૫

૪૪૨ નીતિની વ્યાખ્યા શું છે? ૪૬૫

૪૪૩ ઉદ્યાપનની જરૂર શું છે ? ૪૬૬

૪૪૪ આજનાં પ્રદર્શન એ શું ઉજમણાનું અનુકરણ નથી ? ૪૬૭

૪૪૫ સંતતિ પરલોક માટે કઈ રીતે થાય ? ૪૬૭

૪૪૬ દૌર્ગત્યનો અર્થ શું? ૪૬૮

૪૪૭ ભગવાને પૈસો બનાવ્યો શા માટે ? ૪૬૮

૪૪૮ મંગલનું વિધાન શા માટે ? ૪૬૮

૪૪૯ તિથિ યાદ કે તારીખ ? ૪૬૯

૪૫૦ અનીતિ કોને કહેવાય ? ૪૭૦

૪૫૧ આજે અન્યાયનું ધન ધર્મમાં વપરાય છે, તે બરાબર છે ? ૪૭૧

૪૫૨ આજે બધા વેપારમાં પાપ છે. ત્યારે પાઠશાળા ભણાવે ને પગાર લે, તે નિરવદ્ય આજીવિકા કહેવાય કે નહિ ? ૪૭૧

૪૫૩ લોટરીમાં કમાણી થાય એમાં પાપ નહિ ને ? ૪૭૨

૪૫૪ પોતાના સાથીને ખરાબીથી બચાવવા કોઇની વાત કરે તો ? ૪૭૩

૪૫૫ નિંદા કોઇની કરીએ નહિ પણ નિંદાવાળા લખાણો વાંચીએ તો તેમાં પણ વાંધો ? ૪૭૩

૪૫૬ બીજાની સાચી વાત બોલવામાં નિંદા શી રીતે ? ૪૭૪

૪૫૭ આપ અહિં ઘણી વાતોનું ખંડન કરો છો, તો તે નિંદા નથી ? ૪૭૪

૪૫૮ પ્રેમ અને મોહમાં ફેર ખરો ? ૪૭૫

૪૫૯ દાન, શીલ, તપ, ભાવ ગમે કોને ? ૪૭૬

૪૬૦ અર્થ-કામ હેય છતાં એ પુરુષાર્થ કેમ ? ૪૭૯

૪૬૧ જન્મની જે વેદના કહી તે એવડું બચ્ચું કેમ સહે ? ૪૮૧

૪૬૨ 'શરીરની મજબૂતી વિના ઇંદ્રિયો અને મન કાબૂમાં આવે ?' ૪૮૨

૪૬૩ નબળાને ગુસ્સો જલદી આવે છે બળવાનને એટલો જલદી નથી આવતો, તેનું શું ? ૪૮૩

૪૬૪ બળવાન શરીર ઇંદ્રિયો તથા મનને બહેકાવે ? ૪૮૩

૪૬૫ કેવળજ્ઞાન અને શરીરબળને સંબંધ કેટલો ? ૪૮૪

૪૬૬ ઇંદ્રિયોની આધીનતા અને ઇંદ્રિયોનો નિગ્રહ એ બેમાં કુદરત સામે બળવો કોને કહેવાય ? ૪૮૫

૪૬૭ 'કુદરત એટલે શું ?' ૪૮૫

૪૬૮ જૈનોને સાત વ્યસનનો નિયમ તો હોય જ ને ? એ સાત વ્યસન કયા ? ૪૮૬

૪૬૯ 'સટ્ટો અને રેસ એ જુગાર કહેવાય ને ?' ૪૮૬

૪૭૦ એ લોકો કહે છે કે તમારી વાતનું મંડન કરો પણ બીજાનું ખંડન શા માટે કરો છો ? ૪૮૬

૪૭૧ 'આગળ તો જ્ઞાનીઓ ભવિષ્ય કહેનાર હતા.' ૪૮૮

૪૭૨ 'આવાને જ્ઞાની ભવિષ્ય બતાવે ?' ૪૮૮

| | | |
|---|---|---|
| ૪૭૩ | 'આવા કમનશીબો ઉપર ઉપકાર થાય શી રીતે?' | ૪૮૮ |
| ૪૭૪ | એવું દૃષ્ટાંત આપશો ? | ૪૯૦ |
| ૪૭૫ | એક ચોક્કસ નિગોદનો અનંતમો ભાગ કે ગમે તે નિગોદનો? | ૪૯૧ |
| ૪૭૬ | 'જીવો મોક્ષમાં ગયા જ કરે છે તો ત્યાં જગ્યા ઘટે નહિ?' | ૪૯૧ |
| ૪૭૭ | 'વિચારવાની શક્તિ મનની કે આત્માની ?' | ૪૯૩ |
| ૪૭૮ | પુણ્યથી મળતું સુખ જો ભોગવવાનું ન હોય તો પુણ્ય સુખ આપે છે શું કામ? | ૪૯૩ |
| ૪૭૯ | 'જીવલોકમાં સારભૂત શું ?' | ૪૯૩ |
| ૪૮૦ | 'મુક્તિ મેળવવાની જરૂર શી ' | ૪૯૪ |
| ૪૮૧ | 'મુક્તિનો ઉપાય શો ?' | ૪૯૪ |
| ૪૮૨ | 'પાપનો બચાવ વધારે ક્યાં થાય ? સર્વવિરતિમાં, દેશવિરતિમાં, સમ્યગ્દષ્ટિમાં, માર્ગાનુસારીમાં કે મિથ્યાદષ્ટિમાં ?' | ૪૯૪ |
| ૪૮૩ | 'અમુક ધર્માચરણ મોક્ષહેતુ છે, એ શાથી જણાય ?.' | ૪૯૪ |
| ૪૮૪ | 'ઉપર દર્શાવિલી ધર્મસેવનથી પમાતી વસ્તુઓ સાધુ જલ્દી પામે કે ગૃહસ્થ?' | ૪૯૫ |
| ૪૮૫. | 'તો પછી ધર્મ માત્ર સંસારથી વિરક્તોને માટે જ ને ?' | ૪૯૫ |
| ૪૮૬ | 'એનો અર્થ એ જ ને કે સાધુ એટલા ધર્મી ને બાકીના અધર્મી?' | ૪૯૬ |
| ૪૮૭ | 'તો પછી દેશવિરતિ ધર્મ અને સમ્યકત્વ ધર્મ કોને માટે ?' | ૪૯૬ |
| ૪૮૮ | 'સુખ એટલે શું ?' | ૪૯૭ |
| ૪૮૯ | 'પણ એમાં જ આનંદની લાગણી થાય તો ?' | ૪૯૭ |
| ૪૯૦ | 'સમારંભ એટલે ?' | ૪૯૮ |
| ૪૯૧ | 'ન્યાય સંપન્નવિભવ' નું રહસ્ય શું છે. ? | ૪૯૯ |
| ૪૯૨ | નજીક આવીએ તેમ વાતાવરણ પણ ઠીક થતું જાય ને ? | ૫૦૦ |

૪૯૩ એમની પાસે પણ કરવી તો પડે. ૫૦૧
૪૯૪ પણ એ છયે કાયના આરંભથી બનાવેલા આહાર પાણી અમારી પાસેથી લો તો ખરા ને ? ૫૦૨
૪૯૫ પણ અહીં રહે તો વધારે કામ થાય ને ? ૫૦૩
૪૯૬ એક જીવ બીજાને મારે અને પછી બીજો એને મારે, તો વાત પતી જાય ને? ૫૦૪
૪૯૭ 'વગડામાં રહેનારાને વિષયાભિલાષા ઓછી હોય ?' ૫૦૫
૪૯૮ 'ધર્મની રક્ષા માટે કષાય થાય અને ન પણ થાય, એવો અપેક્ષા વાદ નહિ?' ૫૦૫
૪૯૯ શું આવું લખાયું છે ? ૫૦૭
૫૦૦ સમવસરણ વગેરેની વાતને પણ નથી માનતા ? ૫૦૭
૫૦૧ એ લોકો લખે છે કે, 'અમારી પત્રિકાની સમાજ પર અસર થઈ છે.' ૫૦૮
૫૦૨ એક વાત બીજે જાય, તો પણ ફેરફાર થાય, તો શાસ્ત્રમાં ફેરફાર કેમ નહિ? ૫૦૯
૫૦૩ એક મત વધ્યો કયાંથી ? ૫૧૦
૫૦૪ ધર્મવિરોધી હોય તો? ૫૧૧
૫૦૫ એમ કહેનારને અંધશ્રદ્ધાળુ કહે છે ને? ૫૧૧
૫૦૬ અંતરઅવાજ કોનો મનાય ? ૫૧૨
૫૦૭ ના, એમ કહે છે કે, ,સમાજમાં. ૫૧૨
૫૦૮ દ્રવ્યની પીડાથી શ્રાવકો પીડાય છે; એમ કહે છે. ૫૧૩
૫૦૯ અર્થ કામ મેળવવાની છૂટ નહિ ? ૫૧૩
૫૧૦ અંતરઅવાજની ગુલામી થાય ? ૫૧૪
૫૧૧ અને ગુણ ચાલ્યા જાય તો પણ જન્મની જાતિ ફરી જાય ? ૫૧૬

| | | |
|---|---|---|
| ૫૧૨ | સાહેબ ! મુદ્દો એ છે કે, બધા એવા થાય, પછી કોઈ એમને ખરાબ તો ન કહેને ? | ૫૧૭ |
| ૫૧૩ | જગતમાં સારું મૂકીને ખોટું લેવાની ઈચ્છા કોને થાય ? | ૫૧૮ |
| ૫૧૪ | 'પૂર્વાચાર્યોની વાતોને તો એ ગપ્પાં માને છે.' | ૫૨૧ |
| ૫૧૫ | 'મૂર્તિને ન માને એનામાં સમકિત હોય ?' | ૫૨૨ |
| ૫૧૬ | 'મૂર્તિના આલંબન વિના ભક્તિ ન થાય ?' | ૫૨૩ |
| ૫૧૭ | 'અસલને પગે લગાય કે નકલને ?' | ૫૨૩ |
| ૫૧૮ | 'મહારાણીના બાવલાને કોઈએ કાળું કર્યું હતું એમાં અપમાન મનાયું હતું.' | ૫૨૪ |
| ૫૧૯ | 'માનસિક પૂજા કરે તો ?' | ૫૨૫ |
| ૫૨૦ | 'માનસિક પૂજાથી લાભ ન મળે ?' | ૫૨૬ |
| ૫૨૧ | 'નામસ્મરણથી ભક્તિ ન થાય ?' | ૫૨૭ |
| ૫૨૨ | 'મિથ્યાશ્રુત માટે પણ એમ કેમ ?' | ૫૨૮ |
| ૫૨૩ | 'મિથ્યાશ્રુતને પાણીમાં નખાય ?' | ૫૨૮ |
| ૫૨૪ | 'આનંદઘનજીનું અધ્યાત્મ કેવું?' | ૫૨૯ |
| ૫૨૫ | 'સાધુને પ્રાયશ્ચિત્ત આવે અને શ્રાવકને નહિ?' | ૫૩૩ |
| ૫૨૬ | 'સૂતક હોય તો ?' | ૫૩૩ |
| ૫૨૭ | 'પણ એમ જાહેર કર્યા પછી બાપની મિલકતમાં ભાગ રહે?' | ૫૩૫ |
| ૫૨૮ | 'પાંચ મહાવ્રત ખંડિત થયાં હોય એવો પણ સાધુ શ્રાવક કરતાં તો સારો ખરો ને ?' | ૫૩૮ |
| ૫૨૯ | 'ખોરું ઘી દીવેલથી પણ જાય ?' | ૫૩૯ |
| ૫૩૦ | 'તત્ત્વજ્ઞાનાદિ માટે આ દેશની સ્ત્રી નહિ, પણ પરદેશી સ્ત્રીનો પરિચય રાખવામાં વાંધો ખરો ?' | ૫૪૨ |

૫૩૧ 'પરંતુ, એ પ્રોફેસર હોય તો ?' ૫૪૩
૫૩૨ 'એનામાં પૂરતો વૈરાગ્ય હોય તો ?' ૫૪૩
૫૩૩ 'સામાના સમયની સગવડ જોવી પડે ને ?' ૫૪૫
૫૩૪ 'આજે તો ઝીલવાને બદલે નીચે ભાલા ગોઠવે.' ૫૫૦
૫૩૫ 'જૈનેતરોમાં હજી આવું ઓછું જોવા મળે છે.' ૫૫૩
૫૩૬ 'મહારાષ્ટ્રીયન પ્રશ્નકાર 'તમે ક્યાં સર્વજ્ઞ છો કે તમને આવું બધું કહી જનારના હૃદયને જાણી શકો ! વખતે નિંદક હોય ને આવી ખોટી વાત ચલાવતો હોય તો ?' ૫૫૩
૫૩૭ 'પાંચ કારણ ભેગાં મળે ત્યારે કાર્ય થાય ને ?' ૫૫૫

**પ્રશ્નાવલિ એક ન્યાયાધિશ**

૫૩૮ ગૃહસ્થાશ્રમમાં ઉત્તમ ધ્યેયને અનુલક્ષીને રહી શકે ? ૫૫૮
૫૩૯ રહેવું પડે તો રહી શકે ? ૫૫૮
૫૪૦ ત્યાગની ઇચ્છા છતાં ગૃહસ્થાશ્રમમાં રહી શકાય ? ૫૬૨
૫૪૧ બીજી રીતે ત્યાગથી કંઇ લાભ નહિ ? ૫૬૫
૫૪૨ પણ એથી શરીરને તો લાભ થાય ને ? ૫૬૬
૫૪૩ 'ન તજી શકે તેને સંસારમાં રહેવાનું કહી શકે ?' ૫૬૯
૫૪૪ 'વાનપ્રસ્થાશ્રમે રહી શકે ને ? ગૃહસ્થ ગુરુ હોઇ શકે ને ?' ૫૬૯
૫૪૫ યોગ્ય રીતે ગૃહસ્થાશ્રમ ભોગવાય તો ? ૫૭૦
૫૪૬ 'પૂર્વના સંચિતના ભોગવટા માટે રહે તો ?' ૫૭૦
૫૪૭ 'વિષયો ભોગવતા વૈરાગ્ય થાય ત્યારે સંન્યાસ સ્વીકારે.' ૫૭૨
૫૪૮ 'આવેશથી વૈરાગ્ય થાય કે ત્યાગ કરે એ ચાલે ?' ૫૭૩
૫૪૯ 'પાટીમાં ઘાટ કોતરાય છે. એમાં જ ઘૂંટે તો ?' ૫૭૪

૫૫૦ અતિ તીવ્ર વૈરાગ્ય હોય તો વાત જુદી, તો તો રજાની જરૂર નહીં પણ એવો તીવ્ર વૈરાગ્ય ન હોય તો વચ્ચે ન અવાય ? ૫૭૫
૫૫૧ પરીક્ષા કરવાની ખરી ? ૫૭૬
૫૫૨ જૈનદર્શનમાં ચાર આશ્રમો છે ? ૫૭૬
૫૫૩ આ કાળમાં તીવ્ર વૈરાગ્ય થવા માટે વયની કોઇ મર્યાદા ખરી? ૫૭૭
૫૫૪ આઠ વર્ષની વયમાં એવો વૈરાગ્ય કયા કારણથી થાય ? ૫૭૭
૫૫૫ 'ટેવ પડી હોય માટે પણ એમ થાય ?' ૫૭૮

# પૃચ્છના સ્વાધ્યાય મહિમા ગાન

પૂછે છે ગણધરજી, જગમાં શું સાર ? પ્રભુજી ! કહો ને એકવાર
પ્રગટી છે હૈયામાં જ્યોતિ 'જય'કાર, પ્રભુજી ! કહો ને એકવાર

આપી ત્રિપદી તિહાં ત્રિલોકનાથે, વાસનિક્ષેપ કરી શાસન સ્થાપે,
એક જ પ્રશ્નોત્તરમાં સૃષ્ટિનો સાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

સ્વાધ્યાય તપ મહીં મહિમા છે જેહનો, પૂછતા પૂછતા ટળે કાંટો સંદેહનો,
તૃપ્તિથી છલકાયે અમીરસ ધાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

વિનય ધરીને પૂછે ગોયમ મહાવીરને, ઉત્તરથી શાંત કરે ભયવં ગુણધીરને,
જિજ્ઞાસા ઉઠે છે મનમાં હજાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

પ્રશ્નો ને ઉત્તરથી ભરીયો શ્રુતદરિયો, ખેડ્યો જેણે તેને ખજાનો મળીયો,
શ્રદ્ધા ની નાવલડી ઊભી મઝધાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

જ્ઞાનની વૃદ્ધિને દર્શનની શુદ્ધિ, પ્રશ્નોત્તરથી બને નિર્મળ બુદ્ધિ,
અજ્ઞાન ભેદે ને ટાળે અંધાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

પ્રશ્ન ચિંતામણી-પ્રશ્ન છે દીવો, પ્રશ્નોત્તર સુધાને પીવે ભવિજીવો,
પ્રશ્નો ને ઉત્તરની માળા મનોહાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

(રાગઃ ખુલ્લા મૂક્યા છે મેં તો દિલડાંના દ્વાર....)

**રચના : જયશ્રીબેન મુકેશભાઈ કોઠારી**
**૧૩/૧૦/૨૦૧૫**

## પાર્શ્વાભ્યુદય પ્રકાશનની સાહિત્ય-યાત્રાના યાત્રી બની
## પોતાની શ્રુતભક્તિ પ્રદર્શિત કરનારા
## મહાનુભવોની શુભ નામાવલી

શ્રીમતી ગુણવંતીબેન ભવાનજી કેશવજી છેડા પરિવાર ભચાઉ (કચ્છ-ગાવડ) હાલ-મુંબઈ.
શ્રીમતી ઝવેરબેન ભગવાનજી રામજી છેડા પરિવાર ઘાઘોદર (કચ્છ-વાગડ) હાલ-મુંબઈ.

- શ્રી હેમેન્દ્રભાઈ માણેકલાલ સંઘવી - મુંબઈ
- શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ શાહ - નાસિક
- શ્રી ઉકચન્દજી જુગરાજજી સાલેચા - અમદાવાદ
- શ્રી જ્યોતીન્દ્રભાઈ જે શાહ - અમદાવાદ
- શ્રી દિપકભાઈ રમણિકલાલ શાહ - અમદાવાદ
- શ્રી કાંતિલાલ એન. શાહ - ચેન્નઈ
- શ્રી પ્રવિણચંદ્ર હિંમતલાલ વ્યાસ - અમદાવાદ
- શ્રી ધીરેન્દ્રભાઈ કાંતિલાલ પારેખ - મુંબઈ
- અ. સૌ. માનકુંવરબેન નરોત્તમદાસ મહેતા પરિવાર મોટી વાવડી, હાલ-મુંબઈ
- શ્રીમતી કલાવતીબેન સોમચંદ ત્રિભુવનદાસ દોશી પરિવાર
  હસ્તે અનિલભાઈ સંગમનેર
- શ્રી મહારાષ્ટ્ર ભુવન ચાતુર્માસ આરાધકો
  વિ.સં.૨૦૬૬, પાલીતાણા
- વિરતિ પરિવાર, અમદાવાદ
- અ.સૌ.ચંદ્રાવતી પુત્ર-દેવેન્દ્રના આત્મશ્રેયાર્થે
  શ્રી શાંતીલાલ ઉમેધ્ચંદ ચાવાલા, સુરત.
- શ્રી છબીલભાઈ અમુલકભાઈ શાહ, ઘોટીવાળા, હાલ-મુંબઈ
- સ્વ. કુસુમબેન ચીનુભાઈ પાનાચંદ, ડાભલાવાળા, હાલ-નાસીક

# 'પૃચ્છના સ્વાધ્યાય' શ્રેણીના શ્રુતભક્ત મહાનુભાવો

## સાહિત્ય સ્તંભ

- સ્વ. હેમેન્દ્રભાઈ માણેકલાલ ઝવેરીના આત્મશ્રેયાર્થે
- શ્રીમતી અરુણાબેન કયવન્નભાઈ ઝવેરીના આત્મશ્રેયાર્થે
- શ્રી માણેકલાલ મોહોલાલ સંઘવી, વાલકેશ્વર – મુંબઈ
- શ્રીમતી તારાબેન માણેકજી મોતા, વાલકેશ્વર – મુંબઈ હસ્તે નિશાબેન હિતેશભાઈ મોતા

## સાહિત્ય સેવક

- શ્રીમતી મંજુલાબેન કિર્તિલાલ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ
- શ્રી રાજનભાઈ કિર્તિલાલ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ
- શ્રીમતી દિસીબેન રાજનભાઈ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ
- શ્રીમતી બિજલબેન માલવભાઈ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ,હસ્તે-મિશ્કા-અનુષ્ક
- શ્રીમતી સ્નેહાબેન બિનોયભાઈ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ, હસ્તે યુવરાજ
- શ્રી બાબુલાલ મંગળજી પરિવાર, ઉંબરીવાળા હસ્તે-ચેતનભાઈ
- શ્રી નાગજીભાઈ અચલદાસ, મુંબઈ
- શ્રી ચુનીલાલજી ઘમંડીરામજી, મુંબઈ
- એક સદ્ગૃહસ્થ હસ્તે વીતરાગ, મુંબઈ
- શ્રી ચિમનલાલ હરકચંદ શાહના આત્મશ્રેયાર્થે
- શ્રી બાબુલાલ પુનમચંદ શાહ, મુંબઈ
- શ્રી પ્રેમચંદ ઈશ્વરલાલ શાહ, વાલ્કેશ્વર-મુંબઈ
- શ્રીમતી જયાબેન નરોત્તમદાસ મોદી, મુંબઈ
- શ્રીમતી દેવીબેન શશીકાંતભાઈ શાહ, પાલનપુર
- શાશ્વી સાહિલભાઈ મહેતા, એન્ટ્રોપ
- માતુશ્રી સોનાબેન તેજશી સાવલા, કચ્છ (મનફરા) હાલ-મુંબઈ
- શ્રીમતી સોમીબેન બાલુભાઈ શાહ, મુંબઈ
- શ્રી કેતનભાઈ કીર્તિભાઈ સંઘવી, મુંબઈ



## ✤ સારણાદિ ✤

**૩૯૩. સભા : સારણા–વારણા–ચોયણા–પડિચોયણા એટલે શું ?**

**પૂજ્યશ્રી** : ભગવાને કહ્યું છે કે જે ગચ્છમાં સારણા, વારણા, ચોયણા, પડિચોયણા થતી હોય તે મારો ગચ્છ છે અને જે ગચ્છમાં આ ન હોય તે મારો ગચ્છ નથી. સારણા એટલે સ્મારણા. સંયમ આદિ યોગોમાં પ્રમાદ થતો હતો તો તે શુભયોગોને યાદ કરાવવા. ન કરવા લાયક કાર્યોથી રોકવું તે વારણા. એ સારણા, વારણા એક, બે, ત્રણ વાર કરી છતાં કરવા લાયક કામમાં ઉદ્યમી ન બને, ન કરવા લાયક કામથી પાછો ન હઠે તો પછી ચોયણા કરવી પડે. સારણા, વારણામાં મીઠાશ હોય છે જ્યારે ચોયણામાં કઠોરતાં હોય છે. આ મહાપુરુષ બેઠા હોય ત્યાં સારણા, વારણા અમને અનુભવવા મળતી. તેમને

ચોયણા ન કરવી પડે તેની અમે કાળજી રાખતા. **પડિચોયણામાં તો ત્યાં સુધી** જવાની છૂટ છે કે ' જેમ આ રજોહરણ તને આપ્યો છે તેમ પાછો લઈ લઈશ તું એમ ન સમજતો કે આ મળ્યો એટલે કામ પતી ગયું.' આમ કહેવા સુધી પણ જવું પડે.

ગચ્છમાં આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગણાવચ્છેદક, આ પાંચ પદસ્થો જોઈએ. કયારેક પાંચ ન હોય તો એક જ વ્યકિત એ પાંચેની ફરજ બજાવી લે. આચાર્ય રાજા જેવા હોય, તેઓ બીજી પોરસીમાં અર્થની દેશના આપે. ઉપાધ્યાય અર્થ સાથે સૂત્ર ભણાવે. પ્રવર્તક, જે સાધુ જે માટે યોગ્ય હોય તે કામમાં તેને પ્રેરણા આપ્યા કરે. **પ્રવર્તકને શિક્ષા કરવાનો પણ અધિકાર હોય. તે જરૂર પડ્યે તાડન તર્જન પણ કરે.** સ્થવિર તે છે કે-શિક્ષામાં જે કોઇ મનથી દુઃખી થયા હોય તેને શાન્તિથી સમજાવી માર્ગમાં સ્થિર કરે અને ગણાવચ્છેદકનું કામ સાધુ જીવન માટે જરૂરી વસ્ત્રપાત્ર વગેરે પૂરા પાડવાનું છે. અહિં પણ એક રાજતંત્ર જેવી વ્યવસ્થા છે. ' જે ગચ્છમાં આ પાંચ ન હોય તે ગચ્છ નથી પણ ચોરની પલ્લી છે ! એમ પણ શાસ્ત્રમાં કહ્યું છે અને એવો ચોર પલ્લી જેવો સમુદાય જ્યાં જાય ત્યાં લોકને રંજાડવાનું જ કામ કરે. આ વેષમાં રહેલા સારા ન હોય તો તે લોકોને રંજાડવા સિવાય બીજું શું કરે ! અમે લોકો આવા મહાપુરુષની સેવામાં રહ્યા છીએ માટે એમને આ વાતની ખબર છે. એમની પાસે નવકારશીનું પચ્ચક્ખાણ ન મંગાય. નવકારશી કરવી હોય તો મોટા પાસે વાત કરી તે વાત ત્યાં પહોંચાડવી પડે. (જિ. વ. ૩/અં. ૧૧)

**૩૯૪. સભા : ગચ્છમાં સારણાદિ ન હોય તો ચાલે ?**

**પૂજ્યશ્રી** : જે ગચ્છમાં સારણા આદિ ન હોય તે સુગચ્છ નથી પણ કુગચ્છ છે : સુગચ્છમાં સારણા પણ હોય, વારણા પણ હોય, ચોયણા પણ હોય અને પડિચોયણા પણ હોય. સમુદાયના માલીકોનું એ કર્ત્તવ્ય છે કે તેમણે સમુદાયમાં આશ્રય પામેલા મુનિઓનું સંયમ સીદાય નહિ તેની કાળજી રાખવી. સાધુઓ ન કરવા લાયક કરવા માંડે તો સમુદાયના માલીક ઝટ રોકે. જરૂર પડે તો ઠપકો પણ આપે. યોગ્ય પ્રકારની શિક્ષા પણ કરે. ધિઠ્ઠાઓને એ પાલવે નહિ. ધિઠ્ઠા કાકસ્વભાવના સાધુઓના માલીક થવું એ પણ જોખમ. જેમ વર્તે તેમ વર્તવા ઘો ત્યાં સુધી તો વાંધો નહિ, પણ જરાક હા-ના કરો એટલે વાંકું પડતા વાર લાગે નહિ. એવા સાધુઓને ભવાઈ કરતાં પણ સંકોચ થાય નહિ. એ જુએ જ નહિ કે-'ભૂલ મેં કરી છે અને ગુરૂએ મારા ભલાને માટે કહ્યું છે.' એવા પણ હોય છે કે ઉપરથી કહે કે તમે કહેનાર કોણ ?

---

**૩૯૫. સભા : પરીક્ષા કરીને લીધા હોય તો ?**

**પૂજ્યશ્રી** : પરીક્ષા કરીને લીધા હોય એથી એમ થવાનો સંભવ ઓછો, છતાં પણ પરીક્ષા કરવામાં ભૂલ થવાનોય સંભવ તો છે ને ? પરીક્ષા કરીને જેઓ લે છે તેને તો જોખમ ઓછું ખેડવું પડે છે, છતાં પણ છેતરાઈ જવાનો સંભવ તો ખરોને ? એ માટે ઉપકારી પરમર્ષિઓએ ફરમાવ્યું કે કુશળ ચિતારાઓ જેમ ચિત્રપટ સપાટ હોવા છતાંય તેમાં ઊંચાનીચા ભાગ દેખાડી શકે છે, તેમ કેટલાક એવા પણ દંભી આવે છે કે - હૈયાના જુદા અને જીભના

જુદા ! મનમાં કાંઈ ને વચનમાં કાંઈ ! દેખાવ એક ને ધારણા બીજી ! માટે સાવચેત રહેવું. સાવધગીરી રાખવા છતાં પણ કોઈ તેવા આવી જાય તો નિરૂપાય. વિનયરત્નને દીક્ષા આપનાર આચાર્ય મહારાજા સામાન્ય કોટિના નહિ હતા : છતાં વિનયરત્ને ય એવો ઠગારો હતો કે - ન તો આચાર્યમહારાજ તેને પારખી શકયા કે ન તો મુનિવરો તેના ભેદને જાણી શક્યા. ઊલ્ટું, બીજા ઉત્તમ મુનિવરો કરતા વિનયરત્ન આચાર્ય મહારાજને વધુ વિશ્વાસપાત્ર લાગ્યો. એક માણસ બાર બાર વર્ષ સુધી સાથે રહે, છતાં પોતાનું સ્વરૂપ છૂપાવી શકે અને દેખાવનું સ્વરૂપ એવું રાખે કે સૌ તેને ઉત્તમ કોટિનો જ માને, એ ઓછી વાત છે ? છતાં એ સંભવિત છે : માટે પરીક્ષા કરવા છતાંય ભૂલ ન જ થાય એમ નહિ : પરંતુ પરીક્ષાના વિધાન સામે જ ચેડાં કાઢનારાઓ તો આજ્ઞાના લોપક જ બને છે.

વાત તો એ છે કે કેટલાક સાધુઓ ધૃષ્ટ સ્વભાવના એવા હોય કે એમને હિતસ્વી હિતશિક્ષા દે તે પણ એમનાથી ખમાય નહિ : બીજી તરફ સુગચ્છમાં સારણાદિ ન હોય એ બને નહિ. સારણાદિ ચારનો જે ગચ્છમાં અભાવ હોય, તે સુગચ્છ નથી પણ કુગચ્છ છે. જે ગચ્છના માલિક સારણાદિ કરનારા ન હોય તે ગચ્છમાં રહેવામાંય નુકશાન. સારણાદિ વિનાના માલિક એ માલિક નથી. જરૂર ન હોય અને કાંઈ ન કરે તે વાત જુદી છે, પણ જરૂર લાગે તો પાપભીરૂ માલિક પોતાની ફરજ ચૂકે નહિ. આ રીતે ગચ્છના માલિક પોતાની ફરજ અદા કરે એટલે પેલા ધૃષ્ટસ્વભાવના કાગડા જેવા સાધુઓને તે પાલવે નહિ. વર્તે તેમ વર્તવા દ્યો ત્યાં સુધી તો ભગત રહે, પણ સારણાદિ શરૂ થાય એટલે પોતાના

તારક ગુરૂને માટે પણ સત્તર દાખલા ઊભા કરે. તમે કેવા છો એમ કહે. ખોટાં કલંક આપે. ખમાસમણાં દેનાર મારવા ન ઊઠે તો સારૂં. આટલી હદ સુધીના પ્રસંગ તો ક્વચિત જ બને અને માલિક જો ડાહ્યો હોય તો એવા પ્રસંગ ઉત્પન્ન થવા પામે તે પહેલાં જ પેલાને માટે ઘટતું કરી લે.

**મૃગતૃષ્ણા જેવા વંચકો :**

તમને કદાચ એમ થતું હશે કે-આવા કાગડા જેવા કુશિષ્યોને રાખે કોણ? પણ ભગવાન કહે છે કે-એવાઓને રાખનારા પણ મળી રહેશે. અન્ય ગચ્છના આચાર્યો વિગેરે સાધુઓ, કે જે વંચના કરવામાં તત્પર હશે અને મૃગતૃષ્ણા જેવા હશે, તેમની સાથે પેલા ધૃષ્ટસ્વભાવના જડાશયી સાધુઓ ચાલી નીકળશે. એ આચાર્યો વિગેરે પણ એવા સ્વભાવના હશે કે-જેટલા ભળ્યા તેટલા સારા. એ તો કહે કે-'આપણે તો કદિ પણ કોઇને ઉપાલંભ દેતા નથી. શ્રાવકો આપનાર છે અને માગી ખાવાને પાત્રા છે, તો નાહક કચકચ કોણ કરે? મારા સમુદાયમાં તો લહેર છે !' પાછા વંચના કરનારાય એવા કે-પેલા ધૃષ્ટ સ્વભાવના મુનિઓ એનાથી અંજાઇ જાય. તેવા આચાર્યાદિ માટે વિશેષણ મુક્યું કે-'મૃગતૃષ્ણાનિભૈઃ' દેખાવ જબરો પણ પૂંઠે પડે તે બરબાદ થયા વિના રહે નહિ. એમને ચારિત્રની તો પંચાત નહિ. વાત જ એક કે-આ દુનિયામાં સમુદાય કેમ વધે ? એ માટે વંચના કરે, પણ સમુદાય મોટો હોય એથી કલ્યાણ થઇ જાય એમ માનતા નહિ. ઘણા શિષ્યોનો ગુરૂ વહેલો તરે એ માન્યતા નહિ. ઘણા શિષ્યોનો ગુરૂ વહેલો તરે એ માન્યતા શ્રી જૈનશાસનની નથી જ.

**શિષ્ય ઘણા હોય કે એકે પણ ન હોય પણ જે આજ્ઞાની આરાધના કરશે તે તરશે :**

પોતાનો સમુદાય ગમે તેમ કરીને પણ વધારવાની લાલસા, એ પાપલાલસા છે. શાસ્ત્રકાર પરમર્ષિઓએ ફરમાવ્યું કે-ગીતાર્થ ગુરૂએ યોગ્ય દીક્ષાર્થિને જે દીક્ષા દેવાની છે, તે અનુગ્રહબુદ્ધિથી દેવાની છે. હું ઘણા શિષ્યોનો ગુરૂ કહેવાઉં, મોટા સમુદાયનો માલિક હું ગણાઉં, આવી ઈચ્છાને વશ થવું એ પણ પાપ છે અને એવી ઈચ્છાથી સમુદાય વધે તો પણ કલ્યાણ સધાતું નથી. સમુદાય મોટો હોય કે નાનો હોય, પોતાને એક પણ શિષ્ય ન હોય કે ઘણા શિષ્યો હોય, એથી કાંઈ આત્માનું કલ્યાણ થઈ જાય છે એમ માનતા નહિ. શિષ્યોથી તરી જવાય છે એમ નથી. શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની જે આરાધના કરે તે તરે. આજે સમુદાય વધારવાની લાલસાના નામે કહેવાતા સુધારકો કેટલીય ભ્રમણાઓ ફેલાવી ચૂક્યા છે, પણ કોઈ સુસાધુ સમુદાય વધારવા માત્રથી જ પોતાનું કલ્યાણ સધાય છે એમ માને જ નહિ.

(જિ. વ. ૬/અં. ૯)

** જે ગચ્છમાં સારણા આદિ ન હોય તે સુગચ્છ નથી પણ કુગચ્છ છે*

** ઘણા શિષ્યોનો ગુરૂ વહેલો તરે એ માન્યતા શ્રી જૈનશાસનની નથી જ.*



## ✤ સિદ્ધ ✤

**૩૯૬. સભા : સ્વલિંગે એક સમયે કેટલા સિદ્ધ થાય?**

**પૂજ્યશ્રી** : એકસો આઠ. અન્યલિંગે સિદ્ધ થાય એમાં અન્યલિંગની-મહત્તા નથી અને ગૃહીલિંગે સિદ્ધ થાય એમાં ગૃહીલિંગની મહત્તા નથી પણ સ્વલિંગે સિદ્ધ થાય એમાં સ્વલિંગની મહત્તા છે. ગૃહીલિંગ કે અન્યલિંગમાં રહેલાને કેવળજ્ઞાન થાય, પણ આયુષ્ય બાકી હોય તો તે સ્વલિંગમાં જ આવી જાય. મહત્તા સ્વલિંગની છે. ગૃહીલિંગ કે અન્યલિંગ સાધક નથી અને કારણ પણ નથી : ત્યાં રહ્યા કોઇ સાધી જાય એ વાત જુદી છે. સ્વલિંગમાં સિદ્ધ થાય ત્યાં સ્વલિંગ એ કારણ છે. ચંડકોશિયો સર્પ ભગવાનને કરડીને જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, માટે જાતિસ્મરણનું કારણ ભગવાનને કરડવું એ છે ? એ તો અકસ્માત્ થયું. જેમને કરડ્યો એમનામાં કૌવત હતું ને રુધિર લાલને બદલે

ઘોળું નીકળ્યું, માટે એ જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. એ ન હોત તો ન પામત. કારણને કારણ માનવાં : કારણ ન હોય તેને કારણ તરીકે ન આલેખવાં : શાસ્ત્રમાં ગૃહીલિંગ તથા અન્યલિંગને મોક્ષનાં કારણ નથી કહ્યાં. વસ્તુસ્વરૂપને જેટલા પ્રમાણમાં સમજવું જોઈએ, તેટલા પ્રમાણમાં સમજવાની જરૂર છે. ન સમજાય તો આખી વસ્તુ મારી જાય.

**૩૯૭. સભા : વસ્તુ પ્રાપ્ત થયા પછી લિંગનો આગ્રહ શા માટે ?**

**પૂજ્યશ્રી** : ઝવેરી પથ્થરના ઢગલામાંથી પણ હીરો લઈ શકે, પણ જે ઝવેરી ન હોય તેણે તો હીરા માટે ઝવેરીને ઘેર જવું પડે. એની તાકાત નથી કે પથરામાંથી હીરો શોધી લાવે. એ તો હીરાના નામે પથરા લાવે. એ તાકાત તો ઝવેરીની આંખમાં છે. ઝવેરીને ત્યાં એ એકલો ન જાય : દલાલને સાથે લઈ જાય : દલાલને કહેશે કે 'દલાલી ખાજે પણ માલ સારો અને ચોકખો અપાવ.' એક આદમી હીરાની કિંમત પાંચ હજાર આંકે અને બીજો પચીસ હજાર આંકે : હાનિ કે લાભ નાનોસૂનો નહિ. એક નંગમાં શ્રીમાન પણ બની જાય અને પરીક્ષામાં ભૂલે તો પાઘડી પણ ફરી જાય. ઈલાયચી કુમાર નટડી પર મોહી વાંસડે ચડી કેવળજ્ઞાન પામ્યા. તમારે નાટકડી ઉપર મોહ પામી વાંસડે ચડવું? કેવળજ્ઞાન નહિ પણ કવળજ્ઞાન પણ નહિ રહે : હાડકાંયે ભાંગી જશે. કોઈ પૂછે કે એ નટી ઉપર મોહ્યા અને નાચતાં નાચતાં કેવળ થયું, પણ હું કહું છું કે તેમની પૂર્વની આરાધના તો જુઓ ! ભરત મહારાજા આરીસાભવનમાં કેવળજ્ઞાન પામ્યા એ વાત કરે, પણ તે પુણ્યપુરુષની પૂર્વની આરાધના અને આ ભવના

ધર્મપ્રેમને તથા ઉત્તમ વર્તનને યાદ કરવામાં ન આવે એ કેમ ચાલે ? વિપરીત સ્થાને અને વિપરીત કારણે જે કાંઇ કામ થયાં, તે પ્રાયઃ પૂર્વની આરાધનાના યોગે ! માટે જે સાધન હોય તેને જ સાધન તરીકે ઓળખો ! રામાયણમાં આવશે કે યુદ્ધભૂમિમાં ઘણાયે સંયમ પામ્યા : તેથી યુદ્ધભૂમિ એ કંઇ સંયમનું કારણ છે ? કારણ તો હોય તે જ કહેવાય. કારણને અને અકારણને ઓળખો. જેની આજ્ઞા પ્રમાણે ચાલવાથી ભવિષ્યમાં પરતંત્રતા વધતી હોય ત્યાં પરતંત્રતા, પણ જેની આજ્ઞાથી ભવિષ્યમાં સ્વતંત્ર - સદાના સ્વતંત્ર બનાતું હોય, ત્યાં વર્તમાનમાં પરતંત્રતા હોય એ પણ સ્વતંત્રતા જ છે.

(આચારાંગ ભાગ-૧)

**૩૯૮. સભા : અક્રિય સિદ્ધ પરમાત્મા પાવન શી રીતે કરે ?**

**પૂજ્યશ્રી** : ભલે સિદ્ધ થયેલા અરિહંત પરમાત્મા અક્રિય હોય, પણ એમનાં નામ-ગોત્ર વગેરેના સ્મરણથી આત્મા પાવન થાય, માટે ઔપચારિક ભાષામાં એમ કહેવાય કે 'આપ જ આ વાણીને પાવન કરો.' બેશક, આત્માના ગુણો આત્માએ જ પ્રગટ કરવાના છે, કોઈ આપવાનું નથી, પણ જે નિમિત્ત પ્રગટ થાય તે નિમિત્તને આપનાર તરીકે કહેવાય. વળી બીજી પણ વાત સમજવા જેવી છે. જો એવા જ નિશ્ચય ઉપર જઈએ તો તો ભાગ્ય ન હોત તો માતા પાળત પણ શાની ? એ તો પુણ્યોદય માટે પાળે છે, તો પછી માતાનો ઉપકાર જ શો ? ઉપકાર જ ઊડી જાય. ભલે પળાયો પુણ્યયોગે અને જીવ્યો એ આયુષ્યના યોગે, પણ નિમિત્ત કોણ ? નિમિત્ત તરીકે માબાપ કહેવાય. તેમ

અહીં જ્ઞાન પણ આ આગમના યોગે અને એ પણ સદ્‌ગુરુના યોગે ! આગમ પણ પૂજ્ય, સદ્‌ગુરુ પણ પૂજ્ય અને આગમ જેના પર મુકાય તે સાપડી પણ પૂજ્ય, અરે -લખવાનો કોરો કાગળ પણ પૂજ્ય ! એને પગ ન અડાડાય. જ્ઞાનનાં ઉપકરણમાત્ર પૂજ્ય : પાટી, પોથી, સાપડી, ઠવણી, આ બધાની અવગણનાનો પશ્ચાત્તાપ અતિચારમાં આવે છે કે નહિ ? અને આથી જ શાસ્ત્રમાં કહેવાય છે કે 'જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનની અવગણના કરીએ, તે સઘળાનું અપમાન કરીએ, તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય : અને ભક્તિ કરીએ-બહુમાન કરીએ અને નમસ્કારાદિ ક્રિયા કરીએ, તો જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય પણ થાય.'

---

**૩૯૯. સભા : અક્રિયપદના અર્થીને ક્રિયાના આલંબનની જરૂર શી?**

**પૂજ્યશ્રી** : આવો પ્રશ્ન ક્રિયાને ઉડાવનારાઓ કરે છે, પણ તેઓને ખબર નથી કે એકલા જ્ઞાનથી કદી જ મુક્તિ મળી શકતી નથી. અક્રિયપદે પહોંચવા માટે પણ ક્રિયાની જરૂર તો છે જ, કારણ કે અનાદિથી ઊલટી ક્રિયાઓ કરી, આત્મા ઉપર કરેલા બંધનને દૂર કરવા માટે તો ક્રિયાનું આલંબન લેવું જ પડશે. વાત એટલી જ કે અત્યાર સુધી ઊલટી રીતે સક્રિય હતા તે હવે સીધી રીતે સક્રિય બનવું પડશે.' બંધનની ક્રિયા કરી તેટલી ક્રિયા છૂટવા માટે પણ કરવી જ પડશે ને? છૂટવા માટેની ક્રિયા કરી એટલે બંધન ખસવાનાં અને તે ખસશે એટલે ક્રિયા પણ આપોઆપ જ ખસી જશે. આંટા બાંધ્યા છે એટલા ઉલટા ફેરવવા તો પડશે જ ને? જે વસ્તુને બંધનમાં મૂકી, તેને છોડવાની ક્રિયા તો કરવી જ પડશે. આજ સુધી અયોગ્ય આલંબનના યોગે ઊંધી ક્રિયાઓ થતી

હતી, તે હવે યોગ્ય આલંબનના યોગે સીધી ક્રિયા કરીએ, કે જેથી બંધન છૂટી જાય અને મુકિતપદની પ્રાપ્તિ સહેલાઇથી થઇ શકે. આપણે જો આલંબન ન સ્વીકારીએ, તો અનાદિની વિપરીત દશા પલટાતી નથી. અનાદિની ખોટી કુટેવોથી બચવા આ આલંબન છે. પ્રવૃતિ સીધી થાય તો અનાદિની ખોટી કુટેવો છૂટી જાય, ઊંધી પ્રવૃતિ બંધ થાય અને આક્રમણો ખસી જાય એટલે મુક્તિ થાય. યોગ્ય નિમિત્તની અવગણના કરનારા પોતાના આત્માની જ અવગણના કરે છે : નિમિત્તના યોગે તો બધું ચાલે છે. ઊલટાં નિમિત્ત કાયમ રાખવાં અને સીધાં નિમિત્ત ઊભાં ન કરવાં, એ ક્યાંનો ન્યાય ?

(આચારાંગ ભાગ-૨)

પૂર્વભૂમિકા : શ્રીસંઘને બીજી 'ચક્ર'ની ઉપમા :

હવે શ્રીસંઘ સંસારનો ઉચ્છેદક હોવાથી, સૂત્રકાર મહર્ષિ શ્રીસંઘને ચક્રની ઉપમાથી સ્તવે છે. તે રીતની સ્તુતિ કરતાં, પરમ ઉપકારી સૂત્રકાર મહર્ષિ ફરમાવે છે કે :-

***" જે સંઘરૂપ ચક્રને સત્તર પ્રકારના સંયમ રૂપ તુમ્બ છે, બાર પ્રકારના તપ રૂપ આરા છે અને સમ્યક્ત્વરૂપ બાહ્ય પીઠની બાહ્ય ધારા છે, તે શ્રીસંઘરૂપ ચક્રને અમારા નમસ્કાર હો ! જે સંઘરૂપ ચક્રની સમાન કોટિમાં મૂકી શકાય તેવું બીજું કોઈ પણ ચક્ર નથી, તે સંઘરૂપ ચક્રનો સદા જય હો !"**

* संजम-तवतुंबाऽऽरयस्स, नमो सम्मत्तपारियल्लस्स।
अप्पडिचक्कस्स जओ, होउ सया संघचक्कस्स ।।५।।

સૂત્રકાર પરમર્ષિ આ ગાથામાં શ્રીસંઘને ચક્રની ઉપમા આપે છે. ચક્ર તે કહેવાય કે જે અરિષ્ટને છેદે. ચક્રવર્તીનું ચક્ર, જો શત્રુ સીધી રીતે ન માને, તો તેનો છેદ કરવા માટે સ્વયમેવ ચક્રવર્તીના હાથમાં આવીને ઊભું રહે, તેમ આ શ્રીસંઘ રૂપ ચક્ર પણ સંસારરૂપ દુશ્મનને છેદવામાં સહાયક થાય. આત્માની અનંત જ્ઞાનાદિ લક્ષ્મીને લૂંટનાર આ સંસાર છે. એ સંસારનો શ્રીસંઘ ઉચ્છેદ કરે છે, માટે એ શ્રીસંઘને ચક્રની ઉપમા આપી. સંસારરૂપ શત્રુ સાથે શ્રીસંઘરૂપ ચક્રને મેળ ન હોય. સંસારને છેદવો એટલે લોકને મારવા એમ નહિ,પણ આત્માની સાથે લાગેલા કર્મરૂપ શત્રુઓને છેદવા તે ! સંસાર તો અનાદિ અનંત છે. અનંતા આત્માઓ મુક્તિમાં ગયા પણ સંસાર તો છે જ.

---

**૪૦૦. સભા : કેટલાક એમ કહે છે કે–આમ તો સંસાર ખાલી થઈ જાય, તો અનાદિ અનંત શી રીતે?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્ર કહે છે કે -'ભવિષ્યકાલ અનંત છે અને જીવો એનાથી પણ અનંતગુણા છે, માટે 'સંસાર ખાલી થઈ જાય તો?' એવી શંકા કરતા મા!' અભવી થોડા છે તો ભવી પણ એવા ઘણા છે કે જેઓને ધર્મની સામગ્રી પણ મળવાની નથી.

---

**૪૦૧. સભા : કૂવામાં પાણી કોક દિવસ તો ખૂટે ને ?**

**પૂજ્યશ્રી** : પરિમિત જળવાળા કૂવામાં ખૂટે, પણ પાતાળકૂવામાં ન ખૂટે.

જ્યારે જ્યારે શ્રી જિનેશ્વરદેવના શાસનમાં પુછાય, ત્યારે ત્યારે એક જ જવાબ દેવાય કે :-

***"એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધિપદને પામ્યો છે."**

દુનિયાની દૃષ્ટિએ જેમ પાતાળનો તાગ નથી, તેમ નિગોદના જીવોનો પણ અંત નથી. મુક્તિમાં પણ કોણ જાય ? મનુષ્યપણું પામેલો ભવ્ય જીવ મુક્તિમાં જાય; એ સિવાય નહિ. એક આત્મા મુક્તિપદે ત્યારે જાય, કે જ્યારે મનુષ્યગતિ પામે અને પરિપૂર્ણ સંયમ આરાધે. સંસાર વિના મનુષ્યગતિની પ્રાપ્તિ થાય કે નહિ ? હવે કહો કે-એક આત્મા મોક્ષમાં જાય એટલે સંસાર પૂરો થયો કહેવાય ? મનુષ્યજીવન જીવવામાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય-આ બધી વસ્તુઓની જરૂર ખરી કે નહિ ? જો ખરી તો એ સિદ્ધ જ છે કે જેમ ભગવાન શ્રી મહાવીરદેવ મુક્તિપદને પામ્યા ત્યારે છએ કાયના જીવો હતા, તેમ અન્ય પણ મુક્તિએ જશે ત્યારે તે રહેવાના. આથી સ્પષ્ટ જ છે કે સંસાર કદી જ ખાલી થવાનો નથી. જે આત્મા જ્ઞાનીઓની આજ્ઞા મુજબ જીવનને કેળવી વિષય-કષાયોથી અલગ થશે, તે જ મુક્તિ સાધી શકશે. આથી આજ્ઞાથી વંચિત રહી આપણો આત્મા સંસારમાં અટવાઈ ન જાય, તે માટે જ આ બધો પ્રયાસ છે. (સં.સ્વ.દ. ભાગ-૧)

---

* **इक्कस्स निगोयस्स अणंतभागो य सिद्धिगओ ॥६०॥**

શ્રી નવતત્ત્વ પ્રકરણ



## ✣ સિદ્ધગિરિ ✣

૪૦૨. સભા : શ્રી સિદ્ધગિરિજીનાં દર્શન કરે તે લઘુકર્મી ખરા ને ?

પૂજ્યશ્રી : અહીં આવનારા એવા પણ જીવો હોય જે શ્રી સિદ્ધગિરિજીમાં ઘણાં મંદિરો જોઈ વિચારે છે કે આટલાં બધાં મંદિરોનું શું કામ ? તે ભવી જીવ ખરો પણ ભારેકર્મી ભવી જીવ કહેવાય. શ્રી સિદ્ધગિરિજીમાં આવે તેને મોક્ષમાં જવાની અને સાધુપણું લેવાની કે શ્રાવકપણું લેવાની પણ ઈચ્છા ન થાય તો તે સારો કેવી રીતે ?

'અભવ્ય અને દુર્ભવ્ય નજરે ન દેખે' આ વાત સાચી છે પણ નજરે દેખ્યા પછી પણ જેને પૈસા અને મોજ મઝાદિ જ ગમે અને એ જ જોઇએ, તે કેવો ભારેકર્મી કહેવાય ? તમે ભારેકર્મી છો કે લઘુકર્મી છો ?

**૪૦૩. સભા : લઘુકર્મી થયા વિના નવકારનો 'ન' પણ મળતો નથી તેમ શાસ્ત્રે કહ્યું છે તેનું શું ?**

**પૂજ્યશ્રી** : શ્રી નવકારમંત્ર તો અભવ્યજીવોને ય મળે છે, અભવ્યજીવો શ્રી નવકારમંત્ર અનંતીવાર પામે છે છતાં પણ સંસારમાં જ ભટકે કે તે ખબર છે ને ?

**૪૦૪. સભા : ત્યાં જે લઘુકર્મીપણું કહ્યું તેનો અર્થ શો કરવો ?**

**પૂજ્યશ્રી** : ત્યાં જે લઘુકર્મીપણું કહ્યું તે જુદું છે અને જે વાત સમજાવવા માગું છું અને જે લઘુકર્મીપણું કહું છું તે જુદું છે. શ્રી નવકાર મહામંત્રનો 'ન' પણ ત્યારે જ આવડે કે-કર્મોની સ્થિતિ **'નદીઘોલ પાષાણ ન્યાયે'** અલ્પ થઇ ગઇ હોય, હું જ્યારે તમને બધાને પૂછું કે-તમે ભારેકર્મી ભવ્ય છો ? કે લઘુકર્મી ભવ્ય છો ? તેમાં જે લઘુકર્મીપણું કહું છું. તેનો અર્થ એ છે કે-જેને મોક્ષની ઇચ્છા જાગી છે. જેને મોક્ષની ઇચ્છા નહિ તે ધર્મ માટે પણ લાયક નથી તે કોઇ ગુણઠાણે નથી. પહેલે ગુણઠાણે કહેવાતો હોય તો ય તે નામનું જ સમજવું. જ્યાં સુધી મોક્ષનું અર્થિપણું ન જાગે ત્યાં સુધી ગુણઠાણું આવે જ નહિ. પહેલાં

ગુણઠાણાના પણ બે ભેદ છે. ગુણહીન ગુણઠાણું અને ગુણયુક્ત ગુણઠાણું. અભવ્ય આદિ જીવોને ગુણહીન ગુણઠાણું હોય છે. તમે બધા પહેલે ગુણઠાણે છો ? મોક્ષની સાચી ઇચ્છા જાગી છે ?

---

**૪૦૫. સભા : અનંતીવાર સાધુપણું લે તો પણ ગુણઠાણું ન આવે તેવું બને?**

**પૂજ્યશ્રી** : બને. અનંતીવાર સાધુ થાય તો ય મોક્ષની ઇચ્છા ન થાય. ઉપરથી તેવા જીવો સાધુ થઇને વધારે મોટી દુર્ગતિમાં જાય .

દુનિયાદારીની સુખસામગ્રી મેળવવા, મોજમઝાદિ કરવા જે કરવું પડે તે બધું મઝેથી કરે અને પૈસાદિ મળે તો ખૂબ ખૂબ મોજમઝા કરે તે બધા નરક તિર્યંચમાં જાય અને ઘણો કાળ તેમને સંસારમાં ભટકવું પડે. તમારે ક્યાં જવું છે? દુનિયાના સુખમાં મઝા કરતાં કરતાં મરશો તો ક્યાં જશો ?


---

**૪૦૬. સભા : સારો ડોક્ટર ગમે તેવા રોગીને સાજો કરે ને ?**

**પૂજ્યશ્રી** : એ રોગીને હું રોગી છું તેમ લાગે તો.

દેવ-ગુરુ અને ધર્મ અનંતીવાર મળે તો પણ અયોગ્યનું ઠેકાણું ન પડે ! મોટું કારખાનું ખોલી મઝેથી સૂઇ રહે તો પાયમાલ થાય કે બીજું કાંઇ ! નાની પેઢી ખોલે તેને ય જાગતા રહેવું પડે. સદ્‌ગતિ પણ મોજ-મઝાદિ લહેર કરવા ઇચ્છે તો તે સદ્‌ગતિ પણ દુર્ગતિમાં લઇ જનારી છે.

(જિ. વ. ૧૩/અં. ૨૨-૨૩-૨૪)



## ✥ સંવેગ-વૈરાગ્ય ✥

**૪૦૭. સભા : 'અત્યારે વૈરાગ્ય કેમ આવતો નથી ?'**

**પૂજ્યશ્રી** : ભૌતિક સુખોની આસક્તિ વધી માટે. એ આસક્તિ ઘટે તો વૈરાગ્ય આવતાં વાર ન લાગે. આજની ભોગસામગ્રી જેમ ક્ષુદ્ર છે તેમ આજના જીવોની મનોદશા પણ બહુ ક્ષુદ્ર છે. પૂર્વના મહાપુરુષો અઢળક ભોગસામ્રગી વચ્ચે પણ ત્યાગ તરફ ધસતા અને તમે આજે તુચ્છ ભોગસામગ્રી છતાં તેની તરફ ધસી રહ્યા છો અને ત્યાગની વાત સાંભળવી પણ આજે તો કેટલાંકને અકારી લાગે છે. પ્રભુમાર્ગની દેશનામાં ભેદ પડ્યો તેથી પણ વૈરાગ્ય આજે મોંઘો બન્યો છે. ભગવાનના માર્ગની દેશના અખંડ અને એકધારી ચાલે તો આજે પણ વૈરાગ્ય સહેલો છે. (જિ. વ. ૨/અં.૬ )

**૪૦૮. સભા : સંવેગ એટલે શું ?**

**પૂજ્યશ્રી** : સંસારના સુખને દુઃખ માનવું અને કેવળ મોક્ષની જ અભિલાષા રાખવી તે. દુનિયાના દુઃખને દુઃખ તો આખી દુનિયા માને છે. પણ આ તો સુખને દુઃખ માનવાની વાત છે, ઉપાધ્યાયજી મહારાજાએ કહ્યું કે **'સુર નર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવ સુખ એક.'**

સંવેગવંત આત્મા દેવ અને માનવના સુખને પણ દુઃખરૂપ માને અને એક માત્ર મોક્ષસુખની ઈચ્છા રાખે. રોગ, શોક વગેરે દુઃખને તો મિથ્યાદષ્ટિ પણ દુઃખરૂપ માને છે. સમ્યગ્દષ્ટિ આત્માને મિથ્યાદષ્ટિ આત્માનો ભેદ અહીં જ પડે છે કે સમકિતી સંસારના સુખને પણ દુઃખ માને છે. (જિ. વ. ૧૨/અં. ૯)

**૪૦૯. સભા : વૈરાગ્ય; સુખથી ઘણાને થાય કે દુઃખથી ?**

**પૂજ્યશ્રી** : દુઃખથી ઘણાને થાય, સુખથી બહુ થોડાને થાય છે.

**સભા : દષ્ટાંત તો સુખીનાં ઘણાં આવે છે.**

**પૂજ્યશ્રી** : દષ્ટાંત એમનાં જ લેવાય. ઉપદેશક કહી શકે કે આવાઓએ પણ તજ્યું તો તમે કેમ રહ્યા છો ? એક સુખી જીવ સંસારમાંથી નીકળે એની પાછળ બીજા હજારો નીકળે. એમાં ઘણા દુઃખી અને સામાન્ય પણ હોય, પરન્તુ એ બધાનાં નામ ન લખાય.

જ્યાં રાજા વૈરાગ્ય પામે ત્યાં રંક કેમ ન પામે ? પરમ સુખી આત્માઓ જો સંસારમાં દુઃખ જોઈ શકે તો દુઃખે રીબાતા કેમ ન જોઈ શકે ? દુઃખમાં દુઃખ

માનવું સહેલું છે. સુખમાં દુઃખ માનનાર બહુ થોડા. સમ્યક્ત્વ આવ્યા પછી સંસારનું સુખ પણ દુઃખરૂપ ભાસે છે. સંસારના સુખને દુઃખ મનાય એ વર્તમાનને લઈને કે ભવિષ્યના વિચારે ? જો મહાપુરુષોનાં દૃષ્ટાંતો લઈએ તો એમનો વર્તમાન તો અનુકૂળ જ હતો. વાસુદેવ- પ્રતિવાસુદેવ મરીને નરકે ગયા પણ જીંદગી સુધી અનુકૂળતા એમની ઈચ્છા મુજબની હતી, પાંચે ઇંદ્રિયોના વિષયો એમની પાસે નાચતા હતા. એમને એ લેવા જવા ન પડે. એમને તુષ્ટમાન કરવા દેવતા આવે. એમનો વર્તમાન કેવો ? છ ખંડના માલિક ચક્રવર્તીનો વર્તમાન એથી પણ વધે છતાં એમને ય મૂકવાનું મન થાય એ ભવિષ્યને લઈને; નહિ કે વર્તમાનના વિચારે.

આ આત્માઓ 'મરીને ક્યાં સુધી જઈશું ' આ વિચારના યોગે સંવેગ પામે છે. માત્ર વર્તમાન જોનારને સંવેગ ન આવે.

**અશક્તિ કે આસક્તિ ?**

અલમસ્ત શરીરવાળાને એક વખત ખાવાનું છોડવું પડે તો યે ગભરામણ થાય અને સુકલકડી શરીરવાળો અઠ્ઠમ પર અઠ્ઠમ કર્યે જાય, એનું કારણ ? અલમસ્ત શરીરવાળામાં અશક્તિ નથી પણ આસક્તિ છે. તેનું આચરણ આસક્તિ ઉપર છે. અશક્તિ ઉપર હોત તો હજુયે કલ્યાણ થાત. પ્રભુએ શ્રાવક માટે ફરમાવેલ અનુષ્ઠાનો થઈ શકે તેમ નથી એવું કયો શ્રાવક કહે ? પંદર દિવસે એક ઉપવાસ ન થાય ? રોગ આદિને કારણે ન થાય, પણ એવા થોડા.

આજે ધર્મપ્રવૃત્તિના અભાવમાં આસક્તિ એ મુખ્ય કારણ છે. અહીં

આસક્તિને બદલે 'અશક્તિ' શબ્દનો પ્રયોગ કરી બચાવ કરો તે ન ચાલે, અશક્તિવાળા ધર્મના રસિયાની વાતચીત અને રીતભાત જુદી હોય. મારી દૃષ્ટિએ તો આજનો મોટો ભાગ આસક્તિ વાળાઓનો જણાય છે. ખીસા-ખર્ચી માટે રૂપિયો સહેજે ખર્ચી નાખનારા આજે ઘણા છે, નોકરિયાતો પણ ચા પાણીના સાંજ પડચે ચાર આઠ આના ખર્ચી નાખે છે. પણ અહિં ધર્મના કામમાં જરૂર પડે તો 'ના' કહી દે એ અશક્તિ કે આસક્તિ ? શક્તિનો ઉપયોગ બધા કરે તો પરિસ્થિતિ ઘણી બદલાઇ જાય. આમાં કાળનું બહાનું ન કાઢો. કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન **શ્રી હેમચંદ્રસૂરિ મહારાજા** તો ફરમાવે છે કે મારે તો આ પાંચમો આરો ચોથા આરા કરતાં પણ સારો છે કે જ્યાં ભગવાનનું શાસન મને મળ્યું છે. જેને ધર્મ નથી મળ્યો એવા જીવો માટે ભલે આ કાળ સારો ન હોય પણ ધર્મ પામેલા જીવને માટે તો આ કાળ ખરાબ નથી. શક્તિને જરા ગોપવવી નહિ એ ભાવના આવે અને શક્તિને અર્ધુ પણ દાન ક્યાં ક્યાં કરવું એ માટે સ્થાનો શોધવા નીકળવું પડે. વર્તમાનમાં ધર્મનાં કાર્યો અટક્યાં દેખાતાં હોય તો તે અશક્તિના કારણે નહિ પણ આસક્તિના કારણે અટક્યાં છે એવું મોટે ભાગે જણાયા વગર રહેતું નથી. (જિ. વ. ૧૨/અં. ૯)

** કેવળ નરકગતિ કે તિર્યંચગતિના દુઃખોનો કંટાળો એ વૈરાગ્ય નહીં. પરંતુ મનુષ્યગતિ અને દેવગતિના સુખોનો પણ કંટાળો અને એકમાત્ર મોક્ષની જ લગન એ જ સાચો **વૈરાગ્ય**.*



## ✣ સ્વામીવાત્સલ્ય ✣

**૪૧૦. સભા : સર્વે ધર્મો તથા સાધાર્મિક ભક્તિ બેમાં વધારે ફળ શેમાં ?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્ર કહે છે કે-'એક પલ્લામાં બધા ધર્મ મૂકો અને બીજા પલ્લામાં સાધર્મીભક્તિ મૂકો, તો સાધર્મી ભક્તિનું પલ્લું નીચે જાય : કારણકે પહેલા પલ્લામાં તો ધર્મ જ અને આ પલ્લામાં તો ધર્મ અને ધર્મી બેય!'

(જિ. વ. ૧/અં. ૧-૨)

**૪૧૧. સભા : નવકારશી અને સ્વામિવાત્સલ્યમાં શું ફરક ?**

**પૂજ્યશ્રી** : શહેરોમાં આ ભેદ પડ્યો છે, ગામડામાં નથી, થોડાને, અમુકને જમાડવા તે સ્વામિવાત્સલ્ય અને તમામને જમાડવા તે **નવકારશી.**

(જિ. વ. ૧/અં. ૨૨)

**૪૧૨. સભા : અદ્ધરથી પાણી પીએ તો ?**

**પૂજ્યશ્રી** : એ પણ દોષ છે. એ વિધિ જૈનદર્શનની નથી. એમાં તો વચ્ચેથી ઊડીને જંતુ મોંમા આવવાનો સંભવ છે અને અદ્ધરથી પીવાથી જંતુઓ દેખાય પણ નહિ. પવાલાથી પાણી પીવાથી ઠેઠ સુધી દેખાય. પાણી પવાલાથી જ પીવાય પણ લોટાથી નહિ. વિધિ બધી સુંદર છે પણ કિંમત વસ્તુની છે. એક સ્વામીવાત્સલ્યથી તો ઢીલો ધર્મી પણ પાક્કો થઈ જાય, અધર્મી પણ સુધરી જાય, ધર્મના વિરોધીને પણ પોતાની વાત ખોટી સમજાય, ધર્મીજનોનો પરિચય થાય, લોકો જમતાં શીખે અને એઠું ન મૂકતા તેમ જ થાળી ધોઈને પીતાં શીખી જાય, શ્રીમાન જાતે ભક્તિ કરવા ઊભો રહે એની છાયા કેટલી સુંદર પડે?

**૪૧૩. સભા : અનુપમાદેવી જાતે ઊભાં રહેતાં હતા ને ?**

**પૂજ્યશ્રી** : બંગાળમાં તો આજે પણ એ વિધિ છે. ત્યાંના શ્રીમાન બાબુઓ મોટા મોટા કંઠા પહેરી પીરસવા આવે અને 'લીજીયે, કૃપા કીજીયે, એમ બોલતા જાય અને પીરસતા જાય. એ જોઈએ જ જમનારા અરધા અરધા થઈ જાય. બાર મહિને પાંચ-દશ સ્વામીવાત્સલ્યો થાય એનો હેતુ એ કે બધા ધર્મીઓ સાથે બેસી જમે, ધર્મીઓનો સહવાસ વધે, ધર્મનો રસ જીવનમાં રેડાય અને જીવનમાં ખામીઓ હોય તે દૂર થાય. બાર મહિનામાં શક્તિવાળાએ એકવાર તો અવશ્યમેવ સાધર્મીભક્તિ કરવી જોઈએ.

** કુટુંબનો સંબંધ કર્મે સર્જેલો છે. જ્યારે સાધર્મિકનો સંબંધ ધર્મે સર્જેલો છે.*

**૪૧૪. સભા : વ્યવસ્થા બરાબર ન થઇ શકે તો બંધ રખાય ?**

**પૂજ્યશ્રી** : સારી ક્રિયા બંધ ન રખાય. ક્રિયા ચાલુ હોય તો તેમાં સુધારો થાય અને ક્રિયા બંધ થાય તો વસ્તુ જ ઊડી જાય. પૂજા કરનારને શરૂઆતથી બધી વિધિ આવડે જ એવું ન બને. અવિધિથી પૂજા કરનારને કરતા કરતા રાગ થાય અને પછી સમજાવીને કહો તે સમજે, માને અને વિધિપૂર્વક કરતો થઇ જાય. શાસ્ત્ર કહે છે કે - વિધિ સ્થાપન કરવાની તાકાત ન હોય તો અવિધિનું ઉન્મૂલન ન કરો. આથી અવિધિ એ દોષ જ નથી એમ નથી. અવિધિની સ્થાપના નથી કરતા પણ માર્ગ જ બંધ ન કરાય; એમાં સુધારો જરૂર કરાય. જે અહીંથી બહાર જઇને એમ બોલે કે - 'મહારાજ તો બધું કહે પણ જેમ ચાલતું હોય એમ ચાલ્યા કરે' તો એ તો વિધિથી બેદરકાર બન્યો, એને તો પાપી કહેવો પડે; પરંતુ જે અવિધિથી કંપે અને સુધારો ઇચ્છે તેને પુણ્યવાન કહું. બાકી ક્રિયાઓ બંધ કરવાની તો વાત જ ન કરશો. બંધ કરાવવાની નોબતો તો વાગી જ રહી છે. પાપક્રિયાઓ રોકાય, પુણ્ય ક્રિયાઓ કોઇ કાળે ન રોકાય. એ તો એવી રીતે થાય કે જેથી જોનારાને પણ કરવાનું મન થાય.

(આચારાંગ ભાગ-૧૦)

**માર્ગ નાશ પામશે તો શું થશે ?**

એ મહાત્મા વળી કહે છે કે જે મહાપુરુષ અવિધિનું ઉન્મૂલન કરી સર્વને વિધિમાં જોડી શકે તે પુણ્યવાનને તો ક્રોડ વંદન પણ વિધિમાર્ગ સ્થાપવાની તાકાત વિનાના આત્માઓ જો અવિધિએ ચાલતાં ક્રિયામાર્ગનો લોપ કરે તો

**તે માર્ગના નાશક છે.** માર્ગ હશે તો સુધારા પણ થશે અને સિદ્ધિ પણ થશે. પરંતુ માર્ગ ગયો તો શું થશે? મંદિર, મૂર્તિ તથા આગમનાં પાનાં છે તો આપણે જૈન રહ્યા છીએ અને આટલું પણ કરીએ છીએ; એ ન હોત તો ? આપણા પૂર્વજો ઉદાર ન બન્યા હોત અને મૂર્તિ મંદિર ન સ્થાપ્યાં હોત તો આપણે શું કરત ? અત્યારે નવી મૂર્તિ ન ભરાવીએ તો જૂની લાવીને પણ પૂજીએ છીએ પણ, તે છે તો ને ? પુર્વપુરુષો ગ્રંથો રચી ગયા તો વાંચીએ છીએ ને ? એ બધું ન હોત તો આપણે પણ ઊંધા માર્ગે જ હોત. (સં. સ્વ. દ. ભાગ-૩)

**ધર્મકાર્યોમાં વસ્ત્રો પણ સારા જોઈએ.**

ધર્મકાર્યોમાં કપડાં પણ સારા પહેરવા જોઈએ, મેલાં ઘેલાં ન અવાય. બાઈઓ રસોડામાં તો મેલાં કપડાં રાખે છે પણ ધર્મ પ્રસંગોમાં તો ત્યાં પણ સારા- સ્વચ્છ કપડાં રાખવાનું વિધાન છે. પુદ્ગલની અસર આહાર ઉપર પણ થાય છે.

**સભા : આજે તો રસોયા અને પીરસનારા એ બધાનાં કપડાં મેલા હોય છે.**

**પૂજ્યશ્રી** : શેઠ આપે તેવાં હોય ને ? મંદિરમાં ગોઠી વગેરેના કપડાં જુઓ ને ? એ લંગોટા વાળે છે. ધર્મ સમજ્યા નથી, ધર્મ હૃદયમાં ઊતર્યો નથી, એના જ આ પરિણામ છે. (આચારાંગ ભાગ-૧૦)

** મજા ખાવામાં નથી પણ ખવડાવવામાં છે.*
*આ જૈને સમજાય તે જ સાચું **સાધર્મિક વાત્સલ્ય** કરી શકે.*



## ❖ સ્ત્રી ❖

૪૧૫. સભા : હે સ્વામિન્ ! સ્ત્રીઓ લોકશાસ્ત્રમાં અને લોકોત્તર શાસનમાં દોષાન્વિત–દોષિત તરીકે પ્રસિદ્ધ છે : કારણ કે લૌકિક શાસ્ત્ર કહે છે કે– 'સ્ત્રીઓમાં મૃષાભાષણ, સાહસ, માયા, મૂર્ખતા, અતિલોભપણું, અશૌચ અને નિર્દયપણું, આટલા દોષો સ્વભાવથી જ ઉત્પન્ન થયેલા હોય છે. : એમાં દૃષ્ટાંત તરીકે 'સુકુમાલિકા, સૂર્યકાંતા કે જેણે પોતાના પતિને ઝેર દીધું, એટલાથી પણ ન ધરાતાં નખ દઈને મારી નાખ્યો તે કપિલા, અભયા કે જેણે શ્રી સુદર્શન જેવા પવિત્ર આત્માને કલંકિત કરી કદર્થના કરી. નુપૂરપંડિતા કે જેણે પોતાના પતિના પિતાને જુઠ્ઠો પાડ્યો અને નાગશ્રી વિગેરે મોજુદ છે.'

**અને તે સ્વયં જાણી લેવાં. આપણા આગમમાં પણ કહ્યું છે કે–'હે ગૌતમ ! અનંતા પાપની રાશિ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે જ સ્ત્રીપણું મળે છે.' ગમે તેવી ગુણવંત સ્ત્રી પણ એનું શરીર એ જ જોખમ, માટે સ્ત્રીપણું એ અનંતી પાપરાશિનું જ પરિણામ છે. આ રીતે સર્વત્ર સ્ત્રીઓની નિંદા જ દેખાય છે, માટે તેઓને વિષે દાન, સન્માન અને વાત્સલ્ય કરવું, –એ કેમ યોગ્ય ગણાય?**

**પૂજ્યશ્રી** : સ્ત્રીઓજ ઘણા દોષોવાળી હોય છે.'આ વાત એકાંત નથી, કારણ કે- 'અખ્ખાઈ રાઠોડ' જેવા મહાક્રૂર આશયવાળા, આત્મા-પરલોક અને પુણ્યપાપાદિકને નહિ માનનારા નાસ્તિક અને દેવ તથા ગુરૂને પણ ઠગનારા ઘણા પુરુષો હોય છે. એવીજ રીતિએ જેમ કેટલીક સ્ત્રીઓ ઘણા દોષોવાળી જણાય છે, તેમ કોઈ કોઈ સ્ત્રી ઘણા ગુણોવાળી પણ હોય છે. શ્રીમતી સુલસા, રેવતી, કલાવતી અને મદનરેખા આદિ સુશ્રાવિકાઓની શ્રી તીર્થ કે તિર્થંકરદેવોએ પણ અનેક રીતિએ પ્રશંસા કરેલી છે. આ કારણથી સ્ત્રીઓમાં જે વૃધ્ધાઓ હોય. તેઓનું માતાની માફક, સમાન વયવાળી હોય તેઓનું ભગિનીઓની માફક, લઘુવયવાળી હોય તેઓનું પુત્રીઓની માફક વાત્સલ્ય કરવું. (જિ. વ. ૧/અં. ૧-૨)

**પુરુષ તથા સ્ત્રી વચ્ચે અંતર :**

શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યું છે કે પુરુષ તથા સ્ત્રી બેય મોક્ષમાર્ગ સાધી શકે છે. પુરુષની પ્રધાનતાનો ભેદ અમુક બાબતમાં રાખ્યો. કેવળજ્ઞાન બેય પામે ત્યાં વાંધો ન કહ્યો. કેમ કે ત્યાં વીતરાગ દશા છે એટલે વેદ એક પણ

નથી. સમકોટિના આત્મા છે. પુરુષ જ મોક્ષ પામે અને સ્ત્રી ન પામે એમ પણ જૈનશાસ્ત્ર કહેતું નથી. અમુક વસ્તુમાં બંનેમાં અધિકાર ભેદ જરૂર છે અને તે જ્ઞાનીએ જોયો છે માટે કહ્યો છે. સમાન પાપની ક્રિયા પુરુષ તથા સ્ત્રી સમાન રીતે કરે તો પણ ત્યાં સ્ત્રી પુરુષને નહિ પહોંચી શકે. કેમ કે પુરુષ એ પાપક્રિયાથી સાતમી નરક સુધી જઈ શકે છે, જ્યારે સ્ત્રી છઠ્ઠી નરક સુધી જ જઈ શકે છે. પાપના પરિણામની એવી તીવ્રતા એનામાં આવતી નથી. છતાં સ્ત્રી કેવળજ્ઞાન પામે, કેમ કે, ત્યાં તો વીતરાગતા પ્રાપ્ત કરવાની છે. મુદ્દો એ છે કે કષાય ખસેડવાનું સ્ત્રી કરી શકે. પણ કષાયના બંધમાં તો સ્ત્રી જરૂર પાછી પડે. છદ્મસ્થપણે વ્યાખ્યાન સ્ત્રી ન વાંચે કેમ કે એના અંગચેષ્ટાદિથી નુકસાન થવા સંભવ છે. પુરુષ હાથ વગેરે હલાવે અને સ્ત્રી હાથ હલાવે તેની અસરમાં અંતર છે. જ્યાં જ્યાં અંતર કહ્યો તે તે પચાવવાની તેનામાં તાકાત નથી.

**સભા** : **'સ્ત્રીપરિષદમાં સાધ્વી વાંચે !'**

**પૂજ્યશ્રી** : પાટે બેસીને નહિ પણ સામાન્ય રીતે સામે બેસીને વાંચે. પુરુષ બજાર વચ્ચે ઓટલે સૂઈ શકે. પણ સ્ત્રી સૂઈ શકે, કારણ કે, એની અંગરચનામાં જ ફરક છે. એ જ રીતે વિચારોમાં, ઈંદ્રિયોમાં, કાર્યવાહીમાં પણ ભેદ છે. પુરુષનો વિષય ગમે તેટલો તીવ્ર તોય શાસ્ત્રે એને તરણાનો ભડકો કહ્યો, એક ઝપાટે ખલાસ; એના વિષયનો વેગ મર્યાદિત છે. સ્ત્રીનો વિષય તીવ્ર છે. ન જાગે ત્યાં સુધી કાંઈ નહિ પણ જાગે ત્યારે એની માત્રા તીવ્ર ઘણા લાંબા સમય સુધી ન શમે; એટલું પુરુષ તથા સ્ત્રી વચ્ચે અંતર છે. સ્ત્રી

મહાસતી પણ બની શકે છે. એવું પણ શાસ્ત્રે કહ્યું, પણ જેનામાં જે ગુણદોષ હોય તે તો બતાવવા જ પડે ને એને છુપાવાય કઈ રીતે ?

**વ્યવહાર બરાબર જાળવ્યો –**

અનંતજ્ઞાનીઓએ પુરુષની પ્રધાનતા બહુ વિચારપૂર્વક કહી છે. અધમ કોટિના પુરુષો અધમ માર્ગે જાય છે એ વાત જુદી. જ્યાં સમાનતા રાખવાની હતી ત્યાં જ્ઞાનીએ રાખી અને અંતર રાખવાનું હતું ત્યાં અંતર કહ્યું, કેમ કે એ વીતરાગ હતા. એવું ન હોત તો કેવળજ્ઞાન માટે પણ યોગ્યતા ન બતાવત. પુરુષને ટક્કર મારે એવું શીલ સ્ત્રી પાળી શકે છે એમ પણ એ શાસ્ત્રકારોએ જ કહ્યું છે. કેવળજ્ઞાન થયા પછી સ્ત્રી દેશના આપે. કેમ કે પછી વિકાર ગયો. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સ્ત્રી દેશના દે, ને પુરુષ સાંભળે તો વિપરીત પરિણામનો ઘણો સંભવ. સાંભળતાં સાંભળતાં પણ એનાં અંગોપાંગ તરફ નજર ખેંચાઈ જાય. જ્ઞાનીએ જે જે વસ્તુ ઉપયોગી હતી તે રાખી અને જ્યાં અંતર હતું ત્યાં તે પ્રમાણે કહ્યું. વ્યવહાર બરાબર જાળવ્યો એ ખૂબી. ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ સ્વામી થયા એ સ્ત્રી તીર્થંકર હતા. એમણે ગણધર સ્થાપ્યા વગેરે બધું કર્યું પણ એમની સાથે સમોસરણમાં સાધ્વીઓ જ, એ મર્યાદા સાચવી.

**સમાન હક્કની વાતોમાં તો માર્યા જવાશે :**

પુરુષની પ્રધાનતા અનંતજ્ઞાનીઓએ જ્ઞાનથી જોઈને કહી છે. બધી વાતમાં યુક્તિ ન મળે. જો કે હઠવાદ ન હોય તો તો બધું મનાય તેમ છે. સમાન હક્કની વાતોમાં પડ્યા તો માર્યા જવાશે. આ વિષયમાં વધારે બોલવું યોગ્ય

નથી. સ્ત્રી પુરુષની અંગરચનામાં જ ફેર કેમ છે, એ કહો ! મિસિસ ફલાણા લખાય છે. પણ મિસ્ટર ફલાણી લખાયું ? મિસિસની ઓળખ તો પુરુષોના નામથી થઈને ? ત્યાં પુરુષની પ્રધાનતા થઈને ? ત્યાં પ્રધાનતા માનવી જ પડી. જાય કયાં ? ન માને તો આબરૂ જાય. અનાદિસિદ્ધ સિદ્ધાંતોને કમને પણ પાળવા પડે છે.

**નારી રાજાના મંત્રીઓ તો પુરુષો જ :**

છોકરાને પ્રેમ મા પર વધારે, મા એને વધારે સાચવે, ભીનામાંથી સૂકામાં મા સુવાડે. આમ છતાં શાળામાં કે પેઢી પર પોતાની સાથે બાપુનું નામ લખાવે છે, માનું નહિ; એનું કારણ ? કોઈ કોઈ સ્ત્રી રાજા બની. પરંતુ કોઈ પણ દેશમાં કોઈ પણ કાળે જુઓ તો તંત્ર પુરુષના જ હાથમાં. નારી રાજાના મંત્રીઓ તો પુરુષો જ. પતિના મર્યા પછી મહિનાઓ સુધી ખૂણે સ્ત્રીને બેસી રહેવું પડે, પુરુષને નહિ.

---

**૪૧૬. સભા** : 'વિલાયતમાં ખૂણો નથી.'

**પૂજ્યશ્રી** : ખૂણો નહિ હોય તો બીજું કાંઈ હશે ? જે હોય તે. ખૂણાના ભાવને સમજો. હા ! એથી સ્ત્રી જાતિના હક્ક છીનવી ન લેવાય, એને ઉત્તમ ક્રિયામાં અંતરાય ન કરાય, એ મોક્ષની અધિકારિણી નથી, એમ ન કહેવાય. ધર્મની રક્ષા ઘણી વખત પુરુષો કરતાં સ્ત્રીઓએ વધારે કર્યાના દષ્ટાંત છે. શ્રાવક કરતાં શ્રાવિકાની અને સાધુ કરતાં સાધ્વીની સંખ્યા લગભગ દરેક કાળે

વધારે હોય છે, ધર્મ એનાથી વધારે શોભે છે, એ બધી વાત ખરી તો પણ સાચી વસ્તુને આ શાસ્ત્ર છુપાવે નહિ. પુરુષની પ્રધાનતાને હૃદયપૂર્વક વિચારીએ તો જરૂર વ્યાજબી લાગે તેમ છે. પણ યુક્તિ નહિ મળે. જો તોયે આજના સુધારકોની સામે પાંચ-પચાસ યુક્તિઓ ધરી શકીએ તેમ છીએ. હઠ કરે અને ન માને તેનો ઉપાય નથી. (સં.સ્વ.દ.ભાગ-૩)

**૪૧૭. સભા : ભગવાન મહાવીરે સ્ત્રીને સ્વાતંત્ર્ય આપ્યું છે ? મોક્ષનો અધિકાર આપ્યો છે ?**

**પૂજ્યશ્રી** : ભગવાન શ્રી મહાવીરે કોઇ નવું સ્વાતંત્ર્ય આપ્યું નથી. અનાદિ કાળથી સારી રીતે વર્તનાર- સ્ત્રીને મોક્ષનો અધિકાર છે જ. ભગવાન શ્રી મહાવીરના નામે 'તેમણે સ્ત્રીને સ્વાતંત્ર્ય આપ્યું, મોક્ષનો અધિકાર આપ્યો,' એવી ખોટી વાતો લખનારા અને બોલનારા તો આજના મૂર્ખાઓ છે કે જેમને ભગવાનના જીવનની જ ઓળખ નથી. આ અવસર્પિણીમાં ભગવાન શ્રી ઋષભદેવથી અને ખરેખર તો, અનાદિકાળથી યોગ્ય સ્ત્રીઓ મુક્તિએ જાય જ છે. ચતુર્વિધ સંઘમાં સાધ્વી અને શ્રાવિકા તરીકે સ્થાન પામેલ જ છે. ભગવાન શ્રી મહાવીરે આ નવી ક્રાંતિ કરી છે. એવું કહેવું તે તો પોતાની જૈન શાસન વિષે અજ્ઞાનતા સૂચવવા બરાબર છે. બાકી સંસારના બંધનમાંથી સ્ત્રીને છૂટી કરી છે તે સંયમ પાળવા માટે, ગમે ત્યાં ભટકવા માટે નહિ. પુરૂષો કરતાં સ્ત્રીઓની મર્યાદા ઘણી છે. સ્ત્રી ઘરની બારીએ ઉભી-ઉભી નગરચર્ચા ન જૂએ. સાધુ પણ બારીએ ઉભા ઉભા નગરચર્યા જૂએ તો તેનાં સાધુપણામાં

શંકા પેદા થાય. આર્યદેશમાં બ્રહ્મચર્યનો મહિમા ઘણો હતો. પતિ-પત્ની વચ્ચેના વ્યવહારો જૂદા જ હતા. 'એલા ને ઓલી' થી બોલાવવાનો રીવાજ ન હતો. 'દેવ' અને 'દેવી'થી સંબોધન થતાં હતાં.....

**૪૧૮. સભા : 'દેવ–દેવી જેવા રહ્યા હોય તો ને ?'**

**પૂજ્યશ્રી** : તો શું તમે દેવ-દેવી મટી પિશાચ જેવા બન્યા છો ? આર્યદેશમાં તો પતિ-પત્નીના આવાસ જુદા રહેતા. કામ વિના એકબીજાના આવાસમાં જતા ન્હોતા. આ બધી વાતો જાહેરમાં વધુ સ્પષ્ટ કરાય નહિ. શાનમાં સમજવા જેવી છે સમજો તેમાં કલ્યાણ છે. બાકી મોહ બહુ ભૂંડો છે. અને આખા જગતને ભૂંડું બનાવનાર છે. (જિ. વ. ૩/અં. ૩)

**૪૧૯. સભા : ' વેશ્યા કોઈની માલિકીની સ્ત્રી નથી તો એની સાથે વિષયભોગનો નિષેધ કેમ ?'**

**પૂજ્યશ્રી** : વેશ્યા કોઈની માલિકીની નથી તેથી એ પરસ્ત્રી ન કહેવાય. એથી જ શાસ્ત્રકારે એને પરસ્ત્રીગમનથી જુદું વ્યસન લખ્યું. વેશ્યાના સહવાસમાં આવનારના આલોક અને પરલોક બેય બગડે છે. એનામાં વિષયની માત્રા વધારે છે. બહારથી સુંદર દેખાતી એ નિર્લજ્જતા અને નિર્દયતાની સાક્ષાત્ પ્રતિમા છે. એ એકની નથી, અનેકની છે;માટે કવિઓએ *એને કૂતરાની ચાટની ઉપમા આપી છે. પારકા ઘરમાં જનારો પકડાય પણ* એના ઘરમાં જનારને કોઈ પકડે નહિ, માટે શાસ્ત્રકારે એ વ્યસન જુદું પાડ્યું.

સ્ત્રીને તો મારાપણું રહે છે પણ વેશ્યાને જરા પણ મારાપણું હોતું નથી. એ કેવળ સ્વાર્થને જ સાધનારી છે. વેશ્યાને ત્યાં જનારને પોતાનું સર્વસ્વ હોમવું પડે છે. પૈસા, આબરૂ, આરોગ્ય અને આનંદ એ બધાથી લૂંટાય છે અને આપત્તિના ઢગલા વહોરવા પડે છે. વેશ્યાને ત્યાં જનારો દિવસે દિવસે અધમ બનતો જાય છે અને અંતે સર્વનાશના પંથે પડે છે. દુનિયામાં પણ એની કશી કિંમત રહેતી નથી.

વિધવાવિવાહના નિષેધમાં પણ ઘણું રહસ્ય છે. સ્ત્રીને પોતાના પતિમાં જે સર્વસ્વપણાનો ભાવ છે, એ ગયા પછી બધી મર્યાદા તૂટે. એ કહી દે કે -'તારે એક મારે અનેક.' શાસ્ત્રમાં પુરુષની પ્રધાનતા સકારણ છે. સ્ત્રી જેટલી ભયંકર બને છે એટલો પુરુષ કદાચ નથી બની શકતો. દુકાન માંડી બજાર વચ્ચે સ્ત્રીઓ બેઠી, પુરુષો નહિ. વિધવાને જ્યાં છૂટ થઈ પછી એ શું ન કરે ? સ્ત્રીનો વિષય બકરીની લીંડીના અગ્નિ જેવો કહ્યો છે, એ ઝટ નથી શમતો. પુરુષનો વિષય તરણાના અગ્નિ જેવો કહ્યો છે. એ જલદી શમે છે. નપુંસકનો વિષય તો નગરના દાહ જેવો ભયંકર છે.

**સભા :** 'આ બધું શાથી જણાય ?'

**પૂજ્યશ્રી :** કેવળજ્ઞાનીએ કેવળજ્ઞાનના બળે આ જોયેલ છે. આપણે આગમના આધારે આ વાત કરીએ છીએ, જ્યારે લોકોમાં એ અનુભવની વાત છે. શબ્દોમાં સમજાવાય એવી આ વાત નથી. 'ઊંહું' કરી ન જ સ્વીકારે તેને સમજાવવાનો કોઈ ઉપાય નથી. આ વાતમાં પણ અપવાદ જરૂર હોય. રાવણ અને સીતાજીની વાત પ્રસિદ્ધ છે સતીઓમાં વિષયની માત્રા ઓછી હોય અને

વિષયાધીન પુરુષમાં વધારે હોય એ બને, પણ બહુલતયા આ વાત છે. સ્ત્રીની પાંચે ઈંદ્રિયો તેજ છે. પાંચે ઈંદ્રિયોના વિષયો એને બહુ ગમે છે. સ્ત્રી માગવાને ટેવાયેલી છે, પુરુષને માટે એ વાત કઠિન છે. વિષયની ગુલામી પુરુષ ખાનગી ગમે તેટલી સ્વીકારે પણ સ્ત્રી જાહેરમાં સ્વીકારે છે. બજાર વચ્ચે દુકાન માંડનાર સ્ત્રીઓ છે.

**૪૨૦. સભા : 'કહે છે કે, શાસ્ત્રોના પ્રણેતા પુરુષો હતા માટે પુરુષની પ્રધાનતા બતાવી છે.'**

**પૂજ્યશ્રી** : એ વાત પણ સાચી નથી. પુરુષવચન પ્રમાણ નથી કહ્યું પણ આપ્તવચન પ્રમાણ કહ્યું છે. સર્વજ્ઞ થયેલાનું વચન પ્રમાણ છે, જે સર્વજ્ઞ હોય છે તેને પુરુષવેદ કે સ્ત્રીવેદ બેમાંથી એક પણ વેદનો ઉદય નથી હોતો. એ અવેદી હોય છે. માટે એમનું વચન પ્રમાણભૂત છે. વિષયાધીન પુરુષોનું વચન પ્રમાણ નથી. આ બધી અનુભવસિદ્ધ વાતો અનુભવી હોય તે જાણે. બીજા તો એક બાજુ બેઠાબેઠા વા ખાયા કરે. પંડિત શ્રી વીરવિજયજી મહારાજાએ કહ્યું કે-

**'વેધકતા વેધક લહે બીજા બેઠા વા ખાય.'**

અહીં પણ એ જ વાત છે. જેને સમજવું હોય તે સમજે બાકી જેને હવા ખાવી હોય તે ભલે ખાય.

વેશ્યાને ત્યાં જનારનો પરલોક જ બગડે છે એમ નથી, આ લોકમાં એની બૂરી હાલત થાય છે. મારાપણાની લાગણી ન હોવાથી સામાની પાયમાલીમાં વેશ્યાને સહેજ પણ અસર થતી નથી. વેશ્યાનો સહવાસ મહાભયંકર છે. એ

સહવાસમાં ગયેલો એવો તો ગબડે છે કે છેક તળિયે જઈને પટકાય છે. એક પછી એક દુર્ગુણો એનામાં દાખલ થવા માંડે છે, અનેક આપત્તિઓનો એ ભોગ થાય છે, અનેક રોગોમાં એ પટકાય છે અને અંતે પાયમાલ થઈ, બેઆબરૂ બની દુર્ગતિનો મહેમાન બને છે. (સં.સ્વ. દ. ભાગ-૩)

**સુધારાના નામે પાપપ્રચાર ન કરો !**

જો એમ કહે કે, 'મંદિર તથા મૂર્તિને માનું છું, એ તરવાનું સ્થાન છે, પણ એમાં આટલી આટલી ખામી છે' તો એને ડાહ્યો કહીએ, એનું સાંભળીએ; જરૂર સાંભળીએ, પણ મૂર્તિ વગેરે જોતાંની સાથે જ આંખો કાંઢીને કહે કે, 'આ શું ખડક્યું છે ?' તો એને કહેવું પડે કે, 'બહાર જા ! તારા જેવાની સાથે વાત કરવા માંગતા નથી.' જે ભગવાનની મૂર્તિને ખડકલો કહે, તે શું ઉકાળશે ?

એ વાત ખરી છે કે, કેટલીક ક્રિયા અવિધિથી થાય છે, પણ તેટલા માટે એ વસ્તુ કંઈ ખોટી કહેવાય ? શ્રી ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે, *"અવિધિથી કરાતી ક્રિયા કરનારને પણ વિધિની ભાવના હોય તો એવી ક્રિયા પણ - એ

* " **प्रथमाभ्यासे तथाविधज्ञानाभावादन्यदापि वा प्रज्ञापनीयस्याविधिदोषो निरनुबन्ध इति तस्य तादृशानुष्ठानमपि न दोषाय, विधिबहुमानाद् गुर्वाज्ञायोगाच्च तस्य फलतो विधिरुपत्वादिति ।। ये तु गीतार्थाज्ञानिरपेक्षा विध्यभिमानिन इदानीन्तनव्यवहारमु-त्सृजन्ति अन्यं च विशुद्धं व्यवहारं सम्पादयितुं न शक्नुवन्ति ते बीजमात्रमप्युच्छि-न्दन्तो महादोषभाजो भवन्ति ।।**

**- योगविंशिका, गाथा-१६-टीका ।।**

ભક્તિ પણ મોક્ષની દૂત છે. જો વિધિને સ્થાપવાની શક્તિ ન હોય તો અવિધિવાળી ક્રિયા બંધ કરાવી શકાય નહિ. અવિધિનું ખંડન કરવું એ જુદી વાત છે અને એ ક્રિયા બંધ કરાવવી એ જુદી વાત છે. ખામીવાળી પણ સારી ક્રિયા ચાલુ રખાય, બંધ ન કરાય !'' ભાંગેલો તૂટેલો વેપાર પણ ચાલુ રખાય, બંધ ન કરાય ! વ્યવહારમાં પણ જે વેપારમાં લાખોની આવક હતી, તેમાં હવે સેંકડોની આવક છે, છતાં ચાલુ રખાય છે અને કહેવાય છે કે, સામાની એ ફરજ છે કે, લાખોની આવકવાળો વેપાર થવાના રસ્તા બતાવે, પણ એ ન બતાવી શકે તો વેપાર ચાલુ રખાવે. પણ બંધ ન કરાવે ! કેમ કે, સેંકડો પણ ન મળે તો પેટનો ખાડો કેમ પુરાય ? એ જ રીતે સુધારો કરનારને, ખામી કાઢનારને કહો કે,'શ્રી જિનેશ્વરદેવે કહેલી વસ્તુ વ્યાજબી છે, એ કબૂલ કર, કલ્યાણકર માન, પછી ખામી બતાવવા ઊભો રહે, તો સાંભળીએ અને એને સુધારવામાં સામેલ પણ થઈએ.'

ઘણા કહે છે કે, 'તમે વિધવાવિવાહના પ્રશ્નમાં આડા કેમ આવો છો ?' હું એમને પૂછું કે, તમારે દોષ ઘટાડવા છે કે બીજું કાંઈ કરવું છે ? ઉત્તમ કુળની વિધવામાં રૂઢ મર્યાદા છે કે, અશુભના યોગથી વૈધવ્ય આવે છે અને વૈધવ્ય આવ્યા પછી પુનઃ પાણિગ્રહણ થાય નહિ; આ મર્યાદા રૂઢ છે, એને તોડાવવામાં લાભ શો છે ? દોષો ઘટાડવામાં સામેલ છું. દોષો આવવાનાં તમામ કારણો વિધવા પાસેથી છીનવી લેવાં, ઉત્તમ કુળમાં જન્મેલી બાઈ વિધવા થઈ, કે એને ઉત્તમ સંસર્ગમાં રહેવાની તમામ યોજના કરી આપવાના, ઉત્તમ સંસર્ગમાં રહેવાના, ઉત્તમ શિક્ષણ આપવાના પ્રબંધો યોજવાના રસ્તા લો ને ! જે ઉત્તમ બાઈઓની ઈચ્છા નથી, તેને બલાત્કારે વિધવાવિવાહ કરાવવા

પાછળ પડવું; એનું નામ સુધારો છે ?' આ તો એવા છે કે, ન પૂછો વાત.

એક આદમી કહે કે, 'મારે આનું ખૂન કરવું છે, પણ મારી પાસે ચપ્પુ નથી.' એટલે 'લે આ ચપ્પુ, માર અને નથી માર્યું એવી સાક્ષી હું આપીશ !' એમ કહેવું ? આ લોકો એવું કહેનારા છે. ડાહ્યો માણસ તો એનું ચપ્પુ પડાવી લે અને ખૂનના પાપથી બચાવે. હું એવાઓને કહું છું કે, દોષ કાઢવા હોય તો હું તમારી ભેગો છું એ લોકો કહે છે કે, 'પુરુષ કેમ બે વાર પરણે છે ?' આ બધી વાત મારે એમની સાથે થયેલી પણ છે અને આવા સવાલ-જવાબ થયેલા છે. 'પુરુષે બીજીવાર ન પરણવું ! એટલે એ કહે છે કે, 'એ તો ન બને !' પોતાને પોતાનું પાપ ચાલુ રાખવું છે અને જેને પાપ નથી કરવું, તેને પાપમાર્ગે ઢસડવા છે, એ ક્યાંનો ન્યાય ? સુધારાની સાથે અમારો અણબનાવ નથી અને કોઈનો પણ ન હોય, પરંતુ સુધારાના નામે પાપપ્રચારની સામે તો અમારો સનાતન વાંધો છે અને રહેવાનો જ !

**શ્રી જૈનશાસનની દૃષ્ટિએ પરોપકાર !**

**૪૨૧. સભા : વિધવાવિવાહને એ લોકો પરોપકાર કહે છે.**

**પૂજ્યશ્રી** : ભલે કહે, મોટામાં મોટો પરોપકાર કહે તો પણ ના કોણ પાડે છે? પરોપકારનો અર્થ શો છે ? શ્રી જૈનશાસન પરોપકાર કોને કહે ? કોઈને મોક્ષના માર્ગે લઈ જવો તે પરોપકાર છે, પણ હૈયા વગરનાઓને આ ન સૂઝે ! એ તો વાત વાતમાં કહે છે કે, 'આટલાં મંદિર શાં ! આટલી મૂર્તિ શી !' હું પૂછું છું કે, 'આટલા માળા, બંગલા અને બગીચા શા?' મંદિર તથા તીર્થો એમની

આંખોમાં ખૂંચે છે, પણ માથેરાન નથી ખૂંચતું ! આઠ-આઠ મહિના બંગલા ખાલી રહે છે, ત્યાં પણ હજી બંગલા બંધાવે છે. પુજામાં કહે છે કે, 'ચંદન હોય પછી કેસર શા માટે જોઈએ ?' એમને પોતાને બધું જોઈએ. મોજાં પર પોલિશ કરેલાં બૂટ, ગંજીફ્રોક, પહેરણ, ખમીસ, જાકીટ, કોટ, ઓવરકોટ ઝભ્ભા, નેકટાઈ, કોલર, હેટ, બધું જોઈએ ને! એવાને કહી દેવું જોઈએ કે, 'તારા જેવા ભિખારીને કેસર ન મળે તો ચાલ્યો જા, પણ જેને મળે છે અને એનાથી ભગવાનની ભક્તિ કરે છે; તેને તો કરવા દે !'

હવે તેને સુધારક કહી સ્થાન ન આપો ! 'તમને ઓળખી લીધા' એમ કહી ધો ! 'અભણ દુનિયાનું સત્યાનાશ વાળવા તમે પેદા થયા છો !' એમ એમને સંભળાવી ધો ! અરે એવો આદમી બોલવા ઊભો થયેલો હોય, પણ ઊંધું બોલતો હોય તો બેસાડી દેવો જોઈએ.

---

૪૨૨. સભા : વિચાર ન સાંભળવા ?

પૂજ્યશ્રી : કચરો ભેગો કરીને વાળવાનું કામ ન કરવું જોઈએ ! સાવરણીનો ઉપયોગ કરવા માટે બહારની ધૂળ લાવીને ઘરમાં શુ કામ નાખવી? હવે એવાઓનાં ભાષણોને, વાતોને, લેખોને મહત્ત્વ ન આપો ! જેનામાં જવાબ દેવાની તાકાત હોય, તે જ એવાને સાંભળે, વગર તાકાતવાળા માટે મનાઈ છે.

તેઓ કહે છે કે, 'અમે વિધવા-વિવાહની પડખે છીએ.' હું પૂછું કે, તમને પડખે ઊભા રાખ્યા કોણે ? અરજી કોની આવી ? વગર ઊભા રાખ્યે શું કામ ઊભા રહ્યા ?' જૈનસમાજની વિધવાઓની રૂઢ મર્યાદા છે કે, વૈધવ્ય, પાપના

યોગે આવે છે. પહેલાં ત્યાગના રાગી ન થયા, વિષય-કષાયમાં રાચ્યામાચ્યા, એનું તો આ પરિણામ છે. એક દૃષ્ટિએ પતિનો વિયોગ એ અશુભોદય છે, પરંતુ જેનું અંતર જૈનત્વની ભાવનાથી વાસિત થયું હોય, એવાને તો એક જ દૃષ્ટિએ એમ પણ લાગે કે, ધર્મ કરવાની અનુકૂળતા મળી ! હવે ધર્મસાધનાની અનુકૂળતા છે, તો ધર્મ સાધવો !' આ મર્યાદાનો આપણે શા માટે નાશ કરવો ?

હું એવાઓને કહું છું કે, તમારે ઘેર કોઈની અરજી આવી હોય અને તમને તમારા જેવી કોઈ મળી હોય તો બતાવો તો ખરા ! અને એની સાથે તમે તમારું કેમ ફોડી નથી લેતા ? એવાની સાથે એવા થાઓ, તો કોણ ના પાડે છે ? બીજાની લજ્જાનું-મર્યાદાનું લિલામ કરવાનો, બીજાની શાશ્વત મિલકતનું લિલામ કરવાનો તમને શો અધિકાર છે ? રાજ્ય પણ વેપારીના માલનું લિલામ, અરજી મળ્યા વિના કે તેવા કોઈ કારણ વિના કરતું નથી. ખબર નથી કે, "**लज्जा गुणौघजननी**" ?-'લજ્જા એ ગુણસમૂહની માતા છે.'

લજ્જાથી તો સેંકડો પાપથી બચાય છે, સેંકડો આત્માઓ પાપથી બચે છે. બાંધીને હોડીમાં નખાય તો એ કિનારે પહોંચે કે નહિ ? લજ્જાથી શીલ પાળે, એમાં હાનિ શી છે ? ઈચ્છા વિના સ્ટીમરમાં બેસાડાય, તો વિલાયત જવાય કે નહિ ?

---

**આર્ત્તધ્યાન વધે કે રૌદ્ર ?**

**૪૨૩. સભા : કહે છે કે, આર્ત્તધ્યાન થાય છે.**

**પૂજ્યશ્રી** : એવું કહેનારને પહેલું એ તો પૂછો કે, 'આર્ત્તધ્યાન' એ શબ્દ

લાવ્યો ક્યાંથી ? એ કહેશે કે, 'જૈનદર્શનમાંથી !' પછી પૂછો કે, 'આર્ત્તધ્યાનના ભેદ કેટલા ?' તરત કહેશે કે, 'એ તો જાણતો નથી !' કહી દેશું કે, 'જે ચીજ પૂરી જાણતો નથી, એનો તને ઉપદેશ દેવાનો અધિકાર નથી.' એક ચીજ નથી તે મેળવવા ઈચ્છવું, મેળવવાની ક્રિયા કરવી, મેળવવી અને ભોગવવી, એ બધું એકતાનતારૂપ બને તો આર્ત્તધ્યાન છે; વિષયકષાય ભોગવવામાં પણ એકતાનતારૂપ બને તો તે રૌદ્રધ્યાન છે. આઠ આના કમાય ત્યારે ઘાસની ઝૂંપડી ચાલે, પણ બે રૂપિયા કમાય એટલે ઓરડી જોઈએ, વધુ કમાય એટલે બંગલો જોઈએ, એ બધી વાતોમાં માલ નથી. જવા ધો એ વાતને!

શ્રી જૈનશાસનની દષ્ટિએ સુધારા જુદા છે. આજના સુધારકો સુધારા કરતા નથી, પણ સુધારાના નામે કુધારા કરે છે, માટે એમની સામે આટલું બોલી રહ્યા છીએ. એ લોકો કુધારા કરે છે, તે સાબિત કરવા તૈયાર છું. સંઘમાં પહેલી સ્થાપના સાધુની છે.

---

**૪૨૪. સભા : આપની ભૂલ ન થાય ?**

**પૂજ્યશ્રી** : થાય ! માટે તો પાનાં જોઉં છું, વારંવાર જોઉં છું, છદ્મસ્થ ભૂલે, પણ ભૂલ દેખાય તો કબૂલે; 'હું ન જ ભૂલું' એમ છદ્મસ્થ કહે તો પાપી ! છદ્મસ્થ છીએ માટે સર્વજ્ઞને જ શરણે છીએ. પૂર્વાચાર્યોની શક્તિ અમારાથી વધારે હતી, એમનું જ્ઞાન પ્રભાવવંતું હતું, એમ અમે માનીએ છીએ. અમારી ભૂલ માનવા તૈયાર છીએ, પણ તારક આચાર્યોની ભૂલ કાઢવા અમે તૈયાર નથી.

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જેવાને પણ એક ઠેકાણે પોતાની મતિમાં વિચારભેદ પડ્યો અને એમાં ગુરુની સંમતિ મળી, તોય પણ કહે છે કે, 'આ વાતમાં અમારો વિચાર જુદો છે, એમાં ગુરુની સંમતિ પણ છે, છતાં મહા બુદ્ધિમાન ભાષ્યકાર મહર્ષિનો મત જુદો છે, માટે અમે અમારી વાતને મૂકી દઈએ છીએ. કેમ કે, એ પરમ જ્ઞાનવાન ગંભીર આશયવાળા મહર્ષિ ક્યાં અને અલ્પ બુદ્ધિવાળા અમે ક્યાં !' આ સ્થિતિ હતી માટે આ શાસ્ત્રોમાં વિપ્લવ ન થયો. કેટલાક મહાપુરુષોએ પોતાનો વિચારભેદ લખ્યો છે, ત્યાં પણ આગ્રહ નથી કર્યો; કહ્યું છે કે, 'અમને આમ લાગે છે. પણ -**तत्त्वं तु केवलिनो विदन्ति ।** તત્ત્વ કેવળી જાણે !'

જેને પોતાના તારક ઉપર પ્રેમ નથી, જેઓ પોતાના તારકને કલંકિત કરે છે. તેઓ સુધારા શું કરશે ? જે બિચારા આવા ટોળાને આધીન થયા છે, તે પણ જરા જુદું બોલશે એટલે એમને પણ ઉડાવી દેશે એમાંના આ છે. પેલો તો 'મિયાં ન રહ્યા ઈધર કા ઔર ન રહ્યા ઉધર કા' એ દશા છે. એ ટોળાના લોકો તો માબાપને પણ છોડી દે એવા છે. ભગવાન છોડ્યા, આચાર્ય છોડ્યા, આગમ છોડ્યા, અને પોતે લખેલું પણ ભૂલવું પડ્યું, લીંપણ કરવું પડ્યું. આ દશા આવી ! પહેલાં લખેલું તે આ જ આશયથી લખેલું એમ હવે કહેવું પડે છે. એ જ લખે છે કે, 'બાળદીક્ષા અગત્યની છે, વ્યવહારમાં પણ સારા બનાવવા માટે બાલ્યવયમાં જ ભણાવવા મુકાય છે, તો ધર્મના વિશાળ સાહિત્યનું શિક્ષણ આપવા માટે બાલ્યવયથી જ શરૂઆત થવી જોઈએ. બાલ્યવયની દીક્ષા સામો ઘોંઘાટ ખોટો છે.' (સં.સ્વ.દ.ભાગ-૧)

## ✥ હિંસા ✥

**૪૨૫. સભા : બીલાડી ઉંદરને પકડતી હોય તો શું કરવું જોઇએ?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્ર કહે છે કે ઉંદર જીવતો હોય ત્યાં સુધી ઉંદરની મરજી વિના એને પકડવાનો બિલાડીને હક્ક શો છે ? સામાના જીવન ઉપર તરાપ ક્યા હક્કે મારે છે ? સમ્યગ્દષ્ટિ આત્મા ઉંદરને છોડાવે તે બેયના હિતની ભાવનાએ - ઉંદરના પ્રાણ બચે અને બિલાડી પાપથી બચે ! એકને પણ દુઃખી કરવાની એની ભાવના નથી. જે વસ્તુ ઉભયને હિતકર છે, જે સ્વપરની હિતકર છે, તે દેખાવમાં અયોગ્ય હોય તો પણ તે વસ્તુતઃ સારી છે. બચ્ચું અજ્ઞાનથી સર્પ પકડવા જતું હોય અગર અગ્નિમાં હાથ ઘાલવા જતું હોય, તે વખતે મા એવી જોરથી કારમી રાડ પાડે કે બચ્ચું ગભરાઇ જાય, હેબતાઇ જાય, સ્થંભી જાય. આથી માને નિર્દય કહેવાય ? વખતે ભયના માર્યા બચ્ચાના પ્રાણ પણ નીકળી જાય, તો પણ એ મા ઘાતકની કોટિમાં જઇ શકતી નથી. એની એ ઉગ્રતા કષાયના ઘરની નહોતી, પણ પુત્ર પ્રેમના ઘરની હતી.

(આચારાંગ ભાગ-૪)

---

**પૂર્વભૂમિકા : શ્રાવકને હેતુ હિંસા થાય તેવી પ્રવૃત્તિનો નિષેધ કેમ નહિ?**

ત્રણે હિંસા થાય તેવી પ્રવૃત્તિ મુનિ માટે તો મુખ્યપણે ત્યાજ્ય જ છે. જિનાજ્ઞાથી દેવભક્તિ, ગુરુભક્તિ, વિહાર, ઉપદેશદાન આદિ કરવામાં મુનિને ય સ્વરૂપ હિંસા લાગે; પણ એ નામમાત્ર. અસર વિનાની. એની ગણના જ

નથી. શ્રાવક માટે અનુબંધ હિંસાનો નિષેધ જ, બાકીની બે હિંસા થાય તેવી પ્રવૃત્તિનો નિષેધ નહિ. એ બે હિંસામાં સ્વરૂપ હિંસાની પ્રવૃત્તિની શ્રાવકને આજ્ઞા, હેતુ હિંસાની પ્રવૃત્તિની આજ્ઞા નહિ. અનુબંધ હિંસાનો નિષેધ, સ્વરૂપ હિંસાની પ્રવૃત્તિનું વિધાન, વચ્ચે રહી હેતુ હિંસા. હેતુ હિંસાની પ્રવૃત્તિ કરવા યોગ્ય નથી, પણ સ્વરૂપ હિંસાની પ્રવૃતિ ગૃહસ્થે કરવા યોગ્ય છે. એટલે શ્રાવક માટે અનુબંધ હિંસા નિષિદ્ધ, સ્વરૂપ હિંસાની પ્રવૃત્તિ વિહિત અને હેતુ હિંસાની પ્રવૃત્તિ અકરણીય અર્થાત્ અનુબંધ હિંસા તો ન જ થાય, સ્વરૂપ હિંસાની પ્રવૃત્તિ તો કરવી જ જોઈએ અને હેતુ હિંસાની પ્રવૃત્તિ કરવી તો કંપવું.

**૪૨૬. સભા : 'હેતુ હિંસાનો નિષેધ નહિ?'**

**પૂજ્યશ્રી** : એ નિષેધ તમે માનશો ? ના. તમે માનો નહિ, નફફટ અને આજ્ઞાભંજક ન બનો માટે નિષેધ ન કર્યો. **આ ત્રણ હિંસાના સ્વરૂપને ન સમજે એનું સમ્યકત્વ મેલું.** એ બધે તાલી પાડે.

આ ત્રણે હિંસા જેનામાંથી જાય તે પૂરો અહિંસક. અહિસાંના સિદ્ધાન્તનો એ પૂરો પાલક. એ પાલનમાં તન્મય બને તે પામેલા; અને પામીને જગતને કહેવાનો નિશ્ચય કર્યો તે શ્રી જિનેશ્વરદેવ. એની સાથે કોણ ઊભો રહી શકે ?

મુક્તિની આરાધનામાં કરવી પડતી ક્રિયામાં થઈ જતી અનિવાર્ય હિંસા તે સ્વરૂપ હિંસા. મુક્તિને મેળવવાના ઈરાદે અનંતજ્ઞાનીએ કહેલી ક્રિયાની આરાધના કરતાં જે હિંસા ટાળવી અશક્ય છે, થઈ જ જાય એવી છે તે સ્વરૂપ હિંસા. જ્ઞાનીએ સ્વરૂપ હિંસાની પ્રવૃત્તિનું ગૃહસ્થ માટે વિધાન કર્યું, એને

નિરંતર કરણીય કહી, પર્વતિથિએ વિશેષતઃ કરણીય કહી અને એમાં જરા પણ ત્રુટી ન આવવા દેવા ફરમાવ્યું. પોતે લીલોતરી ન ખાય એનાથી ભગવાનની પુષ્પપૂજા કે ફળપૂજા થાય કે નહિ ! એ પ્રશ્ન હવે ન ઊઠે. જે સ્વરૂપ સાધવું છે તેની સાધનામાં જરૂરી ચીજનો પોતાને ત્યાગ હોય તોયે મુકાય, જેટલી શક્તિ તેટલી મુકાય અને પર્વતિથિએ વિશેષ મુકાય.

ગૃહસ્થ માટે જ્ઞાનીએ સ્વરૂપ હિંસાની પ્રવૃત્તિ વિહિત કરી, પર્વતિથિએ ખાસ અને અધિક વિહિત કરી, પણ ત્યાં એક વાત કહી છે કે ઈરાદો મુક્તિનો જોઈએ. એનાથી બીજી ભાવના આવતી હોય તો કહ્યું કે 'થોભી જા !' એક શ્રીફળ મૂળવાથી સો શ્રીફળ આવે એ ભાવનાથી શ્રીફળ મૂકતો હોય તો ઊભો રહે અને જો મુક્તિ માટે મૂકતો હોય તો એક નહિ પણ હજારો શ્રીફળ મૂક!, તારાથી મુકાય તેટલાં મૂક!- એમ જ્ઞાનીએ કહ્યું. ફરી નહિ મેળવવા માટે જ્યાં છોડવાનું છે ત્યાં પાપ નથી. ઊંચી કોટિનો અહિંસક થાય એને એ ન કરવું પડે. શ્રાવક કરતાં સાધુ ઊંચી કોટિનો અહિંસક બન્યો માટે સાધુને એ ન કરવું પડે. શ્રાવક પણ આઠ પહોરનો પૌષધ કરે તો ન કરવું પડે; પણ જો સાંજે ચાર પહોરનો પૌષધ કરનાર સવારમાં નહાય તો પૂજા કરે જ, પછી ભલે સાંજે પૌષધ લે.

જ્ઞાનીએ કહેલા વિધાનમાં આનાકાની ન થાય. નહાયો એટલે મંદિરે જાય, અષ્ટપ્રકારી, એકવીશ પ્રકારી આદિ યથાશક્તિ પૂજા ભક્તિ કરે જ, પછી સાંજે પૌષધ લે. ભલે પરમ શ્રાવક,પણ હેતુ હિંસામાં રહ્યો છે તેથી એને માટે સ્વરૂપહિંસાની પ્રવૃત્તિ કરવાનું વિધાન. હેતુ છોડે તો સ્વરૂપનું વિધાન નહિ.

હેતુ હિંસા કોને કહેવાય ? શરીર, કુટુંબ, ઘર-બાર, પુત્ર-પુત્રી આદિ પરિવાર, મા-બાપ, પતિ-પત્ની, સગાં-વહાલાં, બંગલા, બગીચા, હાટ-હવેલી, રાજ, રિદ્ધિ-સિદ્ધિ, માન-પાન, ખ્યાતિ, પ્રતિષ્ઠા આ બધું જાળવવા માટે કરવી પડતી હિંસા તે હેતુ હિંસા; વિષય-કષાય માટે કરવી પડતી હિંસા તે હેતુ હિંસા. વિષયમાં શરીર, ઘર-બાર વગેરે આવ્યું; કષાયમાં માન-પાન, ખ્યાતિ, પ્રતિષ્ઠા અને લોભાદિ-આવી ગયા.

ગૃહસ્થ માટે હેતુ હિંસા અકરણીય છે પણ એનો જ્ઞાનીએ નિષેધ ન કર્યો કારણકે, સંસારી ગૃહસ્થ જીવો માટે એનો ત્યાગ કરવો અશક્ય છે, તેથી એ માની શકે તેમ નથી. સંસારી જીવોની સંસારના પદાર્થોની ઈચ્છા કાંઈ નાશ નથી પામી. એ કાંઈ ઘર-બાર વગેરેની ઈચ્છા વિનાના નથી. જો એમ હોત તો ત્યાગી ન બનત? અહીં અમારી પાસે ન આવી જાત ? દીક્ષા ન લઈ લેત ? પણ એમ નથી. હેતુ હિંસાની પ્રવૃત્તિ કરવા યોગ્ય નથી અને જો એ રાચીમાચીને કરે તો અનુબંધ હિંસામાં જાય. 'કેમ ન કરીએ, એ તો કરવું જ પડે, એ કર્યા વગર ન નભે. ત્યાં પણ 'પાપ-પાપ'ના વિચાર કરે એ તો ઘેલા ગણાય,' વગેરે બોલે ત્યાં શાસ્ત્ર કહે છે કે અનુબંધ હિંસા આવી. તમને આ ચશ્મા પહેરાવ્યા. હવે બહાર જઈને જોજો કે કાંઈ દેખાય છે ? દેખાય તો ચાલવા માંડો, ન દેખાય તો થોભો !

** આપણને જે પ્રતિકૂળ લાગે તે બીજા પ્રત્યે કદી આચરવું નહિ.*

**૪૨૭. સભા : 'કસાઈને અનુબંધ હિંસા ન હોય એવું બને?'**

**પૂજ્યશ્રી** : ન બને, એ ટકે જ નહિ. અપવાદ એક બે દી' નભે, કાયમ ન નભે.

---

**૪૨૮. સભા : 'પરાધીનપણે હિંસા કરતો હોય તો?'**

**પૂજ્યશ્રી** : કોઈ પરાધીન જ હોય, કોઈ મારીને પરાણે હિંસા કરાવતું હોય ત્યાં વાત જુદી, પણ એ પ્રશ્નો અસ્થાને છે. આવું કાંઈ રોજ ન બને. રોજનો પંચેંદ્રિય જીવોનો ઘાતક એ અનુબંધ હિંસામાં જ. શાસ્ત્ર એને ગયેલો જ માને છે.

જૈનકુળમાં જન્મેલાઓ પંચેંદ્રિય જીવોનો ઘાત પોતાના હાથે કરે ? એ કરે તો ત્યાં શું અનુબંધ હિંસા ન આવે ? આવે જ. જીવોને તરફડતા જુએ અને ઘાત કરે જાય, ત્યાં શું અનુબંધ હિંસા નહિ ? શ્રાવકને ત્રસ જીવોની હિંસાની બિલકુલ મનાઈ છે. મકાન બંધાવતાં મહીં (કોઈ જીવ અંદર) આવી જાય અને હિંસા થાય ત્યાં એ નિરૂપાય છે. ત્રસની હિંસા વખતે ત્રસ તો કંપે છે, ત્રાસ પામે છે, એની કંપારી જોવા છતાં પોતાનું હૈયું ન કંપે, ત્રાસ ન પામે અને તેમ છતાં અનુબંધ હિંસા નહિ એમ કોણે કહ્યું ? સ્થાવર જીવો કંપતા નથી, એ દશ્ય હિંસકને કંપાવે એવું નથી, પણ ત્રસ તો કંપે છે, એ પણ આંખે ન દેખાય ? અને દેખાય છતાં જૈન શ્રાવક એનો ઘાત કરે જાય ? એને કચડ્યે જાય ? ચીરે જાય ? એના પર ખીલા મારે જાય ? આ બધું કેમ બને ? સમજદાર માણસ તો વનસ્પતિનો ઉપયોગ કરવામાં પણ મૂંઝાય છે, શ્રાવિકા ચૂલો સળગાવવામાં કે ચૂલામાં લાકડાં નાંખવામાં પણ મૂંઝાય છે; એ તો બધે યતના સાચવે.

જૈનકુળના આવા સંસ્કારો છતાં ત્રસ કંપે અને પોતાનું હૈયું ન કંપે એ જૈન છે ? ત્રસ જીવ ન મરી જાય એની શ્રાવક તો પૂરી યતના કરે. યતના કરે ત્યાં ત્યાં સ્વરૂપ હિંસા માની છે અને અયતના આવી કે હેતુ હિંસા આવી સમજો ! કહ્યું પણ છે કે-'**હિંસા હેતુ અયતના ભાવે, જીવ વધે તે સ્વરૂપ.**'

ત્રસની હિંસા જો શ્રાવક કરતો થાય તો એને કંપારી આવે એમ કદી માનીએ, તો એ એક દિવસ બે દિવસ, પણ પછી તો એ ધંધો થઈ પડે છે પછી અનુબંધ હિંસા. યુદ્ધ કાયમી થવા માંડે એટલે અનુબંધ ન આવે તો જાય ક્યાં ? કરે, કરાવે અનુમોદે એ બધા એમાં ભેગા.

---

**૪૨૯. સભા : 'ન્યાયપૂર્વક રાજ્યની રક્ષાના હેતુથી થતા યુદ્ધમાં કઈ હિંસા?'**

**પૂજ્યશ્રી** : યુદ્ધને ખોટું માને, થતી હિંસામાં કંપે અને યુદ્ધનો હેતુ શુદ્ધ જ હોય તો હેતુ હિંસા; એમાં જ્યાં જ્યાં પરિણામ ક્રૂર થાય ત્યાં અનુબંધ હિંસા. યુદ્ધ કાયમી થવા માંડે એટલે અનુબંધ આવે જ. એવા તો કોક જ દૃઢ, નિર્મળ સમ્યગ્દૃષ્ટિ આત્મા હોય કે જેના પરિણામ ત્યાં સ્થિર રહે.

ભગવાન શ્રી મહાવીરદેવના મામા શ્રી ચેડા મહારાજ જેવા તો કોઈક વિરલા જ. **કોણિક સાથે થયેલા ભયંકર યુદ્ધમાં પણ એમને પોતાની જાતે એક શત્રુ ઉપર એક દિવસમાં એક જ બાણ મૂકવાનો નિયમ હતો અને તે પણ પૂંજીને મૂકતા.** ત્રસ જીવની આટલી હદ સુધીની રક્ષા કરનાર રાજા કઈ બુદ્ધિએ બાણ મૂકતો હશે એ વિચારો !

---

**૪૩૦. સભા : 'ડૉક્ટરી લાઈનવાળા કંપતે હૃદયે થોડી હિંસા કરે છે.'**

**પૂજ્યશ્રી** : એ બધું હું જાણું છું. સ્વાર્થી બધું કરે. નદીમાંથી દેડકાં પકડી ખીસામાં લાવી ઘેર હિંસા કરી છૂપા અભ્યાસ રોજ થાય છે. એ ભાઈબંધ તો નથી કંપતા, બાકી બિચારાં દેડકાં કંપે છે. કલાકો સુધી ઠંડે કલેજે પ્રયોગોના નામે એ કતલો થાય છે. જ્યાં સ્વાર્થદૃષ્ટિ મુખ્ય થઈ ત્યાં કંપારી ન રહે.

જૂના માણસોમાં રિવાજ હતો કે એવી હિંસક જાત સાથે વેપાર નહોતા કરતા. નટ, ધૂતારા, વેશ્યા, કલાલ, કસાઈ, માછી, વાઘરી, રાજદ્રોહી, શસ્ત્રધારી, રાજા, બ્રાહ્મણ,જુગારી જેવા લોકો સાથે વેપાર નહોતા કરતા. એવાના પૈસા ખાવાથી પાપવૃત્તિ આવે તેમ માનતા હતા. એની પાસે પૈસા લેણા પડે એટલે એને ત્યાં ઉઘરાણીએ જવું પડે, વળી 'કેમ ધંધો કરતો નથી?' એમ કહેવાનું મન થાય અને પાપની અનુમોદના લાગે, એટલે એનાથી વેપાર જ નહોતા કરતા. જેમ જેમ ધર્મની ભાવના ગઈ, ભોગવિલાસ વધ્યા તેમ તેમ વિચારોમાં પરિવર્તન થવા માંડ્યું, એટલે એના સંસ્કારોની છાયા તમારા પર પણ પડી. માટે આવા પ્રશ્નો પણ થાય છે.

આવી વાતોમાં 'એમાં શું?' એમ સારા માણસથી કહેવાય? એક દિવસ નોકરને ગાળ દીધી અને એ રોયો, બીજે દિવસે દીધી અને રોયો, એમ રોજ ચાલ્યું તો પહેલા દિવસે એવા રોવા પ્રત્યે જે લાગણી હોય તે પછી ન રહે અને ધીરે ધીરે સમૂળગી જાય, એમ બધે માનવું. ખરાબ ચીજ ખાઓ તો શરૂમાં એક બે વાર સૂગ આવે પછી નહિ. છોકરાંઓ બીડી પીતાં શીખે તે શરૂઆતમાં ઊલટી થાય પણ પછી? પછી તો વ્યસની બની જાય છે. કુળથી અહિંસક

જૈનનો દીકરો, કસાઈના લત્તામાંથી નીકળે તો પહેલીવાર ઊલટી થાય, બીજી વાર ચક્કર આવે, ત્રીજી વાર કમકમાટી થાય, ચોથી વાર આંખો મીંચાય, પણ પછી આગળ શું થાય ? 'હશે, રોજનું થયું-' એમ થાય ને ? પાપ એવી ચીજ છે. એક ખસની ફોલ્લી થઈ અને ખજવાળને ન રોકી તો મોકાણ મંડાઈ જાય.

**'સમ્મદ્દિટ્ઠિ જીવો, જઈ વિ હુ પાવં સમાયરે કિંચિ,**
**અપ્પોસિ હોઈ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઈ'**

આજે તો એ હિંસાની પુષ્ટિ થાય છે. કહે છે કે-'એટલી હિંસા કરવામાં જૈનપણામાં શો વાંધો આવી જાય? દેડકાની એ હિંસાને સ્વરૂપ હિંસા કેમ ન કહેવાય?' આવું બોલનારા બોલે છે, જૈન પ્રજાએ એ સાંભળ્યું, વાંચ્યું અને માન્યું પણ ! કહે છે કે 'ઉપકાર પાસે અપકારની કિંમત શી ?' પણ અપકાર કોના પ્રત્યે ? પોતાના પ્રત્યે કે પારકા પ્રત્યે ? એમ તો મીલમાલિકો પણ કહે છે કે - 'અમે મીલ બંધ રાખીએ તો હજારો કામદારો ભૂખે મરે' માટે એ દયાળુ છે ? દયા માટે મીલ ચલાવે છે ? ત્યાં પરિગ્રહ તથા આરંભ નથી ?

આજના એ લોકો ધર્મની સુંદર ચાવીનો ઉપયોગ ત્યાં ઊલટી રીતે કરે છે. જે ચાવીથી શેઠીયા તિજોરીમાં નાણાં મૂકે એ જ ચાવીથી ચોટ્ટાઓ તિજોરીમાંથી નાણાં ઉઠાવી જાય. આ એક મોટું દુઃખ છે. પેલા ચોટ્ટાઓ આ શાસ્ત્રોમાંની ચાવીનો દુરુપયોગ કરે છે. દરેક પુસ્તકનો પણ દુરૂપયોગ કરે છે. શાસ્ત્રે તો મુક્તિને ઈરાદે થતી ક્રિયામાં જ સ્વરૂપ હિંસા કહી; બીજે ક્યાંય નહિ. બીજા ઈરાદે જો શ્રી જિનપૂજા કરે તો પણ ત્યાં હિંસા લાગે.

**૪૩૧. સભા : 'હેતુ કે અનુબંધ?'**

**પૂજ્યશ્રી** : હેતુ હિંસા; પણ પાછો ત્યાં બચાવ કરે અને કહે કે 'એમાં શું એમ પણ થાય' તો અનુબંધ હિંસા પણ આવે.

કેટલાક કહે છે કે - 'આટલા બધાં ફૂલ કેમ?' શાસ્ત્ર કહે છે કે ચડવાં જ જોઈએ. ગૃહસ્થ માટે એ વિધાન છે. પુષ્પોથી પરમાત્માની અંગરચના જોઈ અનેક ભવ્યાત્માઓ પોતાના સમ્યકત્વને નિર્મળ કરે છે. એમાંથી ઊંધું પણ લેનારા કમભાગીઓ છે, પણ એ ન લેવાય. અમુક ફૂલમાં બહુ કીડીઓ થાય છે તે પણ લીધે રાખે એ ન ચાલે. યતના તો જોઈએ જ. યતના વગર તો એક પણ કાર્ય ન થાય. વિધિ તો બધી સાચવવી પડે. **ફૂલને સોય ભોંકે, કાતર ચલાવે, સળી ખોસે એ બધી અવિધિ.**

વિષય-કષાયને લગતી તમામ પ્રવૃત્તિ કરવી તથા પ્રચારવી, જગતની દૃષ્ટિ એ તરફ ખેંચવી, અજ્ઞાન દુનિયાને વિષય-કષાયમાં આગળ વધારવી અને એ રીતે પણ પોતે નામના મેળવવી એ બધું હેતુ હિંસામાં જાય છે; અને એમાં રાચવું તે અનુબંધ હિંસા લાગે અને જ્યાં એ હિંસાનો એટલે એની પ્રવૃત્તિનો બચાવ, પક્ષપાત આવ્યો કે અનુબંધ હિંસા આવી સમજો ! કાપડ, ઝવેરાત, શરાફી વગેરે તમામ શ્રાવક યોગ્ય વ્યાપાર તથા ઘર,પેઢી ચલાવવા વગેરે તમામ પ્રવૃત્તિ હેતુ હિંસામા સમાય છે. ઘર ચલાવવું એ પણ છે તો પાપ ને? એ પાપ છે માટે હેતુ હિંસામાં જાય. એનો પક્ષપાત આવે તો અનુબંધ હિંસામાં જાય. આ બધી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક માટે વિચારણા ચાલી રહી છે.

**૪૩૨. સભા : 'ધર્મની રક્ષા માટે હિંસા કરે તો?'**

**પૂજ્યશ્રી** : ધર્મની રક્ષા માટે પ્રયત્ન કરનારો હિંસા કરતો જ નથી, ત્યાં એ ધર્મનો બચાવ જ કરે છે, પાણીનો અભિષેક કરનારો, ધૂપ-દીપ કરનારો, ફૂલ ચડાવનારો પણ પૂજા કરે છે, એ કાંઈ હિંસા નથી કરતો, કારણ કે પૂજા એ કાંઈ હિંસા નથી; તેમ ધર્મરક્ષા કરનારો ધર્મનો બચાવ કરે છે, એથી આગળ ન વધો!

---

**૪૩૩. સભા : 'મિલમાલિકને કઈ હિંસા?'**

**પૂજ્યશ્રી** : એના પરિણામ ઉપર આધાર, હૃદયથી કંપતો જ રહે, ક્યારે છૂટું એ ભાવના જાગૃત રહે ત્યાં સુધી હેતુ હિંસા; જાગૃતિ જાય, કંપારી જાય તો અનબુંધ હિંસા. વિરતિપણું એ જુદી ચીજ છે અને સમ્યક્ત્વ એ જુદી ચીજ છે. ભરત રાજા તો છ ખંડના માલિક ચક્રવર્તી હતા, પણ એ માનતા શું ? એ કહેતા હતા કે-

**राज्यं, भवतरोर्बीजं, ये न जानन्ति तेऽधमाः ।**

**तेभ्योऽप्यहं विशिष्ये, तदजहानो विदन्नपि ।।१-५-७५२।।**

**'આ રાજ્ય ભવતરુનું બીજ છે, એ ન જાણે તે અધમ છે; તે અધમોમાં પણ વધુ અધમ હું છું કે જે જાણવા છતાં છોડતો નથી.'**

માટે તો એમણે પોતાની મમતા ન છૂટતી હોવાને લીધે શ્રાવકોને પોતાને ત્યાં જ રહેવાનું, જમવાનું તથા કાયમ પોતાને ઉપદેશથી જાગૃત રાખવાનું કહ્યું. પોતાના નિર્મળ સમ્યગ્દર્શનના સહારે એમણે એ ભાવના સાચવી તો છ લાખ

પૂર્વ જેટલો કાળ એટલે અબજો વર્ષો સુધી રાજગાદી ભોગવવા છતાં હેતુ હિંસામાં જ રહ્યા અને અવસર આવ્યો ત્યારે માત્ર અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામ્યા.

સમ્યગ્દષ્ટિ બધા વેપાર ન કરે એ કાંઈ બનવાનું નથી. **મોટા આરંભવાળો પણ પ્રભુશાસનને પામેલો એ આરંભને વ્યાજબી ન માને અને કંપે તો હેતુ હિંસામાં; કંપે નહિ તો અનુબંધ હિંસામાં.**

**સભા : 'મિલમાલિકને તો આરંભ ચાલુ છે!'**

**પૂજ્યશ્રી** : સમ્યગ્દષ્ટિ રાજાને રાજ્યનો આરંભ પણ ચાલુ છે. બધા કર એ ઉઘરાવે છે ને ? છતાં એની હેયતા જીવંત છે માટે એ હેતુ હિંસામાં અને રાચે તો અનુબંધ હિંસામાં આવે. આ રાચવાને જો સારું કહે તો સમ્યક્ત્વ જાય; પણ રાચે છતાં ઘડી પછી એમ થાય કે આ રાચવાનું ખોટું, તો સમ્યક્ત્વ ન જાય. છ ખંડના માલિકો સમ્યક્ત્વ સાચવી શકતા. આવી સ્થિતિમાં અનુબંધ ન પાડી સમ્યક્ત્વ સાચવનારા થોડા, એમ કહો, પણ નથી જ એમ ન કહેવાય.

જૈનદર્શનની હિંસા-અહિંસા જુદી અને ઊંડી છે. જેમ નીચા જાઓ તેમ હિંસા અને જેમ ઊંચે જાઓ તેમ અહિંસા. **શ્રાવક અશક્તિને લઈને હેતુ હિંસામાં રહે પણ તેને અકરણીય માને. હેતુ હિંસામાં જેને અકરણીય બુદ્ધિ નથી એ શ્રાવક જ નથી.** ભરત બાહુબલીજીનું ભયંકર યુદ્ધ બાર વર્ષ ચાલ્યું *અને લાખોની કતલ થઈ. દેવોએ તથા ઇંદ્રોએ ત્યાં આવી કહ્યું કે 'તમે તો

---

* **एवं युध्यमानयोर्द्वादशवर्षाणि व्यतीयुः ।** ઉપદેશપ્રાસાદે સ્ત.૧૭

બેમાંથી એકેય આ રીતે હારવા જીતવાના નથી પણ આ બધાં મરે છે એનું શું ? માટે તમે બે પરસ્પર લડી નિકાલ લાવો જેથી આ બધા તો ન મરે ! આવું યુદ્ધ તમને -ઋષભદેવ ભગવાનના પુત્રોને ન છાજે.'

જુઓ ! આ જ વાતને જણાવતાં એક મહાપુરુષ લખે છે કે

**भुवणस्स वि भयजणओ पारंभो एस को णु तुम्हाणं ।**
**तस थावरजीवदयावरस्य रिसहस्स तणयाणं ॥१॥**
**अहवा माणधणाणं दुन्ह वि केणावि कारणेणं इमं ।**
**जायं तह वि न जुज्जइ निरत्थओ पाणिसंमद्दो ॥२॥**
**उत्तमजुज्झेण तओ तुम्हे दो चेव जुन्झह इयाणिं ।**
**एवं न हु भिज्जिस्सइ वज्जं वज्जेण कइया वि ॥३॥**

અર્થ– ત્રસ-સ્થાવર જીવોની દયામાં પ્રવર એવા શ્રીઋષભદેવના દીકરા એવા તમારો જગતને પણ ભય પમાડનાર આ શો પ્રારંભ ! (તમે આ શું માંડ્યું છે ?)

અથવા માંધાત એવા તમારા બંનેને કોઈ પણ કારણે આ યુદ્ધ થયું હોય તો પણ નિરર્થક જીવહિંસા શોભતી નથી માટે તમે હમણાં ઉત્તમ યુદ્ધ દ્વારા લડો, બાકી આ રીતે લડવાથી તમારામાંથી કોઈ જીતવા-હારવાનો નથી કેમકે વજ્રથી ક્યારેય ભેદાતું જ નથી.

दोहि वि तहेव पडिवन्नं આ વાત તરત તેમણે માની અને જાતે પરસ્પર લડવાનું કબૂલ્યું. ત્યાં તેમણે 'અમે રાજા છીએ, અમે ગમે તેમ લડીએ' એવો તર્ક ન કર્યો; કેમકે લડવા છતાં હૃદયમાં માન્યતા જીવતી હતી, સમ્યગ્દર્શન

બેઠું હતું. તેમણે એમ ન કહ્યું કે-'અમે ઋષભદેવના દીકરા સમોવસરણમાં, અહીં યુદ્ધભૂમિમાં નહિ.' આજે તો કહેનારા કહી દે કે- 'એવી બધી વાતો મંદિર ઉપાશ્રયમાં; અહીં શું છે ? ધર્મ અને ધંધાની ભેળ-સેળ ન થાય' - એમ કહે ત્યાં સમજવું કે પામેલા નથી.

**બાહુબલીજીને આવેલો સદ્વિચાર :**

પછી એ બેય જાતે પરસ્પર લડ્યા, ત્યાં ગુસ્સામાં બાહુબલીએ ભરતને આકાશમાં ઉછાળ્યાં, એવા ઉછાળ્યા કે આકાશમાં દેખાય પણ નહિં. ૫૦૦ ધનુષ્યની કાયા આકાશમાં ન દેખાય એ કેટલે ઊંચે ઉછાળ્યા હશે ? પણ ઉછાળ્યા પછી પાછું તરત હૈયામાં થયું કે -

**धिग मे बलमिदं बाह्वोर्धिग राभसिकं च माम् ।**
**एतत् कर्मोपेक्षकांश्च, धिग् राजद्वयमन्त्रिणः ।।**
**किं वा विगर्हितैरेभिर्यावदद्याऽपि मेऽग्रजः ।**
**पतित्वा मेदिनीपृष्ठे, कणशो न विशीर्यते ।।**
**तावत् पतन्तं गगनात्, प्रतीच्छामीति चिन्तयन् ।**
**तल्पकल्पौ भूजौ तस्याऽधो दधौ बाहुबल्यपि ।।**

**અર્થ** – મારા આ બાહુના બળને ધિક્કાર છે, અવિચારી કૃત્ય કરનાર મને ખૂબ ધિક્કાર છે, આ કાર્યની ઉપેક્ષા કરનારા બંને રાજ્યના મંત્રીઓને ધિક્કાર છે. અથવા આવી નિંદાથી શું ? હજુ પણ મારો મોટો ભાઈ પૃથ્વીતલ પર પડીને કણ કણ થઈ નાશ ન પામી જાય (એ માટેનો જ ઉપાય કરવો જરૂરી છે)

આકાશથી પડતાં તેને હું ઝીલી લઉં એમ વિચારી બાહુબલીએ પણ ગાદલા સમાન પોતાના બંને હાથ એની નીચે ધર્યા.

**पादाग्रप्राणतस्तिष्ठन्नुत्पित्सुरिव स क्षणात् ।**

**निपतन्तं प्रतीयेषाऽग्रजं गेन्दुकलीलया ॥**

**અર્થ** – પગના અગ્ર ભાગમાં પ્રાણો ભેગા કરી ઊભા રહી જાણે ઉડવાની ઈચ્છા કરતા હોય એવા તે બાહુબલીએ દડાની લીલા કરતા હોય તેમ મોટાભાઈને ઝીલી લીધા.

'અરે ! આ પડશે તો હમણાં મરી જશે; પિતાના સ્થાને રહેલા મોટા ભાઈ પર આવો ગુસ્સો હોય?' તરત પોતે એમને પડતા ઝીલી લીધા. ક્ષણ પહેલા મારવાનો વિચાર અને ક્ષણ પછી બચાવવાનો વિચાર; આ વિચાર ક્યાંથી આવ્યો ? હૈયામાં વસ્તુ (સમ્યગ્દર્શન) પડી હતી તો આ ભાવના આવી; નહિ તો આવી ભાવના કોને રહી શકે ?

**મીલ ચલાવનારનું હૃદય કંપે છે ?**

છેલ્લે બાહુબલીજીએ મુઠ્ઠી ઉગામી તે મારવાની બુદ્ધિએ જ ઉગામી હતી. એ રૌદ્રધ્યાન જ હતું, પણ જ્યાં નજીક ગયા કે હૃદય પલટાયું અને તરત એ જ મુઠ્ઠીથી પોતે લોચ કર્યો. આ પણ ક્યારે બન્યું ? એમના હૈયામાં વસ્તુતત્ત્વ રહેલું હતું ત્યારે ને ? તમે પણ સંસારની પ્રવૃત્તિ કરતા થતી હેતુ હિંસાથી કંપતા હો તો તમે જાણો, પણ લુચ્ચાઈ નહિ કરતા. મીલમાલિકને પૂછો કે 'મીલ ચલાવતાં હૃદય કંપે છે?' કહેજો કે શ્રાવક કહેડાવવા 'હા' ન પાડતા. આ તો

હૃદયગત સાક્ષીની વાત છે. આ રીતે ઘર-બાર વગેરે માટે થતી હિંસા તે હેતુ હિંસા, એમાં રાચે-માચે તો અનુબંધ હિંસા અને રાચી-માચીને કરાતી એ હિંસાને સારી માને તો સમ્યક્ત્વ જાય. પછી એ મિથ્યાદષ્ટિપણામાં થતી હિંસા.

**સ્વરૂપ હિંસાની ક્રિયા કેવળ મુક્તિ માટે છે :**

શ્રાવક સ્વરૂપ હિંસા થાય તેવી ધર્મપ્રવૃત્તિ તો રાચી-માચીને કરે.

**૪૩૪. સભા : 'એમાં કર્મબંધ ન થાય?'**

**પૂજ્યશ્રી** : કર્મબંધ થાય તો શુભ થાય એ બાધક નહિ. ઘણા પાપને લઈને જાય. એ કર્મબંધ કાઢવો ન પડે. આપોઆપ જાય. પૂજા કરતાં બરાબર આવડે તેને કેવળજ્ઞાન પણ થઈ જાય. નાગકેતુને થયું કે નહિ? સ્વરૂપ હિંસાની ક્રિયા કેવળ મુક્તિ માટે છે. સ્વરૂપ હિંસાની ક્રિયા શ્રાવક આનંદપૂર્વક કરે, રાજી થઈને કરે, પર્વ દિવસે વિશેષતઃ કરે. હેતુ હિંસાથી શ્રાવક કંપે, જેના વિના ન ચાલે તે જ કરે, જેના વિના ચાલે તે ન કરે અને જે કરે તેમાં પણ કંપે. એકલા ઘર-બાર માટે જ એ થાય છે એમ ન માનતા. ઘર-બાર માટે ન હોય તોયે માનપાન ખ્યાતિ માટે પણ થાય છે. રાજાઓ લડે છે ત્યાં પણ મારાપણું છે. મારાપણાની રક્ષાની તમામ ક્રિયામાં હેતુ હિંસા છે. મારાપણું સારું લાગે, કરવા જેવું લાગે તો અનુબંધ હિંસા છે - એકમાત્ર મુક્તિ માટે જે થાય તે અહિંસા.

**ચોરને કઈ રીતે સુધારાય ?**

હોય તેમાંથી દેવાની ઈચ્છા રાખો, કોઈનું લેવાની ઈચ્છા ન રાખો, તો આ બધું બને. કોઈનું લેવાની ઈચ્છા રાખી તો મામલો બગડ્યો.

**૪૩૫. સભા : 'ચોર આપણી ચીજ લઈ જાય; એની પાસેથી પડાવી લઈએ તો?'**

**પૂજ્યશ્રી** : એ વાત જુદી છે, એ ચીજ તમારી છે. તમે જવા દો તો આનંદની વાત પણ લેવા જાઓ તો એમાં તમારું શ્રાવકપણું ગયું એમ ન કહું.

**૪૩૬. સભા : 'એને શિક્ષા ન કરાવવામાં પાપ નહિ ?'**

**પૂજ્યશ્રી** : ના, પાપ નહિ.

**૪૩૭. સભા : શિક્ષા કરાવવામાં પાપ ખરું ?**

**પૂજ્યશ્રી** : હા, પાપ ખરું.

**૪૩૮. સભા : એને સુધારવો હોય તો ?**

**પૂજ્યશ્રી** : તો ઉપદેશ આપો, ઘરની પાસે રાખો, ખાવાનું પુરું પાડો. અંધારી કોટડીમાં મોકલવાથી સુધરશે ? ઘણાં કહે છે કે- 'એ કેમ ન આપે ?' આ કાંઈ પ્રશ્ન છે ? તમે આપી દો છો ? કોઈ નોટ ભૂલી જાય તો શું કરો છો ?

આર્ય દેશ, આર્ય જાતિ, આર્ય કુળ અને તેમાં યે જૈન કુળમાં જન્મ્યા છતાં વગર મહેનતે પારકી ઉપાડેલી ચીજ તમારી પાસેથી છોડાવતાં નવ નેજે પાણી ઊતરે છે, તો બીજાની શી વાત ?

**મળ્યા પછીની ભાવના જુદી થાય છે :**

મેળવવાની ઇચ્છા છે ત્યાં સુધી પરિણામ ઓછાં બગડેલાં છે પણ મળ્યા પછી તો ગુસ્સો વધે છે. મળેલું છુપાવવાની, જુઠું બોલવાની, કોઇ લેવા આવે તો મારવાની ભાવના સહેલાઇથી થાય છે, કોઇ વિરલાને ન થાય. તમે એવા છો? નથી. ભાડાના મકાનમાં રહેવા છતાં સામો ખાલી કરવાનું કહે તોય તમે કરો છો ? એમાંય ઝઘડા અને કોર્ટ-કચેરી થાય છે ને ? 'પહેલાં કહેવું હતું ને ?' એમ કહો છો ને ? જેવી આશા બીજા પાસે રાખો છો, તો એવા બનતા કેમ નથી ?

'અસ્તિ, અસ્તિ, કહેવા છતાં 'નાસ્તિ, નાસ્તિ' માનવા જેવી કરણી કરે તે નાસ્તિક છે. (આચારાંગ ભાગ-૯)

** શ્રાવક અશક્તિને લઈને હેતુ હિંસામાં રહે પણ તેને અકરણીય માને.*
*હેતુ હિંસામાં જેને અકરણીય બુદ્ધિ નથી એ શ્રાવક જ નથી.*



## ❖ શ્રાવક ❖

**૪૩૯. સભા : શ્રાવક ક્યારે, કઈ રીતે ઉઠે ?**

**પૂજ્યશ્રી :**

**"बाह्ये मुहूर्ते उत्तिष्ठेत् परमेष्ठिस्तुति पठन् ।**
**किंधर्मा किंकुलश्चास्मि, किंव्रतोस्मीति च स्मरन् ।। २ ।।"**

'**ભાવાર્થ :** મહાશ્રાવકે બ્રાહ્મ મુહૂર્તે ઉઠવું જોઇએ. કઈ રીતે? તો કે-પંચ પરમેષ્ઠિની સ્તુતિ કરતા : અર્થાત્-શ્રી નવકાર મંત્રને ભણતા ઉઠવું જોઇએ : તેમ જ મારો ધર્મ શો છે ?, મારૂં કુળ કયું છે ?, મારાં વ્રતો ક્યાં છે ? -એનું સ્મરણ કરતા ઉઠવું જોઇએ'. (જિ. વ. ૬/અં. ૧૮)



# પ્રકીર્ણક

**૪૪૦. સભા : છ માં શાશ્વતી અઠ્ઠાઈઓ કેટલી ?**

**પૂજ્યશ્રી** : શાશ્વત અઠ્ઠાઈઓ બે છે : તેમાથી એક અઠ્ઠાઈનો મહિમા ચૈત્ર માસમાં થાય છે અને બીજો આસો માસમાં થાય છે. આ બંને શાશ્વત યાત્રાઓ સર્વ દેવો અને ખેચરો પણ **'શ્રી નંદીશ્વર'** નામના દ્વિપમાં કરે છે અને મનુષ્યો પોતે પોતાના સ્થાનમાં કરે છે.

આ બે શાશ્વતી અઠ્ઠાઈઓ શિવાયની બાકીની ચાર અઠ્ઠાઇઓ અશાશ્વતી છે. 'ચાર અશાશ્વતી'અઠ્ઠાઈઓમાં પણ ઘણા દેવતાઓ અઠ્ઠાઇ મહોત્સવ કરે છે, એવું વર્ણન **'શ્રી જીવાભિગમ'** સૂત્રમાં આવે છે અને તે આ પ્રમાણે છે. 'ઘણા ભુવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષિ અને વૈમાનિક દેવતાઓ 'ત્રણ ચોમાસીઓ અને પર્યુષણા' આ ચારે અઠ્ઠાઈઓના દિવસોએ નંદીશ્વરદ્વિપમાં અષ્ટાન્હિકા મહામહિમાને કરે છે.' (જિ.વ.૧/અં.૧-૨)

**૪૪૧. સભા : સાંસારિક જીવોને મુંઝવણ કયાં ?(અને ક્યારે થાય)**

**પૂજ્યશ્રી** : સાંસારરસિક જીવોનો સ્વભાવ એવો હોય છે કે પોતાને ત્યાં બાળકનો જન્મ થાય ત્યારે આનંદ અનુભવે. પુત્રજન્મની ખુશાલીમાં સાકર વહેંચે. મોટો આદમી વધારે ઠાઠ કરે. પુત્ર મોટો થાય તેમ પ્રેમ વધતો જાય. દીકરો સંસારમાં આગળ વધે તેમ માબાપ મલકાય, સારી કમાણી કરીને આવે ત્યારે એના હોંશે હોંશે વખાણ કરે. એ બધામાં એને કશી ગભરામણ ન થાય, પણ એ જ બાળક જો કોઇ સદગુરુના સંપર્કમાં આવી બોધ પામે તો મા બાપને મુંઝવણ થાય. મુનિના યોગથી ધર્મકથા સાંભળીને બોધ પામે, શ્રદ્ધાળુ થાય, વિવેકી બને સંસારથી મુક્ત થવાની વાત કરે, ત્યાં પંચાત ઉભી થાય. અધર્મી માબાપ તો પોતાનાં સંતાનને ઉપાશ્રયે મોકલે જ નહિ, ધર્મી માબાપ મોકલે ખરા પણ માલુમ પડે કે-આ તો આગળ વધવા માંડયો, કે તુરત ફેરફાર થાય. પછી એ સ્વજનો એના માર્ગમાં કેવી કેવી ઉપદ્રવની શ્રેણિઓ કઇ કઇ રીતે ઉભી કરે તે વિગેરેનું વર્ણન અવસરે. (જિ. વ. ૨/ અં. ૬)

---

**૪૪૨. સભા : નીતિની વ્યાખ્યા શું છે?**

**પૂજ્યશ્રી** : માલિક-સ્વજન-મિત્ર અને વિશ્વાસુ-આ બધાનો વિશ્વાસઘાત ન કરવો તેનું નામ નીતિ. આ ધર્મ પણ તમારામાં ન હોય તો તેનું તમને દુઃખ છે? મોટા બંગલામાં રહેનાર જૈનને એમ થાય કે આના કરતાં તો ઝુંપડીમાં રહેવું સારું કારણ ; -આ બંગલો તો અનીતિથી મેળવ્યો છે. આવું માનનારા જૈનો શ્રી જૈનશાસનને જોઇએ છે. ઘી ચોપડેલી રોટલી ખાતા હો, ત્યારે અનીતિથી

મેળવેલ ઘી ખાતાં ગળે ડૂમો ભરાય, હૈયામાં દુઃખ થતું હોય, તેવા જૈનો અહીં છે? આ તો માર્ગાનુસારીનો ગુણ છે. આર્યદેશમાં મોટા ભાગના જીવો આ ગુણવાળા હતા, માટે આર્યદેશનો મહિમા હતો. આવા માર્ગાનુસારીને ભગવાનના ધર્મની વાતો સાંભળવા મળે, તો તે યોગ્યતા મુજબ સમકિતી-દેશવિરતિધર-સર્વવિરતિધર સહેલાઇથી બની શકે. (જિ. વ. ૨ / અં. ૧૨)

**૪૪૩. સભા : ઉદ્યાપનની જરૂર શું છે ?**

**પૂજ્યશ્રી : ઉદ્યાપનની મહત્તા સમજાવતાં ઉપકારી મહર્ષિ ફરમાવે છે**

**'उद्यापनं यत्तपसः समर्थने,**

**तच्चैत्यमौलो कलशाधिरोपणम् ।**

**फलो परोपोऽक्षतपात्रमस्तके,**

**तांबूलदानं कृतभोजनोपरि ॥१॥**

'તપના સમર્થન માટે જે ઉદ્યાપન છે તે મંદિરના શિખર ઉપર કળશ ચઢાવવા જેવું. અક્ષતના પાત્ર ઉપર ફલના આરોપ જેવું અને કરેલા ભોજન ઉપર તાંબુલનું દાન કરવા જેવું છે.' આ ઉપરથી તમે સ્પષ્ટ રીતે સમજી શકશો કે-' જેઓ, 'ઉજમણાંની શી જરૂર છે. ? એમ કહી જે એમાં થતા ખર્ચને વ્યર્થ અને નિરર્થક તથા ધુમાડા તરીકે ઓળખાવે છે : તેઓ ભયંકર ઉન્માર્ગના જ ઉપદેશક છે.

** જે વ્યવહારની ઉપેક્ષા કરે છે તે ખરી રીતે નિશ્ચયને માનતો જ નથી.*

**૪૪૪. સભા : આજનાં પ્રદર્શન એ શું ઉજમણાનું અનુકરણ નથી ?**

**પૂજ્યશ્રી** : દુનિયાને ફાવે એનાં પ્રદર્શન ભરવામાં એઓને વાંધો નથી. દેશને દરિદ્ર કહેવાય, છતાં દેશનેતા આવે ત્યારે ઈચ્છિત ખરચ થાય. એક મહાસભા ભેગી થાય ત્યારે સ્પેશ્યલનો કેટલો ખરચ? પણ એ નેતાઓ અને બધા સમજે છે કે-જો ન ભરીએ તો જાગૃતિ નહિ રહે અને કાર્યનો પ્રચાર નહિં થાય. આ બધું જાણવા છતાં પણ જે પાપાત્માઓને અનંત જ્ઞાનીઓએ ઉપદેશેલાં અનુષ્ઠાનોને આરાધવામાં થતો વ્યય નિરર્થક લાગે છે, તેઓની બુદ્ધિ જ ઠેકાણે નથી, એમ કહેવું એ જરાપણ ખોટું નથીઃ નહિ તો એમાં તો જેટલો વ્યય થાય એટલો ઓછો જ છેઃ કારણ કે તે ત્રણે જગતના પ્રાણીઓને હિતકર છે. આથી શુકલ પંચમી આદિ વિવિધ તપોનાં પણ જેટલા જેટલા ઉપવાસો, તેટલી તેટલી સંખ્યામાં નાણાં, સાથીઆ, શ્રીફલો અને મોદકો આદિ નાના પ્રકારની વસ્તુઓને ઢોકવા વિગેરેથી શ્રુતસંપ્રદાયથી ચાલી આવતી વિધિ પ્રમાણે ઉદ્યાપનો કરવા યોગ્ય છે. (જિ.વ. ૪/અં. ૧-૨)

**૪૪૫. સભા : સંતતિ પરલોક માટે કઈ રીતે થાય ?**

**પૂજ્યશ્રી** : સારી સંતતિની પ્રાપ્તિ પુણ્યના ઉદયે થાય છે. પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે સારી સંતતિની પ્રાપ્તિ થઈ હોય અને તે સંતતિ ગુણ સમ્પન્ન હોય તો માતા-પિતાને ધર્મમાં સહાયક બની સારા પરલોકના કારણ માટે બની શકે છે. એ અપેક્ષાએ કહી શકાય કે કોઈ ધન્ય આત્માને સંતતિ પરલોક માટે થાય છે.

૪૪૬. સભા : દૌર્ગત્યનો અર્થ શું?

પૂજ્યશ્રી : જે જે સારી ગણાતી વસ્તુઓ આ લોકમાં કે પરલોકમાં દુઃખ માટે થાય તેનું નામ દૌર્ગત્ય કહેવાય. જેમ સ્ત્રી-પુત્ર-પરિવાર આદિ સુખરૂપ થવાને બદલે દુઃખરૂપ બને તે. (જિ. વ. ૫/અં. ૩)

૪૪૭. સભા : ભગવાને પૈસો બનાવ્યો શા માટે ?

પૂજ્યશ્રી : ભગવાને પૈસો બનાવ્યો નથી. ભગવાન કશું જ બનાવતા નથી. જગતનું સર્જન ભગવાને કર્યું નથી. અનાદિથી ચાલી આવતા આ સંસારમાંથી ભગવાન તો યોગ્ય જીવોનું ઠેકાણું પાડી શાશ્વત સુખના ધામમાં મોકલી આપવાનું કામ કરે છે. (જિ. વ. ૬/અં. ૨૧)

૪૪૮. સભા : મંગલનું વિધાન શા માટે ?

પૂજ્યશ્રી : જગતમાં જે જે શ્રેયોભૂત હોય છે તેમાં વિઘ્ન પણ અવશ્ય સંભવિત છે.' એજ હેતુથી દરેક દરેક શિષ્ટપુરૂષોએ એ આચરણા અખંડિત રાખી છે કે-'કલ્યાણકારી પ્રવૃત્તિને સફળ કરવા અવશ્ય મંગલ કરવું. મંગલના 'નામમંગલ' આદિ અનેક પ્રકારો છે, પણ એમાં 'ભાવમંગલ' એ જ ખાસ ઉપયોગી મંગલ છે. માટે એ જ મંગલની આચરણા કરવી એ હિતાવહ છે. આત્માને સંસારસાગરથી પાર ઉતારનાર મંગલ કહેવાય છે. જે મંગલ એવું હોય એ અવશ્ય હિતકર પ્રવૃતિમાં વિઘ્નોને વિદારનાર હોય છે. એ કારણે સ્વ અને

પરના હિત માટે કરવામાં આવતી રચનાને નિર્વિઘ્ન કરવા, અવશ્ય એવા મંગલની આચરણા કરવી જોઇએ. (જિ. વ. ૮/અં. ૧-૨)

**૪૪૯. સભા : તિથિ યાદ કે તારીખ ?**

**પૂજ્યશ્રી** : આજે તો મોટે ભાગે કોઈને તિથિ યાદ નથી હોતી. તારીખ બધાને યાદ રહે છે. આજે તો હવે સાધુઓ પણ તિથિ ભૂલીને તારીખો લખતા થઈ ગયા છે. આ એક દુઃખનો વિષય છે. તિથિ યાદ હોય તો પર્વ તિથિ આવે ને તપ કરવાનું મન થાય. વિશેષ આરાધના કરવાનું દિલ થાય. ૨૪ કલાકની સાવધગીરી રહે તો ગમે ત્યારે આયુષ્ય બંધ થાય તો ય દુર્ગતિગમનનો ભય ન રહે. કદાચ ખોટું કામ થઈ જાય તોય તેનો તરત જ પશ્ચાતાપ થાય. પાપની શુદ્ધિ કરી લેવાય તો ય આરાધક ભાવ જીવંત રહે. આવા મહાત્માઓના સ્વર્ગવાસ પ્રસંગો આપણને ચેતવણી આપે છે. મરણ ભૂલી ગયા હો તો યાદ કરાવે છે. ચોવીશે કલાક સાવધ રહેવાની પ્રેરણા આપે છે.

**સભા : આજે અમારી અનશનની શક્તિ નથી.**

**પૂજ્યશ્રી** : રોજ મુઠ્સીનું પચ્ચક્ખાણ કરો જ્યારે આહાર પાણી વાપરો તે સિવાયના કાળમાં સદા ચોવિહારના પચ્ચક્ખાણમાં જીવો ! ભગવાને બધા માર્ગો બતાવ્યા છે. ખાવા-પીવાના સમય સિવાય સદા અનશન જીવંત રહી શકે છે. સદા અનશનના ભાવમાં જીવનારને ખાતી-પીતી વખતે પણ અનશન યાદ રહેશે. ખાવાપીવા છતાં તેમાં સ્વાદ કરવાનું મન નહિ થાય. સ્વાદ આવી

જશે તેનું ય દુઃખ થશે. તેથી તપનો ભાવ જીવંત રહેશે. તેવો આત્મા મરણ પામશે તો ય ચોવિહારમાં કે ચોવિહારના ભાવમાં મરશે. તમે મરવા તૈયાર છો ને? મરણનો ભય નથી ને ? સારી રીતે મરવું છે કે સારી રીતે જીવવું છે ? કહો કે સારી રીતે મરવા સારી રીતે જીવવું છે.

સારી રીતે જીવન જીવવું એટલે સાધુ-શ્રાવક, સમ્યગ્દષ્ટિ કે માર્ગાનુસારિતાવાળું જીવન જીવવું. તમારે કયું જીવવું છે. ?

**સભા** : માર્ગાનુસારિતાવાળું.

**પૂજ્યશ્રી** : તમે કદી અન્યાય-અનીતિ કરતા નથી ને ?

**૪૫૦. સભા : અનીતિ કોને કહેવાય ?**

**પૂજ્યશ્રી** : અનીતિ કોને કહેવાય તે ખબર નથી ? સાંભળો. પોતાના માલિક, મિત્ર, સ્વજન અને પોતાના ઉપર વિશ્વાસ મૂકનારનો દ્રોહ ન કરવો તેનું નામ નીતિ. તમે આવી નીતિ જાળવો છો ને ?

**સભા** : આજે તો વેપારમાં નીતિ જાળવવી મુશ્કેલ છે.

**પૂજ્યશ્રી** : તમે સંતોષી બનો તો બધું શક્ય છે. આજે પણ નીતિ પૂર્વક જીવનારા પુણ્યાત્માઓ છે. સારા માણસોનો સાવ દુકાળ હજી નથી પડયો. ભલે તેની સંખ્યા ઓછી હશે. તમારે એ ઓછી સંખ્યામાં નામ લખાવવું છે કે મોટી સંખ્યામાં ?

** મરતા આવડે તો મરણ જન્મની પરંપરા ઘટાડનારું છે.*

**૪૫૧. સભા : આજે અન્યાયનું ધન ધર્મમાં વપરાય છે, તે બરાબર છે ?**

**પૂજ્યશ્રી** : ભગવાને અનીતિનું ધન ધર્મમાં વાપરવાની ના કહી છે. પણ મારે તમને એ પૂછવું છે કે આજે અન્યાયનું ધન પણ ધર્મમાં વાપરનારા કેટલા? જે માણસ એમ કહે કે-સાહેબ ! હું લોભી છું. પાપી છું. અન્યાયથી જ ધન મેળવું છું. મારૂં ધન પાપ કાર્યોમાં ઘણું વપરાય છે. મારૂં મન છે કે તેમાંથી થોડું પણ ધર્મમાં વપરાય તો સારૂં કે જેથી પાપમાં જતું બચે અને ધર્મમાં વાપરવાથી મારી થોડી પણ બુદ્ધિ સુધરે. તો તેવો આદમી કદાચ પોતાનું તેવું ધન ધર્મમાં વાપરતો હોય તો ય તેને લાભ થવાનો સંભવ છે. પરંતુ જે નામના તથા કીર્તિ આદિ માટે અને થોડું દાન કરીને પોતાના અધર્મને છાવરવા માટે અનીતિનો પૈસો ધર્મમાં ખર્ચતો હોય તો તેને તો નુકશાન જ થવાનું છે, તેમાં શંકા નથી.

---

**૪૫૨. સભા : આજે બધા વેપારમાં પાપ છે. ત્યારે પાઠશાળા ભણાવે ને પગાર લે, તે નિરવધ આજીવિકા કહેવાય કે નહિ ?**

**પૂજ્યશ્રી** : પાઠશાળામાં સમ્યગ્જ્ઞાન ભણાવનાર વ્યક્તિ જ્ઞાનદાન કરીને તેના બદલામાં પગાર ન લે, એ મુખ્ય માર્ગ છે. જ્ઞાન કંઇ વેચવાની ચીજ નથી. પરંતુ જે વ્યકિતને આજીવિકાનું બીજું સાધન નથી, પાઠશાળા ભણાવે છે, પગાર ન લે તો આજીવિકા ચાલે તેમ નથી, તે કદાચ આજીવિકા માટે લેતો હોય તો તે જુદી વાત છે; પણ એ ન છૂટકે લેવું પડે છે, તેનું તેને દુઃખ હોવું જોઇએ. 'મહેનત કરીએ છીએ અને લઇએ છીએ.' એવું ગર્વપૂર્વક બોલવું ન જોઇએ. સમ્યગ્જ્ઞાનનો વેચીને ઉપયોગ ન થાય એ જ ખરેખર તો લાભદાયી છે. પરંતુ તે

શક્ય ન બને અને ન છૂટકે લેવું પડે તો ય શક્તિસંપન્ન બની ગયા પછી તો તે લેવાનું બંધ જ કરે. શ્રી સંઘે તેવા શિક્ષકને એવો સંભાળી લેવો જોઇએ કે તેને આજીવિકા કે કુટુંબ નિર્વાહની કોઇ ચિંતા કરવી ન પડે, જેથી તે પોતાની સઘળી શક્તિનો બાળકોને સમ્યગ્જ્ઞાન આપવામાં, સમ્યગ્દર્શન પમાડવામાં અને સ્થિર કરવામાં તથા સમ્યક્ચારિત્રના પ્રેમી બનાવવામાં સદુપયોગ કરે. હવે જે વ્યકિત પાઠશાળામાં શિક્ષક તરીકે કામ કરે છે તે ય જો ગમે તેમ કામ કરે, એક-બે કલાક જેમ તેમ ભણાવી આવે, અડધું ભણાવે-અડધું ન ભણાવે, સમયસર આવે-ન આવે, વિદ્યાર્થી ઉપર બરાબર ધ્યાન આપે ન આપે પોતે સારા આચાર-વિચાર જાળવી સારા આચાર-વિચાર શિખવવા પ્રયત્ન ન કરે. તો આ પાઠશાળાની નોકરીમાં ય અનીતિ કરી કહેવાય. માટે હૈયું ચોખ્ખું બનાવી દરેક રીતે નીતિમય જીવન જીવવા પ્રયત્નશીલ બનો.

૪૫૩. સભા : લોટરીમાં કમાણી થાય એમાં પાપ નહિ ને ?

પૂજ્યશ્રી : 'વિના હક્કનું લેવાની બુદ્ધિ' એ મોટું પાપ છે. જુગાર, લોટરી વિગેરેમાં બીજા પાપોની સાથે આ પણ એક મોટું પાપ સમાયેલું છે. 'બીજાને ન મળો ને મને મળો' એવી બુદ્ધિ એ પણ પાપ છે. તમે જાતે વિચારતા થાઓ તો તમને બધું સમજાશે. (જિ.વ.૮/અં. ૪)

પૂર્વભૂમિકા : તમારી વાણી ઉપર અંકુશ રાખતા શીખો. શું બોલાય અને શું

લખાય, તે બરાબર સમજો. નાના કે મોટા કોઇની પણ નિંદા બોલાય કે લખાય નહિ. તમારી પાસે કોઇ બીજાની નિંદા કરવા આવે તો તેને કહો કે-ભાઇ ! તારે જેની વાત કરવી હોય તેને સાથે લઈને આવ. તે સિવાય મારે બીજાની ખોટી વાત સાંભળવાનો નિયમ છે. હવે તમે બોલો કે અમે 'કોઈની નિંદા કરીશું નહિ કોઈ અમારી પાસે બીજાની નિંદા કરશે તો તેને સાંભળશું પણ નહિ.' આ નિયમ કરવો છે ? આજે તો સાધુ સાધ્વીએ પણ આ નિયમ કરવાની ખાસ જરૂર છે. આ નિયમ લઈ લેવો સહેલો છે પણ તેનું પાલન તો હજારોમાં કોઈક જ કરી શકે તેવું છે.

**૪૫૪. સભા : પોતાના સાથીને ખરાબીથી બચાવવા કોઇની વાત કરે તો ?**

**પૂજ્યશ્રી** : સાથીદારના આત્માનું અહિત ન થાય તેવી ચિંતાવાળો, પોતાનો સાથીદાર ખરાબના સંગમાં ફસી ન જાય તેટલા પૂરતી જ હિતબુદ્ધિથી ચેતવણી આપે, તે આખી જુદી વાત છે; પરંતુ ઓટલે બેસી કે ચોરે ને ચૌટે કોઈની વાતો કહેતો ફરે, તે તો નિંદકમાં જ ખપે.

**૪૫૫. સભા : નિંદા કોઈની કરીએ નહિ પણ નિંદાવાળા લખાણો વાંચીએ તો તેમાં પણ વાંધો ?**

**પૂજ્યશ્રી** : નિંદા એ વિષ્ટા જેવી છે. વિષ્ટા ચાટવાનું મન કોને થાય ? નિંદાવાળા લખાણો વાંચવા એ પણ ગુનો છે. તમારે શા માટે એવા લખાણો વાંચવા છે ? હકીકત જાણીને તે વ્યક્તિનું હિત કરવા માટે કે ખાલી આનંદ

અનુભવવા માટે ? ફલાણા બે કેવા ઝઘડે છે ? ફલાણાની ઠીક ઝાટકણી કાઢી છે; ફલાણાની બધી વાત બહાર પડશે ત્યારે તેને ય ખબર પડી જશે. વગેરે રસને પોષવા માટે જ એવું વાંચવાનો રસ છે ને ? એ રસ ભારે નુકશાન કરશે. આ વાત તમે બધા સમજી ગયા ને ? તમે બધા છો તો શાણા, પણ હવે શાણપણનો ઉપયોગ કરવા માંડો.

**૪૫૬. સભા : બીજાની સાચી વાત બોલવામાં નિંદા શી રીતે ?**

**પૂજ્યશ્રી** : આ વાત પહેલાં થઇ છે તમારી ખરાબીની જેટલી સાચી વાતો છે તેટલી તમે કદી અમને કહી છે ખરી ? એ કહેવા માંડો. એમાં નિંદા નથી. ભગવાનનું શાસન કહે છે કે ખરાબ વાત કર્યા વિના રહેવાતું ન હોય તો જાતની ખરાબ વાતો બોલવી. સારી વાત કરવી હોય તો બીજાની કરો. સ્વપ્રશંસા અને પરનિંદા, એ તો દુર્જનનું લક્ષણ છે. પર પ્રશંસા અને સ્વનિંદા, એ સજ્જનોનું લક્ષણ છે. પ્રશંસામાં વિવેક જરૂર હોવો જોઇએ પરંતુ નિંદા તો કોઇની પણ ન થાય. જૈનશાસન પામ્યા છો તો હવે નિંદાના પાપથી જરૂર બચો.

**૪૫૭. સભા : આપ અહિં ઘણી વાતોનું ખંડન કરો છો, તો તે નિંદા નથી ?**

**પૂજ્યશ્રી** : હું અહીં કોઇ વ્યક્તિનું ખંડન કરતો નથી. હું તો એમ સમજાવું છું કે-'આવું આવું કરવું તે ધર્મ છે અને આવું આવું કરવું તે અધર્મ છે. આવું આવું કરે તે ધર્મી કહેવાય. અને આવું આવું કરે તે અધર્મી કહેવાય. ધર્મી હોય તે આવું કદી કરે નહિ, વગેરે'. આ રીતે વસ્તુ સ્થિતિનું નિરૂપણ કરવામાં નિંદા

નથી. ખોટાનું ખંડન તો બધાને ગમવું જ જોઇએ. તમે વસ્ત્રો પહેરીને બેઠા છો, તે વસ્ત્રો માત્ર સોય-દોરાનો ઉપયોગ કરીને જ બનાવ્યા છે કે તેના ઉપર પહેલા કાતર ચલાવવી પડી છે ? કાતર ચલાવી કાપડનું ખંડન કર્યા વિના વસ્ત્રો સીવાતાં નથી. પાયો ખોધ્યા વિના મકાન પણ ચણાતું નથી. મકાન જેટલું વધારે ઊંચું તેટલો પાયો વધારે ઊંડો ખોદવો પડે. આ બધું બરાબર સમજો- ખાલી 'ખંડન-ખંડન'- સમજ્યા વિના ન બોલો.

હું અહીં બેસીને બોલું કે બે ને બે સાડા ત્રણ. તો તમારે વિરોધ કરવો પડે ને? કે કબુલ રાખી લો ? કહો કે વિરોધ કરવો જ પડે-કહેવું પડે કે બે ને બે ચાર જ થાય, સાડા ત્રણ કદી ન થાય આવો વિરોધ કરનારો ડાહ્યો કહેવાય, ખંડન કરનારો ન કહેવાય. તેનો વિરોધ કોઇ ન કરે, ઉલટું તેનો વિરોધ કરનારનો જ વિરોધ થાય. (જિ. વ. ૮/અં. ૫)

૪૫૮. સભા : પ્રેમ અને મોહમાં ફેર ખરો ?

પૂજ્યશ્રી : ફેર ખરો, પણ આજે બહુલતયા દુનિયામાં જેને પ્રેમ કહે છે તે મોહ છે. કંઇક ઠીક દેખાતો પ્રેમ પણ મોહના ઘરનો છે. સાચા પ્રેમનો અર્થ તમને પાલવશે નહિ. દીક્ષા લેવાની ભાવના એ જ માતા પિતા પરનો સાચો પ્રેમ છે. એની પાછળ રૂએ એ ખોટો પ્રેમ, ન રૂએ એ સાચો પ્રેમ. આ વાત તમારા માનવામાં આવશે ? માટે તમે જેને પ્રેમ કહો છો તેને હું મોહના ઘરનો કહું છું.

(જિ. વ. ૧૧/અં. ૨૩-૨૪)

**પૂર્વભૂમિકા : ચાર પુરુષાર્થમાં હેય–ઉપાદેય :** ધર્મને ગૌણ કરી અર્થ-કામને મુખ્ય બનાવવાની આજે કાર્યવાહી ચાલે છે અને એનાં આ પરિણામો છે. હાલ કેટલાક શ્રાવકો પણ એમ કહે છે કે-'ધર્મને હમણાં ગૌણ કરો અને દુનિયાને પૈસે ટકે ભરપૂર બનાવો.' ધર્મને બદલે અર્થ કામની મુખ્યતા હોય એવો કોઇ કાળ હોય ?

પુરુષાર્થ ચાર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. સમ્યગ્દષ્ટિ માટે અર્થ-કામ હેય છે અને મોક્ષ અને એના માટે ધર્મ ઉપાદેય છે. જેઓ કામને સાધ્ય અને અર્થને સાધન માને તે મિથ્યાદષ્ટિ છે. જેઓ મોક્ષને સાધ્ય માની ધર્મને તેનું સાધન માને તે સમ્યગ્દષ્ટિ છે. તેનાથી કપટ ન થાય, એ કોઇને લુંટે નહિ, કેમ કે એ બધું અનિત્ય માને છે-જેનું મોક્ષ સાધ્ય તેનું સાધન શું ? દાન, શીલ, તપ અને ભાવ. જેનું સાધ્ય ભોગ તેને જરૂર અર્થની. એનાથી દાનાદિ ધર્મ થાય ? એને માટે કહેવાય તો ય વિચારે કે-'મહારાજ તો કહે પણ આજે કાંઇ કમાયો ?' ગયે વરસે પાંચ લાખ કમાયો એ ન વિચારે પણ આ સાલ ન કમાયો એ વિચારે.

---

**૪૫૯. સભા : દાન, શીલ, તપ, ભાવ ગમે કોને ?**

**પૂજ્યશ્રી** : મોક્ષને સાધ્ય અને ધર્મને સાધન માને તેને કે કામને સાધ્ય અને અર્થને સાધન માને તેને? આજે તો સારા સારા શ્રાવકો, મંદિર, ઉપાશ્રયનો વહિવટ કરનાર ટ્રસ્ટી બનેલા શ્રાવકો કહે છે કે- એકલી ધર્મ કરવાની વાતો હવે બંધ કરો! આવું કહેનારાના હાથમાં મંદિરના વહિવટ હોય

પછી સ્થિતિ શું થાય ? દુનિયામાં જાહેર કરો કે મંદિર, ઉપાશ્રય અને ધર્મસ્થાનોના ટ્રસ્ટી તે જ થઇ શકે કે જેઓ અર્થકામને હેય માનતા હોય, મોક્ષને સાધ્ય અને ધર્મને મોક્ષના સાધન તરીકે માનતા હોય. તમે જાહેરાત કરો પછી પેલાઓ ઉંધી પ્રવૃતિ કરતા હોય તો દુનિયાની નજરે પણ ખોટી જણાય. આવું જાહેર કર્યા વિના હવે તમારો છૂટકો જ નથી. જેઓ મુક્તિને માનતા નથી, જેમને મુક્તિ જોઇતી નથી, ગમતી નથી, જેમને ધર્મની કિંમત નથી, એવા વહિવટદારો અવસરે શું કરશે ? જરૂર પડે તો લૂંટારો પણ શેઠને સલામ કરે, પગ પણ દાબે, પણ એની કિંમત શું ? એ તો દાવ શોધતો રહે અને કોઇ ન હોય ત્યારે પગ દાબતાં દાબતાં ગળુ પણ દાબી દે. વાણીયો પણ કહે છે કચરો કાઢનારો પાંચ રૂપિયાનો પગારદાર પણ પ્રામાણિક જોઇએ. કચરામાંથી જડેલી પાવલી ખીસ્સામાં મૂકે એવો ન ચાલે. પગારમાં કદી પાંચના સાત આપે પણ વસ્તુ ઉપાડી ખીસ્સામાં ન મૂકે એવો નોકર શોધે. તેમ અહીં ટ્રસ્ટીઓ ધર્મની ગાદીને વફાદાર હોવા જોઇએ.

આપણી વાત એ ચાલે છે કે સમ્યગ્દષ્ટિ શ્રાવક ભૂત ભવિષ્યને વિચારે અને વર્તમાનને ભૂલે. વર્તમાનને કદી જુએ તો પણ એટલા પૂરતો જુએ કે તેમાં પ્રભુની આજ્ઞાનું પાલન કઇ રીતે વધુ થાય. ચાર પુરુષાર્થમાં સમ્યગ્દષ્ટિ માટે બે ઉપાદેય છે. અને અર્થ-કામ એ બે હેય છે. એ જચે તો સંસાર ઓળખાયો કહેવાય-નહિ તો સંસાર ભયંકર લાગે ? રોજ સંસારની ભયંકરતા વર્ણવાય છે, અનુભવાય છે, છતાં હજી એ વાતમાં શંકા રહે છે, એનું કારણ ? કારણ કે અર્થ-કામ ઉપાદેય મનાઇ ગયા છે. મોઢે ગમે તેમ બોલે પણ હૈયાને પૂછો.

અહીંથી બહાર જઈને એવું બોલનારા પણ સાંભળ્યા છે કે- 'મહારાજ તો કહે પણ પૈસા વિના ઘી દૂધ આવે ? લુક્ખા રોટલા ગળે કઈ રીતે ઉતરે, તે મહારાજને શું ખબર પડે ? પાડોશી મોટરો દોડાવે અને અમે પગ ઘસતા ચાલીએ તો મનને કાંઈ થાય નહિ ? પેલો વિલાયત જઈ આવ્યો અને અહીં તો હજી સ્ટીમર પણ જોવા મળી નથી. કેવી કમનશીબી ! પૈસા વિના આ બધું શી રીતે થાય ? મહારાજ તો પૈસા છોડવાની વાતો કરે પણ અહીં તો પૈસા વિના ડગલું પણ ભરાતું નથી' આવું આવું બોલનારા અમારૂં માપ કઈ રીતે કાઢે છે તે વિચારો.

વળી કહે છે કે 'સાધુઓએ આ બધું સમજી ગૃહસ્થો સુખી બને, મોટર, બંગલા બગીચાવાળા બને એવી યોજનાઓ ઘડી સમાજ સમક્ષ મૂકવી જોઈએ.' જો આવું કાંઈ કરે તો એ દેશકાળના જાણ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને સમજનારા કહેવાય. આ તો પાટે બેઠા કે બધું મૂકવાની જ વાતો કરે તે આ જમાનામાં કેમ ચાલે ? આવું બોલનારા સાથે અમારો મેળ કઈ રીતે મળે ?

હું તો કહું છું કે ભૂત-ભવિષ્યને ભુલનારા અને કેવળ વર્તમાનને ઈચ્છનારાએ જૈનસાધુના વ્યાખ્યાનમાં આવવું જ નહિ. આવવા માટે એક બારી ખુલ્લી છે તે એ કે વર્તમાનમાં પણ સુખ પૂર્વક જીવી શકાય એ માટે નીતિ વગેરેના પાઠ શીખવા માટે આવવું હોય તો ભલે આવે. પણ ખાત્રી છે કે જેને ભવિષ્યનો ડર નહિં તે નીતિના પાઠ સાંભળવાનો કે અમલમાં મૂકવાનો નહિ. કદી નીતિનો દેખાવ કરે તો યે એ આડંબર હશે-એવાઓ ક્યારે અનીતિ તરફ ખેંચાય એ કહેવાય નહિ.

જેઓ ભૂત-ભવિષ્યનો વિચાર નથી કરતા તેઓ વર્તમાનની ધર્મક્રિયા કરે શા માટે? એ ધર્મક્રિયા એમને આપે શું ? દાન કરવામાં તો આપવાનું છે, શીલ પાળવામાં ભોગસામગ્રીનો કાપ છે, કાયા અને ઇંદ્રિયો પર અંકુશ આવે છે, તપ કરવામાં છતી સામગ્રીએ ન ખાવું કે ઓછું ખાવાનું થાય છે અને ભાવમાં કોઇનું ભૂંડું ઇચ્છવા પર પ્રતિબંધ મૂકાય છે. આ બધું એને કેમ ફાવે ? આવા જીવો દાન, શીલ, તપ અને ભાવ કઇ આશાએ કરે? કોઇ કહેશે કે નામના માટે, પણ નામના માટે દાન, શીલ તપ ભાવ વાસ્તવિક સ્વરૂપે થતાં નથી. સાચું દાન તે દઇ ગયા કે જે લક્ષ્મીને અસાર માનતા. લક્ષ્મીની તેમને કિંમત ન હતી. કેમ? સંસાર જેવો છે તેવો તેઓ જોઇ શક્યા માટે. એ જીવો તત્ત્વશ્રદ્ધાળુ હતા. એવા જીવો સંસાર સાગરમાં રમે નહિ

**૪૬૦. સભા : અર્થ–કામ હેય છતાં એ પુરુષાર્થ કેમ ?**

**પૂજ્યશ્રી** : કારણ કે એ પણ મળે છે પ્રયત્નથી માટે પુરુષોથી એ ઇચ્છાય છે એ દષ્ટિએ, પણ એને પુરુષાર્થ કહ્યા છે પણ છે તો એ હેય જ.

(જિ. વ. ૧૨/અં. ૮)

**પૂર્વભૂમિકા :** આજે તો તમે બે મહત્વના સ્થાન નક્કી કર્યા છે. એક બંગલો અને બીજું બજાર. મંદિર અને ઉપાશ્રય તો ફુરસદ મળે ત્યારે. બાકી મનમાં તો તો ચોવીશે કલાક હવેલી અને પેઢી-અહીથી મોટરમાં ઊપડે એટલે ત્યાં અને ત્યાંથી ઊપડે કે સીધો અહીં. જાણે ફેરી કરનારો ફેરિયો દુકાને નોકર એની રાહ જુએ, ઘરે પત્ની રાહ જુએ. મંદિરે કદી આવે તો કપાળમાં ચાંલ્લો કરી

ભગવાનને હાથ જોડી રવાના થાય. કદી પૂજા કરતાં ભગવાન પાસે વીતરાગતાનો અંશ માગ્યો ? આ ઘર તથા પેઢીનાં આંટાથી કંટાળ્યાની ભગવાન પાસે કદી કબૂલાત કરી ? અરે, મોટર પણ દોડાવે એવી કે છાતીમાં પવન ભરાઇ જાય, કેમકે 'ટાઈમ ઈઝ મની' હવે આવાઓ આજે કહે છે કે - 'અમને શેઠિયા કહો !' હું તો એવાને વેઠિયા કહું. અમે શેઠ કહીએ તો એને ત્રણ શેર લોહી ચડે અને કહે કે- 'મહારાજ કાંઇક વહેવારૂ બન્યા' નહિ તો કહેશે કે મહારાજ વ્યવહાર પણ જાણતા નથી.' પણ જૈન શાસ્ત્ર એવા વ્યવહારને માનતું નથી. ઠીક છે કે રાજાને રાજન્ કહીએ અને સામાન્યને સામાન્ય સંબોધન કરીએ. કોઇને કડવું અને કોઇને મીઠું કહીને પણ દેવાનું તો એક જ લક્ષ્મી વગરનાને કહેવાય કે ગભરા મા ! અને લક્ષ્મીવાળાને કહેવાય કે ભાગ્યશાલી ! એમાં મૂંઝાઓ મા ! આમ અલગ અલગ રીતે પણ કહેવાનું તો એક જ. તમે મોટા કહેવાઓ છે પણ ખોટા ન થતા, એમ પણ કહીએ છતાં કહેવાની વાત તો એ જ ને ?

શ્રી આચારાંગમાં કહ્યું છે કે.

**जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ ।**

**जहा तुच्छस्स कत्थइ तहा पुण्णस्स कत्थइ।।**

અર્થ :- જે પુણ્યવાનને કહેવાય તે સામાન્ય જનને કહેવાય. જે સામાન્ય જનને કહેવાય તે પુણ્યવાનને કહેવાય. અર્થાત્ રાજા અને રંકને કહેવાનું તો એક જ છે. રંકને કમાવવાનું કહે અને રાજાને ભોગવવાનું કહે તો ધર્મની વાત કરશે કોણ ?

સભા : તમે છો ને ?

પૂજ્યશ્રી : પત્યું પછી ? મારી વાત તમારા કાન સુધી પહોંચે છે ક્યાં ? એ પહોંચે તો કામ થાય.

---

૪૬૧. સભા : જન્મની જે વેદના કહી તે એવડું બચ્ચું કેમ સહે ?

પૂજ્યશ્રી : એ ન સહે તો જાય ક્યાં ? કર્મસત્તા એ કાંઇ જોતી જ નથી. પાણી તથા ચાહ વિના ન ચાલે એમ કહેનારા ઘણાને જ્યારે કેન્સર જેવો રોગ થયો, ત્યારે મહિનાઓ સુધી એના વિના ચલાવ્યું ને ? ઘણા કહે છે કે-'મારે બોલ્યા વિના ન ચાલે'-પણ જબાન બંધ થઇ જાય ત્યારે શું કરે છે ? નારકીને દુઃખ કેટલું ? આપણાથી સાંભળી ન શકાય એટલું વર્તમાનમાં તો સૌને એક છેવઠું સંઘયણ છે પણ તેમાં સામાન્ય ફેરફાર હોય. એવા સંઘયણવાળા પણ વધારે સહે છે એ નથી જોતા ? અમુક સંઘયણમાં વધારે સહન કરી શકે એ વાત ખરી પણ ત્યાં દુઃખ ઓછું માનવાને કારણ નથી.

જન્મની પીડાને ન માનો તો પણ વ્યાધિ, જરા, રોગ, શોક, મૃત્યુ આદિ તો નજરે દેખાય છે ને ? જન્મની પાછળ જ આ બધા ઉપદ્રવો છે ને? આવા સંસારમાં રહેવાની ઇચ્છા થાય? આ તો એવા છે કે જન્મ, જરા, રોગ, શોક આદિ જોઇએ નહિ પણ સંસાર રાખવો છે, તો એ બને? સંસાર રાખ્યો તો આ બધું કપાળે લખાયેલું જ છે. સંસાર કલેશકારી છે એવી સમજ સમ્યગ્દષ્ટિના હૈયામાં કાયમની હોય.

---

** દુઃખગર્ભિત વૈરાગ્ય દૂધના ઉભરા જેવો છે.*

૪૬૨. સભા : 'શરીરની મજબૂતી વિના ઇંદ્રિયો અને મન કાબૂમાં આવે ?'
પૂજ્યશ્રી : શરીરને બગાડનાર જ ઇંદ્રિયો તથા મન છે. એના પર કાબૂ નથી માટે તો શરીર બગડે છે. ક્ષયના દર્દીને ડોક્ટર પણ મન કાબૂમાં રાખવાનું કહે છે. ઇંદ્રિયો છૂટી મૂકવાથી તો ક્ષય થયો.

શરીર નબળું છતાં મનોબળ મજબૂત, એવા ઘણા જોયા છે. જાડા શરીરવાળાને પણ અવસરે નાસભાગ કરતા નથી જોયા ? મન તથા ઇંદ્રિયો જેમનાં દુનિયાના વિષયોમાં રક્ત છે તેઓ કદી કોઈ કામમાં ઠેઠ સુધી ઊભા નહી રહેવાના. આખર સુધી તે જ ઉભા રહેશે, જેના મન તથા ઇંદ્રિયો પર કાબૂ હશે.

**ઈંદ્રિયો તથા મનને કાબૂમાં રાખે તે જ સાચો બળવાન :**

લાખો સુભટો વચ્ચે રણમેદાનમાં ઝઝૂમવું સહેલું પણ સ્ત્રીના કટાક્ષ પાસે ટકવું મુશ્કેલ છે. એવા કંઈ પરાક્રમીઓ પણ રૂપવતી સ્ત્રીને જોઈને પાગલ થઈ ગયા, રાજપાટ ગુમાવી તારાજ થઈ ગયા, ન્યાયનીતિ ભૂલ્યા, રાજા પ્રજાનો સંબંધ ભૂલ્યા અને કર્તવ્યાકર્તવ્યનો વિચાર પણ ભૂલ્યા. એવાં બળ મળ્યા તો યે શું અને ન મળ્યા તો યે શું ?

કેવળ કૂદાકૂદ કરવાથી બળ મળે ? અને માનો કે કદાચ મળ્યું તો પણ એથી એનું મન શુદ્ધ થયું ? બળવાનને વિકાર થાય કે નહિ ? ઈંદ્રિયો અને મનનું દમન થાય ક્યારે ? દમન કરવામાં બળ કારણ નથી પણ વિષયોની વિરક્તિ કારણ છે. સ્વપરનો વિવેક જાગે તો દમન થાય. હાનિકર અને લાભકર ચીજના ભાનથી દમન થાય. માતા, બેન અને સ્ત્રીનો વિવેક કોણ રાખશે ? કહો કે 'સંયમી.' વિષયાંધ બનેલો તો ત્રણેને સમાન રીતે જ જોશે. જેને ઈંદ્રિયો તથા મન કાબૂમાં છે તે કદી પણ અનુચિત આચરણા નહિ કરે.

**૪૬૩. સભા : નબળાને ગુસ્સો જલદી આવે છે બળવાનને એટલો જલદી નથી આવતો, તેનું શું ?**

**પૂજ્યશ્રી** : કયા બળવાનને નથી આવતો ! એ નક્કી કરો. માટે તો ક્ષત્રિય શબ્દનો ગુણવાચક અર્થ કર્યો કે 'નિર્બળને બચાવે તે ક્ષત્રિય'. ત્યાં અલમસ્ત હોય કે કેવળ બળવાન હોય તે ક્ષત્રિય એવો અર્થ ન કર્યો. આજે તો સેંકડે પંચોતેર ટકા એવા છે કે જે નિર્બળને જ સતાવે છે. નબળાને બચાવનારા બળવાન બહુ થોડા. દુશ્મન પ્રત્યે પણ જેને ખરાબ ભાવના ન આવે એવા કેટલા ? આ શાસ્ત્ર તો ઇંદ્રિયો તથા મનને દમવાની વાત કરે છે જ્યારે આ પ્રશ્નકાર કેવળ શરીર-બળને ખીલવવાની વાતને જ આગળ કરે છે. શરીર બળવાન બને અને મન અને ઈંદ્રિયો કાબૂમાં ન હોય તો પરિણામ શું ?

**૪૬૪. સભા : બળવાન શરીર ઈંદ્રિયો તથા મનને બહેકાવે ?**

**પૂજ્યશ્રી** : મોટેભાગે બહેકાવે. ઈંદ્રિયો તથા મનને કાબૂમાં રાખવા એ જ બળનો સદુપયોગ છે. પણ એવા બળવાન કેટલા ? બહેકી ગયેલી ઈંદ્રિયો તથા મન બળવાન શરીરનું પણ સત્યાનાશ વાળે છે. પૂર્વના બાદશાહોના ઈતિહાસ જાણો છો ને ? લલનાઓમાં લંપટ બનેલા તેઓ સ્ત્રીઓના ટોળાં વચ્ચે જ પડ્યાં રહેતા. છતે બળે અને છતી સામગ્રીએ દુશ્મનો સામે એ કારણે જ હારી ગયા અને પાયમાલ થયા. પોતાના બળના યોગે તો એમણે પ્રજા પર ત્રાસ વર્તાવ્યો. લોકમાં બદનામ થયા. પ્રજા પણ ઇચ્છતી કે 'આ પાપી જલદી મરે તો સારૂ.' બળ ઘણું હતું, રણમાં દુશ્મનને હંફાવતા, ભોગ પણ ઘણા

ભોગવ્યા પણ અંતે સાધ્યું શું ? દશા શી થઇ ? માટે સાચો બળવાન તે કે જે મન તથા ઇંદ્રિયોને કાબૂમાં રાખે. એ ભોગ પણ કદાપિ કરે તો પણ એ એમાં આંધળો ન બને. મોટે ભાગે અનાસકત હોય.

---

**૪૬૫. સભા : કેવળજ્ઞાન અને શરીરબળને સંબંધ કેટલો ?**

**પૂજ્યશ્રી** : જેની ઇંદ્રિયો કાબૂમાં હોય, જેનું મન સ્થિર હોય, તેની કાયા ભલે લથડતી હોય તો પણ તેનું કેવળજ્ઞાન અટકતું નથી. કાયા અલમસ્ત હોય પરંતુ મન અને ઇંદ્રિયો રખડતાં હોય તો તેને કદી કેવળજ્ઞાન થતું નથી.

ખંધક મુનિની કાયા તો લથડતી હતી ને ? તેમની એ વખતની કાયાની સ્થિતિ જોઇને તો બેનની આંખમાં આંસુ આવે છે અને વિચારે છે કે -'ક્યાં આ મારો ભાઇ ! જે રાજકુમાર હતો તે અને ક્યાં તેની આ આજની દશા !' કાયા કેવી થઇ હતી ? જ્યાં પગ મૂકવા ધારે ત્યાં પગ પડતો ન હતો. લોહી માંસ વિનાના હાડકાં તો એવાં થયા હતાં કે ચાલે ત્યારે ગાડાના પૈડાની જેમ ખખડે. ભાઇની આવી કાયા જોઇને બેનની આંખમાં તો આંસુ આવી ગયા પણ રાણીની આંખમાં આંસુ જોઇને રાજાને તે વખતે ઊલટો જ વિચાર આવ્યો. અને લાગ્યું કે નક્કી આ રાણીનો કોઇ યાર હોવો જોઇએ. અવિચારી રાજાએ ગુસ્સાના આવેશમાં મારાઓને મુનિની જીવતી ચામડી ઊતારવા મોકલી દીધા. એ મારાઓએ મુનિની જીવતી ખાલ ઊતારી. એ ખાલ ઊતરતાં મુનિના કર્મમલ પણ સાફ થયા અને કેવળજ્ઞાન થયું. એ વખતે કાયામાં બળ હતું ?

કાલસૌકરિકની કાયા મજબૂત હતી ને ? છતાં નરકે કેમ ગયો? ગોશાળો તથા જમાલી કાયાથી નબળાં ન હતાં છતાં ક્યાં ગયા ? તમારી વાત તો એવી છે કે દાન એ ધર્મ પણ લક્ષ્મી વિના દાન ન દેવાય માટે લક્ષ્મી એ જ ધર્મ. જેવી આ વાત છે તેવો તમારો પ્રશ્ન છે. લક્ષ્મી એ ધર્મ છે ?

(જિ. વ. ૧૪/અં. ૩-૪)

**૪૬૬. સભા : ઇંદ્રિયોની આધીનતા અને ઇંદ્રિયોનો નિગ્રહ એ બેમાં કુદરત સામે બળવો કોને કહેવાય ?**

**પૂજ્યશ્રી** : મહાસુખભાઈએ કહેલી આ વાત છે. અહિ તમે કુદરત કોને કહો છો ? એ તો કહે છે કે બાળપણામાં રમવું, જુવાનીમાં વિષય સેવન કરવું. પ્રૌઢાવસ્થામાં છોકરાં સાચવવા અને વૃદ્ધપણામાં લાળ કાઢવી એ ધર્મ, એ કુદરત. મરતી વખતે હાથપગે ઘસતા ઘસતા મરવું અને પછી લાકડામાં સળગી મરવું એ કુદરત, અને એ બધાથી વિપરીત કરવું એ બળવો. સંયમ પૂર્વક જીવન જીવવું અને મરણ વખતે પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતા મરવું એને એ કુદરત સામેનો બળવો કહે છે. એ બળવો અમને મંજૂર છે.

**૪૬૭. સભા : 'કુદરત એટલે શું ?'**

**પૂજ્યશ્રી** : અહીં એ 'કર્મ' નો પર્યાયવાચી શબ્દ છે.

(જિ. વ. ૧૪/અં. ૩-૪)

**૪૬૮. સભા : જૈનોને સાત વ્યસનનો નિયમ તો હોય જ ને ? એ સાત વ્યસન કયા ?**

**પૂજ્યશ્રી** : ૧. માંસ ૨. મદિરા ૩. શિકાર ૪. ચોરી ૫. જુગાર ૬. પરસ્ત્રીગમન ૭. વેશ્યાગમન આ સાત વ્યસનને સેવનારો ઘોરાતિઘોર નરકમાં જાય છે. એમ શાસ્ત્રો કહે છે.

---

**૪૬૯. સભા : 'સટ્ટો અને રેસ એ જુગાર કહેવાય ને ?'**

**પૂજ્યશ્રી** : જરા થોભો ! સટ્ટો એ જુગારનો બાપ છે, પણ જેઓ સટ્ટાના વેપારમાં સપડાયા જ છે અને એના સિવાય બીજો ધંધો કરી શકે એમ નથી તેઓ એને ગૌણ રાખીને પણ નિયમ લઇ શકે છે.સાત વ્યસનના ત્યાગીએ સટ્ટો છોડવો જોઇએ. (જિ. વ. ૧૪/અં. ૬)

---

**૪૭૦. સભા : એ લોકો કહે છે કે તમારી વાતનું મંડન કરો પણ બીજાનું ખંડન શા માટે કરો છો ?**

**પૂજ્યશ્રી** : હું જયાં રહું ત્યાં સત્યના પ્રતિપાદન અર્થે અસત્યનું ખંડન કરવાનો જ . એ કાયદો જ સમજવો. એ કર્યા વિના ચાલે જ નહિ.

શાસ્ત્રમાં સમ્યક્ત્વનું વર્ણન કરવા માટે મિથ્યાત્વનું લાંબું વર્ણન કરવામાં આવ્યું છે. એ જ રીતે સુદેવનું સ્વરૂપ સમજાવવા કુદેવનું સ્વરૂપ, વિરતિનું સ્વરૂપ સમજાવવા અવિરતિનું સ્વરૂપ વિસ્તારથી સમજાવી તેનું ખંડન કરવું જ પડે, સુદેવના વર્ણનના ચાર શ્લોક હોય જયારે કુદેવના વર્ણનના ચોવીસ

શ્લોક હોય; વ્રત એક પણ તેના અતિચાર પાંચ. અહિંસા વ્રત લેનારને પહેલા હિંસાની તમામ વાત સમજાવવી પડે પછી વ્રતનું સ્વરૂપ, તેના અતિચાર, દૂષણ વગેરે સમજાવાય ત્યારે એ વ્રત બરાબર પાળી શકે. એ રીતે હું જે નાસ્તિકનું વર્ણન કરૂં છું તે આસ્તિકયની પુષ્ટિ માટે, આસ્તિકો નાસ્તિકોની વાતમાં ન ફસાય તે માટે. (જિ. વ. ૧૪/અં. ૮-૯)

---

**પૂર્વભૂમિકા** : શ્રી જિનેશ્વરદેવ નહોતા મળ્યા ત્યાં સુધી આપણને આપણી આત્મ લક્ષ્મીની ખબર ન હતી. દુનિયાના જીવો માલિકીપણું ખોઈ બેઠા છે કેમ કે આબરૂ વિનાના બન્યા છે. પરભાવમાં મારાપણું માનનારની આબરૂ શી ? પારકી વસ્તુને પોતાની માને તે એક નંબરનો મૂર્ખો. સુખીને મહાલતા જોઈ પોતે મહાલવા લાગે તે પણ મૂર્ખો. ઊઠાવગીર અને ચોટ્ટાઓ એવા જ હોય છે. એ પારકી મીલકતને પોતાની માને છે, ફાવે ત્યાં કાતર ચલાવી લોકોના ખીસ્સા કાતરે છે. જૈનદર્શનની અપેક્ષાએ આપણે પણ એવા જ ઊઠાવગીર છીએ. પર વસ્તુને પોતાની માનવાની મૂર્ખતા કરીએ છીએ. માતા-પિતા, રાજઋદ્ધિ, સુખસાહ્યબી વગેરેમાં સુખની કલ્પના એ વિભાવ છે. આ મહર્ષિ કહે છે કે સંતોષ આવ્યો તો બધા ધર્મ આવ્યા. આપણે ફસ્યા છીએ એવી સમજ આવે તો હમણાં બધી ફસામણનો અંત આવે. કર્મના બંધનથી લાખો વર્ષ ફસામણમાં રહેવું પડે એ બને. શ્રી જિનેશ્વરદેવોને પણ લાંબો સમય ગૃહસ્થાવાસમાં રહેવું પડ્યું ને?

**૪૭૧. સભા : 'આગળ તો જ્ઞાનીઓ ભવિષ્ય કહેનાર હતા.'**

**પૂજ્યશ્રી** : અત્યારે જ્ઞાની નથી એ જ આપણા માટે સારૂં છે. જો જ્ઞાની સો વર્ષનું આયુષ્ય કહે તો આ નામદાર નવાણું વર્ષ, અગીયાર મહિના, ઓગણત્રીસ દિવસ, ત્રેવીસ કલાક, ઓગણસાઠ મીનીટ અને ઓગણસાઈઠ સેકન્ડ સુધી નચિંત જ રહે. એ વિચારે કે છેલ્લી સેકન્ડમાં એવો નવકાર ગણીશ કે સીધો સ્વર્ગે જ જાઉં.

---

**૪૭૨. સભા : 'આવાને જ્ઞાની ભવિષ્ય બતાવે ?'**

**પૂજ્યશ્રી** : બતાવે તો આવો ઉપયોગ કરે એવી લાયકાતવાળા જીવો આજે છે માટે જ્ઞાનીનો વિરહ પણ ભલા માટે છે. શ્રી ભદ્રબાહુ સ્વામીજી બધું નિમિતજ્ઞાન સાથે લઈને ગયા તે આપણા ભલા માટે જ. આજના જીવોને યોગ્યતા મજુબ જ બધું મળ્યું છે. આજે જો કોઈ મરણનો સમય કહે તો ધર્મ ન કરે ને ઊલટો મુંઝાઈ જાય. બધો પથારો સંકેલવામાં એવો પડી જાય કે એમાં ને એમાં ખોવાઈ જાય. જીવવાની વાત કોઈ કહે તો ધર્મ તરફ બેદરકારી વધી જાય! આવી આજની હાલત છે,

---

**૪૭૩. સભા : 'આવા કમનશીબો ઉપર ઉપકાર થાય શી રીતે?'**

**પૂજ્યશ્રી** : દાન ધર્મ ભૂલી ગયા અને 'લક્ષ્મી વિના દાન ક્યાંથી દેવાય?' એ ગોખી રાખ્યું. નજરે જુએ છે કે જગતમાં ઘણાં લક્ષ્મીવાન એવા છે કે જે વગર પૈસાવાળા જેટલું પણ દાન દેતા નથી. આમ છતાં ત્યાં દૃષ્ટિ ન દોડાવતાં બે

ધડક કહી દે છે કે-'લક્ષ્મી ન હોય તો દાન કઈ રીતે થાય?' આવું કહેનારાનું ધ્યેય લક્ષ્મી છે અને દાન તો ઓઠું છે. જ્ઞાનીએ ભાવિ કહેવા છતાં ઉન્માર્ગે જનારા પાપીઓ તે કાળે પણ હતા. ભગવાનને કોણિકને એની છઠ્ઠી નરકની ગતિ કહી ત્યારે એણે શું કહ્યું તે જાણો છો ને? ભગવાનના વચનમાં એને શ્રદ્ધા તો છે, એટલે એ કહે છે કે- 'છઠ્ઠીમાં કેમ જાઉં ? સાતમીમાં કેમ નહિ? છઠ્ઠીમાં તો સ્ત્રીઓ જાય, પુરૂષ છું. માટે મારે તો સાતમી હોય, ભગવાન કહે છે કે સાતમીએ ચક્રવતી જાય, તું ચક્રવર્તી નથી. એ સાંભળી એણે નવા ચૌદ રત્નો બનાવ્યા. ચક્રવર્તી બનવાના ઉપાયો આરંભ્યા અને એ ઉપયોગમાં જ મરીને છટઠી નરકે ગયો. આ રીતે પ્રભુવચન ઉપર શ્રદ્ધા છતાં સાતમી નરકે જવાનો પ્રયત્ન કરનારા આત્માઓ તે કાળે પણ હતા, આજે પણ કેટલાક કહે છે કે- નરકથી અમે ડરતા નથી સાતને બદલે ચૌદ કેમ ખોલતા નથી ? આમ બોલવું બહુ ભારે પડી જવાનું છે. ત્યાં ગયા પછી ખબર પડશે. અહીં ડીગ્રી ત્રણ તાવમાં બુમો પડાય છે અને ડૉકટરને ત્યાં દોડાદોડ થાય છે ત્રણ ડીગ્રીનો તાવ સહાતો નથી તો ચૌદમી નરકની વાત કયા જોરે થાય છે ? આવા કમનસીબો ઉપર ઉપકાર થાય શી રીતે? (જિ.વ. ૧૪/અં. ૧૫-૧૬)

---

પૂર્વભૂમિકા : વચન ક્ષમા :– શાસ્ત્રે કહ્યું માટે જ ક્ષમાનું પાલન કરવું એ 'વચનક્ષમા' દરેક વાત શાસ્ત્રના કહ્યાથી જ કરે. શાસ્ત્રે નિષેધેલાનો ત્યાગ કરે અને શાસ્ત્રે વિહિત કર્યું હોય તેની આચરણા કરે. પોતાનો આત્મા શાસ્ત્રને જ સમર્પિત હોય બીજાને યુક્તિ વગેરેથી બને તો સમજાવે પણ પોતાના

આત્મામાં તો સમર્પણ વિના બીજી ભાવના જ નહિ. 'કોઈ પૂછે કે અમુક કામ કેમ નથી કરતા ? અમુક કામ કેમ કરો છો ? એનો જવાબ એક જ હોય કે શાસ્ત્રે ના કહેવાથી તે તે નથી કરતા અને શાસ્ત્રનું માન હોવાથી તે તે કરીએ છીએ. શાસ્ત્રથી વિપરીત વર્તવામાં લાભ બતાવે તો યે તે ન ઈચ્છે. કોઈ રહેશે કે 'આમ કરો, નહિ તો મરી જશો' તો યે ન ગભરાય કહી દે કે અમારે તો ભગવાન શ્રી મહાવીરદેવે કહ્યું તે પ્રમાણ. એનાથી એક કદમ પણ વિરુદ્ધ ન જવાય. કોઈ ગાંડા કહે તો કબૂલી લે અને કહી દે કે ભલે અમે ગાંડા કહેવાઈએ પણ અમારું હિત શાસ્ત્ર મુજબ વર્તવામાં જ છે. બીજાને યુક્તિથી સમજાવે પણ પોતાનો આત્મા તો ત્યાં કોઈ હેતુ ન માગે. ઘણી વાતો એવી છે કે જ્યાં હેતુ ન હોય પણ ભગવાને કહ્યું તે જ સત્ય માનવાનું. ઘણાં પદાર્થો માત્ર આગમગમ્ય છે, ત્યાં હેતુ ન હોય, હેતુ મળે નહિ અને હેતુ પૂછાય જ નહિ.

**આગમગમ્ય પદાર્થમાં હેતુ પૂછાય :**

**૪૭૪. સભા : એવું દૃષ્ટાંત આપશો ?**

**પૂજ્યશ્રી** : આઠ જવ પ્રમાણનો એક અંગુલ છે. એક અંગુલના અસંખ્યાતમાં ભાગમાં અનંતી નિગોદ છે. તેમાં એક નિગોદમાં અનંતા જીવો છે. એમ શાસ્ત્રે કહ્યું. નિગોદ અનંતી છે, કાળ અનંતો છે, એકેક નિગોદમાં જીવો અનંતા છે અને અનાદિથી અનંતકાળ સુધીમાં ગમે ત્યારે જ્ઞાનીને પૂછાય કે કેટલા જીવો મુક્તિએ ગયા ? તો એનો જવાબ એક જ મળે કે-'એક નિગોદનો અનંતમો ભાગ મુક્તિએ ગયો.' કોઈ કાળ એવો નથી કે જ્યારે આ

સિવાય બીજો જવાબ હોય. અરધી નિગોદ, પા નિગોદ, સોમો હિસ્સો કે બસોમો હિસ્સો, એવો કોઈ જવાબ નહિ. 'એક નિગોદનો અનંતમો ભાગ' એ જ જવાબ.

---

**૪૭૫. સભા : એક ચોક્કસ નિગોદનો અનંતમો ભાગ કે ગમે તે નિગોદનો?**

**પૂજ્યશ્રી** : જીવો નીકળે બધી નિગોદમાંથી પણ એક નિગોદના અનંતમાં ભાગ જેટલા જીવો મોક્ષે ગયા એ તત્ત્વ. અનંતમાં ભાગમાં ઘટવધ થાય પણ ભાગ તો અનંતમોજ રહે.

હજી કોઈ પૂછે કે 'કાળ અનંતા તો અનંત કાળે પણ જીવો પૂરા કેમ ન થાય?' ત્યાં જવાબ આપ્યો કે-'જેટલો કાળ છે તેનાથી જીવ અનંતાગુણા છે.' એટલે અનંતગુણા અને અનંતમો ભાગ, એ હિસાબે વાંધો ન આવે. હવે કોઈ પૂછે કે આ વાત શાથી જાણી ? તો એનો જવાબ એ જ કે કેવળ-જ્ઞાનીએ જોયું અને કહ્યું તેથી. છતાં કોઈ કહે કે 'મને તો નથી દેખાતું ! તો એને કહેવાનું કે-કાં તો કેવલીનું કહ્યું માન, નહિ તો કેવલી થા, પછી તને પણ દેખાશે ! ખૂબી તો એ છે કે જેટલા કેવલી થાય તે બધા એકમતમાં બેસી જાય છે.

---

**૪૭૬. સભા : 'જીવો મોક્ષમાં ગયા જ કરે છે તો ત્યાં જગ્યા ઘટે નહિ?'**

**પૂજ્યશ્રી** : એક દીવો થાય એટલે મકાનમાં બધે પ્રકાશ ફેલાઈ જાય. બીજા દીવાનો પ્રકાશ પણ એમાં સમાઈ જાય. એને બીજી જગ્યા ન જોઈએ. એ જ રીતે લાખો, ક્રોડો કે અબજો દીવાઓનો પ્રકાશ વધે પણ જગ્યાનો અભાવ ન નડે. એ પ્રકાશમાં મનુષ્યો અવરજવર કરે તો યે વાંધો ન આવે. આ દીવા તો

રૂપી છે. આત્માઓ તો અરૂપી છે. એ સિદ્ધના આત્માઓ છે ત્યાં તેમના સિવાય પણ બીજા અનંતાનંત આત્માઓ છે. ચૌદ રાજલોકમાં નિગોદના અસંખ્યાત ગોળા છે. એક ગોળામાં અસંખ્યાતી નિગોદ છે. એક એક નિગોદમાં અનંતા જીવો છે. એક જીવના આત્મપ્રદેશ અસંખ્યાતા છે અને એક એક આત્મ પ્રદેશ પર કર્મના અણુઓ અનંતાનંત છે. હવે આ બધું નજરે જોવા માગે તો દેખાય ? જ્ઞાન થાય ત્યારે જ દેખાય.

**શાસ્ત્ર કયું માનવું ?**

વ્યવહારમાં અનુભવીઓ ઘણીવાર કહે છે કે -'ભાઈ ! અનુભવ કરી જો પછી જ સમજાશે ! બાપને પણ કહેવું છે કે 'દીકરા ! તું ન સમજે. હમણાં તો અમે કહીએ તેમ કર. મોટો થઈશ એટલે બધું સમજાશે. ઘણી ચીજો એવી છે કે જે અનુભવ વિના ન સમજાય. પત્તો જ ન લાગે. માટે જ પંડિત શ્રી વીરવિજયજી મહારાજએ કહ્યું કે :-

**"વેધકતા વેધક લહે, બીજા બેઠા વા ખાય."**

ઘણી એવી વાતો છે કે જેમાં યુક્તિ ન હોય. શાસ્ત્ર કહે માટે જ માનવાની. હવે શાસ્ત્ર કયું માનવું ? ત્યાં જરા થોભો. જે શાસ્ત્ર આપ્તપ્રણિત હોય તે માનવાનું. ત્યારે આપ્ત કોણ? સંપૂર્ણ રાગદ્વેષ અને અજ્ઞાનથી રહિત હોય તે આપ્ત.

ઘણાઓ આક્ષેપ કરે છે કે શાસ્ત્રો પુરુષોએ રચ્યા માટે સ્ત્રીઓને અન્યાય કર્યો. પણ પુરુષનાં રચેલાં શાસ્ત્રો છે એમ માને છે જ કોણ ? પુરુષ તથા સ્ત્રી ઉભય વેદનો જેમનામાંથી નાશ થયો છે એવાં સર્વજ્ઞપ્રણિત શાસ્ત્રો જ માનવાનાં છે.

**૪૭૭. સભા : 'વિચારવાની શક્તિ મનની કે આત્માની ?'**

**પૂજ્યશ્રી** : વિચારનાં પુદ્‌ગલો આત્મા બહારથી ગ્રહણ કરે છે અને મન દ્વારા વિચારે છે. મન એ તો સાધન છે. કોળીયો લે છે હાથ, ચાવે છે દાંત પણ પચાવે છે તો જઠરાગ્નિને ? (જિ. વ. ૧૪/અં. ૨૨-૨૩-૨૪)

**૪૭૮. સભા : પુણ્યથી મળતું સુખ જો ભોગવવાનું ન હોય તો પુણ્ય સુખ આપે છે શું કામ?**

**પૂજ્યશ્રી** : સુખ મળે પુણ્યથી જ. પુણ્ય બંધાય ભગવાનની આજ્ઞા મુજબ આડે હાથે પણ ધર્મ થયો હોય તેથી જ. જીવ કોઈ પણ ઈરાદે ધર્મ કરે તો પણ એ ધર્મ એક વાર તો તેને સુખ આપે જ, પણ પછી ધર્મ પામે જ, એ નક્કી નહીં. પછી ધર્મ તેની પાસેથી ભાગી પણ જાય. મળેલું સુખ જેને બહુ ગમે છે તે મહા મિથ્યાદૃષ્ટિ જીવ છે. સંસારના સુખનો પક્ષપાતી ભગવાનનો ભક્ત નથી પણ દુશ્મન છે. એવા જીવને સાધુ પણ ગમે નહિ અને ધર્મ પણ ગમે નહિ. આ વાત બરાબર સમજો તો આવા પ્રશ્ન ઊઠે નહિ. (જિ. વ. ૧૫/અં. ૨૪)

**૪૭૯. સભા : 'જીવલોકમાં સારભૂત શું ?'**

**પૂજ્યશ્રી** : પ્રથમ ભવનો નિર્વેદ : તે પછી અસદ્‌ગ્રહના વિજયપૂર્વક તત્ત્વાનુસારિતા અને પછી ઈષ્ટફળની સિદ્ધિ : આ માટે વિરુદ્ધ કાર્યોનો ત્યાગ અને ગુરુજનોની ઉચિત પ્રતિપત્તિ : જગતમાં મનાતી ઉત્તમ વસ્તુની માગણી માટે પરમોપકારી પરમર્ષિઓ ફરમાવે છે કે :

"परत्थकरणं च" "परार्थकरणं-सत्त्वार्थकरणं,
जीवलोकसारं पौरुषचिह्नमेतत् ।"

'પ્રાણીમાત્રનું ભલું કરવું. એ આ જીવલોકમાં સારભૂત છે અને એ પુરુષાર્થનું ચિહ્ન છે.'

ખરેખર, પરાર્થ એ જીવલોકમાં સારભૂત છે : પુરુષાર્થ પણ ત્યારે જ દીપે.

(આચારાંગ ભાગ-૧)

૪૮૦. સભા : 'મુક્તિ મેળવવાની જરૂર શી'

પૂજ્યશ્રી : 'જન્મ-મરણ તથા આધિ, વ્યાધિ, ઉપાધિથી બચવા માટે !'

---

૪૮૧. સભા : 'મુક્તિનો ઉપાય શો ?'

પૂજ્યશ્રી : 'પ્રત્યેક પાપનો પશ્ચાત્તાપ અને પાપથી બચાવ.'

---

૪૮૨. સભા : 'પાપનો બચાવ વધારે ક્યાં થાય ? સર્વવિરતિમાં, દેશવિરતિમાં, સમ્યગ્દૃષ્ટિમાં, માર્ગાનુસારીમાં કે મિથ્યાદૃષ્ટિમાં ?'

પૂજ્યશ્રી : 'સર્વવિરતિમાં.'

---

૪૮૩. સભા : 'અમુક ધર્માચરણ મોક્ષહેતુ છે, એ શાથી જણાય ?.'

પૂજ્યશ્રી : 'જ્ઞાની મહારાજા ધર્મનું સ્વરૂપ દર્શાવતાં ફરમાવે છે કે ;

" जत्थय विसयविराओ, कसायचाओ गुणेसु अणुराओ।

किरिआसु अपमाओ, सो धम्मो सिवसुहोवाओ ।। १ ।। ''

'જે ધર્મના સેવનથી વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને શ્રી તીર્થંકર દેવે ફરમાવેલી ક્રિયાઓમાં અપ્રમત્તભાવ આવે, તે જ ધર્મ શિવસુખનો ઉપાય છે.'

**૪૮૪. સભા : 'ઉપર દર્શાવેલી ધર્મસેવનથી પમાતી વસ્તુઓ સાધુ જલ્દી પામે કે ગૃહસ્થ ?'**

**પૂજ્યશ્રી** : 'સાધુ, કારણ કે, જેનામાં વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનરાગ અને ધર્મક્રિયાઓમાં અપ્રમત્તતા પ્રાપ્ત કરવાની ભાવના આવી જાય. તે સંસારમાં કોઈ રીતે રસપૂર્વક ન રહી શકે. કારણ કે, સંસાર એટલે જ વિષયરાગ, કષાયસદ્ભાવ, દુર્ગુણાનુરાગ અને ધર્મક્રિયામાં પ્રમાદઃ જો-એમ ન હોય તો અનંતકાળથી સંસારમાં જ ભટકવા છતાં મુક્તિ કેમ ન થઈ ? કારણ કે, સંસાર પાપરૂપ છે.'

**૪૮૫. સભા : 'તો પછી ધર્મ માત્ર સંસારથી વિરક્તોને માટે જ ને ?'**

**પૂજ્યશ્રી** : 'હા, એમ જ. સંસારની વિરક્તતા વિના ધર્મ હોઈ શકે જ નહિ અને માટે જ પહેલાં સંસારનો ભય ને મોક્ષની કાંક્ષા પેદા થવી જ જોઈએ.'

** કુશાસ્ત્રથી જે વૈરાગ્ય થાય તે મોહગર્ભિત વૈરાગ્ય !*

૪૮૬. સભા : 'એનો અર્થ એ જ ને કે સાધુ એટલા ધર્મી ને બાકીના અધર્મી?'

પૂજ્યશ્રી : 'હા, સંપૂર્ણ ધર્મી સાધુઓ જ કહેવાય. છતાં બીજા અધર્મી નહિ, કારણ કે, થોડો થોડો ધર્મ આચરનાર પણ બાકીના અધર્મથી ભય પામતો જ હોય છે. તેમજ માત્ર ધર્મને જ કલ્યાણકર માની એના આચરણની ભાવનાવાળો પણ અધર્મી કંપતો હોય છે. એટલે એક એકથી ઉતરતા.

૪૮૭. સભા : 'તો પછી દેશવિરતિ ધર્મ અને સમ્યકત્વ ધર્મ કોને માટે ?'

પૂજ્યશ્રી : 'જેઓ સર્વવિરતિ ન સ્વીકારી શકતા હોય તેઓ દેશવિરતિ બને અને તેટલીય તાકાત વિનાના સમ્યગ્દષ્ટિ બને. છતાં ત્રણેમાં પાપની ભીરુતા ને સંયમની રુચિ હોય જ, માત્ર ફરક એટલો કે, એકે પોતાની ભાવનાને સંપૂર્ણ અમલમાં મૂકી, બીજાએ અશક્તિના યોગે થોડો અમલ કર્યો અને ત્રીજો સાવ નિર્બળતાના કારણે અમલ રહિત છે. ટૂંકમાં સંસારની ભીરૂતા વિના મોક્ષરુચિ જન્મે નહિ. મોક્ષરુચિ જન્મ્યા વિના સંયમની ઇચ્છા થાય નહિ એને સંયમની ઇચ્છા થવા છતાં પણ કર્માવરણથી દબાયેલી શક્તિના પ્રમાણમાં અમલ થાયઃ અર્થાત્ સર્વ જીવો દીક્ષા જ લઇ શકે નહિ. માટે તેઓ યથાશક્તિ અમલ કરી શકે. તદર્થે ગૃહસ્થ ધર્મ છેઃ છતાં એમાં ભાવના અને ધ્યેય તો સંયમનું જ. (આચારાંગ ભાગ-૩)

* *જેને માર્ગનું જ્ઞાન ન હોય તેને માટે મૌનમાં જ ધર્મ છે.*

**૪૮૮. સભા : 'સુખ એટલે શું ?'**

**પૂજ્યશ્રી** : સુખ એટલે શાંતિ. વિકલ્પનો અભાવ. કુવિકલ્પ ન ઊઠે એ સુખ.

દુઃખ એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિ. એ ત્રણનો અભાવ તે સુખ.

---

**૪૮૯. સભા : 'પણ એમાં જ આનંદની લાગણી થાય તો ?'**

**પૂજ્યશ્રી** : 'જેને ઉપાધિ સારી લાગતી હોય તેને ઉપાધિમાં પણ આનંદની લાગણી થાય છે. આત્મા પરાધીનતાની મજબૂત બેડીમાં બંધાતો જાય. એ બંધનથી થયેલો આનંદ એ જ ઉન્મત્તાવસ્થા. દુઃખનું પ્રતિપક્ષી એ સુખ છે. દુઃખ તો અનુભવ સિદ્ધ છે, પણ સુખ ક્યારેક આવે છે માટે એનો અનુભવ નથી. દુઃખનો અભાવ થાય એટલે ચિંતા ગઈ. ચિંતા જવાથી થયેલો આનંદ એ પણ એક સુખ છે.

દુઃખનો અભાવ એટલે વિકલ્પોની શાંતિ. કતક ચૂર્ણે તો પાણીમાંથી મેલને જૂદો પાડ્યો, એટલે પાણી સ્ફટિક જેવું થયું. એ એની નિર્મળતા. એ જ રીતે દુઃખના સાધનરૂપ વિકલ્પો ઘટ્યા એ જ દુઃખાભાવ અને એ વખતની સામ્યાવસ્થા એ સુખ. આથી વધુ કહી શકું નહીં. જે કહી શકે એને માટે દેવચંદ્રજી મહારાજા કહે છે કે આ સુખને અનુભવનારા પોતાનો અનુભવ કહેવા માટે પાછા આવતા નથી. કાગળ કે સંદેશો કાંઈ પાઠવતા નથી. આ સ્થિતિમાં મારાથી વધારે શી રીતે કહી શકાય ? ત્યાં ગયેલા આવતા હોત તો વર્ણન કરી

બતાવત. અહીં બેઠા ત્યાંના સુખનો જે સાક્ષાત્કાર કરી શકે છે એનામાં પણ એ સુખનું વર્ણન કરવાની તાકાત નથી. પૌદ્ગલિક સુખનું સ્વરૂપ બંધાય, આત્મિક સુખનું સ્વરૂપ ન બંધાય.

૪૯૦. સભા : 'સમારંભ એટલે ?'

પૂજ્યશ્રી : 'જેમાં પંચેન્દ્રિયનો ઘાત વગેરે બહુ ચાલુ હોય તે સમારંભ. સામાન્ય ક્રિયા એ આરંભ અને વિશેષતઃ હિંસક ક્રિયાઓ એ સમારંભ. આરંભ, સમારંભ માટે અન્ય અન્ય વ્યાખ્યાઓ પણ મળે છે, પણ એ બધાનો સાર એ છે કે કોઈ પણ જીવને કોઇ પણ પ્રકારે દુઃખ પહોંચે એવી પ્રવૃતિ ધર્મીને ગમે નહિ. ધર્મીને ઘેર લક્ષ્મી આવે તો પુણ્યોદય માની ચિંતવે કે સદ્વ્યય વધુ થશે, લક્ષ્મી જાય તો એ માને કે ચાલો ! બલા ગઈ, સાચવવી મટી, જવાની તો હતી જ.

તમારામાં આ બેમાંથી એક પણ ભાવના જણાતી નથી. તમારે ત્યાં લક્ષ્મી આવે તો તિજોરી એકની ચાર થાય, દરવાજે ભૈયા વધુ ગોઠવો, મોટર ગાડી વસાવી લો અને જાય તો માથું કુટો, પણ લક્ષ્મી જવાની તો હતી જ એ ખબર નથી ? આ ભાવના હૈયામાં ઊતરે તો લક્ષ્મી જાય કે આવે તેની પીડા ન થાય. આ તો જન્મતાં, જીવતાં અને મરતાં દરેક પ્રસંગે દીનતા, દીનતા અને દીનતા છતાં કહે છે કે 'અમે સુખી.' (આચારાંગ ભાગ-૭)

** આંખનો ખોટો રસ ક્ષયરોગનું પ્રાયઃ કારણ છે.*

**૪૯૧. સભા : 'ન્યાય સંપન્નવિભવ' નું રહસ્ય શું છે. ?**

**પૂજ્યશ્રી** : આજે તો પૈસા કમાવા એ પણ ગૃહસ્થનું કર્તવ્ય મનાય છે. એવું માનનારા અજ્ઞાન છે. **શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાએ** સ્પષ્ટ લખી નાખ્યું છે કે, 'ન્યાયસંપન્નવિભવ' એ માર્ગાનુસારીનો ગુણ પણ એમાં વિભવ એ ગુણ નથી. 'ન્યાયસંપન્નપણું' એ ગુણ છે. વિભવ તો હતો જ, વિભવ માટે તો દુનિયાની મહેનત ચાલુ જ છે. વિભવમાં જો યોગ્યતા હોત તો એને ન્યાયસંપન્નતાનું વિશેષણ લગાડવાની જરૂર શી હતી ? ન્યાય એ ગુણભાગ છે. **શાસ્ત્રકારે જાણ્યું કે એવા પણ નંગ પાકશે જે વિભવને પકડી લેશે અને ન્યાયને છોડી દેશે. માટે સાફ લખ્યું કે ન્યાય એ વિધાન, વિભવ તો અનુવાદ.** વિભવના ઉપદેશની જગતને જરૂર જ નથી. વગર ઉપદેશે જગત એની પાછળ પડેલું જ છે. જૈનમુનિ ગામમાંથી ચાલ્યા જાય તો પેઢી રસોડાં બંધ થઈ જાય ?

---

સભા : ના,એ તો ઊલટા વધે.

**પૂજ્યશ્રી** : અમે તો એ ઘટાડનારા, છતાં તમે અહીં આવ્યા કેમ ? તમારે અમારું કામ શું ? અમારી પાસે આવો અને અમારું સ્વરૂપ અમે બતાવીએ નહિ તો એ ઠીક ન કહેવાય, શરૂઆતમાં તો અમે મીઠું બોલીએ પણ પછી કઠોર પણ બનવું પડે, કડકાઈની માત્રા વધે. જેમ જેમ અમારી વધુ નિકટ આવો તેમ વધારે સાંભળવું પડશે.

---

** જેટલા રાગી એટલા બધા જ દુ:ખી.*

**૪૯૨. સભા : નજીક આવીએ તેમ વાતાવરણ પણ ઠીક થતું જાય ને ?**

**પૂજ્યશ્રી** : તેમ છતાં નવાને જરા વધુ કડક લાગે !

સમષ્ટિગત કહેવાય તેમાં કોઇને વધુ લાગવાનું કારણ નથી છતાં વધુ લાગે તો માનવું કે કદાચ એનામાં વધુ ખરાબી હશે ! અંધાપો એ મોટી વાત છે. શ્રી જિનેશ્વરદેવ પાસે અને એમના સાધુ પાસે આવવાનો હેતુ નક્કી કરો. જો ભગવાનને રાજી કરવા આવતા હો, સાધુને સારું લગાડવા આવતા હો તો લાભ નહિ મળે. દેવગુરુ પાસે આવવાનું કારણ નક્કી કરો. શ્રી જિનેશ્વરદેવ વીતરાગ છે, તારક છે. એમના પછી એમના પ્રતિનિધિ એમની આજ્ઞા મુજબ બોલનારા અને ચાલનારા ગુરુઓ છે. એ ગુરુ રાગના પડછાયાનો ઉપદેશ ન આપે. ત્યાં તો વૈરાગ્યના પડછાયા હોય આ વાત સમજાય તો વૈરાગ્ય જાગૃત થાય. વૈરાગ્ય થાય તો અહીં પાઘડી ઉતરશે. પાઘડી ઉતરશે તો મોક્ષ મળશે માટે ઘેર કહીને જ આવવાનું કે જઇએ છીયે, આવ્યા તો આવ્યા, નહિ તો ત્યાં બેસી જઇશું માટે રાહ નહિ જોતા.

**સભા : અહીં તો બહાર નીકળેલો ટ્રામ, બસ કે મોટરમાં ક્યારે હડફેટે ચડી જાય તે કહેવાય નહિ, એટલે બૈરાં પણ કહે છે કે, 'આ મુંબઈમાં તો ઘરના આદમી ઘેર આવ્યા ત્યારે આવ્યા કહેવાય'.**

**પૂજ્યશ્રી** : પણ ત્યાં તો ન આવે એ કમભાગ્ય કહેવાય. અહીંથી તો પાછા ન ફરો તો મહાભાગ્ય ગણાય.

શ્રી જિનમંદિર અને ઉપાશ્રય એ બે તરવાની સ્ટીમરો છે. નાણાં ખર્ચવાની તાકાત હોય તે એમાં બેસે. એ બેમાં સિવાય ત્યાગ બીજું કાંઇ ન હોય. ત્યાગ

વિરાગનાં જ ઝરણાં ત્યાં વહેતાં હોય. વિચાર એના, વાત એની અવાજ એના અને ઘોંઘાટ પણ એનો. પૈસા ટકા, માલ મિલકત, ઘરબાર, કુટુંબ પરિવાર એ બધાના ત્યાગની જ ત્યાં વાતો ચાલતી હોય. જ્યાં ભેગા કરાતા હોય ત્યાં ભેગા કરવાની ધમાલ, તેમ જ્યાં કાઢવાના, ત્યાં કાઢવાની ધમાલ, જેવો ધંધો તેવી ધમાલ. તમારા ઘર ચોટ્ટાઓ શાથી ફોડે છે ? એને જોઇએ છે માટે. એટલે તમે એ ચોટ્ટાઓથી કેટલી સાવચેતી રાખો છો ? તેમ અમારે પણ સંયમ સાચવવા બધું કરવું પડે. ચોટ્ટાની ધમાધમથી ડરીને તમે જેમ મીલકત ન મૂકી દો તેમ વિરોધીઓની ધમાલથી ડરીને અમે સંયમ ન મૂકીએ, રત્નત્રયી તો તમારી પણ મીલકત છે ને ? તમે સમ્યગ્દષ્ટિ એટલે રૂપિયા. પૈસા, ટકાને તો કાંકરા જ માનો ને ? ઘરબારને પોતાના માનો એવા ગાંડા તમે તો ન જ હો, કારણ કે બધું મૂકીને જવાનું છે એ તો તમે પણ જાણો જ છો. તમે એ બધું પોતાનું નથી માનતા માટે તમારી પાસે આ બધી વાત કરી રહ્યો છું. પોતાનું જ માનતા હોય તેવાની પાસે આવી વાતો ન કરું.

**૪૯૩. સભા : એમની પાસે પણ કરવી તો પડે.**

**પૂજ્યશ્રી** : ના. એવાને તો ભાનભૂલા કહેવાય. વિષયાધીનો ભાન ભૂલેલા છે. આ વાતો તેમના પનારે ન પડે.

વીતરાગની મૂર્તિ દેખતાં, ચૈત્યવંદન કરતાં, સંવેગ-નિર્વેદનાં કે હર્ષના આસું આવે, અપૂર્વ આનંદ થાય. આવું અનુપમ મળ્યું છે તે કદી ચાલ્યું ન

જાય, એવા મનોરથ હોય. સ્તુતિ કરતાં કરતાં 'જયવીયરાય'માં માગણીઓ કરે કઈ? 'ભવનિવ્વેઓ' વગેરે બધું માગે. પણ છેવટે માગણી કઈ ? એ જ કે ન ધન, ન ધાન્ય પણ 'ભવે ભવે તુમ્હ ચલણાણં.' માગે. શરીર, ઘર એ બધાને વીસરી જાય. શાસ્ત્ર કહે છે કે આ રીતે સમ્યકત્વ નિર્મળ થાય. પછી સાધુ પાસે આવે તો રજોહરણ ગમે. રજોહરણ એ છકાય જીવનું રક્ષક છે.

આ ઓઘાવાળા પાસે ષટ્કાયજીવની વિરાધનાની વાત ન હોય. ઓઘાવાળાથી એ વાત પણ ન થાય. એ તો ષટ્કાયને પોતાના પુત્ર સમ ગણે. એકનો પણ ઘાત થાય તો એનો જીવ બળે. હું તો તમારી પાસે એ અમારા છયે પુત્રોની રક્ષા ઈચ્છું, એમાંના એક પણ પુત્રનો ઘાત કરવાની વાતમાં 'હા' ન ભણું. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છયે કાયની રક્ષા અમે કરીએ. એમાંથી એક પણ મરે તે અમને ન ગમે.

---

**૪૯૪. સભા : પણ એ છયે કાયના આરંભથી બનાવેલા આહાર પાણી અમારી પાસેથી લો તો ખરા ને ?**

**પૂજ્યશ્રી** : તમે તમારા માટે બનાવેલી ચીજમાંથી, અમને આપવાથી તમે તરી શકો અને અમારી તરવાની કાર્યવાહી ચાલુ રહે એવી અને એટલી વસ્તુ લઈએ. કલ્પનીય, એષણીય અને પ્રાસુક વસ્તુઓ અમારાથી લેવાય.

**કલ્પનીય** : એટલે કલ્પે એવું, વિકારવર્ધક ન બને, સંયમમાં બાધક ન બને એવું.

એષણીય : એટલે બેંતાલીસ દોષ વિનાનું.

પ્રાસુક : એટલે નિર્જીવ - અચિત્ત.

હિંસાથી નિપજેલી ચીજથી તમે ગભરાયેલા તો હો જ, તરવા માટે મુનિને શોધતા હો, મુનિ તમારા અને પોતાના સંયમ દેહના ઉપકાર માટે એ લે, પણ તમે ફરી બનાવશો એવું લાગે તો એવી રીતે ન લે. આ રીતે અમે લઈએ ખરા પણ અમારા રોટલા માટે તમે સંસારમાં રહો, એવું કદી ન કહીએ. આ 'નગીનદાસ' આજે આવતા હોય-તો આવવાની ના ન કહું, તરત સ્વીકારી લઉં.

---

૪૯૫. સભા : પણ અહીં રહે તો વધારે કામ થાય ને ?

પૂજ્યશ્રી : ત્યાં રહેવાથી વધારે કામ થતું હોત તો અમે એ મૂકીને ભીખ માગવા અહીં શું કામ આવત ? મોટો ચક્રવર્તી તેની આખી જીંદગીમાં જે કરે, આખી પૃથ્વીને જિનમંદિરોથી મંડિત કરે, ઢગલાબંધ દાન દે છતાં એને જે લાભ થાય તેના કરતાં વધુ લાભ ઓઘાવાળાને એક અંતર્મુહૂર્તમાં થાય.

અમારા ભલા માટે, અમારા પેટ ભરવા માટે અમે તમને ત્યાં રહેવાનું કહીયે તો તો પછી તમે માલિક અને અમે તમારા નોકર થયા. તમે જીવોને કાપનાર અને અમે કપાવનાર બન્યા. શેઠીયાના ઘરની કોઈ સારી ચીજ આવી અને વખાણીને ખાઈએ તો સંયમ ચિત્રશાળા ધુમાડાથી કાળી થાય. એ ધુમ્ર દોષ કહેવાય. તમારી વિરાધનામાં અમારી સહાનુભૂતિ ન હોય.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અસંખ્યાતા છે, વનસ્પતિકાય અનંતા છે. ત્રસકાય અસંખ્યાતા છે. એ બધાની હિંસાથી બચો એવું અમે ઇચ્છીએ છીએ. સર્વાંશે ન બચાય તો જેટલા વધુ અંશે બચાય તેટલું બચો. શ્રી વીતરાગદેવનાં વચન ગમે તો અહીં બેસી જવાય. વિવેક ચક્ષુ ખુલશે ત્યારે એ બનશે.

**૪૯૬. સભા : એક જીવ બીજાને મારે અને પછી બીજો એને મારે, તો વાત પતી જાય ને ?**

**પૂજ્યશ્રી** : એમ પતતું હોત તો ધૂળ નાખી, પણ આ તો લાંબું ચાલે છે. આત્મામાં ભયંકર ક્રૂરતા પેદા થાય. ધર્મવિમુખ બને, દરેક ગુણો દબાઇ જાય ત્યારે જ વ્યકિત હિંસા કરી શકે છે. 'કપિલ ! અહીં પણ ધર્મ અને ત્યાં પણ ધર્મ' એટલું બોલવામાં મરિચીને આટલું બધું પાપ શા માટે ? કારણ કે આટલા વાક્યમાં તો શ્રી જિનેશ્વરદેવના આખા માર્ગની અરુચિ છે. હિંસામાં ધર્મ કહેવાય ક્યારે ? અનંતજ્ઞાનીએ કહેલી વાતને ઠોકરે મરાય ત્યારે. અકસ્માત થયેલું પાપ મોટું હોય તોય બંધ અલ્પ થાય. વગર ઇચ્છાએ પાપ થાય તે પણ જુદી કોટિનું. નાનામાં નાનું પાપ પણ ઇરાદાપૂર્વક કઠોર હૈયે થાય તો કર્મબંધ વધારે થાય. જૈનશાસન કહે છે કે 'પાપ માત્ર ખોટું' એ વાત ખરી પરંતુ 'પાપ માત્ર ખોટું' એ માન્યતાનો નાશ એ સૌથી મોટું પાપ. (આચારાંગ ભાગ-૭)

** એવી રીતે જીવો કે મરણ આવે ત્યારે મહોત્સવ લાગે.*

૪૯૭. સભા : 'વગડામાં રહેનારાને વિષયાભિલાષા ઓછી હોય ?'

પૂજ્યશ્રી : એવું બને, માટે તો મિથ્યાદષ્ટિ તામલી તાપસે સાઠ-સાઠ હજાર વર્ષો સુધી તપ કર્યો,ત્યાં જો પરિણામ સારાં આવી જાય તો મિથ્યાત્વ ખસે, સમ્યકત્વ આવે, શ્રેણી પણ મંડાય-અને કેવળજ્ઞાન પણ આવે.

ગૃહિલિંગે એક સમયમાં વધારેમાં વધારે ચાર કેવળી થાય, જ્યારે અન્ય લિંગે દશ થાય એનું કારણ ? ગૃહિલિંગવાળો માર્ગસ્થ છતાં પાંગળો છે જ્યારે પેલો માર્ગ-બહાર છતાં બહાદુર છે. એણે ઘર-બાર, કુટુંબ-પરિવાર તજ્યાં છે. બધાને મૂકીને ચાલી નીકળ્યો છે. એ દોડયો જાય છે પણ ઊંધી દિશામાં દોડે છે. સામે કોઇ બળવાન મળે અને એનું મોં સીધી દિશામાં ફેરવે તો એ પાછો આમ દોડવા લાગે અને આ પાંગળો તો ઠબક-ઠબક કર્યા કરે, એનો આરો ક્યારે આવે ? આંતરત્યાગની વાતો કરી બાહ્યત્યાગ નહિ કરનારા ઢીલા છે, એ રવડયા કરે. પહેલું ધૂનન સ્વજન પરિજનનું કરવાનું છે.

૪૯૮. સભા : 'ધર્મની રક્ષા માટે કષાય થાય અને ન પણ થાય, એવો અપેક્ષા વાદ નહિ ?'

પૂજ્યશ્રી : ના, ત્યાં નિરપેક્ષવાદ છે. ધર્મના રક્ષણની, ધર્મની થતી હાનિથી બચાવવાની અપેક્ષા તો ત્યાં છે જ, પણ તમે કહો છો તેવા અપેક્ષાવાદે ધર્મની અવગણના ન થાય. કષાય થવો જ જોઇએ એમ કહેવાય, પોતાને કષાય ન આવે તો એટલો શક્તિનો અભાવ છે એમ કહેવાય પણ ત્યાં 'કષાય ન કરાય' એવો દંભ ન કરાય. ત્યાં કષાય કરવો ન જોઇએ પણ થવો જ

જોઇએ. ઉપરથી અંગારો પડે એટલે ઊંઘતો પણ 'ઓ બાપ !' કરતો ઊભો થઇ જ જાય, માખી મોઢા પર આવે એટલે હાથ હાલે જ, મચ્છર શરીર પર બેસે એટલે ઉડાડવાનું હાથને કહેવું ન પડે, તમારા નામનો અવાજ સંભળાય કે ઝટ 'હોંકારો' દેવાઇ જ જાય, તમારી કોઇ વાત કરતું લાગે કે ઝટ કાન સરવા થઇ ન જાય, સ્વાદિષ્ટ ચીજ સામે આવે કે ઝટ હાથ મોંમાં મૂકે જ, ફૂલની કલગી નાક પાસે આવી જ જાય, ટેલિફોનનું ભૂંગળું કાને આવે જ તેમ અહીં કષાય આવે જ. જેવો અભ્યાસ ત્યાં છે તેવો અહીં થવો જોઇએ, તો ધર્મ પમાય.

(આચારાંગ ભાગ - ૮)

---

**પૂર્વભૂમિકા** : વિપ્લવ ઊભો કરનાર વર્ગ તરફથી, તમે સાંભળી ગયા તેવું લખાય, એમાં કશું જ આશ્ચર્ય નથી; કારણ કે, એ વર્ગમાં એવા પણ માણસો છે કે, જે ભગવાન શ્રી મહાવીરદેવને પણ સર્વજ્ઞ તરીકે નથી સ્વીકારતા અને કહે છે કે, 'કેવળજ્ઞાન થવાનું હોય તો પણ હજી હવે થાય, કેમ કે વિજ્ઞાનવાદ તો હવે વધ્યો છે.' ઇંદ્રાદિક દેવો તરફથી થતી શ્રી જિનેશ્વરદેવોની ભક્તિ પણ તેઓને ખટકે છે. શ્રી તીર્થંકરદેવોનાં પાંચે કલ્યાણકો ઇંદ્રાદિક દેવો ઊજવે છે અને શ્રી જિનેશ્વરદેવની દાઢાઓ પણ ઇંદ્ર મહારાજાઓ પૂજે છે, એ વાતથી તો એ પાપાત્માઓને કંઇ કંઇ થઇ જાય છે અને એથી ચિડાઇ જઇને એક પંડિત નામધારીએ તો ત્યાં સુધી લખી પણ નાંખ્યું હતું કે -

'આંધળા શાસ્ત્રકારોને મહાવીરનાં હાડકાંને પણ દેવલોકમાં મોકલવાનું મન થયું છે !'

૪૯૯. સભા : શું આવું લખાયું છે ?

પૂજ્યશ્રી : પુસ્તક પણ છપાઈ ગયું છે અને એનું ખંડન પણ થઈ ગયું છે!

(આ પંડિતે લખેલ પુસ્તકનું નામ 'તમસ્તરણ' છે અને તેના ખંડન માટે લખાયેલા પુસ્તકનું નામ 'સત્યનું સમર્થન' છે.)

---

૫૦૦. સભા : સમવસરણ વગેરેની વાતને પણ નથી માનતા ?

પૂજ્યશ્રી : નથી જ માનતા. એ તો આગમ લખનારાને માખી પર માખી કરનારા કહે છે, અને વધુમાં 'એકે લખ્યું તે બધાએ લખ્યું, નવું તો કોઈને આવડ્યું જ નહિ.' એમ લખીને ચરમકેવલી ભગવાન શ્રી જંબૂસ્વામીજી પછીના પૂજનીય આચાર્ય વગેરે બધાને મૂર્ખશિરોમણી કહ્યા છે. આવું બધું વ્યક્તિના નામે લખાઈ ગયું છે અને અત્યારે એક ટોળીના નામે પણ લખાઈ રહ્યું છે, માટે હવે કોઈ એક વ્યકિત કરે છે એમ ન માનો.

સભા : વ્યવસ્થિત કાર્યક્રમ છે.

પૂજ્યશ્રી : અને તે ચાલુ છે. ઉપેક્ષાએ કારણે જ એ કાર્યક્રમ આટલે સુધી વધ્યો છે. વીસ વરસની ઉપેક્ષાનું પરિણામ એટલે સુધી આવ્યું છે. હવે ચૂપ રહ્યા તો દિવસે-દિવસે આ ઉચ્છૃંખલોની નાશકારક વિપ્લવની પ્રવૃત્તિ વધતી જ જવાની.

---

*જન્મ સાથે મરણ નિયત છે પણ મરણ સાથે જન્મ નિયત નથી.*

**૫૦૧.સભા : એ લોકો લખે છે કે, 'અમારી પત્રિકાની સમાજ પર અસર થઈ છે.'**

**પૂજ્યશ્રી** : થાય જ ! એક જ દિશાનો પવન ફૂંકાય અને આ બાજુ ચૂપ જ રહેવાય, તો પરિણામ એ જ આવે. કહે છે કે, સાધુએ બોલવું નહિ પણ શાંતિ રાખવી; અને આજના ગૃહસ્થો પણ કહી દે કે, 'પેઢીમાંથી ફુરસદ નથી, આદમી એક ને કામ અનેક છે.' કહો ! આ દશામાં શું થાય ?

ખરેખર, આવી સમતાની અને કામની ખોટી વાતો કરનારા વસ્તુતઃ ધર્મને પામ્યા જ નથી. ધર્મને પામેલા આત્માઓ નાશકારક વિપ્લવોનો વિનાશ કરવામાં પાછી પાની કરે જ નહિ. જેઓ આવા વિપ્લવ સમયે પણ શાંતિની વાતો કરે છે, તેઓ ચેતનવંતી શાંતિના પૂજારી નથી. પણ મડદાની શાંતિના પૂજારી છે અને જેઓ વગર વિચાર્યે માત્ર પોતાના માનપાનની રક્ષા માટે જ, શાસનની રક્ષા ખાતર તનતોડ યત્ન કરતા પુણ્યપુરુષોને ઉતારી પાડવા માટે 'ઉતાવળિયા' વગેરે કહી દેવાની મૂર્ખાઈ કરે છે, તેઓ 'પામેલા શાસનને હારી જાય છે.' એમ કહેવામાં એક લેશ પણ અતિશયોક્તિ થતી હોય એમ લાગતું નથી.

અનેક વિરોધીઓની સામે પ્રાણની પણ પરવા કર્યા વિના આજીવન શાસનસેવામાં રક્ત રહેનારા ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ -

"ધન્ય ધન્ય શાસનમંડન મુનિવરા"

-આ પ્રમાણે કહીને મુનિવરોને શાસનના મંડન તરીકે ઓળખાવ્યા છે. શાસનમંડન મુનિવરો, સાચી શાંતિના પૂજારી હોવા છતાં પણ એવા વિપ્લવ સમયે તે વિપ્લવનાં ઉન્મૂલનપૂર્વક શાસ્ત્રીય સત્યનું સમર્થન કરવામાં કેમ જ પાછી પાની કરે ? શાસ્ત્રના તત્ત્વને કહે તે ગુરુ, નહિ કે ગોપવે તે ! તો પછી આવા સમયે મૌન કેમ જ રહેવાય ? એકેએક શાસનરસિક આત્માની આજે એ ફરજ છે કે, ઉચ્છૃંખલ આત્માઓ તરફથી જગાવવામાં આવેલા નાશક વિપ્લવને શમાવી દેવા માટે ઘટતું કરી છૂટવું જોઈએ. (સં. સ્વ. દ. ભાગ-૧)

**પૂર્વભૂમિકા** : અનાદિકાળથી સુધારાને સ્થાન છે અને સુધારાને અવકાશ સદા રહેવાનો ! પણ આ લોકો સુધારક જ નથી. આ લોકો સુધારાના નામે જે વાત કરી રહ્યા છે, તે સુધારકના નામને છાજતી નથી. વસ્તુ માત્રમાં સુધારાને અવકાશ છે. ધર્મ, એ આત્માને સુધારવા માટે જ છે. આત્માની સુધારણામાં આખી દુનિયાનો સુધારો છે. આત્માની સુધારણાનો કાર્યક્રમ ઘડ્યો કોણે ? અનંત જ્ઞાનીઓએ અને એ આગમમાં ગુંથાયેલો જ છે.

**૫૦૨. સભા : એક વાત બીજે જાય, તો પણ ફેરફાર થાય, તો શાસ્ત્રમાં ફેરફાર કેમ નહિ ?**

**પૂજ્યશ્રી** : વાતો કરનારા તો મરચું-મીઠું ભભરાવનારા હોય છે. એ થોડું સાંભળે ને વધારે ઉમેરે. ગંભીર પેટાવાળા તો લાખ હોય, તો યે વાત એક જ રહે.

અગિયારે ગણધરદેવોએ દ્વાદશાંગી એકી સાથે રચી, પણ વાત એક જ ! એમાં ભેદ નહિ. 'સો ડાહ્યાનો એક મત ને સો ગાંડાના એક સો એક મત' એ કહેવત છે.

---

૫૦૩. સભા : એક મત વધ્યો ક્યાંથી ?

**પૂજ્યશ્રી** : વધે જ, કારણ કે, પ્રમુખના બે મત, તાત્પર્ય એ કે, ત્યાં ઊલટો એક મત વધે, ડખો થાય. એવા લોકો પૂરી વાત સાંભળતા જ નથી. બધા પોતાને ડાહ્યા માને છે. બધા જ વક્તા, શ્રોતા કોઈ જ નહિ ! દરેકને બોલવાનું મન થાય ! 'હું રહી ગયો!' એમ એ બધાને થાય છે. શું બોલવું કે શા માટે બોલવું, એનું પણ તેમને ભાન નથી હોતું.

બોલનારને કોઈ કહે કે, 'બોલવા તો આવ્યા, પણ ધર્મ વિરુદ્ધ ન બોલાય એની કાળજી રાખજો !' એનો ઉત્તર અપાય છે કે, 'સ્વતંત્રતા વેચીએ ?' આવો ઉત્તર વક્તાનો હોય ?'કલાકોના કલાકો બોલું તો પણ ધર્મ વિરુદ્ધ ન જ આવે' તે વક્તા એવું કેમ કહેતો નથી? કારણ કે, એમ બોલવું નથી. હવા ફરે તેમ બોલવું છે. જાત કે તત્ત્વ જોવું નથી, પણ હવા જોવી છે ! ત્યાં થાય શું ? ધર્મ બતાવવા આવેલા ને 'ધર્મ વિરુદ્ધ ન બોલાય' એવું કહેવું પડે, જબાન ઉપર કાબૂ મૂકવાનું કહેવું પડે, એ સ્થિતિ કઈ ? છતાં એ ન માને એનો અર્થ શો ? એ તો એમ કહે કે, 'હું અને ધર્મ વિરુદ્ધ' એ બને જ કેમ ? ધર્મ વિરુદ્ધ બોલાય તો પહેલાં તો મરી જાઉં !'

---

**૫૦૪. સભા : ધર્મવિરોધી હોય તો?**

**પૂજ્યશ્રી** : હૃદયથી ધર્મવિરુદ્ધ થવાની ઈચ્છાવાળાની સંખ્યા થોડી છે, માટે દયાપાત્ર છે ! ઘણા તો અજ્ઞાન છે, દોરાયા દોરાય છે; માટે દયાપાત્ર છે ! નામચીન મદારી તો પાંચ-દશ-પંદર કે પચાસ જ ! એવાઓ તો સ્વાર્થી છે, યેન કેન પ્રકારે, એ તો સ્વાર્થ સાધવા માંગે છે અને એમણે બીજાને રમકડાં બનાવ્યાં છે.

ડાહ્યા આદમી સુધારો ન માને ? સુધારો તો રોજ ચાલુ જ છે. શરીર, ઘર, પેઢી, ચોપડા વગેરે સુધારવાનું કામ તો ચાલુ છે. આત્માને સુધારવાનું કામ પણ આજનું નથી, કારણ કે, અનંત જ્ઞાનીઓએ કહેલ છે. એ તો શુદ્ધ જ છે. સો ટચનું સોનું છે. અગ્નિમાં પસાર થઈને નીકળેલું છે. ક્ષપકશ્રેણિરૂપ અગ્નિમાં તમામ કર્મને બાળી સાફ કરીને કેવળજ્ઞાન મેળવ્યું છે.

**૫૦૫. સભા : એમ કહેનારને અંધશ્રદ્ધાળુ કહે છે ને?**

**પૂજ્યશ્રી** : આમાં કહેલી એક પણ વાતને ખોટી ઠરાવ્યા પછી કહે કે એમ ને એમ ? પોતાને ગમે, તેમ કહે તો કોણ રોકે ? આદમીને ગધેડો કહે, ગધેડાને આદમી કહે, તો એને કોણ ના પાડે છે ? સુધારો કોનું નામ ? જે ક્રિયાથી વિષય-કષાયની વાસના ઘટે, એનું નામ સુધારો છે. જૈનેતરોનું પણ અંતિમ ધ્યેય એ છે. જૈનતરો પણ કહે છે કે, દુનિયાની માયાથી અલગ થઈને પરમાત્મામાં મળી જવું !

**૫૦૬. સભા : અંતરઅવાજ કોનો મનાય ?**

**પૂજ્યશ્રી** : શાસન કે સંઘની સ્થાપના શા માટે ? કોઈ પૂછે કે, 'ઘર બાંધું? વેપાર કરું? તો શાસન, 'હા' ન જ કહે. કંપની કાઢવાનું પૂછે તો પણ શાસન તો 'હા' ન જ કહે. કોઈ એમ કહે કે, 'અનીતિ ન કરું' તો કહે કે, 'સારી વાત!' નહોતું કરવું પણ થઈ ગયું, પસ્તાવો બહુ થાય છે, તો જૈનત્વ જાય?' એમ પૂછે તો કહેવું પડે તે,હૃદયમાં દુઃખ થાય છે માટે જૈનત્વ ન જાય ! આ તો એમ પૂછે કે, 'પ્રસંગ આવે તો અનીતિ કરવાની છૂટ છે કે નહિ ?' તો ના જ પાડવી પડે. પ્રભુએ શાસનની (સંઘની) સ્થાપના શા માટે કરી, તે નક્કી કરો ! જે લોકો સુધારાની વાતો કરે છે, તેઓને પૂછો કે, શામાં સુધારો કરવો છે ? તેઓ કહેશે કે, ' ભગવાનના ધર્મમાં ?'

**૫૦૭. સભા : ના, એમ કહે છે કે, સમાજમાં.**

**પૂજ્યશ્રી** : એમને પૂછો કે, 'સમાજ કયે માર્ગે જાય એને સુધારો માનો છો?' એમને ઊંડા ઉતારો. એ લોકો જો એમ કહેતા હોય કે, 'સમાજમાં અનીતિ બહુ વધી ગઈ છે, ત્યાં સુધારો કરવો છે. વિષયવાસના વધી પડી છે, ત્યાં અંકુશ મૂકવો છે વગેરે,' તો એ બધા સુધારા અમને કબૂલ છે; એમ કહેનાર તો ડાહ્યા છે. એ ભલે પોતે પાપી હોય, ન સુધર્યો હોય, પણ બીજાને સુધારવા ઈચ્છતો હોય, પોતાનું પાપ કબૂલતો હોય, તો એને પણ જૈનશાસનમાં અધિકાર (સ્થાન) દેવામાં આવે છે.

**૫૦૮. સભા : દ્રવ્યની પીડાથી શ્રાવકો પીડાય છે; એમ કહે છે.**

**પૂજ્યશ્રી** : માટે તો સાધર્મિક ભક્તિનું વિધાન કર્યું છે. સાત ક્ષેત્રોમાં શ્રાવક-શ્રાવિકાનું ક્ષેત્ર છે. આપત્તિયોગે ધર્મસાધનામાં સાધર્મિક ઢીલો થતો હોય, તો મદદ કરો ને ! એને મદદ કરવાની શાસ્ત્રની છૂટ છે. એને તમારા પોતાનો જેવો સારો બનાવોને ! ના ક્યાં છે ? જેમ શ્રી જિનમૂર્તિ, શ્રી જિનમંદિર, શ્રી જિનાગમ, સાધુ તથા સાધ્વી એ પાંચ ક્ષેત્રોમાં પૈસાનો સદુપયોગ થાય છે, તેમ શ્રાવક-શ્રાવિકા બેયમાં પણ થઈ શકે છે ! ખુશીથી કરવો જોઈએ.

શાસ્ત્ર તો મહાગહન છે. શ્રી જિનેશ્વરદેવોની દૃષ્ટિની વિશાળતાની સીમા નથી. અર્થ-કામને એ તો અનર્થકર માનતા હતા. પણ અર્થકામમાં રહેલો, ધર્મ માટે લાયક જ નથી, એમ એ તારકોએ નથી કહ્યું. જો એમ કહે, તો ગૃહસ્થ કોઈ ધર્મી રહે જ નહિ; ધર્મી થાય જ નહિ. એમ એ જાણતા હતા.

આ બધું છોડવા જેવું છે, એ વાત તો સાચી જ છે. આથી અર્થ અને કામને છોડવા જેવા માને એ પણ ધર્મી, કેમ કે, અંતે છોડવાનું તો નક્કી છે એમ એ માને છે, છોડીને બધા બંધનથી છૂટવું એ નક્કી છે અને એ માટે પ્રભુએ ધર્મની સ્થાપના કરી છે એમ એ માને; આ કારણે અર્થકામમાં રહેલા ધર્મને લાયક જ નથી એમ ભગવાને કહ્યું નથી.

**૫૦૯. સભા : અર્થ કામ મેળવવાની છૂટ નહિ ?**

**પૂજ્યશ્રી** : નહિ, જ, અર્થકામ અનર્થકર છે; એ ન છૂટે અર્થાત્ એનાથી ન

છુટાય ત્યાં સુધી મુક્તિ થઈ શકે તેમ નથી, જેનાથી એ ન છૂટતા હોય, તે પણ એને છોડવા જેવા માને એ જ ધર્મ પાળવા માટે લાયક છે.

**સભા : એ લોકો તો કહે છે કે, અર્થકામ મેળવવાની છૂટ છે.**

**પૂજ્યશ્રી** : એ લોકો દંભી છે, મૃષાવાદી છે, માયાવી છે, માયામૃષાવાદી છે! એવાની વાત જવા દો. સુધારાની વાતો હાંકનારને કહો કે, 'તમારી સ્કીમ રજૂ કરો; 'ધ્યેય, હેતુઓ ઉદ્દેશો લખીને આપો !' હવે એમની સાથે લેખિત વાત માંગજો, નહિ ફાવે કે તરત તેઓ ફરી જશે.

**સભા : પણ દરેકની સ્કીમ જુદી હોય છે.**

**પૂજ્યશ્રી** : હવે સમજ્યા ! એમની દરેકની સ્કીમ જુદી. સગા ભાઈ, પણ બેયની વાત જુદી ! અહીં આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ જે બોલે તે બધા એક જ વાત બોલે; જે બીજું બોલતા હોય એની વાત જુદી. એનું એ જાણે ! જેને ફેરફાર બોલવું જ હોય, એનો ઉપાય નથી. અહીં તો શ્રી આચારાંગમાં, શ્રી ભગવતીજીમાં, પૂજામાં, કથામાં બધામાં એક જ સૂર ! સુધારકોને કહો કે, 'આવું તમારું સાહિત્ય લાવો !'

**૫૧૦. સભા : અંતરઅવાજની ગુલામી થાય ?**

**પૂજ્યશ્રી** : અજ્ઞાન હોય ત્યાં સુધી અંતરઅવાજને માન આપવાની છૂટ જ નથી. અજ્ઞાનીને ફાવે તેમ વર્તવાની છૂટ હોય ? તરતાં આવડે નહિ ને પાણીમાં પડતું મૂકે, તો પાતાળમાં જવું પડે ? તરવાની કળા આવડતી હોય તો પણ

કાયા મજબૂત હોય તો જ પાણીમાં પડાય. દમિયલ પડે તો શ્વાસ ચઢે, મોંમાં પાણી જાય, હાથપગની શક્તિ મંદ પડે અને ડૂબી જાય, મડદું થઈને બહાર નીકળે.

પહેલાં જ્ઞાની થાઓ, પછી અંતરઅવાજ પ્રમાણે વર્તો. કારણ કે, એ અંતર અનંતજ્ઞાનીની આજ્ઞાને અનુસરતું જ હોય.

તમારા હાથમાં ચપ્પું છે, ને બાળકના હાથમાં કેમ નહિ ?એને વાગે લોહી નીકળે, માટે ન અપાય; કેમ કે, બાળક હજી સમજતું નથી.

તમારા ભાણે મિષ્ટાન્ન, પણ બાળકને નહિ, એને મિષ્ટાન્નની પાસે પણ ન આવવા દેવાય. કેમ કે, ખાય તો માંદો પડે !

હવે તમે આવા સુધરેલાની વાત જવા દો ! એમની વાતમાં કાંઈ માલ નથી. ખુદ પોતે બગડેલા છે, પોતે બગડવા ઈચ્છે છે તથા બીજાને બગાડવા ઈચ્છે છે, એ શું સુધારો કરશે ? મંદિર જેમની આંખમાં ખટકે, મૂર્તિ સંગ્રહસ્થાન લાગે, મંદિર તથા મૂર્તિ ખડકલા લાગે, એ શું સુધારો કરશે ?

**સમાનવાદના સિદ્ધાંતની પોકળતા :**

કાલ સુધી જેને 'તું' કહેવામાં આવતું. તે આજે અગિયાર વાગે એવા સ્થાને બેસે કે, જેને 'આપ' કહેવું પડે, નમવું પડે, સલામો ભરવી પડે એનું કારણ શું ? અશુભોદયનો પલટો થયો અને શુભોદય આવ્યો ! એક દિવસ પહેલાંનો પશુપાળ, બીજે દિવસે પૃથ્વીપાળ થાય, એનું કારણ શું ? જેને બીજા ખાવા આપે, એને જ ધનાઢ્યો પણ શિર ઝુકાવે, એનું કારણ શું ? જે લોકો જૈનશાસનને સેવી પોતાની યોગ્યતા પ્રગટ કરે, એને આ શાસનમાં જગ્યા છે;

એ ન બને એવું નથી.

શાસનરસિક થઈને જે યોગ્યતા મેળવે, તેને 'ભાઈ' કહીને વળગો ! બાકી લાખ કમાયા વિના લક્ષાધિપતિ શી રીતે કહેવડાવાય ? વગર શાખે આબરૂવાળા શી રીતે કહેવાય ? દેવાળિયાને શાહુકાર બનાવવા માટે એકદમ શાહુકાર પોતાની પેઢી પર એને બેસાડે ? કેવી ગાંડી વાતો છે ! ચોરની પાસે શાહુકારે ઊભું રહેવું પણ ખરાબ છે. એ લોકોને શુભાશુભ કર્મનો ખ્યાલ જ નથી. જાતિ બે પ્રકારની છે; જન્મજાતિ અને ગુણજાતિ. ગુણ આવ્યા પછી જન્મની જાતિ ફરી પણ જાય છે.

**૫૧૧. સભા : અને ગુણ ચાલ્યા જાય તો પણ જન્મની જાતિ ફરી જાય ?**

**પૂજ્યશ્રી** : એ પણ બને ! કુળથી કે જાતિથી જૈન છે, એને અજૈન કોણ કહે છે ? જ્યાં સુધી આડો ફાટે નહિ, ત્યાં સુધી નામનો હોય તો તેવો પણ જૈન તરીકે રહેલો જ છે અને રાખેલો જ છે ! એ જ રીતે બહારનો (ઈતર) સીધો થાય, તો એને પણ લઈ શકાય છે. જૈનત્વ જેનામાં લાગે તેને લેવાય, એમાં ઈન્કાર નથી.

એ લોકોને પૂછો કે, તમારે તમારી જાતને સુધારવી છે કે જાતને બગાડીને પણ એમને સુધારવા છે, પોતાની જાતનું જે બગાડે તે સામાનું શું સુધારે ? સારા કુળમાં જન્મ્યા છે, સારા સહવાસમાં છે, સારા લત્તામાં છે, તોયે આચરણાઓના સ્થળે જાય છે, તો પછી શી દશા ? આ સ્થિતિમાં અધમ આચારો આચરે છે, તો પછી હલકાના સહવાસમાં ગયા પછી રહેવાનું શું ?

**૫૧૨. સભા : સાહેબ ! મુદ્દો એ છે કે, બધા એવા થાય, પછી કોઈ એમને ખરાબ તો ન કહેને ?**

પૂજ્યશ્રી : હવે સમજ્યા ! એવી દાંડી પીટાવો કે, બધાએ એક સરખા દેખાવું હોય, તો તમામ શાહુકારોએ દેવાળું ફૂંકવું. મરજી છે ?

**સભા : ભરત મહારાજે પણ જમવા આવતા શ્રાવકોની પરીક્ષા કરી હતી.**

પૂજ્યશ્રી : આ લોકોને એ નથી પાલવતું. એ તો શંભુમેળો કરવાનું કહે છે. જૈનશાસનની કર્મથીયરી ફરે તો એ બને, પણ એ તો '**न भूतो न भविष्यति ।**' એક કાણો, એક બોબડો, એક લૂલો, એક લંગડો, એક આંધળો, એક દેખતો, એક રાજા, એક રંક, એક ધોળો, એક કાળો, એક આદમી, એક જનાવર, એક ડાહ્યો, એક દીવાનો આ ફેરફાર શાથી ? જો સમાનતા જ હોય; તો બધા ગોરા કેમ નહિ ? એક માના બે દીકરા; તેમાં એક ડાહ્યો અને એક પાગલ એનું કારણ શું ? ત્યાં પાછા એ કર્મ માને છે.

**સભા : માનતા નથી, માનવું પડે છે.**

પૂજ્યશ્રી : એથી જ હું કહું છું કે, એ લોકોની શબ્દજાળમાં ન મુંઝાઓ ! એ લોકો તો કહે છે કે, 'સંઘ, મંદિર, મૂર્તિ, ઉજમણાં વગેરેમાં આજ સુધી જે પૈસા ખર્ચ્યા, તે નિરર્થક રીતે પૈસાનું પાણી કર્યું છે.' આ દશાવાળા સુધારો શું કરશે ?

(સં.સ્વ.દ.ભાગ-૧)

**૫૧૩. સભા : જગતમાં સારું મૂકીને ખોટું લેવાની ઈચ્છા કોને થાય ?**

**પૂજ્યશ્રી** : બુદ્ધે સાધુઓ માટે તકલીફ વગરનો માર્ગ પણ કાઢ્યો જ ને ? માટે સમજો કે તકલીફ વિના થતા ધર્મ તરફ દુનિયા સહેજે આકર્ષાય છે, ઈતર દર્શનનું આકર્ષણ થવાનો પ્રધાન હેતુ તકલીફનો અભાવ હોવો એ છે. જ્યાં શારીરિક તકલીફ ન હોય, તકલીફ વિના ધર્મ થાય છે એમ કહેવાનું હોય અને વગર મહેનતે ધર્મીમાં ખપાતું હોય ત્યાં તો ઢંગલાબંધ ધર્મી મળે. 'મુક્તિ તો બેય ધર્મ કહે છે તો સહેલાઈથી જ્યાં મુક્તિ મળે એ ધર્મ કેમ ન લેવો? આવી ભાવના તરત આવે છે. પછી એમાં સારાસારનો વિચાર કરવાપણું નથી રહેતું, પણ બુદ્ધિમાન સહેજે વિચારી શકે છે કે, **'થોડી મહેનતે ઊંચું સાધ્ય કેમ જ સધાય ?'** દેવદારની નિસરણી તો સામાન્ય મકાનમાં ચાલે પણ મોટા બંગલામાં કેમ જ ચાલે ? જ્યાં હજારોની અવરજવર હોય ત્યાં દેવદારની નિસરણીથી ન જ ચાલે ! પણ આજે એવી વિચારણા આત્મહિતકર વિષયમાં નષ્ટપ્રાયઃ થઈ ગઈ છે. આ જ કારણે આજે એમ કહી દેવામાં આવે કે, 'જૈન થવા માટે તિલક સિવાય બીજા કશાની જરૂર નથી.' ઘરે હળદરના ગાંઠિયાથી પણ તિલક કરી જૈન ગણાવી શકાય છે, તેવા એવા જૈન થનારા ઘણા; અને ઉપરથી મહિને પાંચ-પાંચ રૂપિયા આપવાનું કહેવામાં આવે તો તો પૂછવું જ શું?

શ્રી ઋષભદેવસ્વામીજીના જમાનામાં પણ શ્રી ભરત મહારાજાને પરીક્ષા કરવી પડી હતી. તો પછી, આજના આવા વિચિત્ર સમય માટે તો પૂછવું જ શું ? કંઈ પણ કરવું ન પડે અને જૈન કહેવરાવાતું હોય એમાં આજે એવા આત્માઓને

હરકત ન હોય એમાં શું આશ્ચર્ય છે ? શ્રી જિનેશ્વરદેવનો મત સુંદર, પણ સેહલાઈ માટે ઈતર દર્શનમાં જવાની ભાવના થાય; એ કાંઈ અસંભવિત નથી. બૌદ્ધ દર્શનમાં સ્નાન, ઈચ્છિત ભોજન અને પાન વગેરેની છૂટ, ગાદલાં વગેરેમાં સૂવાની છૂટ, તમામ સુખસામગ્રીની છૂટ છતાં ત્યાં ધર્મ ગણાવાયો એટલે એવા ધર્મમાં જવાની ભાવના ઝટ થાય પણ એ કાંક્ષા નામનો દોષ છે અને એ સમ્યક્ત્વને દૂષિત કરનારો છે; એ વાત કદી જ ભુલાવી જોઈએ નહિ.

જે આત્માઓ, ધર્મની ઈચ્છા કરતાં અનુકૂળતાને અધિક ઈચ્છનારાઓ છે, તેઓને એ ખ્યાલ ભાગ્યે જ રહી શકે છે. એવા આત્માઓ પ્રાપ્ત થયેલા પ્રભુશાસનને સહેલાઈથી હારી જાય છે, કારણ કે, પુદ્ગલાનંદિતા એ ઘણી જ ભયંકર વસ્તુ છે. આત્મા અનાદિ કાળથી પુદ્ગલનો રાગી છે, પુદ્ગલનો પ્રેમ તો એનો જીવતો ને જાગતો છે. પુદ્ગલને હરકત ન પડે એ ભાવના તો એની નિશ્ચિત છે, એટલે કોઈ પણ શાસ્ત્રમાં એની સેવાની વાત આવે કે એ તરત પકડે ! 'ધર્મ સાચવવામાં આ (પુદ્ગલ) ને પ્રધાન ન ગણવું જોઈએ.' એવી વાત આવે ત્યાં શક્તિનાં બહાનાં કાઢે કે જેવી શક્તિ તેવી ભક્તિ અને 'આ (શરીર) વિના ધર્મ થઈ શકે તેમ નથી માટે એની સેવા બરાબર કરવી જોઈએ.' એ વાત આવે કે ઝટ પકડે !! અરે અટેલું જ નહિ પણ અનુકૂળતાનો અર્થી એવા આધાર તો શોધતો જ ફરે !!!

કેવળ પુદ્ગલભાવની દૃષ્ટિ અને એમાં ઉપાદેયબુદ્ધિ એ મિથ્યાત્વ છે; પુદ્ગલને અનુકૂળ આવે એવી સહેલાઈવાળી ચીજને આત્મા સહેજે પસંદ કરે છે. એને લઈને જ શ્રી જિનેશ્વરદેવનાં સુંદર દર્શનને મૂકી ઈતર દર્શનની વાતો

ગ્રહણ કરવાની અભિલાષા જાગૃત થાય એ કાંક્ષા નામનો દોષ છે. ઈતર દર્શનમાં તેવા પ્રતિબંધનો અભાવ છે. એટલે તેવી તકલીફનું નામ નહિ અને અમુક અમુક ક્રિયા દુનિયાની કરવી પડે તે પણ ધર્મરૂપે મનાય છે માટે એ તરફ સહેજે આકર્ષણ થાય છે, એટલે એ કાંક્ષા દોષ છે એનું પણ અનૂકૂળતાના અર્થીને ભાન રહેતું નથી, (સં.સ્વ.દ. ભાગ-૨)

---

**પૂર્વભૂમિકા** : આજના કેટલાક લોકોએ તો માન્યું છે કે 'જિનપૂજા, ગુરુવંદન, વ્યાખ્યાન શ્રવણ એ તો ઘેલા અને નવરા લોકોનું કામ છે. જે ઘરડા થયા હોય, જીવનને છેલ્લે આરે બેઠા હોય, મરવાની આળસે જીવતા હોય, એવાને માટે એ બધું છે. બાકી જુવાનિયાને શું છે ? એ તો ખાય પીવે ને મજા કરે. 'જુવાનિયાઓ માટે આ બધા ધર્મનાં ધતીંગ શાં ?' સમાજમાં આવી ભાવના વર્ષોથી ફેલાઈ રહી છે અને એ ભાવનાને પોષણ પણ મળ્યું અને એ પોષણ આ સાધુવેષમાં રહેલાઓએ પણ આપ્યું છે.

સાધુ પાસે આવનારો આગમને ન માનતો હોય તો એ પોતાની પાસે શા માટે આવે છે, એ કદી એને પૂછ્યું ? રોજ મારી પાસે આવે છે એ આગમને માનતો નથી તો શું લાંચબાંચ આપવા આવે છે ? એ કદી વિચાર્યું ? આગમને ખોટાં કહેનારો સાધુ પાસે કઈ રીતે આવી શકે ? આવે તો સાધુ એને ત્યાં બેસવા જ શું કામ દે ? હા, જો એને આગમ ન સમજાતું હોય ને સમજવા આવે તો સમજાવાય. આગમ સમજવા માટે શંકા કરતો આવે તો એનું સમાધાન પણ કરાય. પણ આગમ માટે એલફેલ બોલે અને સાધુ પાસે નિર્ભયપણે આવે ? એમ આવી શકે એ બને ? આગમ માટે યથેચ્છ બોલનારા પોતાને સાધુના

ભક્ત કહેવરાવે તો એ જે સાધુના ભક્ત કહેવરાવે એ સાધુને પણ લાંછન છે. એ સાધુએ જાહેર કરવું જોઈએ કે 'આગમના યોગે તો અમે આટલે સુધી આવ્યા છીએ. એ તારક આગમો માટે ગમે તેમ બોલનારા અમારા ભક્તો નથી, એવાઓ પોતાને જો અમારા ભક્ત કહેવરાવતા હોય તો એવા તે ભકતોને અમે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવીએ છીએ.'

પેલા ભક્તો કહે છે કે 'અમે આપને જરૂર માનીએ છીએ પણ ભૂતકાળના આચાર્યોની વાતમાં અમને શ્રદ્ધા નથી.' ત્યારે આવું સાંભળનાર સાધુ મૌન રહે? એ એને કહી દે કે 'ભાઈ ! તું પૂર્વાચાર્યની વાત માનવા તૈયાર નથી તો અમને તેં કેવી રીતે માન્યા ?'

---

**૫૧૪. સભા** : 'પૂર્વાચાર્યોની વાતોને તો એ ગપ્પાં માને છે.'

**પૂજ્યશ્રી** : તો અમે પણ ગપ્પાં જ ને ? અમારો જન્મ ક્યાંથી ? મનુષ્યપણાનો જન્મ જેમ મા-બાપના યોગે તેમ સાધુપણામાં જન્મ ગુરુના યોગે, આગમના યોગે, પૂર્વાચાર્યોના યોગે જ ને ? જો એ બધાં ગપ્પાં તો અમે એ ગપ્પાંના જ સંતાન. પછી એ લોકો અમારા ભક્ત શાથી એ એમણે જાહેર કરવું પડે. 'જેઓ પૂર્વાચાર્યોને અને આગમોને ગપ્પાં માને છે તે અમને પણ નથી માનતા.' આવું ન માને અને જાહેર ન કરે એમાં સાધુતા નથી. તમારું જિનપૂજનાદિનું વ્યસન અને અમારી મૂલગુણોની પ્રવૃત્તિ અખંડ જોઈએ. જિનમૂર્તિ માનીએ અને દર્શન પૂજન થાય તો યે શું, ન થાય તોયે શું ? એમ બોલાય ? 'ગમે તેમ બોલવામાં હરકત શી ?' એમ માનવું અને સાધુના ભક્ત

કહેવરાવવું એ બને ? વ્યવહારમાં શાહુકારનો દીકરો કોણ કહેવાય ? લેણદાર ઉઘરાણીએ આવે ત્યારે એની આંખમાં પાણી આવે, હાથ જોડે, શિર ઝૂકાવે,પેલાના ચોપડે કદાચ ન હોય તો પણ લાવેલા પાંચસો પોતાને યાદ હોવાનું જ કહે અને લાચારી દર્શાવે, વખત આવ્યે આપવાનું જ કબૂલે પણ દેણાનો કદી ઈન્કાર ન કરે, કુલીન-અકુલીનમાં ભેદ ખરો ને ? ઉત્તમ જાતિ અને અધમ જાતિમાં તફાવત ખરો કે નહિ ? જેમ ત્યાં ભેદ પડે તેમ અહીં પણ ભેદ પડે જ. જે સમ્યગ્દષ્ટિ બન્યો તે આવશ્યક કરણી માટે ગમે તેમ બોલે ? આજની તો મોટી ચર્ચા જ એ છે. કહે છે કે જિનપૂજન ન થયું, સાધુને ન વાંદ્યા અને વ્યાખ્યાન ન સાંભળ્યું એમાં સમ્યકત્વમાં શો બાધ આવી ગયો ? હું પૂછું છું કે પેઢી ખોલી ને પછી ત્યાં ન ગયા, થડા ઉપર ન બેઠા અને ઘેર પથારીમાં પડ્યા રહ્યા તો એમાં વાંધો શો આવી ગયો ? ત્યાં તો કહે છે કે એવું કરે તો તો મહોંકાણ મંડાઈ જાય. ત્યારે અહીં જ બધું ચાલે એમ ને ?

---

**૫૧૫. સભા : 'મૂર્તિને ન માને એનામાં સમકિત હોય ?'**

**પૂજ્યશ્રી** : જે પોતાના તારકની આકૃતિને નથી માનતો એ તારકને માને છે એમ કઈ રીતે કહેવાય? તારકનું નામ સાંભળીને તો આનંદ થાય, તારકનો પડછાયો જોઈને હર્ષના ઉછાળા આવે, તારકની આકૃતિ જોઈને તો રોમાંચ ખડાં થાય. મિત્રનો ફોટા જોઈને 'મારો સ્નેહ, મારો સ્નેહી' એમ હૃદય ઉછાળા મારે છે. શ્રી વીતરાગદેવની આકૃતિ જોઈને જેને આનંદ ન થાય તેને સમ્યગ્દષ્ટિ કહેવાય કઈ રીતે ?

**૫૧૬. સભા : 'મૂર્તિના આલંબન વિના ભક્તિ ન થાય ?'**

**પૂજ્યશ્રી** : શી રીતે થાય ? આલંબન છતાં સ્થિરતા ટકતી નથી તો વગર આલંબને ટકે ? શ્રી જિનેશ્વરદેવની પ્રશમરસ વહેરાવતી વીતરાગ દશાની મૂર્તિ આંખ સામે વિરાજમાન છતાં મન ટકતું નથી તો વગર આલંબને કેમ ટકે ? તમે ભણ્યા શાથી ? કક્કો ભણ્યા એ આલંબન નહિ ? 'ક'નું આલંબન ન લીધું હોત તો 'કાકા' વાંચતા થયા હોત ? નહિ જ. શ્રી વીતરાગદેવની મૂર્તિ આંખ સામે છતાં જરા રૂપરંગ દેખાય કે આંખ તે તરફ દોડે, જરા શબ્દ કાને પડે કે તરત કાન તે તરફ ખેંચાય, જરા ઘોંઘાટ થાય કે માથું ફરી જાય, અરે ! પ્રભુની મૂર્તિ સામે છતાં જરા કોકની કોણી વાગી જાય તો એને મારવાનું કે એની સાથે ઝઘડો કરવાનું મન થઈ જાય છે, તો તે મૂર્તિના આલંબન વિના દશા શી ? શિક્ષકની હાજરીમાં જે વિદ્યાર્થી નથી માનતો અને તોફાન કરે છે તે ગેરહાજરીમાં શું ન કરે?

**૫૧૭. સભા : 'અસલને પગે લગાય કે નકલને ?'**

**પૂજ્યશ્રી** : અસલ શું અને નકલ શું ? ભગવાન વિચરે ત્યારે પણ પગે લાગે તે કોને ? શરીરને ને ? શરીર એ શું ? એ પણ આકૃતિ. આત્મા તથા એના ગુણો તો અરૂપી છે. મુનિને મુનિ કેમ માન્યા ? શરીર એ મુનિ કે આત્મા એ મુનિ ? માટે શ્રી વીતરાગદેવની આકૃતિ એ જ અસલ. 'પ્રશમરસ નિમગ્નં...' માં જણાવેલા ભાવ બતાવે એ મૂર્તિ એ જ અસલ. એ વીતરાગ આવા હતા, એવો ખ્યાલ એ મૂર્તિ જ આપે છે. ફોટો અસલ કે નકલ ? ફોટા વિના વ્યવહાર ચાલે છે ?

**૫૧૮. સભા : 'મહારાણીના બાવલાને કોઈએ કાળું કર્યું હતું એમાં અપમાન મનાયું હતું.'**

**પૂજ્યશ્રી** : દુનિયાના વ્યવહારમાં તો ચાલતું જ નથી. અહીં જ બધી દલીલો થાય છે, પણ તે ખોટી છે. વિદ્યાર્થીનિ ભૂગોળ આખી વંચાવે પણ નકશા ન રાખે તો ? એમાં હરકત શી ? એવું પુછાય ? પેઢી ખોલ્યા પછી બધું કરવું જ પડે. અગિયાર વાગે જવું પડે, નોકર-ચાકર પર દેખરેખ રાખવી પડે, માલની ખરીદી-વેચાણનું ધ્યાન રાખવું પડે,ગ્રાહક તરફ નજર રાખવી પડે,ઉધારનું જમા અને જમાનું ઉધાર ન થઈ જાય એનું પણ ધ્યાન રાખવું પડે. આ બધું ધ્યાન ન રાખે તો હરકત શી એમ પુછાય ? એ ધ્યાન ન રખાય તો પેઢી ઊઠી જાય. એક વેપારી થવામાં કે એક સામાન્ય એવી નોકરી કરવામાં જો ઘણી જાતની જોખમદારી રહે છે તો ધર્મી થવામાં કાંઈ જોખમદારી જ નહિ ? આ તો ભગવાન મંદિરમાં, ગુરુ ઉપાશ્રયમાં, ધર્મ પુસ્તકના પાનામાં અને અમે ધર્મી, એ ચાલે ? સમ્યગ્દષ્ટિને કશી જોખમદારી નહિ ? એ ગમે તેમ બોલી શકે ? વેપારી પણ ગમે તેમ બોલે તો ત્રણ દિવસમાં પાઘડી ફેરવવાનો વખત આવી જાય. જે સોદામાં ગઈ કાલે હા પાડી હોય તેમાં આજે ના પાડે તો એની શાખ જાય. એના નામે સોદા લખવા બંધ થાય. બોર્ડ પણ એના માન ઉપર ચોકડી મૂકે ને બજારમાં જાહેર કરે. એ જ રીતે ધર્મીની જોખમદારી માટે પણ સમજવું જોઈએ. એવાથી 'જિનપૂજન આદિ ન થયું તો શું?' એવું ન બોલાય. બોલે તો એ સૂચવે છે કે એને તત્ત્વ પ્રત્યે શ્રદ્ધા નથી.

**૫૧૯. સભા : 'માનસિક પૂજા કરે તો ?'**

**પૂજ્યશ્રી** : શાસ્ત્ર કહે છે કે ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાનકે આલબંનના અભાવની વાત કરનારા મિથ્યાદષ્ટિ છે, અનાવલંબનની વાત તો સાતમે. ત્યાં પણ ધર્મધ્યાન કહ્યું તેમાંયે ચાર આલંબન કહ્યાં. શ્રી જિનાજ્ઞા વિચારનું(વિચયનું) આલંબન, કર્મવિપાક વિચારનું આલંબન, અપાય વિચારનું આલંબન અને લોકસ્વરૂપ વિચારનું આલંબન. આ ચાર આલંબન હોય ત્યારે ધર્મ-ધ્યાન થાય. આલંબન વિના તમારે ચાલે છે ? બૂટ પહેર્યા વિના ધરતી પર પગ નહિ મૂકનારા આલંબનની જરૂરિયાત શી, એમ કયા મોઢે બોલે છે ? ડગલે ડગલે આલંબન જોઈએ. છઠ્ઠે ગુણસ્થાનકે રહેલા મુનિ માટે પણ વિધિ એ કે, એ એકલો ન જાય. ચોથે ગુણસ્થાનકે જિનપૂજનાદિ ક્રિયા તે અધ્યાત્મ, પાંચમે ગુણઠાણે દેશવિરતિની ક્રિયા તે અધ્યાત્મ અને છઠ્ઠે ગુણસ્થાનકે મુનિની ક્રિયા તે અધ્યાત્મ. પરંતુ તે તે ક્રિયા મૂકીને આંખો મીંચીને બેસે તે અધ્યાત્મ નહિ પણ અંધાત્મ છે.

અધ્યાત્મનો અર્થ શો ? આત્માના કલ્યાણને ઉદ્દેશીને જે ક્રિયા કરાય તે. કેવળ આંખો મીંચીને બેસી રહેવું તે અધ્યાત્મ નથી. શ્રી વીતરાગદેવની મૂર્તિ સામે જોતાં છતાં ગોટા વળે છે તો આંખો મીંચ્યા બાદ શા ગોટા ન વળે ? જે **'સોહમ્'** નો અર્થ ન સમજે એ એના જાપથી શું મેળવે ? વીતરાગની આકૃતિ સામે હોવાથી શ્રી વીતરાગદેવનું જીવન આખું નજર સામે તરે છે. ભગવાન મહાવીરદેવ આવા હતા, એમણે આવો ત્યાગ કર્યો, આવો તપ કર્યો,

કેવળજ્ઞાન પામ્યા, આવો ઉપદેશ આપ્યો, આવી આજ્ઞા ફરમાવી ગયા અને મુક્તિમાં પહોંચ્યા, એ બધું મૂર્તિનાં દર્શનથી જ તાજું થાય છે. ગૃહસ્થને ચોવીસે કલાક વિચારો ક્યા આવે ? આલંબન વગર જિવાય ? જો આલંબન વગર જિવાય તો ઘર, બજાર, દુકાન બધું શા માટે ? મારું મારું ' શા માટે ? બધાં ઘર પોતાના માની, જ્યાં ત્યાં પેસવા જાઓ તો ? રહેવા કોટડી વિના ન ચાલે, વેપારમાં ચોપડા વિના ન ચાલે, માત્ર ધર્મમાં જ આલંબન ખટકે, એ શું ? દશ ગ્રાહકની વાત યાદ નથી રહેતી ને તેથી રોજમેળ, ખાતાવહી, આવક, વ્યાજવહી, જમા નોંધ, ઉધાર નોંધ, બેઠો મેળ, રોકડ મેળ આ બધું જોઈએ. પાંચસો હજારના વેપારમાં પણ આલંબન જોઈએ અને આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોને ખીલવવાની ક્રિયામાં આલંબન નહિ ? અધ્યાત્મના નામે અંધાત્મ ન ચલાવો. અંધારે અથડાશો તો માથુ ફૂટશે, લોહી નીકળશે અને જોનારા ગમાર કહેશે.

---

**૫૨૦. સભા : 'માનસિક પૂજાથી લાભ ન મળે ?'**

**પૂજ્યશ્રી** : માનસિક ભોજન કરી સંતોષ માનો તો ? પેટપૂજામાં માનસિક રોટલીથી ચલાવી લો ને ? ચૂલો સળગાવવા વગેરેની માથાફોડ શી ? ત્યાં માનસિક નહિ અને પ્રભુપૂજામાં માનસિકની વાતો કરવી એમાં છેતરપિંડી નથી ?

---

** ખાવું એ પરતન્ત્રતા છે અને ન ખાવું તે સ્વતન્ત્રતા છે.*

**૫૨૧. સભા : 'નામસ્મરણથી ભક્તિ ન થાય ?'**

**પૂજ્યશ્રી** : રોટલીના નામસ્મરણથી પેટ ભરાય ? સાક્ષાત્ પ્રભુ આવે તોય શા માટે જાય ? કહી દે કે નામ સ્મરું છું, એવી રીતે માત્ર નામસ્મરણવાળા તો એમને ઓળખે પણ નહિ. ગરીબના છોકરા પેંડાનું સ્મરણ કરે પછી કોઈ પેંડો આપે તો મોઢામાં ન મૂકે ? મૂર્ખ છોકરાને પેંડાની આકૃતિ પણ સમજાવવી પડે. તમને પણ એકડાની અને કક્કાની આકૃતિ જણાવવી પડી હતી. ક-ખ-ગ-ઘ એમ બધા અક્ષરો મોઢે જ બોલાવ્યા હોત અને આકૃતિઓ ઓળખાવી ન હોત કે આને 'ક' કહેવાય, તો પુસ્તક વાંચી શકત ? નહિ જ. આકૃતિથી વસ્તુનો ખ્યાલ આવે છે. સાક્ષાત્ જિનેશ્વરદેવ તો અમુક કાળ જ રહે. ઋષભદેવ ભગવાન ચોરાશી લાખ પૂર્વ રહ્યા પણ તેમનું શાસન ક્યાં સુધી રહ્યું ? પચાસ લાખ ક્રોડ સાગરોપમ સુધી એમનું શાસન રહ્યું તે શાના આધારે રહ્યું ? અસંખ્યાતા આત્માઓ મુક્તિમાં શાના આધારે ગયા ? ભગવાનની સાથે વિચરતા તે પણ આકૃતિને સાચવતા હતા. સાક્ષાત્ મહાવીરદેવ પાસે છતાં ગૌતમસ્વામી મહારાજ અષ્ટાપદે કેમ ગયાં ? કોને વાંદવા ગયા ? ભગવાનની આકૃતિને જ ને ?

'તમારું અહીં જ કલ્યાણ' એમ ઋષભદેવ સ્વામીએ ગણધર પુંડરિક સ્વામીને કહ્યું અને એમને ત્યાં જ મૂકીને ગયા પણ તમારા વિના નહિ રહું 'એમ પુંડરિક સ્વામીએ ન કહ્યું. એ રીતે સાક્ષાત્‌ને મૂકીને રહ્યા ને ? તેનો હેતુ શો ?

હજી તો સાક્ષાત્-અસાક્ષાત્‌નો પણ ખ્યાલ નથી. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ-આ ચાર નિક્ષેપા છે. એમાંના એકને પણ ન માને તે મિથ્યાદષ્ટિ છે,

એકલા ભાવને માને અને નામ, સ્થાપના, દ્રવ્યને ન માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. એકલા ભાવને માનવાનું કહે અને બાકીના ત્રણને માનવાની ના પાડે એ આત્મા ભાવની સાથે બેઠા છતાં પણ અકલ્યાણ સાધે. વસ્તુને વસ્તુ તરીકે માન્યા સિવાય કલ્યાણ ન થાય. જેનાથી મૂળ વસ્તુનું ભાન થાય તેની સેવા તો ખાસ કરવી જોઈએ.

સ્વર અને વ્યંજનથી દ્વાદશાંગી રચાણી માટે કહ્યું કે સ્વર તથા વ્યંજનની પણ આશાતના ન થાય. અક્ષર ભૂંસીએ તોયે જ્ઞાનાવરણીય કર્મ બંધાય. 'ક' પર પગ ન મુકાય કેમ કે, દ્વાદશાંગી એનાથી બની છે.

---

**પરર. સભા : 'મિથ્યાશ્રુત માટે પણ એમ કેમ ?'**

**પૂજ્યશ્રી** : આપણને 'ક' 'ખ'નો વિરોધ નથી પણ એના દુરુપયોગનો વિરોધ છે. એ દ્વારા દુનિયાને થતા નુકસાન સામે વિરોધ છે. એ નુકસાન કરનાર વસ્તુ સામે વિરોધ છે. દુનિયાના અનેક આત્માના નાશના બચાવની ત્યાં ભાવના છે.

---

**પર૩. સભા : 'મિથ્યાશ્રુતને પાણીમાં નખાય ?'**

**પૂજ્યશ્રી** : જેવો સમય તેવું થાય. ક્યા શિક્ષણનો વિરોધ ? 'ક' 'ખ'નો નહિ પણ અયોગ્ય પરિણામ લાવે તે શિક્ષણનો વિરોધ છે. 'ક''ખ' તો જેમ તમે ભણ્યા તેમ અમે પણ ભણ્યા. તદ્દન અભણ બાળક તમે અમને સોંપી જાઓ તો અમે પણ એને કક્કો ભણાવીએ, કેમકે હવે એના હાથે એનો સદુપયોગ થવાનો

**નિશ્ચિત છે. પણ જો તમે એને પાછો લઈ જવાના હો તો ન ભણાવીએ કેમકે કક્કા દ્વારા થનાર સુંદર ઉપયોગની નિશ્ચિતતાં ત્યાં નષ્ટ થાય છે.** આલંબન ક્યાં ન જોઈએ ? જ્યારે આલંબન હીન થવાય ત્યારે ન જોઈએ. જે મહર્ષિઓને શરીરની પણ પરવા નથી તેમને આલંબન ન જોઈએ. શરીરને ટકાવવા અનાજ, પાણી, નિદ્રા વગેરે બધાં આલંબનો સ્વીકારનાર, તારકની ભક્તિ માટે આલંબન (મૂર્તિ, પૂજા, ક્રિયા આદિ) ન સ્વીકારે ? **માનસિક શુદ્ધિ વિના દ્રવ્યપૂજા બરાબર ફળતી નથી એ વાત જેમ ખરી છે તેમ દ્રવ્યપૂજા વિના માનસિક શુદ્ધિ આવતી નથી એ વાત પણ એટલી જ ખરી છે.** મીઠાઈનો સ્વાદ જાણવા માટે એનો અનુભવ કરવો જ પડે. વસ્તુના સાચા ખ્યાલ માટે અનુભવ જરૂરી છે.

---

૫૨૪. સભા : **'આનંદઘનજીનું અધ્યાત્મ કેવું?'**

**પૂજ્યશ્રી** : આનંદઘનજીના નામે લોકો ગપ્પાં ચલાવે છે. આજે તો ગપ્પાંનો પાર નથી. આનંદઘનજીનાં સ્તવનો એ કેવા હતા એની પ્રતીતિ કરાવે છે. એમનાં સ્તવનોમાં વર્ણવેલા આચારવાળા એ હોય તો જ એ આપણને માન્ય છે અને લોકો કહે છે તેમ અગડંબગડં ચલાવનારા હોય તો આપણને માન્ય નથી; પણ એ એવા હોય ? તેઓ શું કહે છે ?

**'પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો....'**

આવું કહેનારા એ મહાપુરુષ એક પણ અયોગ્ય પ્રવૃત્તિ કરે ? લોકોનાં ગપ્પાં ન મનાય. આજનાં મોટા ભાગનાં સાહિત્ય બને ત્યાં સુધી દેશવટો દેવા

જોગાં છે. એ લોકો આનંદઘનજીને માને છે ? નહિ. એ તો કોઈને જ માનતા નથી. એ લોકો જો આનંદઘનજીને માને છે તો એ આનંદઘનજી જે આગમોને માને તેને કેમ ન માને ? પૂ.આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિ મ.ને માને તેઓ એ મહાપુરુષ જે આગમોને માને અથવા એમણે જે આગમ (શાસ્ત્રો) લખ્યાં તેને કેમ ન માને ? એ લોકો કહે છે કે 'હરિભદ્રસૂરિ ભાવાચાર્ય હતા.' કબૂલ છે કે એ ભાવાચાર્ય અને પરમ મધ્યસ્થ હતા; પરંતુ એમની તો બધી વાત કબૂલ છે ને? એમ પૂછીએ તો પાછા ત્યાં 'હા' નથી કહેતા. એ વાતમાં આઘાપાછા થાય છે; ત્યારે શ્રી હરિભદ્રસૂરિ મહારાજાની પ્રશંસા કરવાનો હેતુ લોકોને એમના નામે ભોળવવાનો છે. એક પણ પ્રામાણિક આચાર્યને માને તેને તમામ જિનેશ્વરોને, પૂર્વાચાર્યોને, આગમોને, જીવાદિ નવે તત્ત્વોને, દેવ-ગુરુ-ધર્મને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને, ધર્માનુષ્ઠાનોને માનવાં જ પડે એવી સુંદર યોજના આ શાસનની છે.

અમુકને પ્રામાણિક માને અને બાકી બધું ન માને તે નાસ્તિક છે, મિથ્યાદષ્ટિ છે, કાઢી મૂકવા જેવો છે, પછી ભલે એ ગમે તેવો મોટો ગણાતો હોય. જમાલી ભગવાનનો જમાઈ, ભાણેજ અને શિષ્ય, પાંચસો શિષ્યોનો ગુરુ અને અગિયાર અંગનો પાઠી પણ એણે જ્યારે 'ભગવાન ભૂલ્યા' કહ્યું કે તરત સંઘ બહાર મુકાયા. પાંચસો શિષ્યો એમનો ત્યાગ કરી ભગવાનને શરણે ગયા. 'આ તો ભગવાનના જમાઈ !' એ વાત ત્યાં ન ચાલે; ભગવાને ભવચક્રમાં એવા તો ઘણા જમાઈ કર્યા, તેને મનાય ? ભગવાનના એવા તો ઘણા શિષ્યો ભવચક્રમાં થયા પણ તેથી કાંઈ એમને મનાય ? ભગવાનની આજ્ઞા,

ભગવાનના આગમ, ભગવાનના સાહિત્યને જે માને તેને માનીએ, બીજાને નહિ. આજે તો પોતાની એક વાત સિદ્ધ કરવા ગમે તેવી ભળતી વાતો લખાય છે.

દેવચંદ્રજીને માનનારાઓએ એમને બારપૂર્વી સિદ્ધ કરવા પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાને ચૌદપૂર્વી લખ્યા. જો એમને ચૌદપૂર્વી ન લખે તો આમને બારપૂર્વી કોણ માને ? એમ ધારી ઉપાધ્યાયજીને ચૌદપૂર્વી લખી તો નાખ્યા પણ એમ લખનારને પૂછો કે ભગવાનના શાસનમાં ભગવાનના નિર્વાણ પછી પૂર્વનું જ્ઞાન રહ્યું ક્યાં સુધી ? ભગવાનના નિર્વાણથી હજાર વર્ષે પૂર્વનો વિચ્છેદ થયો છે, ત્યારે દેવચંદ્રજી મહારાજને તો હજી અઢીસો વર્ષ જ થયાં છે. પણ લખનારને એ ભાન હોય ? પૂ. ઉપાધ્યાયજી મહારાજ પણ જો આ વાત સાંભળે તો એવું લખનારને ગમાર કહે કે 'ક્યાં ચૌદ પૂર્વધર અને ક્યાં હું ?'

પૂ.ઉપાધ્યાયજી મહારાજાના સમકાલીન પૂ.ઉ. શ્રી માન વિજયજી મહારાજાએ લખ્યું કે 'શાસ્ત્રમાં પૂર્વધરની વાત વાંચીએ છીએ પણ પૂર્વધર કેવા હોય એની ઝાંખી પૂ. ઉપાધ્યાયજી મહારાજા કરાવે છે.' આમ એમણે કહ્યું, એ શાસનનું માર્ગાનુસારીપણું છે. વાત પણ કહી અને મર્યાદા પણ સાચવી. શાસ્ત્રાનુસારી વાત કરનાર સાપેક્ષ વર્ણન કરે જ્યારે ઉન્માર્ગગામીઓ નિરપેક્ષપણે કરે. તમે જેને માનો એનાં પણ એ ખૂબ વખાણ કરે ત્યારે રાજી ન થવું, કેમ કે એમાં પણ હેતુ તમને ફસાવવાનો છે. તમે જેને માનો તેને એ જિનેશ્વરદેવ જેવા વખાણી નાખે તો સમજી લો કે એ તમારામાં કાંઈક ઝેર રેડવા

માગે છે. તમે એમને કહી દ્યો કે 'અમે જેને માનીએ છીએ, એ જેવા છે તેવા વખાણો ત્યાં સુધી ઠીક પણ એને જિનેશ્વરદેવ કહી દો છો તો લાગે છે કે એની પાછળ કાંઈક બીજો જ હેતું છે.

કોઈ આદમી ઉપકારી ગુરુને બહુ ભક્તિથી પૂજે એમાં વાંધો નહી, એનો આ શાસનમાં ઈન્કાર નથી. એને કેટલીક વખત એમ પણ થાય કે શ્રી જિનેશ્વરદેવ ઉપકારી પણ એ તો દૂર; મારા તો આ નજીકના ઉપકારી, તો ત્યાં પણ વાંધો નહિ પણ એ એમ કહી દે કે- 'આ જ જિનેશ્વર,' તો ન ચાલે. એમ કહે તો સત્યાનાશ વળે.

શ્રી જિનેશ્વર કેટલા ? ચોવીસ જ. આ પચીસમા, એમ ન કહેવાય. કોઈને કોઈ ગૃહસ્થનો ઉપકાર હોય તો એને એ ઉપકારી માને પણ એને કહેવાય તો શ્રાવક જ, સાધુ નહિ. નહિ તો નવકાર પણ ફેરવવા પડે. એ લોકો કહે છે કે 'ઉપકારના કારણે અરિહંતને સિદ્ધપદની પહેલાં મૂક્યા એમ જેને જેનાથી ઉપકાર તે તેને પહેલા મૂકે એમાં વાંધો શો ?' તો પછી કોઈને આચાર્યથી ઉપકાર થાય, કોઈને ઉપાધ્યાયથી અને કોઈને સાધુથી થાય તો દરેક પહેલું પદ તેને તેને આપે એમ ? કોઈને ગૃહસ્થથી ઉપકાર થાય તો તે **'नमो गिहत्थाणं'** બોલે ? કોઈને પત્નીથી ઉપકાર થાય તો ? ઉપકારી ઉપકારી તરીકે મનાય પણ વસ્તુને વસ્તુ તરીકે સાચવીને. ઘણા કુમત આ રીતે ચાલ્યા છે. ઉપકારીની બહુ ભક્તિ કરવાનું મન થાય એમાં વાંધો નથી, જિનેશ્વર કરતાંયે વધુ સ્મરણ થઈ જાય છે એમ કહે ત્યાં સુધી વાંધો નથી પણ 'આને જિનેશ્વર કેમ ન માનીએ ?' એમ કહે ત્યાં વાંધો. આવી ભક્તિના પરિણામે તો શ્રી જિનેશ્વરદેવની

આશાતના થવા માંડી. પોતે જેને માને તેના ફોટા વચ્ચે રાખે અને શ્રી જિનેશ્વરદેવના ફોટા આજુબાજુ રાખવા લાગ્યા. પછી એથી આગળ વધ્યા. પૂજા ભણાવતાં બોલે કે ' આ જિનને પૂજીયે ભવિકા' - તે એ પદ બોલતાં આંગળી વચલા ફોટા સામે જ કરે. આ ચાલે ? એના ઉપકારી ભલે હોય પણ તેથી એ જિન હોય ? આ ભાઈનો અમુક શેઠ છે પણ એનાથીયે કોઈ મોટો શેઠ આવે ને આ ભાઈ કહે કે ગાદી પર તો મારો શેઠ બેસે, પેલા મોટા શેઠને ન બેસવા દઉં, તો એ ચાલે ?

આલંબન ન માને તો ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાનક ન ટકે. શ્રી જિનમંદિર હોય ને સાધુ દર્શન કરવા ન જાય તો એને છઠ્ઠનું પ્રાયશ્ચિત્ત આવે. વિહાર કરતા હોય, વચ્ચે ગામ આવે, ભલે જવું આગળ હોય પણ એ વચ્ચેના ગામમાં જિનમંદિર હોય અને દર્શન કર્યા વિના જાય તો પ્રાયશ્ચિત્ત આવે.

**૫૨૫. સભા : 'સાધુને પ્રાયશ્ચિત્ત આવે અને શ્રાવકને નહિ?'**

**પૂજ્યશ્રી** : જિનપૂજન એ શ્રાવકની કરણી છે, એને પ્રાયશ્ચિત કેમ ન લાગે ? ફરજ ન બજાવે એ ગુનો તો ખરો ને ?

**૫૨૬. સભા : 'સૂતક હોય તો ?'**

**પૂજ્યશ્રી** : સૂતકમાં દર્શન-પૂજન જ નહિ એમ કોણે કહ્યું ? એક વાત તો એ અને બીજી વાત કે દર્શન અને પૂજન કર્યા વિના ગમે તેવા સંયોગોમાં રહેવું

નહિ અથવા તો એના વિના અન્નપાણી લેવું નહિ એવો નિયમ છે ? તો શાસ્ત્રકારે માર્ગ બધા રાખ્યા છે.

જિનપૂજન, ગુરુવંદન અને વ્યાખ્યાન શ્રવણ એ શ્રાવકની કરણી છે, સમ્યગ્દષ્ટિની અવશ્ય કરણી છે; 'એ ન થાય તોયે શું?' એમ બોલાય ? સમ્યગ્દષ્ટિ આમ બોલે ? ન થાય તો પશ્ચાત્તાપ થાય, એને બદલે આજે તો કહે છે કે 'ન થાય તોયે શું ?' આજે તો આવું બોલાય છે, લખાય છે, વંચાય છે, વંચાવાય છે, ફેલાવાય છે અને આની સામે અમારો વિરોધ છે, વિગ્રહ છે, એનું ખંડન કરીએ છીએ માટે અમને કજિયાખોર કહેવાય છે. આ વિરોધ હું મૂકી દઉં તો હું કજિયાખોર મટી જાઉં, પછી મારું કોઈ નામ ન લે. એ કહે છે કે તમે શાસ્ત્રનાં પાનાં વાંચો પણ અમારી સામે આંગળી ન ચીંધો. હું જો માત્ર પાનાં વાંચી જાઉં અને ત્રિકાળ પૂજન કરવું જોઈએ, આ કરવું જોઈએ, તે કરવું જોઈએ એમ માત્ર સંભળાવી જાઉં તો એમને કાંઈ વાંધો નથી પણ હું તો ત્રિકાળ પૂજન કરવા જેવું કહી 'જેઓ એની જરૂર નથી એમ કહે છે તે ખોટા છે' એમ કહું છું, એ એમને ખટકે છે. એ કહે છે કે 'આ સાધુ અમારી પાછળ પડ્યા છે.'

એ લોકો કહે છે કે 'આ સાધુ પાનામાંથી એક ઉક્તિ લઈને વિવેચન એવું કરે છે કે અમારી માન્યતાને, વિચારને, ભાવનાને, પ્રચારને, કાર્યને, કાર્યક્રમને ખાંડી ખાંડીને ભુક્કો કરે છે માટે એ સાધુ અમને ભયંકર લાગે છે, તેથી અમારે એમને ઉથલાવવા પ્રયત્ન કરવો જોઈએ.' એ લોકો એટલા માટે તો મને ઉથલાવવા પ્રયત્ન કરે છે. છેટેથી બધું કરે છે પણ ફાવતા નથી. હું કહું છું કે 'તમે

મને ઉથલાવવાનો પ્રયત્ન કરો અને હું તમને ઉથલાવવાનો પ્રયત્ન કરું; જે ફાવે તે ખરો. મને ઉથલાવવાની તમને છૂટ છે પણ ધ્યાન રાખજો એવી રીતે ન ઉથલાવતા કે રખે તમે જ પડો. માટે તમે ઊથલી ન પડો એ સાચવજો. મારા ખંડનથી તેમને ગુસ્સો બહુ આવે છે અને એ ગુસ્સાના યોગે પોતે શું કરે છે એનું પણ ભાન તેઓ ભૂલી જાય છે.'

હું શાસ્ત્રમાંથી વાત કરું છું એટલે એમણે સીધો હલ્લો શાસ્ત્ર ઉપર કર્યો. શાસ્ત્રને ખોટાં કહી દીધાં એટલે પંચાત જ ન રહી. પણ એમાં ગયું કોનું ? છોકરાને કોઈએ શિખામણ દીધી કે 'તારા બાપની આજ્ઞા કેમ માનતો નથી ?' ત્યારે એણે વિચાર કર્યો કે બાપને બાપ માનું તો આ પંચાત ને ? એના કરતાં છાપામાં જાહેર કરી દઉં કે 'આ મારો બાપ જ નથી, હું એને બાપ માનતો જ નથી' તો વાત એટલેથી જ પતી જાય ને ?

---

**પ૨૭. સભા** : 'પણ એમ જાહેર કર્યા પછી બાપની મિલકતમાં ભાગ રહે ?'

**પૂજ્યશ્રી** : મિલકતના ભાગની વાત તો પછી, પણ દુનિયા પૂછે કે દીકરો કોનો ? ભૂત, પ્રેત, પિશાચ છે ? અથવા નબાપો છે કે શું ? શિખામણ ન માનવા માટે બાપને પણ બાપ ન માનનારા કેવા ગમાર ? આ લોકો પણ કંઈક એવા જ ઉન્મત્ત બન્યા છે. મારી વાતને તોડવા સીધું આક્રમણ શાસ્ત્ર ઉપર કર્યું. એથી તો હવે મારી મહેનત મટી-મારું કામ સરળ બન્યું. એ જૈન છે એવું પુરવાર કરવાનું હવે એમને બાકી રહ્યું. આ જૈન કેમ હોઈ શકે ! એમ કહેવું પડતું હતું તે હવે નહિ કહેવું પડે, કેમ કે આગમ માનતા નથી માટે જૈન નથી એ સાબિત થઈ

ગયું. આગમ માટે એલફેલ બોલવાથી આગમના વિરોધી સાબિત થઈ ગયા. આવી કાર્યવાહીથી નામના કોની બગડી ?

આપણે કોઈને 'એ આવા છે' એમ કહેવાની ઉતાવળ કરીએ જ નહિ. આપણા માટે એ ગમે તેમ કહે તેની પરવા નહિ; પણ કોઈ ડાહ્યા માણસને આપણે કાંઈ કહેવું પડે તેવું કારણ આપણે આપીએ જ નહિ. 'આ જૈન નથી' એવું આપણે ન બોલીએ; પણ, આવા હોય તે જૈન, આગમને માને તે જૈન અને આગમને ન માને તે જૈન નહિ' આ કહીએ એટલે કાંઈ બાકી રહે? જૈનેતર હોય તે પણ સમજી શકે.

શાસ્ત્ર કહે છે કે જિનપૂજા એ સમ્યગ્દષ્ટિની કરણી છે. જિનપૂજન વિના સમ્યક્ત્વ રહે ? આટલી ખુલ્લી વાત કર્યા વિના ચાલે ? જો વગર ક્રિયાએ એમ ને એમ જ બધા સમ્યગ્દષ્ટિ કહેવાતા હોત તો તો બધા સમ્યગ્દષ્ટિ કહેવડાવવા તૈયાર થાત. કોઈ દર્શનનો અનુયાયી પોતાને મિથ્યાદષ્ટિ કહેતો નથી પણ સમ્યગ્દષ્ટિ જ કહે છે. સમ્યગ્દષ્ટિ એટલે શુદ્ધદષ્ટિ. મિથ્યાદષ્ટિને પૂછો તો એ પણ પોતાને સમ્યગ્દષ્ટિ જ કહેશે અને પોતાના દેવને સર્વજ્ઞ અને વીતરાગ જ કહેશે. પછી કોઈ પૂછે કે દેવને આ બધી ધમાલ શી ? તો કહેશે કે એ તો લીલા, આગળની કાર્યવાહીની પંચાંતમાં ન ઊતરે એ વાત જુદી. આ રીતે વિરોધી પણ પોતાને 'સુ' માને એને કેમ રોકાય ? આપણું કામ તો 'સુ' નું સ્વરૂપ બતાવવાનું છે.

**તો જ મારો–તમારો મેળ જામે !**

આલંબન વિના કાર્યસિદ્ધિ નથી. ગૃહસ્થ થવામાં કે વેપારી થવામાં કે

નોકરી બજાવવામાં જેમ જોખમદારી સમજો છો તેમ ધર્મી થવામાં જોખમદારી સમજો, તો તમારે અને અમારે મેળ જામે. પછી તમે શિષ્ય થવા માંગો તોયે રાખું અને શ્રાવક તરીકે રહેવા માગો તોયે રાખું. અરે ! મા-બાપ તરીકે, ભાઈ તરીકે, સ્નેહી તરીકે, શિષ્ય તરીકે, જે રીતે રહેવા માગો તે રીતે રાખું; પણ ક્યારે ? ધર્મી થવા માટે જોઈતી જોખમદારી સમજો તો. સમ્યગ્દષ્ટિ ઘરબાર કુટુંબ પરિવારમાં જ પોતાનું ન ગુમાવે. એ બધું છોડ્યા વિના શ્રેય નથી એમ કહ્યા વિના સમ્યગ્દષ્ટિ આત્મા ન જ રહે. જિનપૂજન, ગુરુવંદન, જિનવાણી શ્રવણ ન થાય, તે દિવસને એ આત્મા વાંઝિયો માને. આટલું થાય તો તો તમારો અને અમારો સંબંધ ચાલુ રહે. (સં.સ્વ.દ.ભાગ-૨)

પૂર્વભૂમિકા : મૂળગુણોને શોભાવવા ઉત્તરગુણોનું અખંડિત સેવન મુનિ કરે. મૂળગુણો ગૃહસ્થ તો દેશથી પણ પાળે. દેશથી પાળવામાં ગૃહસ્થને હરકત નથી. જેટલા અંશે પાળે તેટલા અંશે ધર્મ. એ ગુણને સંપૂર્ણપણે પાળવા જેવા માને અને એ રીતે પાળવાનો સમય ક્યારે આવે ! એવું ઈચ્છે, એ બધા સંઘમાં રહી શકે. પરંતુ જ્યાં એના પ્રત્યે સદ્ભાવ નથી ત્યાં સમ્યકત્વ પણ નથી. પીઠિકામાં સામાન્ય પ્રકારે પ્રવૃત્તિ હતી. અહીં વિશિષ્ટ પ્રકારે પ્રવૃત્તિ છે. સંસારને સારો માનીને પાલન કરાય એવો એક પણ મૂળગુણ નથી. એકમાં ગરબડ થાય એટલે પાંચેયમાં થાય. શ્રાવકના મૂળગુણમાં અનેક ભેદ પડે. એ બાર વ્રત પણ લે અને યાવત્ એક વ્રત પણ લે. મનથી, વચનથી કે કાયાથી એમ ગમે તે એક યોગથી, ફાવે તે રીતે પાળી શકે; પણ મુનિના મૂળગુણમાં ભેદ

નહિ. એને તો પાંચેય મહાવ્રત ત્રણેય યોગથી અને ત્રણેય કરણવડે જિંદગીભર પાળવાનાં. એના પાલનમાં કોઈ શિથિલ પણ થાય તોયે તે પોતાની પામરતા જાહેર કરે તો તેને અહીં સ્થાન છે પણ 'જેવો સમય' એમ કહે તો એવી પોલ અહીં ન ચાલે. 'પળાતું નથી, પાળે તેને ધન્યવાદ, પણ વસ્તુ તો એ જ સાચી' એમ કહે એ નભે પણ સમયનું બહાનું ન નભે. 'મહાવ્રત પાળવાનો આ કાળ નથી, પાંચ મહાવ્રતમાંથી કોઈ ઓછું વધુ પાળે તો વાંધો શો ?'એવું બોલનારો આ શાસનમાં ન નભે. અરે ! પાળવા છતાં પણ હૃદયમાં એમ માનતો હોય કે 'નથી પાળતા તો મુનિ તરીકે પંકાતા નથી માટે પાળવું પડે, બાકી આ જમાનામાં આવું બધું કાંઈ પાળી શકાય નહિ;' તો આવી માન્યતાવાળો તો નહિ પાળવાવાળા કરતાંયે ભયંકર છે કેમકે એ તો એક રીતે ઝેર જ વરસાવે છે. પેલા તો નથી પાળતા આટલું જ પણ આ તો દેખાવ પાળવાનો કરે છે અને 'એમાં છે શું ?' એમ માને છે.

---

**૫૨૮. સભા : 'પાંચ મહાવ્રત ખંડિત થયાં હોય એવો પણ સાધુ શ્રાવક કરતાં તો સારો ખરો ને ?'**

**પૂજ્યશ્રી** : કોટ્યાધિપતિ દેવાળું કાઢે છતાં સેંકડોપતિ કરતાં તો સારો ને, એમ કહેવાય ? સારાપણું ક્યાં સુધી, એની પણ મર્યાદા હોય ને ? શાસ્ત્રે કહ્યું કે ઉત્તરગુણમાં શિથિલતા નભાવી લેવાય, વખતે ક્રોધ-માન-માયા-લોભની માત્રા વધી જાય કે એમાં તરતમતા હોય તે નભે પણ મૂળગુણમાં જરા પણ પોલ ન ચાલે.

પ૨૯. સભા : 'ખોરું ઘી દીવેલથી પણ જાય ?'

પૂજ્યશ્રી : દીવેલ તો કામમાં લેવાય અને ખોરું ઘી ફેંકી દેવું પડે. ખોરા ઘીની ચીજને કોઈ ન અડે. ખાવા આપો તો ખાનારો મોઢામાં નાખે અને નારાજ થાય અને કોઈ તો એવા ઘીના ઉપયોગ કરનારા માટે તિરસ્કાર પણ વ્યક્ત કરે. હજી સહેજ ખોરું હોય તો ચાલ્યું જાય પણ જો વાસ પેસી ગઈ હોય તો તો ન જ ખવાય. જમણવાર કર્યો હોય પણ કોઈ જમે જ નહિ એવું બને એ રીતે ઉત્તરગુણમાં શિથિલતા નભી જાય, મૂળગુણમાં ન નભે.જેના વડે જ મુનિપણું છે, તે જ જાય તો પછી રહ્યું શું ? અબજો મળ્યા પણ શાખ ગઈ તો રહ્યું શું ? શેઠાઈ પણ શાખને આધીન છે. મૂળગુણ હોય તો મુનિ-મૂળગુણ જાય તો મુનિપણું જાય. સંઘમાં એકલી પીઠ ન ચાલે.

મેરૂની પીઠ ભલે મજબૂત છે પણ ઉપરની બધી વસ્તુઓ (મેખલા, ઉદ્યાન, નંદનવન વગેરે) ન હોય તો આટલી પંકાત નહિ. પાયો ગમે તેટલો મજબૂત હોય, અરે એમાં ભલે હીરા, માણેક કે મોતી ભર્યાં હોય પણ ઉપર એક માળનું પણ ચણતર ન હોય તો કામનું શું ?

સભા : 'ત્યાં તો પછી જનાવરો આળોટે.'

પૂજ્યશ્રી : માટે સમજો કે એકલી પીઠથી ન નભે. આજના એકલા જ્ઞાનઉદ્યોતવાદીઓ તો વળી પાયા/પીઠ વિનાના જ મહેલ ચણે છે, પરંતુ, પીઠ વિના મકાન ન હોય અને જમીન વિના અંકુર ન હોય, એ વાત તેમને કોણ સમજાવે ?

**સંસારનો ભય એ નિર્બળતા નથી :**

પીઠ મજબૂત થઈ હોય તો શું શું જણાય ? શ્રી જિનેશ્વરદેવના વચનમાં શંકા ન થાય, અન્ય દર્શનની અભિલાષા ન થાય, શ્રી જિનેશ્વરદેવના અનુષ્ઠાનના ફળમાં સંદેહ ન થાય, મિથ્યાદષ્ટિની પ્રશંસા ન થાય અને એનો પરિચય ન થાય . એ જીવને સંસારમાં મજા ન આવે. સંસાર એને ભયંકર જ લાગે. સંસાર ભયંકર લાગવો એ નિર્બળતા નથી. ઘણા કહે છે કે 'સંસારનો ભય બતાવી શાસ્ત્રકારોએ બધાને નમાલા કરી દીધા, હું કહું છું કે જેઓ સંસારથી નથી ડરતા તે જ નમાલા છે. દુનિયાનું સત્યાનાશ તેમણે જ વાળ્યું છે કે જેમને સંસારનો ભય નથી અને તેથી જ પાપનો ડર નથી. એવાઓ જ દુનિયાને માટે શ્રાપરૂપ છે. સંસારથી ડર્યા તે તો સાચા બહાદુર છે. દુર્જનથી ડરવું એ કાંઈ સજ્જનનું અપલક્ષણ નથી.

**– એમ સ્થૂલિભદ્રજીનું દષ્ટાંત ન લેવાય :**

આજે તો કહે છે કે 'તમે સજ્જન છો તો દુર્જનથી ડરો છો કેમ ? સજ્જનો દુર્જનના ટોળાથી દૂર કેમ ભાગે ? નૈષ્ઠિક બ્રહ્મચારીને વેશ્યાને ત્યાં પણ જવામાં હરકત શી ?' શાસ્ત્ર કહે છે કે સજ્જને દુર્જનના સંસર્ગથી દૂર રહેવામાં જ લાભ છે. જ્યાં ત્યાં ભટકનારો બ્રહ્મચારી રહી શકતો નથી. જ્યાં ત્યાં ભટકવાની ઈચ્છા એ જ બ્રહ્મચર્યને કલંકરૂપ છે. વેશ્યાને ત્યાં જવામાં હરકત શી ? એવું બ્રહ્મચર્યનો પ્રેમી ન બોલે. બ્રહ્મચારીને 'વેશ્યાને ત્યાં જવાનું મન જ કેમ થાય ?' એ લોકો કહે છે કે 'સ્થૂલિભદ્રજીને કેમ મન થયું હતું ?' સ્થૂલિભદ્રજીને શાનું મન થયું હતું, તે બરાબર સમજો. તેમને બાર બાર વર્ષનો એ વેશ્યા સાથે સંબંધ

હતો. વેશ્યા પણ એવી કે સ્થૂલિભદ્રજી સિવાય બીજે દૃષ્ટિ પણ ન કરે. તેમને થયું કે ‘જેની સાથે બાર વર્ષ રહ્યો તેને કાંઈ પમાડું તો ઠીક.’ એવી ભાવનાથી પણ પોતાની મરજીથી નથી ગયા પણ ગુરુઆજ્ઞા લઈને ગયા છે. ગુરુએ પણ તેમની યોગ્યતા જોઈને જ આજ્ઞા આપી છે. સિંહગુફાવાસી મુનિએ જ્યારે આજ્ઞા માગી ત્યારે ગુરુએ સાફ ના પાડી છે. કહ્યું છે કે એ તો સ્થૂલિભદ્ર એક જ, એના વાદ ન હોય. એ મુનિ ન માન્યા તો શું થયું, તે તમે સાંભળ્યું છે. આ દૃષ્ટાંત અહીં પહેલાં કહેવાઈ ગયું છે.

સ્થૂલિભદ્રજી મુનિવેષમાં વેશ્યાને ત્યાં ગયા ત્યારે દૂરથી એમને જોઈને વેશ્યાને થયું છે કે ‘મુનિપણું લઈ તો લીધું પણ પાળવું ક્યાં સહેલું છે ? ન પળાયું માટે આવ્યા.’ સ્થૂલિભદ્રજીએ ચાતુર્માસ રહેવા વસતિ માગી. વેશ્યા કહે- ‘આ બધું આપનું જ છે. ફાવે ત્યાં રહો. પૂછવાની શી જરૂર છે?’ સ્થૂલિભદ્રજી કહે ‘એ જૂની વાત બધી ભૂલી જા. હવે એ સ્થૂલિભદ્ર હું નથી. આ કોઈ ચીજને હું મારી માનતો નથી. હું ફક્ત ચાતુર્માસ રહેવા માટે સ્થાન માગું છું. અનુમતિ હોય તો રહું તે પણ સાડાત્રણ હાથ તારે મારાથી દૂર રહેવું એ શરત માન્ય હોય તો જ.’ વેશ્યાએ માન્યું કે ‘મુનિ બનીને નવા નવા આવ્યા છે. હજી શરમાય છે એટલે એમ જ બોલે ! સમય જશે એટલે આપોઆપ ઠેકાણે આવશે.’ બધી વાત કબૂલ રાખી ચિત્રશાળા ખોલી આપી.

એ ચિત્રશાળા પણ એવી કે જે જોઈને પાવૈયાને પણ પાનો ચડે. પણ આ મહાત્માને તો હવે બધું સમાન હતું. વેશ્યાને પ્રતિબોધ પમાડવા જ આવ્યા હતા. વેશ્યાને કહ્યું કે- ‘તું ને હું સમાન છીએ પણ પ્રભુશાસનના યોગે હું આ પામ્યો

અને તારી હાલત કઈ છે તે જો !' ચાર મહિના સુધી વેશ્યાએ સ્થૂલિભદ્રજીને આકર્ષવામાં કોઈ ઓછપ ન રાખી પણ આખરે એ હારી, સ્થૂલિભદ્રજીને શરણે ગઈ અને ભગવાનનો ધર્મ પામી ગઈ. આવાં દૃષ્ટાંતો લઈને 'ખરા બ્રહ્મચારીને વેશ્યાને ત્યાં જવામાં હરકત શી ?' એમ કહેનારનું બ્રહ્મચર્ય પોલું સમજવું. એ માત્ર આડંબર છે એમ શાસ્ત્ર કહે છે.

આ બધા જણાવેલા ગુણોની પ્રતીતિ અને પ્રાપ્તિ તેને જ થાય કે જેની પીઠ મજબૂત હોય અને જેને પીઠ પ્રત્યે અનુરાગ હોય. એ પીઠની રૂઢતા માટે મહર્ષિએ જણાવેલી વિચારણા કરવાની છે. એ વિચારણાં ભીરુતા નથી. સંસાર નિર્ગુણ છે, મુક્તિ સગુણ છે, સમ્યગ્દષ્ટિ આત્માની પ્રેમપૂર્વકની પ્રવૃત્તિ મુક્તિ માટે જ હોય અને આગમ કહે તેમ જ હોય. સંસાર જન્મ, જરા, મૃત્યુ, વ્યાધિ, રોગ, શોક આદિ ઉપદ્રવોથી ભરેલો છે. એનાથી ડરીને છૂટવા પ્રયત્ન કરવામાં ભીરુતા નથી. **દુર્જનથી ચેતીને ચાલે એ જ સજ્જન. દુર્જન સાથે મજેથી બેસે તે સજ્જન નથી.** સારામાં સારા ચિત્રને પણ શાહીના છાંટાથી બગડતાં વાર કેટલી ? ખોટી ચીજને સુધારવામાં વાર લાગે. દૂધને ખાટું કરવામાં જરા જેટલી છાશ બસ છે.

---

**૫૩૦. સભા : 'તત્ત્વજ્ઞાનાદિ માટે આ દેશની સ્ત્રી નહિ, પણ પરદેશી સ્ત્રીનો પરિચય રાખવામાં વાંધો ખરો ?'**

**પૂજ્યશ્રી** : તત્ત્વજ્ઞાન માટે વળી સ્ત્રીના પરિચયની શી જરૂર ? આ દેશની સ્ત્રી કરતાં પરદેશી સ્ત્રીઓ વધારે છૂટછાટવાળી હોઈ તેનો પરિચય વધારે

ભયંકર છે. ક્વચિત્ કોઈ અર્થી આવે તો પાંચ-પચીસ જણાની હાજરીમાં તત્ત્વ સમજાવવામાં હરકત નથી; પણ એના માટે પરિચય જ જોઈએ, એવું શા માટે?

---

**૫૩૧. સભા : 'પરંતુ, એ પ્રોફેસર હોય તો ?'**

**પૂજ્યશ્રી** : પ્રોફેસર હોય તેથી શું ? એ વાતનું મહત્ત્વ વથી. જે મર્યાદા આ દેશની સ્ત્રીઓમાં છે તે મર્યાદા પરદેશની સ્ત્રીઓમાં મહેનત કરો તોયે આવતાં વાર લાગે.

---

**૫૩૨. સભા : 'એનામાં પૂરતો વૈરાગ્ય હોય તો ?'**

**પૂજ્યશ્રી** : સાચો વૈરાગ્ય હોય તો મર્યાદા આવતાં વાર ન લાગે. પછી પરિચયની વાત રહેતી નથી. બાકી વૈરાગ્ય કાંઈ રસ્તામાં નથી પડ્યો. એ પરદેશી સ્ત્રીઓએ કેવાં કામ કર્યાં છે એ તમે જાણો છો ? દશબાર વર્ષ પહેલાં થઈ ગયેલા વિશ્વયુદ્ધની વાત છે. તે વખતે જર્મનીની સ્ત્રીઓ જાસૂસી કરવા ઈંગ્લૅન્ડમાં પહોંચી ગઈ હતી. ત્યાંના મોટા મોટા માણસો ને અફસરોની સ્ત્રીઓ બનીને રહી અને તેમની પોતાની બનીને તેમનો નાશ કર્યો. છેવટ સુધી પરખાઈ નહીં. દરેક મોટા અમલદારના ઘરમાં દાખલ થઈ ગઈ અને નાનામાં નાની બાતમી જર્મનીમાં પહોંચાડી દેતી. ઈંગ્લેન્ડમાં જે વ્યૂહ રચાય તેના સમાચાર વિના વિલંબે જર્મનીમાં પહોંચી જાય. આવી સ્ત્રીઓમાં વૈરાગ્ય આવી ગયાની વાત માની લેવામાં ઉતાવળ કરવા જેવી નથી. આર્યદેશ, આર્યજાતિ, આર્ય-કુળમાં જે જમાનામાં વૈરાગ્યનાં સાંસાં હોય તે કાળમાં અનાર્યદેશ-જાતિ-કુળમાં

તીવ્ર વૈરાગ્યની કલ્પના કરવામાં ડાહ્યા માણસે વિચાર કરવા જેવું છે; નહિ તો મૂર્ખ બનતાં વાર નહિ લાગે. પરિચયથી એનામાં વૈરાગ્ય આવે પણ ખરો, પણ એ પરિચયમાં મર્યાદા કેવી હોય ? મુનિની મહત્તા આચારમાં છે. શાસ્ત્રે કહ્યું કે **बालः पश्यति लिङ्गम्** । બાલજીવો લિંગને જોનારા હોય છે.

પૂ. આ. શ્રીમાન હરિભદ્રસૂરિ મહારાજાએ જીવોના ત્રણ પ્રકાર બતાવ્યા. બાલ, મધ્યમ અને પંડિત. બાલ જીવો લિંગ જુએ. માર્ગ ન સમજી શકે તે બધા બાલજીવો ગણાય. એ બધું બહારનું જુએ. એમને ધર્મ પમાડવા માટે આચારનિષ્ઠ બનવું જોઈએ. એ જૈન કે જૈનેતર પણ હોય. એ મહાવ્રતો સમજવા માગે તો તેમને સમજાવાય. એમાં ચોથા વ્રતની વાતમાં નવવાડનું વર્ણન આવે. તેમાં વિજાતીય સાથે એકાંત ન સેવવાની વાત આવે ત્યારે ઈતર સાંભળનારો પણ હોશિયાર હોય તો મોઢે ન કહે પણ મનમાં ગાંઠ વાળે કે અહીં પણ પોથીમાંનાં રીંગણાં છે. એ છાયા કેવી પડી ? તત્ત્વજ્ઞાન આપવા માટે સ્ત્રી સાથે પણ એકાંતમાં બેસે તો જ અપાય ? જેમ બે કલાક વ્યાખ્યાનમાં નિયત તેમ તત્ત્વજ્ઞાન માટે પણ સમય નિયત રખાય અને તેમાં બીજા પણ આવીને બેસે તો હરકત શી આવે ?

**સભા : 'શીખવવાની ખાસ પદ્ધતિ છે, એમ કહે છે.'**

**પૂજ્યશ્રી** : એ અયોગ્ય છે. તત્ત્વગોષ્ઠિ બીજાઓ સમક્ષ ન થાય એવું જૈનદર્શનમાં કહ્યું નથી. એ કાંઈ ગુહ્ય વસ્તુ નથી. માત્ર આલોચના જાહેરમાં ન થાય. તત્ત્વગોષ્ઠિ એકાંતમાં જ થાય એવી વાતોનો આરંભ થશે તો મહાવ્રતની

રક્ષા માટેની દીવાલમાં છીદ્રો પડશે. માનો કે એકવાર બેવાર કે પાંચ-પચીસવાર અગર એકને, બેને કે દશને વાંધો ન પણ આવે, વ્યક્તિઓ સારી પણ રહે પણ એનું પરિણામ શું ? માટે તત્ત્વગોષ્ટિ માટે કલાકનો બીજો સમય જરૂર રાખે પણ એકાંતમાં રાખવાનું કારણ નથી.

**૫૩૩. સભા : 'સામાના સમયની સગવડ જોવી પડે ને ?'**

**પૂજ્યશ્રી** : જોવી પડે તો ભલે જુઓ, પણ એક વાત સમજો કે ઘર વેચીને વરો ન થાય. એ તો રાત્રે કહે તો રાત્રે સ્ત્રી સાથે મુનિથી બેસાય ? મુનિના આચાર શ્રાવકે જાણવા જોઈએ. જ્ઞાનીઓએ બાંધેલી મર્યાદાઓ લંઘીને ઉદ્ધારની વાતો કરવા માગો કે તત્ત્વ પ્રચારવા માગો તો એ '**न भूतो न भविष्यति।**'

પૂજ્ય આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા પગે ચાલીને ગયા, બાદશાહે મોકલેલાં વાહન ન સ્વીકાર્યાં, તો પહોંચતાં પહેલાં જ અકબર બાદશાહના હૃદયમાં એ મહાપુરુષની યોગ્યતા અંકિત થઈ ગઈ. પછી તો માત્ર બીજ વાવવાની જ મહેનત રહી. હાથી પર બેસીને ગયા હોત તો બાદશાહને થાત કે 'જેવો હું એવા એ.' આચાર વિનાની વિદ્વત્તાથી કદી સામો ઘડીભર મુગ્ધ બને પણ સરવાળે એને આદરભાવ ન થાય, બહુમાન પેદા ન થાય. વર્તન વિનાનું જ્ઞાન, આચાર વિનાની વિદ્યા, આગમાનુસારી પ્રવૃત્તિ વિનાની વિદ્યા તે ગધેડા પર બોજા જેવું છે. ભારનો એ ભાગીદાર થાય પણ ખુશબોનો નહિ, પછી ભલેને એ ચંદનનો ભાર હોય.

તત્ત્વજ્ઞાની પણ ઈચ્છા મુજબ વર્તવાનું કહે, તો અજ્ઞાની ને તત્ત્વજ્ઞાનીમાં ભેદ શો ? મોટો પણ અશુચિમાં હાથ નાખે, તો નાના મોટાનો ભેદ શો ? તત્ત્વજ્ઞાની ગમે તેમ વર્તી શકે એવી છૂટ અપાય તો જેટલા સાધુ એટલાં ઘર મંડાય. તત્ત્વજ્ઞાનના નામે એકાંત સેવવાની છૂટ હોત તો આજે સાધુ શોધ્યા ન જડત. શ્રી જિનેશ્વરદેવનું જીવન સંપૂર્ણતયા અપવાદહીન હોય છે. જમીન પર પગ વાળીને એ કદી બેસતા નથી. શરીર તો એમનું ઘણું ઉપકારી છે છતાં અપવાદ એક નહિ. આપણે તો અપવાદથી ભરેલા છીએ તો પણ પાંચ મહાવ્રતમાં બાકીનામાં ભલે અપવાદ હોય, ચોથામાં જરાય અપવાદ નથી. અપકાયની વિરાધનાની મના, તો પણ નદી ઊતરવાનો અપવાદ પહેલા વ્રતમાં રાખ્યો પણ ચોથું કેવલ નિરપવાદ. વિજાતીય સાથે એકાંતની કોઈ પણ કારણે છૂટ નથી. અગ્નિ પાસે મીણના ગોળાને રાખવાથી પરિણામ શું આવે ? મીણના ગોળાને છૂટો મારો તો લોહી કાઢે, પણ અગ્નિ પાસે મૂકો તો તરત પીગળવા માંડે-ટકી શકે જ નહિ. બૂટ પહેર્યા માટે ખીલા ઉપર પગ ન ઠોકાય. બૂટ ચીરીને પગમાં ભોંકાતાં વાર ન લાગે. એ જ રીતે તત્ત્વજ્ઞાનના બહાને વિજાતીય સાથે એકાંત સેવાય તો માનીએ કે વર્તમાનમાં કદાચ દોષ ન પણ હોય પરંતુ દોષને આવવાના દરવાજા ઉઘાડા તો મુકાય છે. એ કાર્યવાહી વાજબી નથી. એનું પરિણામ ભયંકર છે. એકાંતમાં વિદ્યા ગ્રહણ કરવાનો સાધ્વી માટે નિષેધ છે. મહાપુરુષો વાચના આપે ત્યાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ચારે પ્રકારનો સંઘ સાંભળે. સાધ્વીને પૂછવું હોય તો આડા મુખે પૂછે.

તત્ત્વજ્ઞાનની આપ-લે માટે એકાંત જ શા માટે જોઈએ ? આવી પોલ શ્રી જૈનશાસનમાં નથી.

**... એ ડહાપણ નથી પણ બેવકૂફી છે :**

આજે વિતંડાવાદ વધી પડ્યો છે. શાસ્ત્ર વિતંડાવાદની મના કરે છે. કોઈ ઈતર સમજવા માગે તો તો જરૂર સમજાવીએ. શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલી વાતો જાહેરમાં સમજાવવા તૈયાર છીએ પણ મર્યાદા મૂકીને નહિ. યાચકને ઘરના આંગણે આવવા દેવાય પણ ઉઠાવગીરને આંગણું ન દેખાડાય. એને તો રસ્તામાં જ પાંચ-દશ રૂપિયા આપી વિદાય કરાય. એને જો ઘરમાં પેસવા દો તો બધું જોઈ જાય અને ગમે ત્યારે આવીને ધાડ મારી જાય. માટે તો કહેવત પડી કે રોટલો કોઈને પણ આપવો પણ ઓટલો તો માણસ ઓળખીને જ આપવો. દરેકની મર્યાદા જુદી. બધા સાથે એક સરખો વર્તાવ આ શાસનમાં ન નભે. સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અથવા સાધુ નમે કોને ? શ્રી વીતરાગદેવને, નિર્ગ્રંથ ગુરુને, સત્ય ધર્મના અનુયાયીને. બીજાને ન નમે. ન નમે માટે કોઈ અભિમાની કહે તો ભલે કહે. તિજોરીમાં ખોટા સાચા બંને પ્રકારના રૂપિયા મુકાય ? કેમ નહિ? સમતાભાવ રાખી બન્ને મૂકો તો શો વાંધો ? મૂર્ખમાં ખપવું પડે અને કોઈ વિશ્વાસ ન મૂકે. જે આવે તે મૂકો, એવી ઉદારતા બતાવે ને આપે એવા લેવા માંડે તો આપનારનું તો કામ થાય પણ લેનારને ધોળે દહાડે આબરૂ ગુમાવવાનો વખત આવે અને ભીખ માગતા થવું પડે. આવી ઉદારતા, સમતા અને શાંતિમાં ઉદયની વાતો કરવી એ ડહાપણ નથી પણ બેવકૂફી છે, સાચા ખોટાની ચોકસાઈ કરીને લેવા દેવા એ વિચક્ષણતા છે.

**સાધુ આવું ન કરે :**

આજે ઘણા કહે છે કે - 'સાધુ શા માટે ગૃહસ્થ સાથે ફરવા ન જાય ? ગમે ત્યાં રહે તો શો વાંધો ? ગમે તે ખાય પીયે તો શું બગડી જાય ?' આ બધી કેવી વાહિયાત વાતો છે ? આ શાસનમાં એ ન ચાલે. અહીં તો સાધુ બનનારે તો અંકુશમાં રહેવું જ પડે. એનાથી જેમ તેમ ન બોલાય, જે તે ન ખવાય, જ્યાં ત્યાં ન જવાય. આજે તો કહે છે કે - 'સાધુ લોન ઉપર કેમ ન બેસે ? વનસ્પતિ પર ચાલવામાં શું વાંધો ? આમેય બીજા તો એના ઉપર ચાલવાના જ છે ને ? સાધુ ચાલશે તો ઉપયોગપૂર્વક ચાલશે એટલે હિંસા ઓછી થશે.' આવું કહે માટે સાધુ વનસ્પતિ પર બેસે ? એમ તો ગૃહસ્થાવાસનાં ઘણાં કાર્યો સાધુ બતાવે ? સાધુ કાષ્ઠ પૂંજીને વાપરવાનો ઉપદેશ આપે પણ કોઈના ઘરે જઈને પૂંજી આપે ખરા? ગૃહસ્થને ચંદરવો બાંધવાનો ઉપદેશ આપે પણ ન બાંધે તો એને માટે ક્યાંયથી લાવી આપીને પોતે એના ઘરે બાંધવા જાય ? શ્રી જિનપૂજાની વિધિ બધી સાધુ બતાવે પરંતુ કેસરની વાડકીમાં આંગળી બોળી પૂજા કરી બતાવવા સાધુ ન આવે.

જો આ બધી વાતમાં મના હોય તો તત્ત્વગોષ્ઠિ માટે સ્ત્રીઓ સાથે એકાંતની છૂટ હોય ? યુવાન સ્ત્રી અને તે પણ પરદેશી, જેનાં અંગોપાંગ વધારે ખુલ્લાં દેખાય તેવો વેષ ધરાવનારી સ્ત્રી સાથે તત્ત્વજ્ઞાન માટે એકાંત, એ તો પતનનો માર્ગ છે. 'યુરોપમાં તો આમ હોય અને તેમ હોય, ત્યાંના રિવાજ તમે ન જાણો.' એવી એવી વાતો કરી પરદા રાખી લોકથી અલગ પડી એકાંત સેવવું એ ઈષ્ટ નથી. આ બધી વાતો યોગ્ય નથી. એમાં ઊંડા ઊતરવામાં માલ નથી.

મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને ઉપદેશ કે ઉપકારને બહાને પણ કોઈ વર્તન કરાય નહિ.

મુનિને સંયમપાલનમાં બાધ આવતો હોય તો શાસ્ત્રે ચોમાસામાં પણ મુનિને વિહારની છૂટ આપી છે. સામાચારીમાં જણાવ્યું છે કે મુનિ ભિક્ષાએ ગયા હોય, માર્ગમાં વરસાદ આવે, તો મુનિ કોઈ મકાન તળે ઊભા રહે; ત્યાં કોઈ સાધ્વી આવી ચડે, બીજું મકાન પચાસ કદમ દૂર હોય તો ભરવરસાદમાં પણ એ સાધ્વી ત્યાં જાય પણ અહીં ન ઊભી રહે. એક સાધુ અને એક સાધ્વી અથવા બે સાધુ ને બે સાધ્વી સાથે ઊભાં ન રહી શકે. ત્યાં કોઈ પાંચમું જોઈએ.પાંચમો કોઈ સાધુ, અથવા કોઈ સાધ્વી, અથવા કોઈ શ્રાવક કે શ્રાવિકા આવી જાય તો પાંચ જણા થાય એટલે ત્યાં ઊભા રહી શકે. નહિ તો ભરવરસાદમાં પણ સાધુ કે સાધ્વી ત્યાંથી આગળ જાય, પણ ત્યાં સાથે ઊભાં ન રહે. આ બધી મર્યાદાઓ બતાવનારા શાસ્ત્રકારો બહુ બુદ્ધિશાળી હતા. આ મર્યાદાઓ સંયમની રક્ષા માટે છે, નાશ માટે નથી. મુનિનાં દર્શન કરવા માટે તમે ભરવરસાદમાં આવી શકો પણ તમને દર્શન આપવા કે ઉપદેશ આપવા અમારાથી વરસાદમાં સામે ન અવાય. (સં.સ્વ.દ.ભાગ-૨)

**પૂર્વભૂમિકા :** સાચા બળવાનને ગુસ્સા સાથે વૈર હોય. સાચા બળવાનને કોઈના બૂરાની ભાવના સાથે મેળ જ ન હોય.

સાચા બળવાન ક્યારેક ઉગ્ર થઈને દુશ્મનને ઉછાળે પરંતુ પાછા એને બચાવવા એ જ ઊભા રહે. ભરત મહારાજાને બાહુબલીએ આકાશમાં ઉછાળ્યા

પણ પછી તરત થયું કે, મોટી ભૂલ થઈ ગઈ. આટલા ઊંચેથી ભાઈ નીચે પછડાશે તો હાડકાં ભાગીને ભુક્કો થઈ જશે. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તરત હાથ લાંબા કરી પોતે જ ભાઈને ઝીલી લીધા. આજે આવો બળવાન હોય ને કોઈને ઉછાળે તો પછી ઝીલવા તૈયાર થાય ?

---

**૫૩૪. સભા : 'આજે તો ઝીલવાને બદલે નીચે ભાલા ગોઠવે.'**

**પૂજ્યશ્રી** : પરાક્રમી આવા હોય ? તલવાર તેને દેવાય કે જેને મ્યાન કરતાં આવડતી હોય. ક્યાં વાપરવી, ક્યાં ન વાપરવી, એની જેને ગમ ન હોય તેના હાથમાં તલવાર ન અપાય. બાળકના હાથમાં ચપ્પુ રમવા ન અપાય. એ તો લોહી કાઢે, ને વખતે પ્રાણ પણ ગુમાવે. બળવાનની વાત જુદી અને નબળાની વાત જુદી અને અજ્ઞાનીની વાત પણ જુદી.

વાણિયા લડવા ભેગા થાય તો આખું ગામ જાણે અને બે ક્ષત્રિય લડે તો એ બે જ જાણે, ને હિસાબ ચૂકતે કરે. વાણિયો તો મુકકી મારવી હોય ત્યાં બાંહ્યો ચઢાવે. હવે મુક્કી મારવી એમાં બાંહ્યો ચઢાવવાની શી જરૂર ? પણ મનમાં ભય કે એક મારું ને બે પડશે તો ? એટલે બાંહ્ય ચઢાવી દેખાવ કરીને જ સંતોષ માને.

આપણું કહેવાનું એ છે કે જેઓ દેવ-ગુરુ-ધર્મના રક્ષક હોય, સેવક હોય, તેનાં લક્ષણ જુદાં હોય. પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય અને વહુનાં લક્ષણ બારણામાંથી જણાય. એ બારણામાં પગ મૂકતાં જ ધડાકા કરે તો સમજવું કે કુલની નથી. મર્યાદાશીલ હોય તો સમજવું કે કુળવધૂ છે; કુળની શોભા વધારનારી છે. અકુલીન હોય તો આવતાંવેંત ધણીને મા-બાપથી જુદો કરે.

માબાપ કહે કે પાળી પોષીને મોટો તો અમે કર્યો અને હવે આમ ? તો પેલો કહે કે 'એ બધું હવે ભૂલી જાઓ. અત્યારે તો હું એનો છું, તમારો નથી.' માબાપ સમજી જાય કે 'લહાવા લેવાઈ ગયા. આવી ખબર પહેલા પડી હોત તો ઘોડે જ ન ચડાવત, વાજાં ન વગડાવત અને માંડવો ન બંધાવત. 'પણ આ તો રાંડ્યા પછીનું ડહાપણ થયું. એ કામનું શું ? આ દશા છે.

દેવ-ગુરુ-ધર્મની રક્ષા કરનારાની પ્રવૃત્તિ, ભાવના અને ભાષા કેવા પ્રકારની હોય ? એમને પૂછો કે તમારો મૂળ વાંધો ક્યાં છે ? એ કહેશે કે આ સાધુઓ તો દુનિયાની પ્રગતિની આડે આવે છે. હું કહું છું કે તમારી પ્રગતિની નહીં પણ અવગતિની આડે આવીએ છીએ. તમારી શક્તિનો વિકાસ થાય તેમ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તમને પ્રેમ વધતો હોય તો રાજી થાત. કહેત કે 'ખરેખર ! જૈન સમાજમાં આ હીરા પાક્યા છે.' પણ આ તો ભક્તિમાં અંતરાય નાંખે અને બાવળિયા જેવા થાય તેને ક્યાં નાખવા ? હવે તો વંદન કરવા આવનારને પણ ઓળખવા પડે. પગમાં માથાં મૂકનારા પણ એવા હોય છે કે વંદના કરતાં કરતાં પણ વેર વાળી લે. આવા ભાગ્યશાળીઓ પણ અમારા જોવામાં આવી જાય. તમે તો સુરતથી બેઠા એટલે સીધા મુંબઈ ઊતરો. અમે તો ગામેગામની હવા લેતા આવીએ, એટલે બધાને ઓળખીએ. સાધુને વાણિયા ઠગી જાય એવું ન માનતા. આ તો જ્યારે ધર્મના નામે ધમાલ થાય ત્યારે બોલ્યા વિના ચાલે નહિ. ઘેર કે બજારમાં તમે ગમે તેમ કરતા હો તો ત્યાં હું કહેવા ન આવું. સમજું કે બધા જીવો કર્માધીન છે. પછી ત્યાં બોલવાનું શું ? સમજે તેને સમજાવીએ.

મોહની ચેષ્ટાને જયારે ધર્મના નામે ચડાવવામાં આવે ત્યારે બોલ્યા વિના રહેવાય ? જો તેઓ એમ કહે કે ''અમે અમારા શરીરના વિકાસ માટે, વ્યવહારુ અગવડ ટાળવા માટે આ ખેલકૂદ કરીએ છીએ અને પ્રસંગે ધર્મરક્ષા માટે પણ ઊભા રહીશું,'' તો તો માનીએ કે એ વાત ઠીક છે. જેટલા અંશે ધર્મ કરે તેટલા અંશે પુણ્યવાન. પણ એ ધમાચકડીની ક્રિયાને ધર્મનું ઉપનામ આપે તો બોલ્યા વિના કેમ રહી શકીએ ?

કોઈ કહે કે પાંચ લાખ કમાયો ને પાંચ હજાર ધર્મમાં વાપર્યા, તો કહું કે તું પુણ્યવાન કે તને પાંચ હજાર ધર્મમાં વાપરવાનું મન થયું પણ એ એમ કહે કે 'ધર્મમાં વાપરવા માટે ધંધો કરું છું' તો કહું કે 'એવો ઢોંગ ન કર.'

આ બધા બળ શા માટે મેળવે છે ? આજના એ બળવાન જાત્રાએ જતા હોય ને રેલવેમાં બે બીજા બેસવા આવે તો જો પેલા નબળા હોય તો ડબામાં પેસવા દે કે આગળ રવાના કરે ? પેલો જોર કરી બેસવા જાય તો ઠોંસા મારીને ઊભો કરે. આ બળવાન કહેવાય ? સાચો બળવાન તો ત્યાં એમ કહે કે -'મારું શરીર કસાયેલું છે તેથી હું ઊભો રહી શકું છું, માટે આપ બેસો !'

**સભા : 'આજે તો બાઈઓ ઊભી હોય ને મરદો બેઠા હોય તોયે બાઈઓને બેસવા જગ્યા ન આપે.'**

**પૂજ્યશ્રી** : એટલે તો કહું છું કે આજનો જમાનો ભયંકર છે. માણસાઈ ભુલાતી જાય છે. એવા બળવાન થઈને પણ બીજાનું શું ભલું કરવાના ?

**૫૩૫. સભા : 'જૈનેતરોમાં હજી આવું ઓછું જોવા મળે છે.'**

**પૂજ્યશ્રી** : જૈનેતરો ધર્મના નામે આવો દંભ નથી કરતા. આ તો ધર્મના નામે બધું ચલાવવા માગે છે. બહારના દુશ્મન કરતાં અંદરના દુશ્મન જલદી નુકસાન કરે. બહારના દુશ્મનને તો આવતાંયે વાર લાગે, પેસતાંયે વાર લાગે, ચાવી શોધતાંયે વાર લાગે, માલમત્તા ગોતતાંયે વાર લાગે અને એ બધામાં ચાર-છ કલાક નીકળી જાય. એવામાં કોઈ આવતું જણાય તો જે મળે તે લઈને ભાગે; પણ ઘરનો દુશ્મન તો અવસર સાધી સઘળો માલ ઉઠાવી એવો ગુમ થઈ જાય કે પછી પત્તો જ ન લાગે.

---

**૫૩૬. સભા : 'મહારાષ્ટ્રીયન પ્રશ્નકાર 'તમે ક્યાં સર્વજ્ઞ છો કે તમને આવું બધું કહી જનારના હૃદયને જાણી શકો ! વખતે નિંદક હોય ને આવી ખોટી વાત ચલાવતો હોય તો ?'**

**પૂજ્યશ્રી** : ગવર્નમેન્ટે ગુનાઓ શોધવા માટે પોલીસ રાખેલ છે. પોલીસ ખોટો કેસ લાવે તો ગવર્નમેન્ટ એની ટીકા કરવાનું પણ ચૂકતી નથી; પરંતુ, સાચા ગુના શોધી કાઢનારને ઈનામ પણ અપાય છે. એ રીતે શાસનમાં પણ ચોકીદારો હોય છે. ગુનાને કે ગુનેગારને શોધી કાઢે તેથી તેને નિંદક ન કહેવાય. એ નિંદક નથી પણ રક્ષક છે.

વળી અમે સર્વજ્ઞ નથી એ વાત સાચી, પરંતુ કેવળજ્ઞાની કેવળજ્ઞાનથી જેમ જુએ તેમ શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાનથી જુએ અને કેટલીક વાત બીજાના કહેવાથી

પણ જાણે. વેપારી ગ્રાહકને નાણાં ધીરે છે,તે ઓળખીને કે ઓળખ્યા વિના ? વેપારી સર્વજ્ઞ છે ? તેમ છતાં વગર ઓળખ્યે આપ્યે જાય તો વેપારી નથી ગણાતો પણ કુંભારમાં ખપે છે અને આપવાનું જ બંધ કરે તો વેપાર પડી ભાંગે છે. માટે મતિ, અનુમાન વગેરેથી જ વ્યવહાર ચાલે છે. મતિ, અનુમાન વગેરેને ન માનનાર અને કેવળ પ્રત્યક્ષને જ માનનારને શાસ્ત્ર મિથ્યાદૃષ્ટિ કહે છે. એવાને આ શાસનમાં સ્થાન નથી.

વળી, એવો આદમી તો પોતાની પત્નીનો પતિ પણ થઈ શકતો નથી. ઘણી પત્નીઓએ પતિને ઝેર આપ્યાં છતાં પત્નીનું રાંધેલું વિશ્વાસથી ખવાય છે ને ? અનુમાનથી તો સઘળો વ્યવહાર ચાલે છે. એમ ન માનો તો વ્યવહાર પણ ન ચાલે.

ન્યાયાધીશ સર્વજ્ઞ હોય છે ? છતાં ન્યાય તોળે છે ને ? રમાબાઈનો કેસ જાણો છો ને ? જજ ફરિયાદીની ટીકા કરે છે, આરોપીને છોડી મૂકે છે, ફરિયાદી પર ફરિયાદ કેમ ન થાય તેવી ટકોર કરે છે અને જેટલા પર ફરિયાદ માંડી છે તે બધાને ખર્ચના રૂપિયા ફરિયાદીએ ચૂકવવા તેમ ફરમાવે છે. નીચલી કોર્ટના આવા કેસમાં બનતા સુધી હાઈકોર્ટ પણ આડે આવતી નથી. સમજે છે કે પુરાવાઓ અને ફરિયાદી, આરોપી અને સાક્ષીઓની ચેષ્ટા પરથી મેજિસ્ટ્રેટે જે અનુમાન કર્યું તેની આડે અવાય નહિ, હાઈકોર્ટ જજને કદી અપીલ દાખલ કરવી ઠીક લાગે તો પણ પેલા આરોપીને તેનું મોઢું જોવા રૂબરૂ બોલાવે અને પછી પેલાની વાત સાંભળે.


માટે મતિજ્ઞાન એ જેવો તેવો વિષય નથી. ઈંગિતાકારથી શિષ્યો પરિચયના કારણે ગુરુના મનના ભાવ જાણી શકે છે. વિદ્યાર્થી શિક્ષકની ઈચ્છા જાણી શકે છે. (સં.સ્વ.દ.ભાગ-૨)

**૫૩૭. સભા : 'પાંચ કારણ ભેગાં મળે ત્યારે કાર્ય થાય ને ?'**

**પૂજ્યશ્રી** : પણ તમે જ્ઞાની છો ? ચાર કારણની તૈયારીની ખબર ઉદ્યમ વિના ન પડે. પાંચેય કારણને તૈયાર કરવા પણ આત્મા સમર્થ છે. સમ્યગ્દષ્ટિ આત્મા ધર્મમાં ઉદ્યમ કર્યા વિના ન જ રહે. સ્વ-પરનો ભેદ સમજનાર, મિત્ર અને દુશ્મનને ઓળખનાર, તારક કોણ અને ડુબાડનાર કોણ એ જાણનાર સુખ અને દુઃખના કારણ સમજનાર, તેવી તેવી પ્રવૃત્તિ ન કરે અથવા દુઃખથી બચવાની અને સુખ મેળવવાની પેરવી ન કરે ? અંતરાય બાંધનાર, આતમા છે તો તોડનાર પણ એ બને જ. પણ આ બધું ક્યારે બને ? વિષયના વિપાક નજરે તરવરે તો ! પણ વિષયોમાં લીનતા હોય ત્યાં શું થાય ? ચાહ, પાન અને બીડી, સિગારેટ વિના ચાલતું જ ન હોય ત્યાં શું કરે ? શ્રાવક જમવા બેસે ત્યાં એને તિથિ યાદ આવે જ. પર્વતિથિ હોય તો વનસ્પતિ ન જ ખાય. અઢાર દેશના માલિક કુમારપાળ મહારાજા ચોમાસામાં વનસ્પતિનો સંપૂર્ણ ત્યાગ રાખતા.

ઉદ્યમ વિના કેવળ ભવિતવ્યતાનો જ આગ્રહ હોય તો જે શુભોદયમાં આગ્રહ રાખો છો તેમ અશુભોદયમાં પણ ભવિતવ્યતાનો જ આગ્રહ રાખો !

ધર્મમાં ઉદ્યમની જરૂર નથી લાગતી તો સંપત્તિ મેળવવામાં કેમ જરૂર લાગે છે ? અને માંદગી આવે ત્યારે વૈદ્ય ડૉક્ટરની દોડાદોડી શા માટે કરો છો ? આપત્તિમાં વૈદ્ય ડૉક્ટર જોઈએ તો સંપત્તિમાં નહિ ? **મોક્ષમાર્ગના આરાધક** માટે સંપત્તિ તો મહારોગ છે. રસ્તે ચાલનારો મને-કમને પણ જીવ જુએ, પણ મોટરમાં મહાલનારો શું જુએ ? એને તો 'હું કોણ?' એવો ગર્વ હૈયામાં ભર્યો છે. મોટર ઊછળે તેમ એનું હૈયું ઊછળે છે. જ્ઞાની કહે છે કે સંપત્તિમાં પણ ડૉક્ટર શોધો, દરેક સાધુ પાસે કલ્યાણનો માર્ગ પૂછો. (સં.સ્વ.દ.ભાગ-૩)





## ❖ પ્રશ્નાવલિ એક ન્યાયાધિશ ❖

સભામાં બહારગામના એક જૈનેતર ન્યાયાધીશ આવેલા હતા તેમણે અહિં કેટલાક પ્રશ્નો કર્યા હતા. આખા વ્યાખ્યાનમાં મોટા ભાગે તેમના ઘણા સુંદર પ્રશ્નો થયા જેના પૂજ્યશ્રીએ અત્યંત સંતોષકારક ખુલાસા કર્યા હતા. એ પ્રશ્નોથી જૈન જનતાને પણ ઘણું જાણવાનું મળ્યું હતું -ન્યાયાધીશ જૈનેતર ગૃહસ્થ હોઈ એમના પ્રશ્નો ચાર આશ્રમોને અનુલક્ષીને હતા. એ ચારે આશ્રમોની યોજના, સંકલના, હેતુઓ વગેરે પૂજ્યશ્રીએ બહુ સુંદર રીતે સમજાવ્યા હતા. તેમાં જૈન દર્શનના પારિભાષિક શબ્દોની વાત સામાન્ય ભાષામાં જૈનેતર પણ સમજી શકે એ રીતે સમજાવી હતી.

**૫૩૮. ન્યાયા : ગૃહસ્થાશ્રમમાં ઉત્તમ ધ્યેયને અનુલક્ષીને રહી શકે ?**

**પૂજ્યશ્રી** : રહેવું પડે તો રહે પણ રહેવું જોઇએ એમ નહિ ત્યાં રહેવા છતાં રહેવામાં હરકત નથી એમ એ માને ?

**ન્યાયા : એમ તો ન જ મનાય.**

**પૂજ્યશ્રી** : પાપથી ક્યારે છૂટું', એ ભાવના સમ્યગ્દષ્ટિની સદા જાગૃત હોય.

---

**૫૩૯. ન્યાયા : રહેવું પડે તો રહી શકે ?**

**પૂજ્યશ્રી** : રહેવું પડે તો રહી શકે પણ રહેવું જોઇએ એમ માનીને નહિ. રહેવું જોઇએ એ ભાવના આવી તો મૂળ વસ્તુ ઊડી ગઇ. પૂર્વસંચિતના યોગે, તીવ્રકર્મના યોગે સંસાર છોડી ન શકે, સંસારથી છૂટે એવા સંયોગો ન હોય તો સંસાર છોડવાની ભાવના મજબૂતપણે રાખીને સંસારમાં રહ્યો હોય તો માત્ર એટલા ઉપરથી એને સંસારનો પિપાસુ કહેવાનો કોઇને અધિકાર નથી. સંસારમાં રહ્યો માટે સંસારનો પિપાસુ એમ ન કહેવાય.

શાસ્ત્રે ત્રણ વસ્તુ માની છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. સમ્યક્ચારિત્ર એ છેલ્લી કોટિની ઊંચી વસ્તુ છે. જે સમ્યક્ચારિત્ર પામે તેનામાં પહેલી બે હોય જ. સમ્યગ્દર્શન રૂચિરૂપ છે અને સમ્યક્ચારિત્ર ક્રિયારૂપ છે, અમલરૂપ છે. ત્યાગ કર્યો એ બાહ્ય વસ્તુ છે અને ત્યાગની ભાવના એ આંતર વસ્તુ છે. ભાવના હોય અને વર્ષો સુધી ત્યાગ ન પણ થઇ શકે એ બને.

સમ્યગ્દર્શન છતાં સમ્યક્ચારિત્ર લઇ શકાતું નથી એટલે વર્ષો સુધી ત્યાગ ન પણ થઇ શકે એ સંભવિત છે. જેમ શ્રેણિક મહારાજા જીંદગી પર્યંત ચારિત્ર ન લઇ શકયા. પણ એમનું સમ્યગ્દર્શન કેવું ? મેલું કે ચોકખું ? અનંત જ્ઞાનીએ એમના સમ્યકત્વને ક્ષાયિક કહ્યું , જરા પણ મળ વગરનું જણાવ્યું.

સંસાર ખોટો છે એવી એમની સ્પષ્ટ માન્યતા હતી. 'ક્યારે છૂટું' એવી પૂરી ભાવના હતી. છૂટ્યા વિના મુક્તિ નથી એવું એમના મનમાં નિશ્ચિત હતું. સંસારનો બાહ્યત્યાગ કર્યા વિના આંતર ત્યાગની ભાવનાથી બ્રહ્મજ્ઞાની થયાના શાસ્ત્રોમાં દષ્ટાંતો છે. ઉત્તમ ભાવનાથી ક્ષપકશ્રેણિએ ચઢી તેના યોગે કર્મમળને બાળી કેવળજ્ઞાન-પૂર્ણજ્ઞાન પામ્યાના દાખલા શાસ્ત્રમાં જરૂર મળે છે પણ ત્યાં મન્તવ્ય કયું ? સ્થિતિ કઇ ? એ જ કે સંસારમાં રહેવું પડે તો રહે, રહી શકે પણ રમી શકે નહિ. રહેવું અને રમવું એ બેમાં બહુ ફરક છે. રહેવું પડે એમાં કર્મની પરવશતા છે અને રમવું એટલે એમાં આનંદ અનુભવવો, ત્યાં આત્માની લીનતા છે. સંસારમાં આનંદ અનુભવ્યા સિવાય આત્મા નિર્લેપપણે રહે તો જ એને હૃદયનો ત્યાગી મનાય.

**નિર્વાણનો પ્રધાનમાર્ગ ત્યાગ :**

જે આત્માઓ દુનિયાના રંગરાગમાં મજા માને છે તે તો સંસારના વખાણ પણ કરે. એવાઓ તો કહે છે કે 'ત્યાગમાં શું પડયું છે ? ઘરમાં રહીને ધર્મ ક્યાં નથી થતો ?' આવું કોણ બોલે ? સંસારમાં રમનારા બોલે. રહેવું પડયું હોય ને રહ્યા હોય એ આવું ન બોલે. સંસારમાં રમનારા તો એમ પણ બોલે કે-'હૃદય

ચોક્ખું હોય તો ગમે તેમ વર્તવામાં હરકત શી ?'

સંસારમાં નહિ રમનારા આત્માઓ ગમે તેવા પ્રસંગે પણ એમ તો ન જ કહે કે-'ત્યાગમાં કાંઈ છે જ નહિ.' જે આત્માઓ સંસારમાં રહીને સાધી ગયા તે પણ ત્યાગ તરફ બહુમાન ધરાવીને જ; સંસારને ખોટો માનીને જ અને પોતાની પામરતા સ્વીકારીને જ. સંસારમાં રહીને જે પવિત્ર આત્માઓ તરી ગયા તે પણ ત્યાગની ભાવનાથી જ, ત્યાગના નિમિત્તને અવલંબીને જ અને સંસારની અસારતાની ભાવના રોમ રોમ પરિણમ્યા પછી જ. સંસારની અસારતાની ભાવના જેને જેને રોમ રોમ પરિણમે તે સંસારમાં ક્યારે રહે ? ન છૂટકે જ રહે. નિર્વાણનો પ્રધાનમાર્ગ ત્યાગ જ છે.

**અધુરા વાંચન–શ્રવણનો પ્રતાપ :**

શરીર વળગેલું છે ત્યાં સુધી આત્માની મુક્તિ નથી એમ તો માનો છો ને? શરીર સાથે લઇને મુક્તિએ જવાય એમ તો નથી માનતા ને ? એથીયે આગળ ચાલો. શરીરને મૂકવું પડયું માટે મૂકયું પણ એમાં મમતા રહી તોયે મુક્તિ મળવાની નથી. આત્મા સાથેના જડના સંયોગો સર્વથા છૂટે, એ જડ સંયોગોથી આત્મા સર્વથા નિરાળો બને તો જ મુક્તિ મળે, તો પછી એ જડ સંસર્ગો છોડવાના પ્રયત્નોમાં તત્પર રહેવું ત્યાં આશ્ચર્ય શું ? આજે તો કહે છે કે-બંગલામાં રહીને ખાતેપીતે પણ મુક્તિએ જઇ શકાય તો છોડવાનું શું કામ ? દૃષ્ટાંતોનો ઇરાદા પૂર્વક દુરૂપયોગ થાય છે.

આજે શાસ્ત્રનું વાંચન અને શ્રવણ અધુરૂં થાય છે. મહિનાઓથી ત્યાગની વાત કરૂં ત્યાં લક્ષ્ય ન રહે પણ જો ધીમેથી એક વાત એવી કરૂં કે 'સંસારમાં

રહ્યા છતાં અમુક મોક્ષમાં ગયા માટે એ રીતે પણ જવાય' તો તરત એ વાત પકડી લે. આજુબાજુની મહિનાઓ સુધી કરેલી વાતો વ્યર્થ વહી જાય. બાર મહિના સુધી દાંડી પીટી તે નકામી થાય અને આવી વાત પકડી લે. વળી બહાર જઈને બોલે કે-'મહારાજ પણ કહેતા હતા કે ત્યાગ ઉત્તમ પણ ન થાય તો ઘરે બેઠા મોક્ષ મળ્યાનાં દષ્ટાંત છે.' અધુરા વાંચન-શ્રવણનો આ પ્રતાપ છે, એ દષ્ટાંત લખનાર પવિત્ર મહાત્મા પુરુષોનો આશય એ હતો કે ઘરમાં રહેવા છતાં કોઈ વખત મમતાનો એકદમ અભાવ થાય તો ત્યાં રહ્યા છતાં પણ આત્મા તરી શકે છે. જેને ત્યાગ કહેવામાં આવે છે તે હૃદયમાં રહ્યો હોય તોયે આવો અનુપમ, તો જીવનમાં ઉતરે તેનું તો પૂછવું જ શું ? દષ્ટાંત આપવા પાછળનો શાસ્ત્રકારોનો આ ધ્વનિ આખો ઊડાડી મૂક્યો અને ઉલટી લોકોએ કહેતી ઊભી કરી કે....

'મન ચંગા તો કથરોટમેં ગંગા'

એ કહે છે કે 'આત્મા જ્ઞાની પછી ક્રિયાનું પ્રયોજન શું ?' પણ આવું કહેનારા એ નથી વિચારતા કે 'છતે જ્ઞાને ક્રિયા વિના ડૂબ્યા કેટલા ?' બાહ્યક્રિયા વિના આત્માના તીવ્ર પરિણામના યોગે તર્યાના દાખલા તો આંગળીના વેઢે ગણાય એટલા જ. જો કે ત્યાં પણ તીવ્ર પરિણામ એ પણ ક્રિયા તો છે જ.

દુનિયામાં પણ કહેવાય છે કે ગમે તેવો હોશિયાર માણસ હોય પણ બજારમાં ન જાય તો એનું પેટ ન ભરાય. ભાગ્યનું માપ ઘેર બેઠા ન નીકળે, પેઢી

ખોલવી પડે, નોકરી કરવી પડે કે મજુરી કરવી પડે પછી ન મળે તો કપાળે હાથ દેવાય પણ પહેલેથી જ કાંઇ કપાળે હાથ મુકાય ? વ્યવહારમાં સૌ આ વાત માને છે. શાસ્ત્ર પણ કહે છે કે જ્ઞાન ગમે તેટલું હોય પણ ઉચિત ક્રિયા વિના ધ્યેય પ્રાપ્ત થાય શી રીતે ? જ્ઞાનથી જ મુક્તિ કે જ્ઞાન ક્રિયા ઉભયથી ? કહ્યું છે કે ---

**ज्ञानक्रियाभ्यां मोक्षः ।**

જ્ઞાન અને ક્રિયા ઉભયથી જ્યાં મુક્તિ છે ત્યાં એકલા જ્ઞાનથી મુક્તિ થઇ શકે કે નહિ, એ આગ્રહ રહી શકે તેમ નથી. પૂર્વસંસ્કારના યોગે કોઇ આત્માને ગૃહસ્થાશ્રમમાં પણ તથાપ્રકારની ક્રિયા આવી જાય, ક્રિયાનો આવિર્ભાવ એકદમ થઇ જાય તેનો ઇન્કાર નથી. સંયોગાધીન ગૃહસ્થપણામાં રહ્યા છતાં જે આત્માઓ તરી ગયાના પૂર્વના દૃષ્ટાંતો છે ત્યાં પણ એમ માનવું પડ્યું કે એ આત્મા ભૂતકાળમાં એવી તીવ્ર આરાધના કરીને આવ્યા હતા કે ત્યાં એમને ગૃહસ્થાશ્રમમાં જ એ ઉદયમાં આવ્યું. એ ઉપરથી તો ઉલટું એ સાબિત થાય છે કે આપણે આ ભવમાં એવી તીવ્ર આરાધના કરવી જોઇએ કે જેથી ભવાંતરમાં કદી વિષમ સંયોગોમાં, સાધ્ય સાધક સંયોગો ન સાંપડે તો ય આ ઉદયમાં આવે, જેથી ડૂબાય નહિ.

---

**કયો ધર્મ મુક્તિ આપે ?**

**૫૪૦. ન્યાયા : ત્યાગની ઇચ્છા છતાં ગૃહસ્થાશ્રમમાં રહી શકાય ?**

**પૂજ્યશ્રી** : ત્યાગની ભાવના હોય, સંસારમાં રહેવાની મનોવૃત્તિ ન હોય છતાં સંસારમાં રહેવું પડે તો રહી શકાય, પણ રહેવાય, વાંધો નહિ, રહેવું

જોઈએ, રહેવાથી ગભરાવું નહિ' એમ કહેવામાં આવે તો ? તો તો બધા જ કહે કે 'અમને ત્યાગની ભાવના છે' એટલા માટે તો શાસ્ત્રે ધર્મનું સ્વરૂપ બાંધ્યું. કયો ધર્મ મુક્તિ આપી શકે ? તો કહ્યું કે-

**जत्थय य विसयविराओ, कसायचाओ गुणेसु अणुराओ ।**

**किरियासु अपमाओ, सो धम्मो सिवसुहोवान्हो ।। १ ।।**

**અર્થ :** ''જેમાં વિષયનો વિરાગ હોય, કષાયનો ત્યાગ હોય, ગુણોમાં અનુરાગ હોય અને ક્રિયાઓમાં અપ્રમાદ હોય તે ધર્મ શિવસુખનો ઉપાય છે.''

જે ધર્મની સેવાથી વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણનો અનુરાગ અને એ ત્રણેને લગતી ક્રિયામાં અપ્રમતાવસ્થા થાય તે ધર્મ મુક્તિ આપી શકે. અહિં વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ અને ગુણનો અનુરાગ-આ ત્રણ કહીને શાસ્ત્રકાર થોભ્યા નહિ, કેમકે એ ત્રણમાં ઢોંગ, પ્રપંચ, આડંબર બધું ચાલે. વિષયને ભોગવે છતાં દરેક પોતાને વિરાગી જણાવે અને વિષયને ભોગવવાના કારણમાં પૂર્વસંચિત (કર્મ)ને આગળ ધરે. એને પકડવા શી રીતે? એ ઓળખાય કઈ રીતે? સૌ પોતાને કષાયના ત્યાગી જણાવે અને ગુસ્સો કરે ત્યારે કહે કે એ તો સામાના ભલા માટે કર્યો હતો, કહે કે 'ગુણનો રાગ તો મારામાં રોમ રોમ ભર્યો છે' હવે આ બધું દેખાય શી રીતે ? કોઈ યંત્ર મૂકીને મપાય એવું છે ? ત્યારે જ્ઞાનીને કહેવું પડયું કે એ ત્રણેને લગતી ક્રિયામાં અપ્રમત્તાવસ્થાવાળો ધર્મ જ મુક્તિ આપે. આ એ ત્રણેનું માપક યંત્ર છે. જેને વિષયનો વિરાગ થયો તેને વિષયના ત્યાગની ક્રિયામાં આનંદ કેમ ન આવે ? જેનામાં કષાયનો ત્યાગ આવ્યો તેને કષાય મૂકવાની પ્રવૃતિમાં જાગૃતિ કેમ ન

આવે ? જેને ગુણોનો અનુરાગ થયો તેને ગુણ લેવાની વૃત્તિ કેમ ન જાગે ? હીરાનો પરીક્ષક પથરામાં પડેલા હીરાને જોઇ હાથ લાંબો કર્યા વગર રહે ? એ પ્રસંગે બે જણ હાથ લાંબા ન કરે. કાં તો ત્યાગી ન કરે; કાં તો મૂર્ખ ન કરે. પણ જે ડાહ્યો છે અને ત્યાગી નથી તે હીરો દેખી હાથ લાંબો કર્યા વિના રહે ? તેવી રીતે વિષયનો વિરાગી, કષાયનો ત્યાગી અને ગુણનો અનુરાગી એને લગતી પ્રવૃતિ છતી શક્તિએ, છતા સંયોગે ન કરે એ બને ? એને ક્રિયામાં બાધક કાંઇ છે જ નહિ, પછી કેમ ન કરે ? જેના દૃષ્ટાંત લ્યો તેના સંપૂર્ણ ભાવને, હેતુને, પરિણામને વિચારો કે એમણે કઇ ક્રિયા કઇ વખતે કરી, એનો હેતુ શો, એનું પરિણામ શું, ઉપાદાન શું, વગેરે બધું વિચારો ।

સમ્યગ્દર્શન સાધુમાં જ હોય અને સંસારીમાં ન હોય એમ કાંઇ શાસ્ત્રકાર નથી કહેતા પણ એ ખાત્રી તો જરૂર માગે છે કે એ આત્મા **'ભવોદધૌ ન રમન્તે'** સંસાર સાગરમાં ન રમે. સંસાર સાગરમાં એ આત્માની રમણતાં ન જ હોય. સંસારમાં રમણતા હોય ત્યાં સમ્યગ્દર્શન ન હોય એમ જ્ઞાની કહે છે. તમારા માટે નથી એમ એકદમ હું કહેતો નથી. ગભરાઓ નહિ ! પણ જ્ઞાની એ વાત સ્પષ્ટ કરે છે કે મોહના યોગે કદી સંસારમાં રમણતા થઇ પણ જાય પરન્તુ જાગૃત થાય કે તરત ભૂલ્યો એમ આત્માને જરૂર થાય. આ એક છેલ્લો બચાવ છે. પણ ભૂલ્યો એમ મરતાં સુધી કહ્યા કરે એ ન ચાલે. એ તો એક જાતની ભયંકર કુટેવ કહેવાય.

**ધર્મ માટે સંસારનો ભોગ કે સંસાર માટે ધર્મનો ભોગ ?**

આજે સંસાર એટલો તો પ્રિય થઇ પડયો છે કે ધર્મ માટે સંસારનો ભોગ

દેવાતો નથી. જ્યારે સંસાર માટે ધર્મનો ભોગ દેવાનાં દૃષ્ટાંત તો આ પંચમકાળમાં પાર વિનાનાં છે. જેટલા આદમી એટલાં દૃષ્ટાંત. આજે પૈસા માટે, ખાવાપીવા માટે, ઈન્દ્રિયોના આનંદના ઉપભોગ માટે ત્યાગ થાય છે. પણ આત્મકલ્યાણ માટે ત્યાગ કરવો કઠીન પડે છે. એ દૃષ્ટિએ તો અમારા કરતાં તમને વધારે ત્યાગી કહેવા પડે. ખરેખર તમારા જેટલી ચિંતાનો બોજ અમારાથી તો સહન ન થાય.

**૫૪૧. ન્યાયા : બીજી રીતે ત્યાગથી કંઈ લાભ નહિ ?**

**પૂજ્યશ્રી** : લાભ તો નહિ પણ ઉલટી હાનિ છે. તમે જે તકલીફ સહન કરો છે, માનાપમાન સહો છો, તે માટે ખરેખર તમે હાથ જોડવા લાયક છો. તમારી દશા જોઈને અમને તમારી એકાંતે દયા આવે છે કે-'આ બીચારા વિના કારણ શા માટે દુઃખી થાય છે?' શ્રીમંત, ગરીબ બધા એક રીતે દુઃખી છે. એ બીચારા ન શાંતિથી ખાય, ન શાંતિથી બેસે ઊઠે, ન શાંતિથી સૂએ, ન શાંતિથી વાતચીત કરે, ન શાંતિથી સ્નેહી સાથે બોલેચાલે, ન શાંતિથી પાંચ મિનિટ પણ બેસી શકે-આવા એ બધા દુઃખી છે. કદી સ્નેહી સાથે વાત કરે ત્યારે પણ હૈયામાં બળતરા કોઈ જુદી જ ચાલતી હોય. કોઈની સાથે હાથ મીલાવે ત્યારે પણ તેને ઊઠાં ભણાવવાનું ચાલું જ હોય. આ રીતે ન સુખે ખાવું પીવું કે ન સુખે બેસવું, ઊઠવું કે ઉંઘવું, આ બધો ત્યાગ એ કાંઈ ત્યાગ નથી પણ એ તો રાગનો યે બાપ છે. રાગના માટે કરાયેલા ત્યાગને હિતકર કહેવાય ? ઈચ્છા

વિના સારી કરણી થઇ જાય એનો લાભ જરૂર મળે પણ રાગને પોષવા માટેનો ત્યાગ તો ભયંકર છે. અત્યારે આ વાત આત્મકલ્યાણ માટેના ત્યાગની ચાલે છે. ધર્મક્રિયાની વાત જુદી છે. ઇચ્છા વિના થયેલી ધર્મક્રિયા પણ લાભદાયક તો છે જ.

**'સાધુ શરીરના લાભની નહિ પણ આત્માના લાભની વાત કરે.'**

ત્યાગ પણ અનેક હેતુએ થાય છે. મોક્ષની સાધના માટે પણ થાય છે અને સંસારની સાધના માટે પણ થાય છે. શરીરને સાચવવા માટે આજે ન ખાય એ ત્યાગ નથી. કારણ કે એ તો કાલે સારી રીતે ખવાય માટે આજે નથી ખાતો. તાવ આવે ત્યારે વૈદ્ય કહે કે-'આજે નહિ ખાય તો જ કાલે ખાઇ શકીશ' માટે એ આજે ખાવાનો ત્યાગ કરે છે. ત્યાં ભાવના ત્યાગની નથી પણ બીજે દિવસે સારી રીતે ખાવાની છે.

---

**૫૪૨. ન્યાયા : પણ એથી શરીરને તો લાભ થાય ને ?**

**પૂજ્યશ્રી** : અહીં આત્માના લાભની વાત ચાલે છે. શરીરના લાભની વાત સમજાવવા હું બેઠો નથી. શરીરનો લાભ બતાવનારા નહિ મળે તો પૈસા આપીને પણ તમે તે મેળવવા જવાના, એમાં વાંધો નહિ આવે. જે લાભ દુનિયામાં ક્યાંય ન મળે તે લાભ, વગર પૈસે, હજારો ગાળો ખાઇને પણ સમજાવવા હું મહેનત કરૂં છું, શરીર માટે તો બધી ક્રિયા કરવા લોકો તૈયાર છે. શરીર સાચવવા માટે તો ચાર વાગે ઊઠે, ઉઘાડા શરીરે અખાડામાં પહોંચે, નાચે

કૂદે બધું કરે-એમ કરતાં ઠોકર વાગે. હાથપગ ભાંગે તો તેથી પણ ગભરાય નહિં, કહે કે, વાગે પણ ખરૂં. પણ આ કંઇ ત્યાગ નથી. શાસ્ત્ર પણ આને ત્યાગ નથી કહેતું. પૈસા માટે ધારૂં તો હમણાં તમારી પાસે ત્યાગ કરાવી શકું. મુઠી વાળીને કહું કે 'આમાં કાંઇક છે' તો ઘડીવારમાં પાંચ હજાર હાથ જોડતા આવે. 'ક્યાંથી આવ્યું ? એમ એ ગાંડાઓ ન વિચારે. દુનિયાના પદાર્થોનો લોભ એવો છે કે એની લાલચ બતાવી લોકોને ક્ષણવારમાં અનુયાયી બનાવાય.

વૈદ્યો અને ડોક્ટરો ગમે તેવા વ્યસનીઓના વ્યસન છોડાવવા સમર્થ છે, ગમે તેવું ખાવાની ટેવવાળાને એ ખાવું પીવું બંધ કરાવવા સમર્થ છે, ગમે તેવા વિલાસીઓના વિલાસ બંધ કરાવવા સમર્થ છે. કેમ કે ત્યાં શરીરની સાચવણી એ મુદ્દો છે. ડોક્ટર કહે કે વિલાસભુવનમાં ગયો તો મરી જઇશ તો 'હૈં!' કહીને ન જવાનું કબૂલે પણ મુનિ કહે કે 'અબ્રહ્મમાં પાપ છે' તો તરત કહે કે 'હશે ! પણ અમારાથી એનો ત્યાગ થાય એમ નથી. આ જમાનામાં આવી વાતો ન ચાલે. પોતે મૂક્યું માટે બધાને મૂકાવવા નીકળ્યા છે વગેરે.' આત્મીય લાભ સમજીને કોઇ કશું છોડવા તૈયાર નથી. લાખના સવા લાખ કરવા માટે બેન્કમાં મૂકવા ખૂશીથી જાય છે. કાગળ લઇ આવે ને લાખ મૂકી આવે છે. અહિં ધર્મસ્થાનમાં જરૂર હોય ત્યાં આપવામાં વાંધા. કદી આપે તો આટલા નહીં પણ આટલા, એમ બને તેટલા ઓછેથી જ પતાવે.

**ન્યાયા : 'અહીં લાભ પ્રત્યક્ષ દેખાતો નથી.'**

**પૂજ્યશ્રી** : અધુરૂં ન બોલો. કહો કે પ્રત્યક્ષ દેખાતો નથી. અને પરોક્ષ મનાતો નથી. આજની તમારી શ્રદ્ધા સાચી છે કે બનાવટી ? એ કહો ! ધર્મના ફળની શ્રદ્ધામાં આજના આસ્તિકો સાચા છે કે કાચા ? એ અહિં મુદ્દો છે. આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક જાણ્યા પછી એની વાતો કરતાં છતાં, અવસરે એ ભૂલાય ? નરક જેવી વાતો કરતાં છતાં, અવસરે એ ભૂલાય ? નરક જેવી ચીજ દરેક પાપ પ્રવૃતિ કરતાં યાદ કેમ ન આવે ? અસત્ય ન બોલાય એમ જાણવા છતાં દરેક વેપારી ગ્રાહક સાથે કેવી વાત કરે છે ? હું જૂઠું બોલું ? જોઇ લ્યો આ ભરતીયું !' એમ કહે, પણ પાછું ભરતીયું પણ બનાવટી હોય, આવી આજે દશા છે. 'જુઠું એ પાપ છે' એ માન્યતા છે. એવી શ્રદ્ધા આવા વર્તનથી કેમ રખાય ? માનો કે માન્યતા છે પણ તે આવા વર્તનથી પછી ક્યાં સુધી ટકે ? સારા અને સાચા નિમિત્તે ખોટાં વ્યસનો છોડવાનું જ્ઞાનીએ કહ્યું; જે લોકોએ ગુણના નામે ભયંકર દોષો અપનાવ્યા, પરિણામે એમના ગુણ ગાયા અને દોષો બહાર આવ્યા; એ સ્થિતિ ન આવવા દેવા માટે આ મહેનત છે.

'સંસારમાં નથી રહેવું' એ માન્યતાવાળો સંસારમાં કેવી રીતે રહ્યો હોય ? ક્રિયા ભલે એકની એક હોય પણ જુદી જુદી રીતે રહેનારની રહેણી કહેણીમાં ભેદ પડે કે નહિ ? આજે સંસાર પણ કેવો છે ? એનું વર્ણન થાય એમ નથી. આજે મોટે ભાગે કોઇ સાચો ગૃહસ્થ પણ નથી. ગૃહસ્થ એટલે ભાગાભાગ કરનાર હોય ? ધાર્મિક ક્રિયા માટે ફુરસદ નથી એમ ગૃહસ્થ કહે ? ફુરસદ મજુરને

ન હોય કે ગૃહસ્થને ? સંસારની અસારતાની ભાવના વધશે તો જ ગૃહસ્થ ગૃહસ્થ બની શકશે, નહીં તો કદી નહીં બની શકે. જૈન શાસનમાં કૃપણ નભે પણ લક્ષ્મી સારી માનનાર નહિ નભે. સંસારમાં રહેવું પડ્યું છે માટે રહ્યો છું. એમ કહેનાર આ શાસનમાં નભે પણ 'રહેવું જોઈએ' એમ કહે એ ન નભે. 'રહેવામાં હરકત શી ?' એમ કહેનાર ન નભે.

**ચાર આશ્રમમાં ગૃહસ્થાશ્રમ કોને માટે ?**

**૫૪૩. ન્યાયા : 'ન તજી શકે તેને સંસારમાં રહેવાનું કહી શકે ?'**

**પૂજ્યશ્રી** : 'ના' એમ કહું કે સંસાર તજવા જેવો છે. પહેલો માર્ગ એ છે. પણ ન તજાય તો ત્યાં આ રીતે વર્તાય-ભાવના તજવાની જ રખાય, પ્રયત્નો તેવા જ કરાય અને તેને અનુરસતી આવી આવી ક્રિયાઓ કરાય.

**૫૪૪. ન્યાયા : 'વાનપ્રસ્થાશ્રમે રહી શકે ને ? ગૃહસ્થ ગુરુ હોઈ શકે ને ?'**

**પૂજ્યશ્રી** : ગૃહસ્થ ગુરુની મર્યાદા બાંધવી પડશે. ગૃહસ્થાશ્રમના ભોગવટાના પરિણામે વાનપ્રસ્થાશ્રમ આવે એવી તમારી માન્યતા છે ? ગૃહસ્થાશ્રમનો ભોગવટો એ વાનપ્રસ્થાશ્રમનું કારણ છે કે ગૃહસ્થાશ્રમને પાપ રૂપ માનવો એ વાનપ્રસ્થાશ્રમનું કારણ છે ?

** સંતો હૃદય પરિવર્તન કરી આપે,*
*પછી જીવન પરિવર્તન આપોઆપ થવા લાગે.*

પ૪પ. ન્યાયા : યોગ્ય રીતે ગૃહસ્થાશ્રમ ભોગવાય તો ?

પૂજ્યશ્રી : એટલે શું કહેવા માગો છો ?

પ૪૬. ન્યાયા : 'પૂર્વના સંચિતના ભોગવટા માટે રહે તો ?'

પૂજ્યશ્રી : એ સ્થિતિ ફરી ગઇ. પૂર્વના સંચિત પોતાને સંસારથી ખસવા દેતાં ન હતાં માટે સંસારમાં રહ્યે, એમ કહેવા માગો છો ને ?

ન્યાયા : 'હા'

પૂજ્યશ્રી : તો તો ત્યાં પૂર્વના સંચિતની આધીનતા થઇ. એ આધીનતા ન હોત તો તો એ ગૃહસ્થાશ્રમ ન ભોગવત ને ?

(અહિં ન્યાયાધીશે એક દૃષ્ટાંત જણાવ્યું જેમાં સંન્યાસ લેનારને કોઈ મહાત્માએ થોભી જવા જણાવ્યું હોય એવું જૈનેત્તર દર્શનનું દૃષ્ટાંત હતું.)

એ મહાત્મા પેલાની ભાવિ સ્થિતિ કળી શકતા હશે. સર્વજ્ઞ કે વિશિષ્ટ જ્ઞાની હોય એ બધું જાણી શકે અને એના જ્ઞાનમાં સામાના ઉપકારમાં જેવું દેખાય તેવું એ સામાના ભલા માટે કહી શકે. પણ જો એ નિયમ બધા માટે હોય તો તો એવું થાય કે એવા જ્ઞાનીની હયાતિમાં જ ધર્મોપદેશ થાય. દરેક કાળમાં એવા જ્ઞાનીઓની હયાતિ હોતી નથી. દરેક કાળમાં એવા મહાપુરુષ નથી હોતા કે જે પૂર્વસંચિત પારખી શકે.

જે જે વસ્તુ જે જે સ્વરૂપે કહેવાય તેને તે તે સ્વરૂપે માનવાની આ વાત ચાલે છે.

તમારામાં ચાર આશ્રમની યોજના છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ. બ્રહ્મચર્યાશ્રમમાંથી ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્તાશ્રમમાં ગયા વિનાસંન્યસ્તાશ્રમમાં ન જ જઈ શકાય, એમ માનો છો? જઈ શકાય. એમ જ માનવું પડશે. કારણ કે બાલબ્રહ્મચારી યોગી તમારે ત્યાં પણ વધુ પૂજ્ય ગણાય છે ને ? એટલે હવે સંન્યસ્તાશ્રમ સ્વીકારનારે તે પહેલાં ગૃહસ્થાશ્રમ અને વાન પ્રસ્થાશ્રમ સ્વીકારવો જ જોઈએ, એવો કોઈ નિયમ રહેતો નથી. જેના સંચિત (પૂર્વકાળમાં ઉપાર્જેલ ભોગકર્મ) બાકી હોય તેને માટે ગૃસ્થાશ્રમ છે એમ નિશ્ચિત થયું.

આ બધું જોતાં ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ કેવા ગણાય ? સંચિત (પૂર્વકર્મના) યોગે જેનામાં સંન્યસ્તાશ્રમ સ્વીકારવાની શક્તિ ન હોય તેને માટે એ બંને વિસામારૂપ છે.

જેઓ એમ કહે છે કે 'ક્રમસર એક એક આશ્રમનો સ્વીકાર કર્યા પછી જ છેલ્લો આશ્રમ સ્વીકારાય' તેઓની એ વાત કોઈ પણ રીતે સાચી કહી શકાય તેમ છે ?

**ન્યાયા** : 'ના, ન કહી શકાય.'

**પૂજ્યશ્રી** : એટલે હવે એ વાત સારી રીતે સ્પષ્ટ થાય છે કે જેઓમાં સીધો જ સંન્યસ્તાશ્રમ સ્વીકારવાની તાકાત ન હોય, તેવા નબળા જીવો માટે જ વચ્ચેના બે આશ્રમો વિસામારૂપ છે. ગૃહસ્થાશ્રમ પૂર્વ સંચિતના ભોગવટારૂપ છે પણ તે સંન્યસ્તાશ્રમનું કારણ (સાધન) નથી.

**'કારણ' કોને કહેવાય ?**

જેના યોગે જે મળે તે તેનું કારણ કહેવાય. માટી એ ઘડાનું કારણ છે પણ રેતી ઘડાનું કારણ નથી. માટીમાં ઘડો બનવાની યોગ્યતા છે. એ યોગ્યતા રેતીમાં નથી. જે આત્મામાં તથા પ્રકારની યોગ્યતા હોય તે સંન્યસ્તપણાને પામે પણ ગૃહસ્થાશ્રમના યોગે અર્થાત્ ગૃહસ્થાશ્રમના ભોગો ભોગવવાના કારણે સંન્યસ્ત પામે એમ નહિ.

**સમ્યગ્દર્શન એટલે જ સાચો વિવેક :**

**૫૪૭. ન્યાયા : 'વિષયો ભોગવતા વૈરાગ્ય થાય ત્યારે સંન્યાસ સ્વીકારે.'**

**પૂજ્યશ્રી** : વિષયનો ભોગવટો એ વૈરાગ્યનું કારણ છે કે વિષય પ્રત્યે અરૂચિ એ વૈરાગ્યનું કારણ છે ? વિષય પ્રત્યેની વિરક્તિ પરિણામે વૈરાગ્ય લાવે? પણ વિષયનો ભોગવટો વૈરાગ્ય લાવે? વિષયના વિપાકનુ ભાન વૈરાગ્ય લાવે પણ વિષયના સેવનથી વૈરાગ્ય ન આવે.

**ન્યાયા** : **'ત્યાં વિવેક જોઇએ'.**

**પૂજ્યશ્રી** : વિવેક કહો કે વિષયના સ્વરૂપનું ભાન કહો એ એક જ છે. સારા ખોટાનો, સદ્‌અસદ્‌નો વિવેક એ જ સમ્યગ્દર્શન. હેય (ત્યાજય) જ્ઞેય (જાણવા યોગ્ય) અને ઉપાદેય (સ્વીકારવા યોગ્ય) નો વિવેક એ જ સમ્યગ્દર્શન. વિષયના વિપાકનું જ્ઞાન થાય ત્યારે વૈરાગ્ય આવે. પણ વિષયના ભોગવટાથી વૈરાગ્ય ન આવે. મુદ્દો એ છે કે ગૃહસ્થાશ્રમનો ભોગવટો એ વૈરાગ્યનો હેતુ નથી પણ ત્યાં રહેલો (આત્મામાં પ્રગટેલો) વિવેક એ વૈરાગ્યનો

હેતુ છે. ચાર આશ્રમોનાં નામે આજે એવી ગેરસમજ ફેલાવવામાં આવે છે કે-ચાર આશ્રમના ક્રમે જ આત્મા આગળ વધે-પણ આ વાત બરાબર નથી. સમર્થ માટે ક્રમની જરૂર નથી. ક્રમ તો નબળા માટે છે. જ્યાં ચાર આશ્રમોની વાત કરી છે ત્યાં કહ્યું કે-ગૃહસ્થાશ્રમ તથા વાનપ્રસ્થાશ્રમ-એ વિસામા લેવા પડે તો ત્યાં રહેલો જીવ વિવેક જાગતો રાખે. સંચિત ભોગવવા માટે સંસારમાં રહેવું પડે એ બને પણ ત્યાં વિવેક ન ભૂલે-'ક્યારે છૂટું ?' એ જ ભાવના હૃદયમાં જાગૃત હોય.

જેને સમ્યગ્દર્શન થયું, જેને તમે વિવેક કહો છો એ જેને થાય તે સંસારથી ડરે કે સંસારને સારો માને ?

**નબળા વૈરાગ્યને સબળો બનાવાય પણ ક્યારેય તોડી નખાય નહિ :**

**૫૪૮. ન્યાયા : 'આવેશથી વૈરાગ્ય થાય કે ત્યાગ કરે એ ચાલે ?'**

**પૂજ્યશ્રી** : આવેશપૂર્વકનો વૈરાગ્ય અને ત્યાગ ખામીવાળો હોય માટે કેમ ચાલે ? એમ તમારો પ્રશ્ન છે. મારે તમને સમજાવવું છે કે સારી ચીજ દરેક શરૂઆતમાં ખામીવાળી હોય છે. જ્યાં સુધી ચીજ ખામીવાળી હોય ત્યાં સુધી અંગીકાર કરાય નહિ એવું માનીએ તો આ દુનિયામાં સારી ચીજ કોઇ આત્મા કોઇ કાળે પામી શકે જ નહિ, મોટા ભાગના જીવને શરૂઆતમાં વૈરાગ્ય તો આવેશવાળો થવાનો કારણ કે આત્માને અનાદિકાળનો અભ્યાસ રાગનો જ છે. રાગીને શરૂઆતનો વૈરાગ્ય મોટાભાગે આવેશવાળો હોય. તદ્દન અભણ

માણસ પણ સારામાં સારો વિદ્વાન થઇ શકે છે ને? શિક્ષકે લખી આપેલો એકડો બાળક કદી સીધો ઘુંટી શકે ? ઇચ્છા હોય તોયે સીધો ઘુંટી શકતો નથી. તેનો હાથ વાંકોચૂંકો થયા વિના રહે જ નહિ. પણ બાળક સીધો-ખામી વગરનો એકડો ઘુંટે પછી જ નિશાળે આવે એ કાયદો થાય ?

---

પ૪૯. ન્યાયા : 'પાટીમાં ઘાટ કોતરાય છે. એમાં જ ઘૂંટે તો ?'

પૂજ્યશ્રી : તો યે શરુઆતમાં લીંટા જાય કે નહિ ?

ન્યાયા : 'એમ તો જાય.'

પૂજ્યશ્રી : એ જાય તો પણ બાળકના અભ્યાસને અવગણાતો નથી. એ જ રીતે જીવ ભલે એકવાર સારી ચીજ આવેશથી પામે, પણ પછી તે ખૂબ સારી રીતે પામી શકવાનો પૂરો સંભવ છે. આવેશ વિના શરૂઆતમાં તદ્દન ચોકખો વૈરાગ્ય થાય એ વસ્તુ દરેક જીવ માટે ન ભૂતો ન ભવિષ્યતિ એ બનવાનું નથી. દર્દીને અમુક માંદગીમાં વૈદ્ય-ડોક્ટરો રૂચિ વિના પણ ખવડાવે છે. ન ખવડાવે તો એ ઊઠી ન શકે, મગના પાણી પર રાખેલા દર્દીને એકદમ ખાતો ન કરાય; પણ ધીરે ધીરે ખાતો કરી મૂળ ખોરાક પર લાવવામાં આવે છે ને ? અનાદિકાળથી રાગથી રંગાયેલા આત્મા માટે એ જ રીતે ઉપાયો કરવા પડે તો એમાં કાંઇ વાંધો છે ? એ કર્યા સિવાય છૂટકો જ નહિ. દુનિયાદારીથી રંગાયેલા આત્માને પ્રાથમિક ભૂમિકામાં સાચો વૈરાગ્ય જાગ્રત કરવો એ સહેલું નથી.

પૂર્વસંસ્કારથી કે શાસ્ત્રશ્રવણના યોગે સંસાર અસાર અને ત્યાગમાર્ગ

સારો લાગે એ વૈરાગ્ય. સમ્યગ્દષ્ટિ જીવ સંસારમાં રહે તો યે પ્રભુમાર્ગને ધ્યાનમાં રાખીને રહે પણ સંસારમાં રમે તો નહિ જ.

આજના જીવોની વાત જુદી છે. આજે તો સંસારની અસારતા જોરશોરથી સમજાવવી પડે તેમ છે. એ સમજાય તો જ ત્યાગ પ્રાપ્તિની ભાવના જાગે અને ત્યાગ સન્મુખ દષ્ટિ રહે. તેમ છતાં ત્યાગ ન લઇ શકે તેને દુનિયાદારીની કાર્યવાહીમાં રહ્યા છતાં નિર્લેપ રહેવાનો પ્રયત્ન કરવાનું શાસ્ત્રે કહ્યું. આગળ વધીને કહ્યું કે તમે જ્યારે એકદમ વૈરાગ્ય નથી પામી શકતા તો જેઓ એકદમ વૈરાગ્ય પામી ત્યાગી થવા નીકળે તેમની વચ્ચે આવવાનો અધિકાર તમને નથી.

---

**૫૫૦. ન્યાયા : અતિ તીવ્ર વૈરાગ્ય હોય તો વાત જુદી, તો તો રજાની જરૂર નહીં પણ એવો તીવ્ર વૈરાગ્ય ન હોય તો વચ્ચે ન અવાય ?**

**પૂજ્યશ્રી** : સંસારનો ત્યાગ કરનારની થોડી પણ મનોવૃતિ પોતાના કુટુંબ તરફ ખેંચાયેલી રહે તો એ બધાં પાછળનાઓ જે કાંઇ ક્લેશ કરી કર્મબંધ કરે તેમાં એ પણ ભાગીદાર બને એમ શાસ્ત્ર કહે છે. ત્યાગી બનનારો વૈરાગ્ય વિના બીજા કોઇ સ્વાર્થ માટે જો નીકળે અને પાછળનાને રખડાવે તો એ કબૂલ નથી. પણ વૈરાગીને રાગના ભોગ થવાનું કહેવાય નહિ એ પણ સાથે જ ફરમાવ્યું છે. વૈરાગ્યના સ્વરૂપને રાગના બહાને રાગીઓની ખાતર ધક્કો પહોંચાડવાની સંમતિ અપાય નહિ. કોઇ આત્મામાં પૂર્વકર્મના યોગે નાની વયથી જ દુનિયાના પદાર્થોની, ખાનપાનની અને વ્યવહારની કુશળતા દેખાય છે અને તે તમે માનો

છો, તેમ કોઇ આત્માને પૂર્વના સંસ્કારના યોગે કે સારા નિમિત્તથી કે શિખામણથી દુનિયાના પદાર્થો પ્રત્યે વૈરાગ્યભાવ વધે અને સંસારત્યાગ કરવાની ભાવના જાગે તો તો એવા આત્માને ત્યાગના માર્ગે ચડાવવો એ વૈરાગ્યના પ્રેમીનો ધર્મ છે. ભવિષ્યમાં એના જીવનમાં શું બનવાનું છે એ તો જ્ઞાની જાણી શકે. અરે ! જ્ઞાની પણ ભવિષ્યમાં એ પતિત થવાનો છે એમ જાણવા છતાં એને વર્તમાનમાં ત્યાગ આપવામાં જ લાભ જુએ તો દીક્ષા આપે છે.

**ન્યાયા : 'એકંદરે તો લાભ જ છે.'**

**પૂજ્યશ્રી** : મારો મુદ્દો ત્યાં જ છે.

---

**૫૫૧. ન્યાયા : પરીક્ષા કરવાની ખરી ?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્ર દષ્ટિએ સ્થિતીના પ્રમાણમાં પરીક્ષા જરૂર કરવાની.

**સભા : વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમમાં ફેર શું ?**

**પૂજ્યશ્રી** : વાનપ્રસ્થાશ્રમમાં સંન્યસ્ત જેટલો ત્યાગ નહિ-બ્રહ્મચર્ય ભલે પાળે પણ સ્ત્રી સાથે રહી શકે વગેરે.

---

**૫૫૨. સભા : જૈનદર્શનમાં ચાર આશ્રમો છે ?**

**પૂજ્યશ્રી** : નથી. પણ માનો કે જે સંપૂર્ણ ત્યાગ ન કરી શકે તે ચોથું વ્રત લે, વૈરાગ્ય જીવંત રાખી આરંભ સમારંભ ઘટાડી ધર્મક્રિયામાં રકત રહે,એ વાનપ્રસ્થાશ્રમ. કોઇ આવીને મને કહે કે-દીક્ષાની ભાવના છે, પણ વચના

કારણે પળાશે કે નહિ એ શંકા છે માટે અભ્યાસ કરૂં - તો એને કહું કે સિદ્ધગિરિ વગેરે તીર્થમાં રહો , સાધુઓનો સહવાસ કરો, વ્યાખ્યાન વાણી સાંભળો તો ભાવના વધશે અને શક્તિ જાગશે, હવે એ રીતે રહે એને વાનપ્રસ્થાશ્રમ કહેવામાં વાંધો છે ? બ્રારવ્રતધારી શ્રાવક, સાધુપણાના અભ્યાસ માટે શ્રાવકની પ્રતિમાઓ વહન કરનારો તો વાનપ્રસ્થથી પણ ચડી જાય તેવા ઊંચા પ્રકારનું જીવન જીવનારો હોય છે,

**બાલ્યવયમાં પણ વૈરાગ્ય :**

**૫૫૩. સભા : આ કાળમાં તીવ્ર વૈરાગ્ય થવા માટે વયની કોઈ મર્યાદા ખરી ?**

**પૂજ્યશ્રી** : આ કાળમાં પણ તીવ્ર વૈરાગ્ય માટે જ્ઞાનીઓએ આઠ વર્ષની વયની મર્યાદા બાંધી છે. તે પહેલાં પણ વૈરાગ્ય થાય પણ એ સર્વવિરતિ જોગો નથી થતો.

**૫૫૪. સભા : આઠ વર્ષની વયમાં એવો વૈરાગ્ય કયા કારણથી થાય ?**

**પૂજ્યશ્રી** : પૂર્વ સંસ્કારથી, પૂર્વસંસ્કારને તો માનો છો ને ? એ વયમાં સમજી ગયો એનું કારણ એ કે આ વસ્તુ પ્રત્યે પૂર્વસંસ્કારના યોગે રાગ જાગ્યો. કોઈ બાળકને દિવસ ઊગ્યે દૂધ પીવાનું મન થાય ત્યારે કોઈ બાળકને દિવસ ઊગ્યે મંદિર-ઉપાશ્રય જવાનું મન થાય, એનું કારણ શું ? ભલે સમજે કાંઈ નહિ પણ એવાયે બાળક છે કે જે દર્શન કર્યા વિના દૂધ નહિ પીવે. ભલે સ્વરૂપ ન

સમજે પણ પૂર્વના સંસ્કારના કારણે આ સ્થિતિ હોય છે. એ જ વૈરાગ્યનું પગથિયું છે.

---

**પપપ. સભા : 'ટેવ પડી હોય માટે પણ એમ થાય ?'**

**પૂજ્યશ્રી** : ટેવ ખરી પણ સદ્ભાવ શાથી ? ગયા વિના ગમે નહિ એ શાથી ? રૂપિયો અને ઓઘો એ બેમાં કોઇ બાળકને ઓઘો ગમે એનું કારણ શું? શ્રી જિનેશ્વરદેવનું સ્વરૂપ જાણ્યું નથી, એવા બાળકને પણ પ્રભુના દર્શનથી આનંદ થાય, સાધુનું સ્વરૂપ જાણે નહિ છતાં સાધુને જોઇ હર્ષિત થઇ જાય, મા બાપ સાધુને શું આપે છે તે જાણે નહિ તો પણ કાંઇક આપે છે એ જોઇને રાજી થાય અને પોતે આપવા દોડે, આ બધામાં પૂર્વસંસ્કાર જ માનવા પડશે. ક્રમેક્રમે સંસ્કાર ખીલતા જાય અને આઠ વર્ષની વયનો થાય ત્યારે કહે કે મારે હીરા માણેક કે પૈસા ટકા નથી જોઇતા મારે તો મહારાજ પાસે જવું છે તો એ શું ? એ જ વૈરાગ્ય. અરે, એમ ન થાય અને માનો કે માબાપ સમજાવે કે ખરો માર્ગ તો આ ત્યાગનો જ છે, બીજું બધું ખોટું છે એમ સમજાવતાં અમુક સમયે અસર થઇ જાય તો પણ હરકત શી છે ? હા ! એક વાત સાચી, આમાં બળાત્કાર ન કરાય. બાળકને કોઇ ખરાબ કામ કરતાં રોકાય, સમજાવવા છતાં ન રોકાય તો બળાત્કાર, પણ કરાય, જુઠું બોલે તો ધોલ પણ મરાય, અભક્ષ્ય ખાતાં ભય બતાવી અટકાવાય પણ સંસાર છોડવાનું મન ન હોય તો એને દીક્ષા પરાણે ન અપાય.

શિખામણના યોગે બાળકની મરજી વૈરાગ્ય પ્રત્યે વધે તો કાંઇ વાંધો ખરો ? અરે, આ દુનિયામાં ઘણા એવા જીવો છે કે જેમને વૈરાગ્યની વાત ગમે જ નહિ- વૈરાગ્યની વાત એ સાંભળે જ નહિ. અરે, નાના બાળકને સાધુ થવાનું કહો તો એ પણ ચોક્ખી ના કહે. એ તો કહે કે - ' મારે તો લગ્ન કરવા છે, પૈસા કમાવા છે, સાધુ થઇ ભીખ માગીને ખાવાનો ધંધો કરવો નથી.' આવું જ્યાં વાતાવરણ ચારે તરફ છવાયેલું હોય ત્યાં કોઇ બાળક એમ બોલે કે 'મારે પરણવું નથી, સંસાર ખોટો છે, મારે તો દીક્ષા લેવી છે, મને ત્યાં જ ગમે છે' તો ભલે એ પૂર્વસંસ્કારના યોગે કે કોઇ નિમિત્તના યોગે કે કોઇની શિખામણના યોગે આવું બોલતો હોય પણ વૈરાગ્ય માનવામાં હરકત શી છે ?

તીવ્ર વૈરાગ્યની વાત કોના માટે ? સંસારમાં પડ્યા, ભોગોમાં લપેટાયા, એવા જીવ જે અહીં આવવા તૈયાર થાય તેને માટે તીવ્ર વૈરાગ્ય જરૂરી છે. પરન્તુ બાલ્યાવસ્થાનો થોડો વૈરાગ્ય, ભુક્ત ભોગીના તીવ્ર વૈરાગ્યથી ચડી જાય છે. ભોગ ભોગવીને આવેલો સંયમ લે, એની પરિણામની ધારા સ્થિર ન પણ રહે. અને જો પૂર્વ ભોગોનું સ્મરણ થાય તો એના માટે પતનનો સંભવ વધારે છે. પણ જે બાલ્યકાળથી દીક્ષિત છે, મૂળથી જ જેને વિષયનો સંસર્ગ નથી, એના પતનનો સંભવ ઘણો ઓછો છે. તમે બાલ્યકાળથી કીડી, મકોડી બચાવવા ટેવાયા છો-હવે સંયોગવશાત્ કોઇ હિંસક પડોશમાં રહેવાનો વખત આવે અને અમુક વખત રહેવું પડે તો પણ તમારા જીવદયાના સંસ્કાર એકદમ ન ભુંસાય. શાથી ? બાલ્યકાળના સંસ્કાર છે માટે બાળકે બાલ્યકાળમાં ગોખેલા 'મા-

બાપ' એ શબ્દો જીવનભર ભૂલાય છે ? બીજું ભણેલું ઘણું યે ભૂલાય પણ મા-બાપ એ શબ્દો ઊંઘમાયે ન ભૂલાય. કેમ ? એ સંસ્કાર રૂઢ થઈ ગયા. બાલ્યકાળના એ સંસ્કાર છે.

દરેક દર્શનકારોએ બાલબ્રહ્મચારીનું મહત્વ ગાયું છે. ઉત્તમ શક્તિનું પ્રેરક બ્રહ્મચર્ય છે. દરેક દર્શનના મુખ્ય પ્રણેતા મોટા ભાગે બાલ્યવયમાં સંસાર ત્યાગી બનેલા. બાલ્યકાળના વૈરાગ્યમાં કારણરૂપે શાસ્ત્રજ્ઞાનની વાત ન આવે! એ પ્રભાવ તો પૂર્વના સંસ્કારનો જ માનવો પડે. સંસાર ન ગમે અને ત્યાગ ગમે એ જ વૈરાગ્ય. પછી ભલે પૂર્વસંસ્કારથી એ સ્થિત હોય કે કોઇ વર્તમાનના બાહ્ય નિમિત્તથી કે શિખામણથી હોય.

આ જમાનામાં નાટક , ચેટક, હોટેલ, સીનેમા વગેરે રંગરાગ છોડીને અહીં આવવાનું મન કોને થાય ? જેને વિવેક જાગે તેને જ અથવા તો પૂર્વ - સંસ્કારથી પણ થાય. હવે એ બાળક એ વાત સમજાવે શી રીતે ? રૂપિયો અને ઢબુ બેમાંથી બાળકનો હાથ રૂપિયા તરફ જાય. રૂપિયાના બત્રીસ ઢબુ આવે એ વાતની એને ખબર છે ? ના તો પણ એમ કેમ ?

**ન્યાયા** : **'પૂર્વના સંસ્કાર'**

**પૂજ્યશ્રી** : 'તને શું જ્ઞાન કે કે ઢબુ મૂકી રૂપિયો લીધો ?' એમ એ બાળકને પૂછાય ? જો જ્ઞાન મુજબ જ પ્રવૃતિ કરાવવા માગો તો એક પણ બાળક જીવે ? બાળકો જીવ્યા અને નાનાથી મોટા થયા તે જ્ઞાનથી કે શ્રદ્ધાથી ? મા બાપ જે ચીજ મોંમાં મૂકે એ પોષક જ છે એવું એને જ્ઞાન છે ? ના. હવે એવું જ્ઞાન થયા

પછી જ એ ચીજ એના મોંમાં મૂકવી એવો કાયદો કરો તો ? તો એ બાળક જીવે? શ્રદ્ધા વિના જીવાય જ નહિ. બધે એકલી જ્ઞાનની વાત કરાય ? જન્મથી જ્ઞાની કોણ હોય ? શ્રી તીર્થંકર દેવો અને તેવા વિશિષ્ટ જ્ઞાની પુરુષો. બીજા આત્માઓને તો પૂર્વ-સંસ્કારથી, કોઇની પ્રેરણાથી, કોઇના નિમિત્તે, કોઇની શિખામણથી કે શાસ્ત્રથી જ્ઞાન અને વૈરાગ્ય થાય.

શાસ્ત્ર કહે છે કે સમ્યગ્દૃષ્ટિ માતાપિતાની મુખ્ય ફરજ પોતાના સંતાનને સારા સંસ્કારિત કરવાની અને મોક્ષમાર્ગે ચડાવવાની છે. છેવટે કાંઇ નહિ તો એને વૈરાગ્ય વાસિત કરવાની અને સમ્યગ્દર્શન પમાડવાની છે. એ ફરજ બજાવતાં બાળકને સન્માર્ગનો પ્રેમ થાય તો એને વૈરાગ્ય માની એ માર્ગે ચઢાવવામાં હિતૈષી માતાપિતા વિલંબ ન કરે, ત્યાં તીવ્ર વૈરાગ્યની રાહ ન જુએ. આજે તો કહે છે કે 'મોટી ઉંમરના થાય, ઘણું ઘણું વાંચે અને પંડિત બને તો જ વૈરાગ્ય આવે' એ માન્યતા વ્યાજબી નથી.

**વૈરાગ્યભાવ ન આવે તો તે લાવવા માટે પણ ધર્મક્રિયા ખૂબ કરો !**

બીજી એક વાત સમજો ! ધર્મધ્યાન સાતમે ગુણસ્થાનકે જ આવે એમ કેમ? શ્રેષ્ઠ નિરાલંબન અને શ્રેષ્ઠ સાલંબન ધર્મધ્યાન પણ વિશિષ્ટ એકાગ્રતા વિના ન આવે. અમે કે તમે ભગવાનની આજ્ઞાનું વર્ણન કરી શકીએ. કર્મનું, કર્મના વિપાકનું વર્ણન કરી શકીએ, પણ શાસ્ત્ર કહે છે કે આજ્ઞામાં એકાગ્રતા તો પ્રમાદ ગયા વિના ન આવે. વસ્તુનું નિરૂપણ કરીએ, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા કેવી એનું વર્ણન કલાકો સુધી ભલે કરી શકીએ, પણ પ્રમાદ ગયા વિના

એકતાનતા ન આવે. પ્રમાદ કયા ? ખાવું, પીવું, સુવું, ઉંઘવું એ પ્રમાદો છે. શાસ્ત્રકારોએ મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા એ પાંચ પ્રમાદ કહ્યાં છે. બીજી રીતે આઠ પ્રકારના પ્રમાદ પણ બતાવ્યા છે. એ પ્રમાદ જાય નહિ. અપ્રમત્તાવસ્થા આવે નહિ ત્યાં સુધી તન્મય થવાય નહિ, એટલે ધ્યાન આવે નહિ. હવે એ ધ્યાન ન આવે ત્યાં સુધી ક્રિયા ન કરવી ?

ભગવાન શ્રી વીતરાગ પરમાત્મા છે એવું જાણીએ, સાથિયો કરી ચાર ગતિરૂપ સંસારનો છેદ માગીએ, જ્ઞાન-દર્શન-ચારિત્ર યોગે મુક્તિ માગીએ પણ વીતરાગ ભાવના ક્યાં ? એ મૂળનું ઠેકાણું ન હોય તો મુક્તિ મળે ? મોટેથી સ્તવનો બોલે, જોરદાર વિનંતિઓ કરે પણ પૂછો કે મન વીતરાગમય બન્યું ? તો જવાબ શો આવે ? સ્તવનમાં ગાય કે મારે તું એક ધણી પણ ધણી રાખ્યા છે ઘણા એનું શું ? મારે તું એક ધણી એમ બોલતી વખતે પણ હૈયામાં શેઠ નારાજ થવાની ચિંતા ચાલુ હોય તો એ અવસ્થા કેવી કહેવાય ?

હવે બરાબર વિચારો કે વીતરાગતામાં પૂરી લીનતા ન આવે ત્યાં સુધી એને આ સ્તવનાદિ બોલવાનો અને પ્રભુભક્તિની ક્રિયા કરવાનો અધિકાર ખરો કે નહિ !

શાસ્ત્ર કહે છે કે રોજ ક્રિયા કરો ! એ પૂજા, એ સાથિયા, એ વિનંતિ, એ સ્તવના, એ ભક્તિ રોજ કરો, એ ગુણગાન રોજ ગાઓ, એમ પોતાની ખામી રોજ પ્રગટ કરો ! એમ રોજ કરતાં કરતાં કોક દિવસ એવો આવશે કે જ્યારે ટકોર લાગી જશે. ફક્ત હૈયામાં એ ભાવોને પ્રગટાવવાની ભાવના જોઈએ. વૈરાગ્યની

વાતમાં પણ એમ જ સમજો. ત્યાં ચેડાં ન કાઢો ! પૂરો વૈરાગ્ય આવે ત્યારે જ નીકળાય એ કદાગ્રહના પરિણામે તો રાગ ઘર કરશે અને વૈરાગ્ય ક્યાંય હવામાં ઊડી જશે.

**કોઈ પણ પ્રકારે આવેલો વૈરાગ્ય જો તે સાચો હોય તો ઉપકારક છે :**

ફળ પેદા થવાની શક્તિ મૂળમાં છે. મૂળ ક્યાં હોય ? જમીનમાં. કોઇ પૂછે કે મૂળ બતાવ ! તો શી રીતે બતાવાય ?

**ન્યાયા** : 'મૂળ ખોદીને બતાવે તો ફળ ગયું !'

**પૂજ્યશ્રી** : હું એ જ કહેવા માંગું છું. મૂળ ખોદીને ન બતાવાય. અંકુર પ્રગટે એટલે કહેવાય કે મૂળ હતું. મૂળ ન હોત તો અંકુર ક્યાંથી પેદા થાત ? નાના બાળકને સંસાર છોડવાની ભાવના થાય ત્યાં શાસ્ત્રકાર કહે છે કે મૂળ હતું માટે એ અંકુર પેદા થયો, અંકુરો ફૂટ્યો-પછી તો વાડ કરવી પડે, કયારો કરવો પડે, જળસિંચન કરવું પડે તો એ વધે અને ફળ આવે પણ અંકુર તોડીએ તો ? અંકુરને માટી લાગે તો ? ફળ કદી ન આવે. એવી જ રીતે વૈરાગ્યરૂપ અંકુરને જૈન સમાજે ખિલવવા જોઇએ. એને માટી ન લાગે તેવી કાળજી રાખી નિરંતર જળ સિંચન કરવું જોઇએ. જૈન સમાજની એ ફરજ છે. એ ફરજ અદા કરનારા જૈન છે, જૈન સંઘમાં છે, અન્યથા નથી.

શરૂઆતના વૈરાગ્યમાં મૂળ જોવાની માગણી ન થાય. આજે તો પૂછે છે કે 'મૂર્ખ ! ક્યાંથી વૈરાગ્ય થયો ?'આમ કહીને એની પરીક્ષા લેવા માંડે. હું પૂછું કે વૈરાગ્યની પરીક્ષા વિરાગી કરે કે રાગી ? રાગી, વિરાગીની પરીક્ષા કરે એ વાત

ભૂલી જાઓ ! શુભ કે અશુભ કર્મનો ઉદય આત્માને પૂછીને નથી આવતો. વડોદરાના ગાયકવાડ નરેશ પહેલે દિવસે ઢોર ચારતા હતા અને બીજે દિવસે મોટા રાજા બની ગયા. શુભોદય એમને પૂછવા ન ગયો કે હું આવું ? એ જ રીતે પૂર્વ સંસ્કારના યોગે બાળકને વૈરાગ્ય આવે છે. એ પણ કાંઈ પૂછીને નથી આવતો. ચાર ચાર મોટી હત્યા કરનાર દઢપ્રહારીને હત્યા કરી તે જ વખતે વૈરાગ્ય થાય છે ને ? હજી તો હાથમાં તલવાર છે અને હૈયામાં વૈરાગ્ય થાય છે. ત્યાં કાલે કેવો હતો એ પૂછાય ? અરે, કલાક પહેલા કેવો હતો એ પણ ન પૂછાય. કલાક પહેલાના રંક, રાજા નથી થતાં ? અને રાજા રંક પણ નથી થતા ? શ્રી જિનેશ્વરનો માર્ગ સમજનારે વૈરાગ્યનું સ્વરૂપ સમજવું પડશે.

**સભા** : કેવા પ્રકારે અને કઈ રીતે વૈરાગ્ય આવે તો યોગ્ય ?

**પૂજ્યશ્રી** : ગમે તે રીતે આવેલો વૈરાગ્ય યોગ્ય જ છે. નિમિત્ત સારૂં કે નરસું ગમે તેવું હોય પણ એનાથી જો વૈરાગ્ય પોષાય તો એ સફળ છે. ખરાબ નિમિત્તોથી પણ વૈરાગ્ય આવે કોને ? વૈરાગ્ય આવવો સહેલો છે ? ખાવાપીવા ન મળે તેવા જગતમાં કેટલા ? સ્ત્રી વિનાના વાંઢા રખડનારા કેટલા ? કુભાર્યાના કલેશથી કંટાળેલા કેટલા ? પૂછો ! એમને વૈરાગ્ય આવ્યો ? ખોટા નિમિત્તે પણ વૈરાગ્ય આવે એ કાયદો છે ?

ખાવા માટે પણ અહીં આવવા તૈયાર કેટલા ? કેમ કે એ સમજે છે કે ચોવીસે કલાક એક સ્થાનમાં રહેવું પડશે અને આટલું આટલું પાળવું પડશે. જો જૈન સાધુપણામાં બીજી કશી ફરજ ન હોત અને ગાડી મોટરની મોજ હોત તો વળી વાત જુદી હતી.

**ન્યાયા　　:　એમ તો નથી. જૈન સાધુઓની ક્રિયા ઊંચી અને બહુ કઠિન છે.**

**પૂજ્યશ્રી**　　: જૈન સાધુ બને તે ખાય તો ખરા, પણ શું ? જે ભક્ષ્ય હોય અને ૪૨ દોષથી રહિત હોય તે અને તે પણ રાત્રે તો નહિ જ. આ બધી તેને ખબર હોય એટલે એ અહીં આવે જ નહિ. દુઃખથી બચવા માટે પણ અહીં આવનારા નથી. જો આવતા હોય તો તમે પણ આવી જાઓ ! તમને દુનિયામાં જેટલું દુઃખ અને ચિંતા છે તે નહીં રહેવા દઉં. તમારે સંસારમાં ઓછું દુઃખ છે? ઘરે દુઃખ, બજારમાં દુઃખ અને તેજી-મંદીમાંયે દુઃખ પરમ દિવસે કોઈ બોલતું હતું કે ભાવની ઉથલપાથલથી બજારમાં ગભરાટ છે. એ બધાથી બચવા તમે અહીં આવી જાઓ ! તમારા આહારપાણી પણ મારે જાતે લાવી આપવાં અને તમારા બધાની મારે પૂરી કાળજી રાખવી, છો તૈયાર ? દુઃખના કારણે પણ અહીં ભાગ્યવાન જ આવે છે. દુઃખી પણ તે જ અહીં આવે કે જેને પોતાના આત્મા પર થોડો કાબુ હોય. બાકી એમને એમ દુઃખથી અહી અવાતું જ હોય તો મારૂં તમને બધાને આમંત્રણ છે, કહો તો કંકોત્રીઓ લખું. અરે, ત્યાં તો કહે કે-'બધુ ખરૂ, પણ.... અમારાથી તો એ કાંઈ બને નહિ.'

કેમ ન બને ? કારણ કે જાણે છે કે - પછી ચોપાટી ફરવા ન જવાય, રાત્રે ચા નાસ્તો ન મળે, કપડા સારાં ન મળે, શુટબુટ ન ચડાવાય, પટિયાં ન પડાય, બધા 'શેઠ-શેઠ' કહેતા હોય તે બંધ થઈ જાય, ઉઘાડા પગે ચાલવાનું, માથે લોચ કરાવવાનો, ખાવાનું પણ જે ભિક્ષામાં આવે તે મળે; કાંઈ મિષ્ટાન્નના ડબ્બા ભરી ન રાખ્યા હોય-આ બધું શે બને ? જૈન સાધુપણું

એટલે કોઈ વાહિયાત વાત ન માનતા. એને વાહિયાત કહેનારાઓ તો પહેલા નંબરના વાહિયાત છે. થોડો પણ પુણ્યોદય હોય તો જ અહીં આવે. સોમાં પાંચ ખોટા પણ આવી જાય એની ના નથી. પચીસ હાંલ્લાંમાં એક હાંલ્લું ફૂટે પણ ખરૂં; ત્યાં શું થાય ? દુનિયાના કાબેલ વેપારી પણ કોઈવાર ઉઠાવગીર ઘરાકથી નથી ઠગાતા ? પણ શું કરે ? આસામી તૂટે છે એમ ધીરનારા નથી જાણતા ? છતાં ધીરવાનું બંધ કર્યું ? થોડી સાવચેતી વધારે રાખે. એમ અમે પણ પરીક્ષા બધી રીતે કરીએ. તેમાં કદી છેતરાઈએ પણ ખરા. પણ એટલા માત્રથી માર્ગ બંધ ન કરાય. પારખું જરૂર કરવું જોઈએ. પણ એ વૈરાગ્યના પારખાં રાગી તો ન જ કરી શકે. પ્રારંભના વૈરાગીની કસોટી જે રીતે કરાતી હોય તે રીતે જ કરાય. ખાણમાંથી નીકળે એ પણ સોનું અને સો ટચની લગડી બને એ પણ સોનું-બન્નેની કસોટી એક સરખી રીતે ન થાય. તેમ શરૂઆતનો વૈરાગ્ય અને પછી પ્રબળ થયેલો વૈરાગ્ય એ બેની કસોટી એક સરખી રીતે કેમ કરાય ?

**નવો વૈરાગ્ય નાના બાળક જેવો છે, એને પંપાળાય પણ કરમાવાય નહિ :**

આજે તો કહે છે કે - જન્મતા જ ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈએ. પણ એ બને ખરૂં ? તમે જન્મતાં જ બોલતાં, ચાલતાં શીખ્યા ? માબાપ જાણે છે કે બાળક જન્મતાં તો ઊં ઊં કરે, એને ખાતાં પીતાં ન આવડે, ઝાડો પેશાબ કરતાં ન આવડે, કપડાં બગાડે, તો પણ એ માબાપ બાળકને મારે ખરાં ? એ વખતે માબાપ એ બાળકનું ગળું દાબે તો એની તાકાત છે કે ચીસ પાડીને પાંચ માણસ ભેગાં કરે ? છતાં બાળકને પંપાળાય છે, પળાય છે ને ? એ જ રીતે નવો

વૈરાગ્ય એ તરત જન્મેલા બાળક જેવો છે. એને ટૂંપો દેનાર તો પેલા બાળકનું ગળું દબાવનાર જેવા છે. એ વૈરાગ્યના તો માબાપ બનો ! એ વૈરાગ્યને જો ન પોષો તો એ મરી જાય એમાં પૂછવું શું ? બાળકને દૂધ ન પાઓ તો કરમાઈને મરી જાય એમાં નવાઈ છે ? કોઈ પૂછે કે એ પ્રારંભનો વૈરાગ્ય કેવો ? તો કહેવું પડે કે મરી જાય એવો. જીવાડો તો જીવે, મારો તો મરે-તમે એ વૈરાગ્યને દબાવી દો તો એ વૈરાગ્ય જીવે કઈ રીતે ? ત્યાં તો માબાપ, બાળકને ગોદડીમાં સુવાડે પંપાળે, પાલન કરે અને બરાબર સાચવે. તો એ બાળકને જીવાડવાના આટલા પ્રયત્ન કરનારા વૈરાગ્યને જીવાડવાના પ્રયત્ન ન કરે એનું કારણ ?

જ્યાં મોહ છે ત્યાં બધી મહેનત કરો છો ને ? એક એક છોકરા પાછળ કેટલી મહેનત? એવાં કેટલા છોકરાં ? શરીરની સાચવણી માટે, પૈસા માટે, રોગથી બચવા માટે કેટલા પ્રયત્ન ? એ બધા માટે બધું કરાય અને આત્મા માટે કાંઈ નહિ ? આત્માના નાના ગુણને પણ કેમ ન પંપાળવો ? જો તમે જૈન હો, ધર્મી હો તો નવા વૈરાગ્યની ટીકા ટિપ્પણ ન કરતા. વૈરાગ્યને ખતમ કરવો હોય તો વાત જુદી. શરૂઆતનો વૈરાગ્ય એવો જ હોય. શરૂઆતના સાધુને કોઈ પૂછે કે 'દીક્ષા કેમ લીધી ?' તો બાળસાધુ હોય તો કહે કે 'ગુરૂએ દીધી તેમ લીધી' - પેલો કહેશે 'એમ ન લેવાય.' તો આ કહી દે કે 'તું ન લઈશ.'

અમે આજે બોલીએ ચાલીએ છીએ તે દીક્ષા લીધી ત્યારે તો કાંઈ આવડતું ન હતું. એવા અમને ગુરુએ સંઘર્યા ન હોત તો આજે આ દશાએ પહોંચ્યા હોત ? ગુરુએ કહ્યું હોત કે 'મૂર્ખ ! બધું શીખીને પછી આવ ! તો અમારી આજે કઈ

હાલત હોત ? તમારાથી પણ હીન દશા હોત. જેમ નાના બાળકને પંપાળે તેમ ગુરુએ અમને રાખ્યા તો આ દશામાં અહીં બેઠા છીએ.

**વૈરાગ્યના પરીક્ષકની દાનત કેવી હોવી જોઈએ ?**

નાના સાધુને 'વૈરાગ્ય કેમ આવ્યો ? સંસાર કેમ ખોટો લાગ્યો ? શું સમજ્યો ?' એવું એવું ન પૂછાય પૂછો તો કહે કે - 'મને ભગવાનના વચનમાં શ્રદ્ધા છે, ભગવાને સંસારને ખોટો કહ્યો'-છે'-એના વર્તનથી જ સમજાઈ જાય. અત્યારે અહીં તમારા કાકા આવે અને મારા કાકા આવે તો ફેર ન પડે ? તમે ઊભા થઈ સામે લેવા જાઓ અને હું ધર્મલાભ કહી બેસી રહું. શરૂઆતના વૈરાગ્યની કસોટી મળે ? ખાણમાંથી નીકળેલા સોનાને કસોટીએ ચડાવો તો ટચ આવે કે માટી ? કેટલી મહેનત થાય, કેટલા પુટપાક અપાય ત્યારે એ સો ટચનું થાય. વૈરાગ્યને પણ પોષાય-પછી લાંબે ગાળે કસોટી કરવી હોય તો થાય. તમને કોઈ કહે કે 'સંસાર નથી ગમતો.' તો કહેજો કે ' બહું પુણ્યવાન છો વગેરે', પણ બીજું આડું તેડું કાંઈ ન બોલતા.

પ્રશ્નો પણ કેળવ્યા પછી થાય. પહેલાં ન થાય. બાળકની પરીક્ષા પણ બાર મહીના અભ્યાસ કરાવ્યા પછી લેવાય છે. ભણવા બેઠો ને તરત ન લેવાય. એકડિયાના પરીક્ષક પણ કેવા હોય ? એ બાળક સામે આંખ ન કાઢે. પ્રશ્નો, હસતું મોઢું રાખી પૂછે. આંખ કાઢે તો બાળક ડરનો માર્યો આવડતું હોય તે પણ ભૂલી જાય. એ પરીક્ષક પણ આટલું સમજે છે. પરીક્ષા લેતાં વહાલ એવું દેખાડે કે બાળકને લાગે કે જાણે મા બાપ આવ્યા. એ રમાડતો જાય ને પરીક્ષા લેતો જાય. પૂછે એવી રીતે કે બાળકને ન આવડતું હોય તોયે આવડી જાય.

**સભા : વિદ્યાર્થીને નાપાસ કરવાની દાનત પરીક્ષકની હોય કે નહિ ?**

**પૂજ્યશ્રી :** નાપાસ કરવાની દાનત હોય એ પરીક્ષક ન કહેવાય. નવો વિદ્યાર્થી ગમે તેવો હોંશિયાર હોય તો યે જે પૂછાતું હોય તે જ પૂછાય. નવદીક્ષિત માટે પણ વિધિ કે ગુરુ પોતે ઊઠીને એને ભિક્ષા આપે અને સારામાં સારી ચીજ એને આપે. બે દિવસ એમ કરે પછી ત્રીજે દિવસે પેલો આપોઆપ સમજી જાય.

સંપ્રતિરાજાની વાત જાણો છો ને ? કેવળ ખાવા માટે જ દીક્ષા લીધી હતી. શ્રી આર્યસુહસ્તિ સૂરિમહારાજાએ જાતે સારામાં સારી ચીજ આપી. પેલાને થઈ ગયું કે અહો ! કેવો આ ધર્મ ! જેના યોગે રાજાને પણ પૂજ્ય એવા ગુરુ ભગવંત જાતે મને બધું આપે છે. ભિખારી છે, કાંઈ સમજતો નથી પણ આ ભાવના આવી. ખાધું અને રાત્રે અજીરણ થયું. મોટા શેઠિયાઓ સેવા કરવા લાગ્યા. જાણતા હતા કે ભિખારી છે. તો પણ પગચંપી કરે છે. ભિખારી પણ વિચારે છે ટુકડો નહોતા આપતા તે આજે પગચંપી કરે છે. ખરેખર કેવો ઉત્તમ ધર્મ છે ! આ ભાવનાના યોગે ત્યાંથી મરીને સીધો સંપ્રતિ થયો. 'ખાવા આવ્યો છે?' એમ ગુરુએ કહ્યું હોત તો ?

મા રુષ અને મા તુષ એટલું પણ જેમને ગોખતાં નહોતું આવડતું, નાના છોકરાઓ પણ જેમની મશ્કરી કરતાં હતાં તે માષતુષ મુનિને ગુરુ કહેતા કે 'હોય, પાપનો ઉદય છે તેથી એમ થાય-પણ ગોખો ! એમાં જ આત્મકલ્યાણ છે' ગુરુના આવા વચન પર શ્રદ્ધા રાખી ગોખ્યા કર્યું તો એમણે છ મહિનામાં કેવળજ્ઞાન મેળવ્યું. ચોથા આરામાં પણ આમ હોય તો આ કળિકાળની શી વાત ?

**બાળમુનિ અતિમુક્તકનો વૈરાગ્ય :**

કાણાકુબડા તો યે પોતાના દીકરાને ફેંકી ન દેવાય. એજ રીતે જૈનથી સમ્યગ્દૃષ્ટિથી પોતાના સંતાનના કે કોઈના વૈરાગ્યને વેડફી ન નખાય પણ એને ખિલવાય. આજનાઓની વાત જુદી છે. કોઈ આવીને મને કહે ભગવાન મહાવીરે તો કાનમાં ખીલા ઠોકાયા તોયે સહન કર્યું માટે એવી સહનશીલતા હોય તો જ સાધુ થવાય, તો આજે મારે ઓઘો મૂકી દેવો પડે. એ સામર્થ્ય લાવવું ક્યાંથી ? ભગવાને તો એક રાત્રિમાં વીસ ભયંકર અને બીજા નાના અનેક ઉપસર્ગ સહન કર્યા પણ એના એક ઉપસર્ગ ના કોઈ ગુણા ભાગને સહેવાનું પણ સામર્થ્ય લાવવું ક્યાંથી ? કોઈ કહે કે ‘એવા સહનશીલ ન થાઓ તો સાધુ ન માનીએ’ તો કહેવું પડે કે ‘ભાઈ ! અમે તારા સાધુ થવા માગતા નથી’.

અતિમુક્તકના વૈરાગ્યને ભગવાને પોતે ટેકો આપ્યો છે. એ બાળસાધુ બહાર જઈ પાણીના ખાબોચિયામાં કાચલી, નાવડી બનાવી તરાવતા હતા. કાચા પાણીની વિરાધનાની એમને ખબર ન હતી. સ્થવિર સાધુઓને થયું કે આ કેટલો અજ્ઞાન છે એને આ પાપ કહેવાય એ પણ ખબર નથી. ભગવાને પોતે એને દીક્ષા આપી હતી. સ્થવિરોને ભગવાને કહ્યું કે - ‘આવું ન વિચારો, એની આશાતના ન કરો ! હમણાં થોડા વખતમાં જ જાણશો કે એ કોણ છે !’ અતિમુક્તકમાં કોઈ જ્ઞાન નહોતું. એક જ ભાવના હતી કે ભગવાન કહે છે કે પાપ ન થાય માટે પાપ ન કરવું. પાપ કોને કહેવાય એ પણ હજી સમજતો નથી. અતિમુક્તક આવ્યો એટલે ભગવાને એને કહ્યું કે ‘અતિમુક્તક, તે’ પાપ કર્યું.’ અતિમુક્તક તરત ચોંક્યો. ભગવાન પાપ કહે છે માટે પાપ થયું એ

નક્કી એમ માની પ્રાયશ્ચિત માગે છે. ભગવાન ઈરિયાવહી પડિક્કમવાનું કહે છે. અતિમુક્તક વિચારે છે કે 'ભગવાન કહે છે કે ઈરિયાવહીથી પાપ ધોવાય માટે એવી ઈરિયાવાહી કરૂં, એવી ઈરિયાવહી કરૂં કે પાપ ધોવાઈ જાય, હજી એ ઈરિયાવહીમાં કે એગિંદિયા બેઈંદિયામાં કાંઈ સમજતો નથી. ભગવાનના વચન પર શ્રદ્ધા છે. વૈરાગ્યની જડ ત્યાં છે. ઈરિયાવહી પડિક્કમતાં એ અતિમુક્તકને કેવળજ્ઞાન થયું.

એ આવ્યો એવું ભગવાને કહ્યું હોત કે - 'તારામાં જ્ઞાન નથી માટે પહેલા ગણધર જેટલું જ્ઞાન મેળવીને આવ ! તો એની હાલત શી થાત ? ગણધર ભગવંતો પહેલા મિથ્યાદષ્ટિ હતા. ભગવાન પાસે આવી ત્રિપદી પામી અંતર્મુહૂર્તમાં આખી દ્વાદશાંગી રચે, એટલું જ્ઞાન બીજા લાવે ક્યાંથી ?

**વૈરાગ્યની ટીકા ટીપ્પણ ન કરો :**

છોકરાંને નિશાળે ભણ્યાં પહેલાં મોકલાય કે ભણ્યા પછી ? બાપા કહે કે નિશાળે જઈશ તો ગાદી તકીએ બેસવા મળશે, ત્યારે દીકરો ભણવા તૈયાર થાય. તમને નાનપણથી માબાપે નિશાળે મોકલ્યા તો તમે આવા બન્યા. નાનપણમાં માબાપે પાળીપોષી મોટા કર્યા તો આજે પાઘડી દુપટ્ટો પહેરીને ફરનારા શેઠીઆ બન્યા. એ જ રીતે શરૂઆતના વિરાગીને પોષાય, એને ઉત્તેજન અપાય તો જ એ આગળ વધે ને ? ધર્મી તરીકે વૈરાગ્યને પોષવાની તમારી ફરજ છે.

વૈરાગ્યની ટીકા ટીપ્પણ ન કરો. શ્રી સંઘને નગરની ઉપમા આપી-એ નગર શું કરે ? વૈરાગ્યને, વિરાગીને, ધર્મીને આશ્રય આપે. ચક્રની ઉપમા

આપીએ રથ શું કરે ? આ બધું આપણે વર્ણવી ગયા એ યાદ છે ને? કોઈ વૈરાગ્ય પામેલો પડે તો ગભરાવું નહિ બને તો સ્થિર કરવો. જગતમાં જેટલી નીસરણી છે તે ચડવા માડે બની છે. પણ ભાગ્યે જ કોઈ એવી નિસરણી હશે કે જેના પરથી કોઈ પડ્યું ન હોય. છતાં હવે નીસરણી કરવી જ નહિ, કારણકે લોક પડી જાય છે એવો કાયદો કર્યો ? ના. કારણ પડ્યા ખરા પણ ચડનારા કેટલા?

સંસારની આસક્તિ છૂટતી નથી અને મોક્ષ જોઈએ તો સંસારમાં સમ્યક્ત્વ તો જાળવવું જોઈએ ને ? એ સમ્યક્ત્વ જાળવવા માટે શંકાદિ-દોષોનો પરિહાર કરવો પડશે. વૈરાગ્ય મજબૂત બનાવવો પડશે. શંકાદિ દોષોનો પરિહાર કર્યા વિના અને વૈરાગ્યને પુષ્ટ કર્યા વિના સમ્યક્ત્વ જળવાશે નહિ.

(જિનવાણી વર્ષ-૧૨ / અંક ૫-૬)

** માનવનો એ દુર્ગુણ છે કે*
*'પોતાને સ્વતંત્રતા જોઈએ પણ*
*પોતાના હાથ નીચેના સ્વતંત્ર ન બને તેની,*
*પૂરી કાળજી રાખવી'.*



**કાર્મગ્રંથિક પ્રશ્નોત્તર** (પંચસંગ્રહ પ્રથમ ખંડ)
વર્તમાનમાં નિરસ ગણાતા કર્મગ્રંથ સંબંધી વિષયને પ્રશ્નોત્તરીના માધ્યમે સરસ બનાવવાના પ્રયાસ રૂપે કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અત્યંત ઉપકારી અને ઉપયોગી ગ્રંથ.
**મૂળ ગ્રંથકાર :** કર્મશાસ્ત્રમર્મજ્ઞ પ્રકાણ્ડવિદ્વાન શ્રી ચંદ્રમહત્તરાચાર્ય
**રચનાકાળ :** સંભવતઃ ૯મી-૧૦મી સદી



**દીપ પ્રશ્ન**
પ્રશ્નોતર સમુચ્ચયના મૂળ નામ સાથે રચાયેલો, હીર પ્રશ્ન અને સેન પ્રશ્નની જેમ માર્ગદર્શક બને તેવો, અદ્યાવધિ અપ્રગટ ગ્રંથ. (હસ્તલિખિત પ્રતના આધારે લીપ્યન્તર-વર્તમાન ગુજરાતી ભાષામાં અવતરણ-ઉપલબ્ધ થયેલ શાસ્ત્રપાઠો સાથે)
**ગ્રંથકાર : કવિકુલ પ્રદીપ પૂ. પં. શ્રી દીપવિજયજી ગણિવર**



**પ્રાવચનિક પ્રશ્નોત્તર** (તૃત્તીય પડાવ, ચર્તુથ પડાવ, પંચમ પડાવ)
જિનવાણી-સંઘ સ્વરૂપ દર્શન-આચારાંગના પ્રવચન દરમ્યાન સભામાંથી પૂછાયેલા પશ્નોના વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીએ આપેલા સચોટ જવાબોનું સુંદર સંકલન.
**પ્રવચનકાર : વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય આચાર્ય ભગવંત**
**શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

---

## આગામી પ્રકાશનો

- શ્રી પંચસંગ્રહ દ્વિતીય ખંડમાંથી ચૂંટેલા પ્રશ્નોત્તરોનો સંગ્રહ.
- પૂ.આ.ભ.શ્રી લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા કૃત **પ્રશ્નોત્તર પ્રદીપ**.
- પૂ.મુ.શ્રી હંસવિજયજી કૃત **પ્રશ્નોત્તર પુષ્પમાલા**.
- **મતાંતર પ્રશ્નોત્તર**-આગમ-પ્રકરણ પ્રશ્નોત્તરાદિ ગ્રંથોમાં આવતા પ્રામાણિક મતાંતરોનો સંગ્રહ.
- ૧૧મી શતાબ્દિથી લઈ વિ.સં. ૨૦૬૫ સુધીના પૂ.આચાર્ય-સાધુ તથા સુશ્રાવકોના પ્રશ્નોત્તર ગ્રંથમાંથી ચૂંટેલા ૭-૮ હજાર પ્રશ્નોત્તરનું ૨૦૦થી અધિક વિષયોમાં અકારાદિ ક્રમે વર્ગીકરણ કરી પ્રકાશિત કરવાનું બૃહત્કાર્ય ચાલી રહ્યું છે.



પૃચ્છના
સ્વાધ્યાય
૧૩

પાર્શ્વાભ્યુદય પ્રકાશન
અમદાવાદ

978- 93- 83984- 06- 0

www.lippipress.com
just imagine